છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

**૧. રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

**૨. શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

**૩. રશ્મિન્ ખોના**
સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* *લેખક પાના નં.*

- તંત્રી લેખ : સરકારશ્રીના બે ખાતાઓ વચ્ચે તાલમેલનો અભાવ – શોષાવાનું કચ્છની જનતાએ! ....... અશોક મહેતા ....... ૭

*લેખ વિભાગ* :

## કચ્છ

- નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના પાણીની કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ ....... અશોક મહેતા ...... ૧૧
- ભુજનું જથ્થાબંધ બજાર જમીન પ્રકરણ – પાડા લડે અને ભીડનો ખો ....... શશીકાંત ઠક્કર ...... ૧૫
- કચ્છમાં ડિસેલિનેશન પ્લાંટ ....... લાહિરી શાહ ...... ૧૯
- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૧) જૈન સાહિત્યના કેળવણીકાર અને પ્રચારકો ....... ડો. નીતા ઠાકર ...... ૨૧
- ઝારાનો ભીષણ સંગ્રામ : હાહાકાર (પ્રકરણ-૧૪) ....... ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૨૫

## માહિતી

- સિયાચીન : સૌથી ઊંચી સીમારેખ ....... રક્ષા મ. વ્યાસ ...... ૨૭
- પોપ્યુલેશન બોંબ ....... ભાલચંદ્ર જાની ...... ૩૧
- વિશ્વ વસતિ દિવસ – ૧૧ જુલાઈ ભારતમાં વસતિ વૃદ્ધિ સમસ્યાઓ અને નિવારણ ....... પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ ...... ૩૫
- યાદશક્તિ કેવી રીતે કામ કરે છે? ....... પરીક્ષિત જોબનપુત્રા ...... ૩૯
- ગુજરાતી વિશ્વકોષ – જ્ઞાનનું મંદિર અને શબ્દોની સાધના ....... દીપક માંકડ ...... ૪૧
- ભારતીય રિઝર્વ બેંકના ૭૫ વર્ષ ....... હરસુખ થાનકી ...... ૪૩
- બેંકના વ્યવહારમાં શું સાવચેતી રાખશો? ....... સી.એ. પુષ્પા અશોક શાહ (ડોણ - મુંબઈ) ...... ૪૯
- ભારતના ગુજરાતી સમાજ (લેખાંક-૩) ....... નરેશ પ્રદ્યુમનરાય અંતાણી ...... ૫૧
- વરિષ્ઠોને મળતી સગવડો અને લાભો ....... પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) ...... ૫૩
- ઓગસ્ટ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ ....... ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૫૬

## વિચાર-વિમર્શ

- નેતાઓના મૈં મૈં તૂ તૂ... કેમ ન કરીએ થૂ થૂ થૂ? ....... અજિત પોપટ ...... ૫૭
- ગુલામીનો ખતપત્ર : અંધવિશ્વાસ ....... ગાર્ગી વૈદ્ય ...... ૫૮
- મનુષ્ય શું આપણે પૃથ્વી પરની સૌથી વધુ બુદ્ધિજીવી અને સમજદાર પ્રજાતિ છીએ? ....... પીયૂષ એચ. સાવલા ...... ૫૯

## જીવન ચરિત્ર

- જન્મ શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦) કારુણ્ય મૂર્તિ - દયાની દેવી - મમતામયી મા માનવતાના મહાન મશાલચી : મધર ટેરેસા ....... ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૬૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન


- પિતા એટલે હોવાપણાનો અહેસાસ ........ ભરત જોશી ...... ૬૫
- સંતાન પ્રત્યેની એ ભાવનાત્મક્તા હંમેશાં જળવાય છે ખરી? ........ પ્રા. પૃથ્વી શાહ ...... ૬૮
- જ્ઞાનપીઠ પુરસ્કાર અને સર્જકની સમાજ પ્રત્યે નિસબત ........ દામજી માણેક ગડા ...... ૬૯
- છે કોઈ દીવો કરનાર? ........ પન્નાલાલ ખીમજી છેડા ...... ૭૨


## તંદુરસ્તી


- કફદોષ ........ ડૉ. મયંક વોરા ...... ૭૫
- ચાળીસીના ઉંબરે ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૭૭


## હાસ્ય


- હળવાશની ક્ષણોમાં!
  પેપર વેઈટની પડતર કિંમત – રૂપિયા બે કરોડ પ્લસ! ........ ચિત્રસેન શાહ ...... ૭૯
- બાલુડે જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૮૨


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૮૩
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૮૯
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૯૮
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૯૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો - સાભાર સ્વીકાર ...... ૧૦૦
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૨
- શબ્દ રમત-૫૧ ........ સંકલન : સૂરજલાલ મહેતા ... ૧૦૩
- સુડોકુ – ૧૦૦૮ ........ હરખચંદ સાવલા ... ૧૦૫
- સુડોકુ શા માટે ? ........ હરખચંદ સાવલા ... ૧૦૭
- વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ... ૧૦૮
- સમાજ દર્પણ ........ ૧૧૩
- સંસ્થા સમાચાર ........ ૧૧૪
- જિંદગી એક રંગમંચ ........ સલોની નવીનભાઈ લાલકા ... ૧૨૮
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ........ ૧૨૯
- ઉડતી નજરે ........ ૧૩૨


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## સરકારશ્રીના બે ખાતાઓ વચ્ચે તાલમેલનો અભાવ – શોષાવાનું કચ્છની જનતાએ!

*– અશોક મહેતા*

ગુજરાત સરકારશ્રીના વિવિધ વિભાગો, એકબીજાના સંપર્કમાં રહી, યોગ્ય કામગીરી પાર પાડી પરિણામ લાવી શકતા નથી તેનો એક દાખલો તાજેતરમાં જ બહાર આવવા પામેલ છે. કે જેના કારણે પ્રજામાં આ વિભાગ હાંસીપાત્ર બનેલ છે. તેટલું જ નહીં પરંતુ આ વિભાગની કોઈ મેલી મુરાદ હોય તેવી શંકા પણ સેવાઈ રહેલ છે. સમન્વયના અભાવે યોગ્ય કામગીરી ન થઈ શકવાના કારણે, પ્રજાને કરોડો રૂપિયાનો માર સહન કરવો પડે છે કે જેનો જવાબ લેનાર હાલની પરિસ્થિતિમાં તો ગુજરાતમાં કોઈ જ દેખાતું નથી!

આજે આપણે વાત કરવાની છે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નર્મદા વિભાગની – નર્મદા નિગમની અને અન્ય તરફ જળસિંચાઈ મંત્રી શ્રી નીતિન પટેલના જળસિંચાઈ વિભાગની.

- **મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી નર્મદાના ખાતાનું નર્મદા નિગમ :**

વર્ષ ૨૦૦૫ના માર્ચ મહિનાથી કચ્છ બ્રાંચ કેનાલનાં કામો શરૂ કરાવવામાં આવ્યાં. એ સમયે ૩૫૦ કિ.મી. લાંબી કચ્છ બ્રાંચ કેનાલની ૭૬ કિ.મી. લંબાઈના અને રૂા. ૨૫૦ કરોડના અંદાજિત ખર્ચના વિવિધ ૬ કોન્ટ્રાક્ટરોને આ કામ ૩ વર્ષમાં પૂરા કરવાની ગણનાએ સુપરત કરવામાં આવ્યા. આ ૬ પૈકી બે કોન્ટ્રાક્ટરોએ તેમના ભાગે આવતા અંદાજિત રૂા. ૧૦૦ કરોડની કિંમતના અને ૩૩ કિ.મી.ની કેનાલ લંબાઈના કામો માર્ચ-૨૦૧૦માં એટલે કે ૩ વર્ષના બદલે ૫ વર્ષે પૂરા કર્યા. જ્યારે અન્ય ૪ કોન્ટ્રાક્ટરોએ તેમના ભાગે આવતા અંદાજિત રૂા. ૧૫૦ કરોડની કિંમતના કામોમાંથી ટુકડે ટુકડે રૂા. પચાસેક કરોડના કામો પૂરા કરી, બાકી કામો પૂરા કરવા અસમર્થતા દાખવી. આ કામો આજ દિન લગી પૂરા થઈ શકેલ નથી.

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી આર. કે. ત્રિપાઠીના સ્થાને શ્રી એસ. જગદીશન આવતા અને ચેરમેન તરીકે શ્રી નારાયણભાઈ પટેલના સ્થાને શ્રી ડી. રાજગોપાલન આવતા આ ખાતામાં સળવળાટ શરૂ થયો અને અન્ય બ્રાંચ કેનાલોના કામોની માફક 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામોમાં પણ ગતિવિધિ આવવા લાગી. કેન્દ્ર સરકારે અને ગુજરાત સરકારે પણ આ ખાતા માટે પોતાના બજેટમાં સારી એવી રકમની ફાળવણી કરી. (આ ગતિવિધિ સરકારશ્રીની મંજૂરીને અધીન હોવાથી, તેના રાજકીય કારણ પણ હોઈ શકે.) આજે ૪ મહિનાના સમયગાળા દરમ્યાન કચ્છ બ્રાંચ કેનાલના અંદાજિત રૂા. ૪૫૦૦ કરોડની કિંમતના કામો સામે રૂા. ૩૦૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડર બહાર પાડી દેવામાં આવેલ છે. બાકી રહેતા અંદાજિત રૂા. ૧૫૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડરની કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ છે. (''કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ''ની આંકડાકીય વિગત તંત્રીલેખ પછીના પૃષ્ઠ પરના લેખમાં આપવામાં આવેલ છે.) કચ્છની જનતાને આથી પ્રતીતિ થવા લાગી કે નર્મદા નદીના સિંચાઈ માટેના પાણી આવતા બે-ત્રણ વર્ષોમાં કચ્છના ખેતરોમાં પહોંચી શકશે. મંગલ મંદિરે પણ અગાઉના અંકમાં તેનો પ્રતિભાવ વ્યક્ત કરેલ જ છે.

- **જળસિંચાઈ મંત્રીશ્રી નીતિન પટેલનું જળસિંચાઈ ખાતું :**

કચ્છને સિંચાઈ માટે નર્મદા નદીના નિયમિત પાણીમાંથી ૦.૫ એમ.એ.એફ. નિયમિત પાણી અને વધારાના પાણીમાંથી ૧.૦ એમ.એ.એફ. વધારાના પાણી ગુજરાત સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. કચ્છના ખેતરો સુધી નિયમિત પાણી પહોંચાડવાનું આયોજન સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કરવામાં આવી રહેલ છે. જ્યારે વધારાનું પાણી કચ્છના ખેતરો સુધી પહોંચાડવાનું આયોજન જળસિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવી રહેલ છે. પરંતુ બંને પ્રકારના પાણી, નર્મદા નદીની મુખ્ય નહેરમાંથી, બનાસકાંઠા જિલ્લાના હમીરપર ગામ પાસેથી કચ્છ સુધી પહોંચાડવાની જવાબદારી નર્મદા નિગમને સુપરત કરવામાં આવેલ છે. એ પાણી કચ્છમાં પહોંચ્યા બાદ, જ્યાં જ્યાંથી જરૂર પડે ત્યાં ત્યાંથી અને પોતાના આયોજન મુજબના જોઈતા પાણી,

*આપણે જાતે કલ્પના કરીએ એટલા સુખી કે દુઃખી ક્યારેય હોતા નથી.*

જળસિંચાઈ વિભાગ નર્મદા નિગમની કેનાલમાંથી મેળવી, પોતાના આયોજનો મુજબની કેનાલો બનાવી કચ્છના ખેતરોમાં પહોંચાડાશે. આ યોજનાને પૂર્ણપણે કારગત કરવાની હોય તો બંને વિભાગ વચ્ચે સમન્વય હોવો જરૂરી છે. સાથે સાથે બંને વિભાગની કાર્યવાહી પણ સમાંતર ધોરણે ચાલે એ પણ એટલી જ જરૂરી છે.

જળસિંચાઈ વિભાગે વધારાના પાણીના વ્યવસ્થિત અને યોગ્ય આયોજનો માટે પ્રથમ તો કચ્છમાં ઠેર ઠેર ફિલ્ડ સર્વે કરાવવું જોઈએ અને એ માટે બહારની કોઈ કન્સલ્ટિંગ કંપનીને સર્વે, આયોજન તથા એસ્ટિમેટ તૈયાર કરવાનું કામ સુપરત કરવું જોઈએ. આ કન્સલ્ટિંગ કંપનીની કાર્યવાહી અંદાજિત રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની અંદાજવામાં આવેલ છે.

જળસિંગાઈ વિભાગે રૂા. ૩.૦૦ કરોડના ખર્ચની મંજૂરીની ફાઈલ જળ મંત્રાલય (સરકારશ્રી) પર મોકલી આપેલ. જળસિંચાઈ વિભાગ એટલે ગાંધીનગરના સચિવાલય કેમ્પસનું બિલ્ડિંગ નં.-૯ અને જળ મંત્રાલય (સરકારશ્રી) એટલે એ જ કેમ્પસનું બિલ્ડિંગ નં.-૧. બંને બિલ્ડિંગ વચ્ચે કદાચ ૫૦૦ મીટરનું અંતર હશે. આ ૫૦૦ મીટરના અંતરને કાપીને આ ફાઈલને પરત આવતા ૩ વર્ષ લાગી ગયા અને એ પણ કચ્છની પ્રજાના ભયંકર હોબાળા અને ઉધામા પછી.

પરંતુ ફાઈલમાં જળ મંત્રાલયે રિમાર્ક મૂકેલ કે જળસિંચાઈ વિભાગ આ ટેન્ડર તૈયાર કરી, તેની મંજૂરી અર્થે ફરી જળમંત્રાલય (એટલે કે જળસિંચાઈ મંત્રી શ્રી નીતિન પટેલ એમ વાંચવું) પર મોકલી આપવું. આ પ્રકારની નોંધનો કદાચ આ પ્રથમ દાખલો હશે! આ અગાઉ ક્યારેય પણ આટલી પાબંદીવાળી મંજૂરી આપવામાં આવેલ નથી. જળસિંચાઈ મંત્રાલયનો આ પાછળ શું ઉદ્દેશ હશે તે કોઈ પણ કચ્છી સ્વાભાવિકપણે કલ્પી શકે તેમ છે!

જળસિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓ લાચાર હતા. તેઓએ તો તરતમાં જ ટેન્ડર તૈયાર કરીને મંત્રાલયમાં એ ફાઈલ મોકલી આપી. આ હકીકતને આજે ૧૦ માસ જેટલો સમય પસાર થઈ ગયો. હજુ સુધી જળસિંચાઈ મંત્રાલયને એ ટેન્ડરનો અભ્યાસ કરી, તેને મંજૂર કરી, ફરી એ ફાઈલ જળસિંચાઈ વિભાગ પર મોકલી આપવા સમય મળેલ નથી!

માની લો કે ટેન્ડર સરકારશ્રીના મંત્રાલયમાંથી મંજૂર થઈને પરત આવે, ત્યારબાદ એ ટેન્ડરની નોટિસ જળસિંચાઈ વિભાગ તરફથી પ્રસારિત કરવામાં આવે, વિવિધ તજજ્ઞ કંપનીઓ તે ટેન્ડર મંગાવી, તેને ભરી, પરત મોકલી આપે. ત્યારબાદ તેને ચકાસવામાં આવે, ટેન્ડર ભરનાર તજજ્ઞ કંપની સાથે વાટાઘાટો કરવામાં આવે અને કોઈ યોગ્ય કન્સલ્ટિંગ તજજ્ઞ કંપનીને કામ સુપરત કરવામાં આવે, તેને સહેજે ૪ મહિના જેટલો સમયગાળો લાગે. ત્યારબાદ કન્સલ્ટિંગ કંપની સમગ્ર કચ્છમાં ફરી ફિલ્ડ સર્વે કરે અને ત્યારબાદ યોગ્ય યોજના બનાવી, તેના એસ્ટિમેટ સાથે જળસિંચાઈ વિભાગને સુપરત કરે. આ પ્રક્રિયામાં ૮ થી ૧૨ મહિનાનો સમય સહેજે પસાર થઈ જાય. કન્સલ્ટિંગ કંપનીની યોજના અને એસ્ટિમેટને મંજૂરી આપતાં જળસિંચાઈ વિભાગને સહેજે બે મહિના લાગી જાય. ત્યારબાદ આયોજન મુજબના વિવિધ કામોની કાર્યવાહી કરવાના ટેન્ડરો વિવિધ કોન્ટ્રાક્ટરોને આપવામાં આવે. અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડની કિંમતના આ કામો થઈ શકે. બધા જ કામો જે તે કોન્ટ્રાક્ટરને સુપરત કરતાં સ્વાભાવિકપણે ૪-૬ મહિનાનો સમયગાળો પસાર થઈ જાય અને ત્યારબાદ જ આ વિભાગના કામો શરૂ થઈ શકે. મતલબ એ કે જળસિંચાઈ વિભાગ આજથી આ પ્રક્રિયા શરૂ કરે તો તેને કામો શરૂ કરાવતા સહેજે બે વર્ષનો સમયગાળો તો જોઈએ જ. અન્ય તરફ 'સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ' કચ્છ બ્રાંચ કેનાલના કામો આવતા બે મહિનામાં શરૂ કરાવી શકે તેવી પરિસ્થિતિમાં તો આવીજ ગયેલ છે. સરદાર સરોવર નર્મદા નિગમ આવતા બે કે અઢી વર્ષમાં એટલે કે ડિસેમ્બર-૨૦૧૨ સુધીમાં 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કામો પૂરા કરાવવાની ગણના રાખે છે.

- **સંપૂર્ણ બીના પાછળની યોગ્ય જાણકારી :**

આ સંપૂર્ણ બીના પાછળની યોગ્ય જાણકારી નીચે મુજબની કરી શકાય.

'કચ્છ બ્રાંચ કેનાલ' જ્યાંથી શરૂ થાય છે તે હમીરપર ગામ પાસે કેનાલની કેપેસિટી ૨૨૦ ક્યુમેક્સની રાખવામાં આવેલ છે. આ કેનાલની તેની લંબાઈના પ્રથમ ૮૨ કિલોમીટર બનાસકાંઠામાંથી પસાર થાય છે. બનાસકાંઠાના ૮૨ કિ.મી.ના વિસ્તારમાં તેના ભાગે આવતા પાણીના વપરાશ બાદ આ કેનાલ જે સ્થળે કચ્છમાં દાખલ થાય છે ત્યાંથી તેની કેપેસિટી ૧૭૦ ક્યુમેક્સ જેટલી રાખવામાં આવેલ છે. કેનાલ જેમ જેમ કચ્છના પ્રદેશોમાં આગળ વધતી જાય તેમ તેમ આજુબાજુના લાભાર્થી પ્રદેશોમાં પાણીનો વપરાશ થતા કેનાલની સાઈઝ નાની થતી જાય. જરૂરત કરતા મોટી સાઈઝની કેનાલ રાખવામાં આવતી નથી.

*તનતોડ મહેનત કરનારાને ભાગ્યનો પણ સાથ મળે છે.*

સરદાર સરોવર નર્મદા નિગમના ટેક્નિકલ વિભાગે જળસિંચાઈ વિભાગ પાસેથી જાણવા માગ્યું કે જળસિંચાઈ વિભાગ, કચ્છ બ્રાંચ કેનાલમાંથી કયા સ્થળેથી કેટલું પાણી પોતાની કેનાલોમાં વહાવવા લઈ જશે કે જેથી કચ્છ બ્રાંચ કેનાલમાં જે તે સ્થળે નર્મદા નિગમ દ્વારા આઉટલેટ મૂકી શકાય અને પોતાની આગળની કેનાલ જરૂરિયાત મુજબ નાની બનાવી શકાય.

કોઈ પણ જાતના આયોજનો તૈયાર ન હોવાથી જળસિંચાઈ વિભાગે આ પ્રશ્નનો શું જવાબ આપેલ હશે તે કોઈ પણ વ્યક્તિ કલ્પી શકે છે. જળસિંચાઇ વિભાગના આયોજનની વિગત જાણ્યા વગર નર્મદા નિગમ કચ્છની કેનાલો કઈ સાઈઝની બનાવશે અને જળસિંચાઈ વિભાગ માટે કયા સ્થળે, કઈ કેપેસિટીના આઉટલેટ મુકશે?

પરિણામ એ આવશે કે સરદાર સરોવર નર્મદા નિગમની ગમે તેટલી ઈચ્છા અને તૈયારી હશે તો પણ કચ્છની કેનાલો બાંધી શકશે નહીં. જળસિંચાઈ વિભાગ નર્મદા નિગમ સાથે તાલમેલ નહીં સાધે તો નર્મદા નિગમે પણ કચ્છના કામો પર રોક લાવી દેવો પડશે. કચ્છના પ્રજાકીય પ્રતિનિધિઓ પણ લાચાર બનીને પરિસ્થિતિ નિહાળ્યા કરશે. તેમની પાસે પણ કોઈ સુલઝાવ રહેશે નહીં.

કચ્છનું હિત જોનાર એકે એક કચ્છના જાગૃત નાગરિકની અથવા તો એકે એક કચ્છના આગેવાનશ્રીની ફરજ થઈ પડે છે કે તેઓ જળસિંચાઈ મંત્રાલય પાસે દરમિયાનગીરી કરી, જળસિંચાઇ વિભાગના કાર્યો પણ નર્મદા નિગમના કાર્યો સાથે તાલમેલ મેળવી શરૂ કરાવડાવે. જળસિંચાઈ મંત્રાલયની કોઈ મેલી મુરાદ હોય તો તે બર ન આવવા દે! જરૂર જણાય તો આ બાબતે મુખ્ય મંત્રીશ્રીનો સંપર્ક સાધવો પણ જરૂરી બની શકે છે!

કચ્છને ફાળવવામાં આવેલ નિયમિત પાણીથી લગભગ ૧,૧૨,૦૦૦ હેક્ટરમાં અને વધારાના પાણીથી લગભગ ૩ લાખ હેક્ટરમાં ચોમાસુ સીઝનનો એક પાક લઈ શકાય તેવું વિચારાયેલ છે. ટોટલ ૪ લાખ હેક્ટર એટલે કે લગભગ ૧૦ લાખ એકર જમીનમાં સિંચાઈ થઈ શકે. અગર આ પાણી કચ્છની પ્રજા સ્વૈચ્છિકપણે ડ્રીપ ઈરિગેશન પદ્ધતિથી (જે તેના હિતમાં છે) વાપરે તો લગભગ ડબલ એટલે કે ૨૦ લાખ એકર જમીન પર એક પાક લઈ શકાય.

કચ્છની પ્રજાએ તો જાગૃત બનીને ''સરદાર સરોવર નર્મદા નિગમ'' પાસેથી નિયમિત પાણીના કાર્યો શરૂ કરાવ્યા પરંતુ હવે તે જળસિંચાઈ વિભાગ અને જળ મંત્રાલય વિભાગ પાસેથી વધારાના પાણી માટેના કાર્યો શરૂ કરાવી શકે તો જ આવતા દિવસ કચ્છ માટે સોનેરી સાબિત થઈ શકશે.

*સામાન્ય રીતે એવું જાણવા મળેલ છે કે 'નર્મદા નિગમ' કે 'જળસિંચાઈ' વિભાગના અધિકારીઓ તેમને સોંપવામાં આવેલ કાર્ય યોગ્ય રીતે કરવા કોશિશ કરે છે.*

*કચ્છ બ્રાંચ કેનાલ જ્યાંથી શરૂ થાય છે તે હમીરપર ગામ પાસેથી શરૂ કરીને ભુજ સુધીની બધી જ જળસિંચાઈ વિભાગની ઓફિસનો એક જ જવાબ હતો કે સરકારશ્રી એટલે કે જળ મંત્રાલય પર ટેન્ડર મંજૂર કરાવવા અંગેની ફાઈલ મોકલી આપવામાં આવેલ છે. જ્યાં લગી કન્સલ્ટિંગ કંપની અંગેના ટેન્ડરની ફાઈલ મંજૂર કરી પરત નહીં આવે ત્યાં લગી કન્સલ્ટન્ટ કંપનીની નિમણૂકની કાર્યવાહી આગળ નહીં વધી શકે. જળસિંચાઈ વિભાગની ગાંધીનગર એટલે કે સચિવાલય ઓફિસનો પણ આ જ પ્રતિભાવ રહેવા પામેલ હતો.*

*કન્સલ્ટન્ટની નિમણૂક થયા બાદ જ કચ્છમાં ફિલ્ડ સર્વે થઈ શકે અને ત્યારબાદ જ કન્સલ્ટિંગ કંપની પોતાના આયોજનો અને એસ્ટિમેટ નક્કી કરી શકશે.*

*ગુરુવાર, તા. ૧૫-૭-૨૦૧૦ના 'કચ્છ મિત્ર'ના અંકમાં ચોથા પાને 'નર્મદાના વધારાના પાણીનું આયોજન કેટલે?'ના મથાળા હેઠળ એક સમાચાર પ્રસિદ્ધ થયેલ છે.*

*આ અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે 'રાજ્યના પાણી પુરવઠા મંત્રી શ્રી નીતિનભાઈ પટેલનો સંપર્ક સાધતાં તેમણે 'કચ્છમિત્ર'ને જણાવ્યું હતું કે, સર્વે માટે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક થઈ ગઈ છે અને વધારાના પાણીનો ક્યાં સંગ્રહ કરવો, કેનાલમાં કઈ રીતે પાણી નાખવું એ બધાનો સર્વે ચાલી રહ્યો છે અને છ થી આઠ મહિનામાં આ સર્વે પૂરો થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે કચ્છના હયાત બધા ડેમો છલકાવી દઈએ તો પણ દસ લાખ એકર ફીટ પાણીમાંથી માત્ર ૨૫ ટકા જ પાણી વપરાશે. બાકીની જળરાશિ માટે શું વ્યવસ્થા કરી શકાય એનોય સર્વે થઈ રહ્યો છે.'*

*પરંતુ એમનું જળસિંચાઈ ખાતું જણાવે છે કે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક કરવાની બાકી છે. આ સંજોગોમાં મંત્રીશ્રીએ જે કન્સલ્ટન્સી કંપનીની નિમણૂક કરેલ છે તે કંપનીનું નામ અને એ કંપનીએ કચ્છના કયા વિસ્તારમાં ફિલ્ડ સર્વે કરેલ છે તે વિસ્તાર વિશેની વિગતો આપવા કૃપા કરશે?*

***સાચી વાતને પુરવાર કરવાની યોગ્યતા હોવી જરૂરી છે.***

હાલે ઉત્તર ગુજરાતના વધારાના પાણીના આયોજનો અને કાર્યો પૂરા કરી દેવામાં આવેલ છે. એક યા બીજા કારણે અગર કચ્છના આયોજનો પર રોક લાગી શકે તો દર વર્ષે કચ્છના ભાગે આવતું પાણી યા તો દરિયામાં વહેવડાવી દેવાય, અથવા આ ફાજલ પાણી જે પ્રદેશોના કામો થઈ ગયા છે ત્યાં વપરાશ માટે પણ આપી દેવાય. અને જો આમ થાય તો એક વખત ૫ કે ૧૦ વર્ષ સુધી મૂળ યોજનાની ગણનામાં ન હોય તેવા પ્રદેશને આ પાણી આપવામાં આવે તો ૫-૧૦ વર્ષ પછી તે પાછા મેળવવા મુશ્કેલ બને. એ સમયે ત્યાંની પ્રજામાં અસંતોષ જાગી ઊઠે!

આ રીતે કચ્છને ફાળવાયેલ વધારાનું પાણી ઉત્તર ગુજરાત તરફ ખેંચી જવા વ્યવસ્થિતપણે પ્રયાસો થઈ રહ્યા હોય તેવું દેખા છે કારણકે, ઉત્તર ગુજરાતના ધારાસભ્યો અને આગેવાનો જ્યારે નર્મદા નિગમ કે જળસિંચાઈ વિભાગની ઓફિસની મુલાકાત લે ત્યારે એવું અચૂકપણે અધિકારીશ્રોને ગુમાનપણે જણાવે છે કે જેમનામાં પાણી હશે તે આ પાણી પોતાના પ્રદેશમાં ખેંચી જશે!

કચ્છના હાલના મંત્રી શ્રી, ભૂતપૂર્વ મંત્રીશ્રીઓ, સત્તાપક્ષના હાલના ધારાસભ્યશ્રીઓ તથા ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ, વિરોધ પક્ષના હાલના અને ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓ, હાલના તથા ભૂતપૂર્વ સંસદ સભ્યશ્રીઓ તથા રાજકીય તેમજ સામાજિક આગેવાનશ્રીઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ કચ્છને ફાળવાયેલ વધારાના પાણીનો પ્રશ્ન પાણી પુરવઠા મંત્રીશ્રી, જળ મંત્રાલય તથા જળ સિંચાઈ વિભાગ સાથે ચર્ચા કરી, તે અંગેના આયોજનો સત્વરે કરાવડાવે અને નર્મદા નિગમના કાર્યો સાથે સમન્વય સાધી જળસિંચાઈ વિભાગ પણ પોતાના ભાગે આવતા કાર્યો સત્વરે શરૂ કરી દે તેવા પ્રયાસો આદરે.

૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ / ૪૦૦૦૮૨૧૦, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧

*વૃદ્ધાવસ્થા આપણા બાળપણનું જ પુનરાગમન છે.*

કચ્છ

## નર્મદા નદીના કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના પાણીની

# કચ્છ બ્રાંચ કેનાલ – પ્રગતિ અને પરિસ્થિતિ

*– અશોક મહેતા*

'કચ્છ બ્રાંચ કેનાલ'ના કાર્યોમાં ગતિવિધિ આવેલ છે. છેલ્લા બે મહિનામાં તેનાં કામોને લગતા સારા એવા પ્રમાણમાં ટેન્ડરો 'નર્મદા નિગમ' દ્વારા બહાર પાડવામાં આવેલ છે. તેની આંકડાકીય માહિતી જાણવી કોઈ પણ અભ્યાસપ્રદ કચ્છીને ગમશે, એ ગણનાએ અત્રે એ વિગતો પ્રસ્તુત છે.

| સાંકળ – કિ.મી. | લંબાઈ – કિ.મી. | અંદાજિત કિંમત | કામની પરિસ્થિતિ |
|---|---|---|---|
| ૦.૦૦ થી ૨૦.૦૧ | ૨૦.૦૧ | રૂા. ૫૮.૧૬ કરોડ | • વર્ષ ૨૦૦૫માં સદ્‌ભાવ એન્જિનિયર્સ - અમદાવાદને આપવામાં આવેલ કામ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થયેલ છે. |
| ૨૦.૦૧ થી ૩૨.૯૭ | ૧૨.૯૬ | રૂા. ૪૪.૨૦ કરોડ | • વર્ષ ૨૦૦૫માં મે. બી.એ. પટેલ - અમદાવાદને આપવામાં આવેલ કામ વર્ષ ૨૦૧૦માં પૂર્ણ થયેલ છે. |
| ૩૨.૯૭ થી ૪૫.૦૦ | ૧૨.૦૩ | રૂા. ૪૩.૦૨ કરોડ | • વર્ષ ૨૦૦૫માં મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોરને આપવામાં આવેલ કામ બાકી છે.<br>• રિ-ટેન્ડરિંગની વિધિ ચાલુ છે. કામ પૂરા થયેલ નથી. |
| ૪૫.૦૦ થી ૫૪.૯૦ | ૯.૯૦ | રૂા. ૨૭૭.૯૭ કરોડ | • તા. ૨૭-૬-૨૦૧૦ના ટેન્ડર બહાર પડેલ છે.<br>• કોઈ યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી.<br>• ટેક્નિકલ કારણોથી કિંમત વધુ આવે છે. |
| ૫૪.૯૦ થી ૬૫.૦૦ | ૧૦.૧૦ | રૂા. ૩૨.૦૦ કરોડ | • વર્ષ ૨૦૦૫માં કેતન કન્સ્ટ્રક્શન - અમદાવાદને આપવામાં આવેલ કામ અધૂરું છે. |
| ૬૫.૦૦ થી ૮૨.૩૦ | ૧૭.૩૦ | રૂા. ૨૩૭.૦૦ કરોડ | • તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.<br>• યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી.<br>• ટેક્નિકલ કારણોસર કિંમત વધુ આવે છે.<br>• બનાસકાંઠાની હદ અહીં પૂરી થાય છે. |
| ૮૨.૩૦ થી ૧૧૨.૫૦ | ૩૦.૨૦ | રૂા. ૪૩૪.૭૧ કરોડ | • તા. ૨૦-૬-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.<br>• યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી.<br>• ટેક્નિકલ કારણસર કિંમત વધુ આવે છે.<br>• ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે સાથેનું ટેન્ડર હશે.<br>• ૮૨.૩૦ કિ.મી.થી આ કેનાલ કચ્છ (રણ વિસ્તાર)માં પ્રવેશે છે. |
| ૧૧૨.૫૦ થી ૧૨૨.૨૧૯ | ૯.૭૧૯ | રૂા. ૩૨.૯૧ કરોડ | • વર્ષ ૨૦૦૫માં મે. મોન્ટે કાર્લો - અમદાવાદને આપવામાં આવેલ કામ બાકી છે.<br>• રિ-ટેન્ડરિંગથી અન્યને કામ અપાશે.<br>• કામો પૂરા થયેલ નથી. |
| ૧૨૨.૨૧૯ થી ૧૩૩.૫૧૯ | ૧૧.૩૦૦ | રૂા. ૪૦.૨૩ કરોડ | • વર્ષ ૨૦૦૫માં મે. એસ.એસ.જે.વી. - બેંગ્લોરને આપવામાં આવેલ કામ બાકી છે.<br>• રિ-ટેન્ડરિંગની વિધિ ચાલુ છે. કામ પૂરા થયેલ નથી. |

*ધર્મના ખાટા મીઠા સ્વાદને ઝેર ન બનાવીએ.*

| | | | |
|---|---|---|---|
| ૧૩૩.૫૧૯ થી ૧૮૯.૯૭ | ૫૬.૪૫૧ | રૂા. ૩૭૫.૭૪ કરોડ | • તા. ૨૭-૬-૨૦૧૦ ટેન્ડર બહાર પડેલ છે.<br>• યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી છે. |
| ૧૮૯.૯૭ થી ૨૭૩.૦૦ | ૮૩.૦૩૦ | રૂા. ૩૬૦.૦૦ કરોડ | • તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.<br>• યોગ્ય કંપનીને કામ આપવાનું બાકી છે. |
| *ટોટલ* | *૨૭૩.૦૦* | *રૂા.૨૪૫૧.૭૪ કરોડ* | |
| ૨૭૩.૦૦ થી ૩૬૦.૦૦ | ૮૭.૦૦ | રૂા. ૩૮૮.૦૦ કરોડ | • ટેન્ડરો બહાર પાડવાના બાકી છે.<br>• ફિલ્ડ સર્વે કરાયેલ ન હોવાથી ટેન્ડરો બહાર પડી શકેલ નથી. |
| *ટોટલ* | *૩૬૦.૦૦* | *રૂા.૨૮૩૯.૭૪ કરોડ* | |

*__નોંધ__ :* રૂા. ૨૮૩૯.૭૪ કરોડની કિંમતના અને ૩૬૦.૦૦ કિ.મી. લંબાઈમાંથી રૂા. ૨૪૫૧.૭૪ કરોડની કિંમતના અને ૨૭૩.૦૦ કિ.મી. લંબાઈની કેનાલના કામોના ટેન્ડર બહાર પડી ગયેલ છે અથવા તે કામો પ્રગતિમાં છે. જ્યારે રૂા. ૩૮૮.૦૦ કરોડની કિંમતના અને ૮૭.૦૦ કિ.મી. (ગુંદાલાથી માંડવી)ની લંબાઈના કામોના ટેન્ડર બહાર પાડવાના બાકી છે.

| | અંદાજિત કિંમત | કામની પરિસ્થિતિ |
|---|---|---|
| **__પમ્પિંગ સ્ટેશન__** | | |
| • ૧૦૦.૯૭કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૮૭.૩૦ કરોડ | તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. |
| • ૧૧૧.૭૫કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૮૭.૩૦ કરોડ | તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. |
| • ૧૮૯.૯૭કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૪૧.૨૦ કરોડ | તા. ૫-૭-૨૦૧૦ના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. |
| | *રૂા. ૫૧૫.૮૦ કરોડ* | |
| **__પાવર સ્ટેશન__** | | |
| • ૧૦૦.૯૭કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત) | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • ૧૧૧.૭૫કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત) | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • ૧૮૯.૯૭કિ.મી. સાંકળ ૫૨ | રૂા. ૧૦૦.૦૦ કરોડ (અંદાજિત) | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| | *રૂા. ૩૦૦.૦૦ કરોડ* | |
| **__ડિસ્ટ્રિબ્યૂટરી, સબ બ્રાંચ કેનાલ વગેરે__ :** | | |
| • ૧૧૨.૫થી ૧૮૯.૯૭૭ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો | રૂા. ૧૬૮.૬૪ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • ૧૮૯.૯૭૭થી ૨૭૩.૦૦ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો | રૂા. ૧૫૮.૦૦ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • ૨૭૩.૦૦થી ૩૬૦.૦૦ કિ.મી.ની કેનાલના ડિસ્ટ્રિબ્યૂટરી કેનાલ વગેરેના કામો | રૂા. ૧૫૬.૦૦ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • ગાગોદર સબ બ્રાંચ કેનાલના કામો સાંકળ ૧૧૩.૭ કિ.મી.થી શરૂ થતી | રૂા. ૧૨૮.૦૦ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |

*નવીનતા માટે કાલ્પનિકતાને સાકાર કરો.*

| | | |
|---|---|---|
| • ગાગોદર સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો | રૂા. ૧૨૮.૫૬ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • વાંઢિયા સબ બ્રાંચ કેનાલના કામો સાંકળ ૧૮૮.૦૪૯ કિ.મી.થી શરૂ થતી | રૂા. ૩૦.૦૦ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • વાંઢિયા સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો | રૂા. ૫૧.૬૨ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • દૂધઈ સબ બ્રાંચ કેનાલના કામો – સાંકળ ૧૯૨.૦૮ કિ.મી.થી શરૂ થતી | રૂા. ૭૫.૦૦ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| • દૂધઈ સબ બ્રાંચ કેનાલની ડિસ્ટ્રિબ્યૂટરી વગેરે કેનાલોના કામો | રૂા. ૧૮.૯૧ કરોડ | ટેન્ડર બહાર પાડવાના બાકી |
| | *રૂા. ૯૧૪.૭૩ કરોડ* | |

***નોંધ*** *:* કચ્છ બ્રાંચ કેનાલની સમગ્રતયા વાત કરીએ તો અંદાજિત રૂા. ૩૦૦૦ કરોડની કિંમતના કામોના ટેન્ડર બહાર પડી ગયેલ છે જ્યારે અંદાજિત રૂા. ૧૫૦૦ કરોડની કિંમતના ટેન્ડરો હજુ બહાર પાડવાના બાકી રહે છે. એટલે કે અંદાજિત ૨/૩ ની કિંમતના ટેન્ડરો બહાર પડી ગયેલ છે, જ્યારે ૧/૩ જેટલી કિંમતના ટેન્ડરો બહાર પાડવાના બાકી રહે છે.

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ / ૪૦૦૦૮૨૧૦, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧***

*જ્ઞાન અને સત્તાની સાથોસાથ નમ્રતા અને વિનય પણ વધવા જોઈએ*

# ભુજનું જથ્થાબંધ બજાર જમીન પ્રકરણ
## પાડા લડે અને ભીડનો ખો

– *શશીકાંત ઠક્કર*

કચ્છમાં છેલ્લા કેટલાક સમયથી ભુજની જથ્થાબંધ બજારને અપાયેલ જમીન અંગેનું પ્રકરણ સતત ચર્ચામાં રહ્યું છે. સામસામા દાવા-પ્રતિદાવા થઈ રહ્યા છે ત્યારે આ પ્રકરણ શું છે અને તેની પૂર્વભૂમિકા શી છે તે સમજવાની જરૂર છે.

કચ્છમાં થયેલા અભૂતપૂર્વ ધરતીકંપ બાદ તત્ સમયની ગુજરાત સરકારે જે પુનઃવસનના પગલા જાહેર કર્યા તેનો મુખ્ય ઝોક એવો હતો કે કચ્છ ધરતીકંપ ઝોનમાં આવતું હોવાથી હવે જૂના બાંધકામોવાળા વિસ્તારોમાં પુનઃવસન કરવું સલામત નથી. એટલે જૂના વિસ્તારો છોડી બહાર ખુલ્લામાં ખરેખર ભૂકંપપ્રુફ બાંધકામો કરી તેમાં લોકોને વસાવવા જોઈએ. આ નીતિના અનુસંધાને પુનઃવસનના તમામ હુકમોમાં આ માટે પ્રોત્સાહન આપવાના પગલાંઓનો સમાવેશ કરવામાં આવેલ હતો.

ભુજની ઐતિહાસિક ભીડ બજાર પણ ખૂબ ગીચ, છૂટક તથા જથ્થાબંધ વેપારીઓના માલની સતત અવરજવર અને ભારે વાહનોની ચહલપહલવાળો વિસ્તાર હતો. ભાવિ માર્કેટયાર્ડ પણ ભુજથી બહાર સુરલભીટ તરફના રસ્તે અગાઉથી બનાવાયેલ હતી. આથી સમગ્ર જથ્થાબંધ વેપારીઓની બજાર પણ જૂના ગામતળથી બહાર બને તો સલામત થાય અને એક જ જગ્યાએ બધા વેપારીઓ હોય તો વેપાર પણ સરળ બને. આ દૃષ્ટિએ રાજકીય અગ્રણીઓનું એક જૂથ આ બજાર બહાર લઈ જવાના મતનું હતું. જ્યારે એક બીજું જૂથ ભીડબજાર જ્યાંની ત્યાં રહે એ મતનું હતું. આ માટે શું કારણો હતા એમાં ઊંડા ઉતરવું યોગ્ય નથી. પરંતુ આ બે દિશાઓમાંથી મોટાભાગના વેપારીઓએ તત્ સમયના સત્તાધારી જૂથની સંમતિથી આ બજાર શહેર બહાર લઈ જવાનું પસંદ કર્યું. આ માટે જમીનની માપણી કરી સમગ્ર કાર્યવાહી પાર પાડવા સત્તાવાળાઓની સલાહ અનુસાર સમિતિની રચના કરવામાં આવી અને આ સમિતિને બજારભાવે જમીન આપવાનો સરકારે નિર્ણય કર્યો. તે મુજબ જમીન મેળવીને તેમાં પ્લોટો પાડી વેપારીઓને ફાળવવા નિર્ણય કરાયો.

સામા પક્ષે પણ કેટલાક વેપારીઓને ઊંધા પાટે ચડાવી આ બજારનો વિકાસ થશે નહીં એવી શંકા ઊભી કરતાં કેટલાક વેપારીઓએ ભરેલા નાણાં પણ પરત લીધા અને કેટલાકે નાણા ભર્યા જ નહીં.

જ્યારે આખું બજાર સ્થળાંતર થતું હોય ત્યારે દસ-પંદર ટકા વેપારીઓ જેમને ભૂકંપમાં નુકસાન ન થયું હોય તો પણ તેઓ ભીડ બજારમાં બેસી ધંધો કરી શકે નહીં તે સ્વાભાવિક છે. આથી આવા વેપારીઓમાંથી પણ જેમણે પ્લોટના નાણા ભર્યા, તેમને સમિતિએ પ્લોટની ફાળવણી કરી. જ્યારે બજાર ધમધમતી થઈ અને ફાળવાયેલ પ્લોટો ઉપર બનાવાયેલ દુકાનોના ભાવો ઊંચકાયા ત્યારે જે વેપારીઓને પ્લોટો નહોતા મળ્યા, અગર જેમણે નાણા પરત લીધા હતા તેમાંના કેટલાક વેપારીઓને અફસોસ થયો અને તેમાંના કેટલાકને પ્રોત્સાહન આપી આ સમગ્ર પ્રક્રિયામાં ગેરરીતિ થયાની ફરિયાદો જિલ્લા કલેક્ટરને કરવામાં આવી.

જિલ્લા કલેક્ટર દ્વારા બજાર સમિતિને કેટલીક શરતોના ભંગ બદલ કારણદર્શક નોટિસ અપાઈ. આ નોટિસનો વિગતવાર જવાબ બજાર સમિતિ દ્વારા અપાયો અને તેના પરિણામે આ અંગે કોઈ મહત્ત્વના પગલાં ન લેવાયા. પરંતુ ત્યારબાદ પ્લોટોની ફાળવણી ભૂકંપમાં નુકસાન નહીં પામેલા વેપારીઓને કરવામાં આવી છે તે મુદ્દો ઉછળ્યો. અને તેના પરિણામે વિસ્તૃત તપાસ બાદ જિલ્લા કલેક્ટરે કેટલાક વેપારીઓને અપાયેલ પ્લોટો રદ કરવાનો હુકમ કર્યો. આ હુકમ સામે સંબંધિત વેપારીઓએ મહેસૂલ સચિવ (વિવાદ), અમદાવાદ પાસે અપીલ કરી જેમાં તેમને મનાઈ હુકમ મળ્યો.

આ દરમ્યાન રાજ્ય સ્તરે "ફરજી એન્કાઉન્ટર" અને "ખંડણી"ના પ્રકરણો ગાજ્યા અને તેમાં રાજ્યના પોલીસ અધિકારીઓની ધરપકડ થઈ. રાજ્યના એક પોલીસ અધિકારી કુલદીપ શર્માની "કથિત કાર્યવાહી" સામે રાજ્ય સરકારના અગ્રણીઓને વાંધો પડ્યો અને તેને પાઠ ભણાવવાની પ્રતિક્રિયારૂપે ઉપરોક્ત બજાર પ્રકરણના ઓઠા હેઠળ તેમના ભાઈ પ્રદીપ શર્માને અને તેમના સમયના પેટા અધિકારીઓ સામે સકંજો કસવાની ચોક્કસ રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવી એવું કહેવાય છે અને તેમની ધરપકડ કરાઈ. તેઓ છ મહિનાથી જેલમાં છે. એવું પણ કહેવાય છે કે આ લોકો સામે સકંજો કસવા બજાર સમિતિના જવાબદાર વેપારીઓ પૈકી ત્રણ આગેવાનોની ધરપકડ થઈ અને તે પછી બીજા દસ આગેવાનોની ધરપકડ કરવામાં આવી. અહીં સુધી તો કાર્યવાહી ચાલી પરંતુ આવેલ સમાચાર મુજબ આ તમામ પકડાયેલાઓને કોઈપણ હિસાબે જામીન ન મળે તેવી કાર્યવાહી તપાસ એજન્સી અને સરકારી વકીલ મારફતે ગોઠવાઈ. સ્વાભાવિક રીતે સરકારના ઈશારા વગર આવી કડક કાર્યવાહી થાય નહીં અને ભૂતકાળમાં આવા કેટલાયે અને આથી પણ ગંભીર કિસ્સાઓમાં પણ આવી કાર્યવાહી થઈ નથી તે જગજાહેર છે.

*શબ્દકોશ જેવી કોઈ સાહિત્યકૃતિ નથી.*

કાનૂની પ્રક્રિયાની આ અતિશયોક્તિના પરિણામે વેપારીઓના કુટુંબીજનોમાં તીવ્ર આક્રોશ ફેલાયો અને તેના પરિણામે અત્યારે વેપારીઓના કુટુંબીજનો અને મહિલાઓ ધરણા, અહિંસક રેલી, આગેવાનો પાસે રજૂઆત વગેરે કાર્યક્રમો આપી રહ્યા છે. મંગળવાર તા. ૨૦-૭-૨૦૧૦ના કચ્છ વ્યાપી બંધનું એલાન અપાયું. કોઈ પણ સક્રિય પ્રયત્નો વિના કચ્છના સમગ્ર શહેરોમાં આ બંધ સ્વયંભૂ રીતે ૯૦ ટકાથી પણ વધુ સફળતાને વર્યું તે ખાસ નોંધપાત્ર છે. વેપારીઓના ધરણા શરૂ થયા પછી અત્યાર સુધી એક પણ હિંસાત્મક બનાવ બન્યો નથી. કોઈ છમકલું થયું નથી, તેમ છતાં સરકારે દમનના પગલાં સ્વરૂપે બંધની આગલી રાત્રે બાર વાગે પ્રતિબંધાત્મક જાહેરનામુ બહાર પાડી રેલીમાં જોડાયેલી મહિલાઓ સાથે જબરદસ્તી કરાઈ અને તેમના આગેવાનોને અટકમાં લેવાયા. આમ છતાં રેલી સફળ રહી અને કોઈ હિંસાત્મક બનાવ બન્યો નથી.

**<u>કચ્છમિત્ર : તા. ૨૧-૭-૨૦૧૦</u>**

## કચ્છ મોટાભાગે બંધ, વધુ સંઘર્ષના એંધાણ

- **જથ્થાબંધ બજારના પ્રશ્ને જિલ્લામથક ભુજ સહિત આઠ તાલુકાઓમાં જડબેસલાક સમર્થન : ગાંધીધામ - અંજારમાં આંશિક.**
- **નખત્રાણા કહે છે ન્યાયનું આંદોલન છે.**
- **ભચાઉના રસ્તા સૂમસામ બન્યા**
- **રાપરના વેપારીઓનો જબ્બર પ્રતિસાદ.**
- **બંદરીય મુંદ્રાએ કચ્છબંધને સંપૂર્ણ બંધ આપી ટેકો આપ્યો.**
- **માંડવીએ સ્વયંભૂ બંધ પાળ્યો.**
- **અબડાસામાં બંધને સારો પ્રતિસાદ.**
- **અંજારમાં બંધને મિશ્ર પ્રતિસાદ સાંપડ્યો.**
- **ગાંધીધામનો બંધને મોળો પ્રતિસાદ.**

**<u>કચ્છમિત્ર : તા. ૨૧-૭-૨૦૧૦</u>**

*(અહેવાલ, તા. ૨૦-૭-૨૦૧૦)*

- ભુજની જથ્થાબંધ બજારને લગતા પ્રકરણમાં વેપારીઓ દ્વારા ચાલતી લડતના નવમા દિવસે આજે અપાયેલા કચ્છ બંધના એલાનને વ્યાપક પ્રતિસાદ મળ્યો હતો. અંજાર અને ગાંધીધામમાં આંશિક સિવાયના આઠે તાલુકામાં સ્વયંભૂ અને સજ્જડ બંધ રહેતા આંદોલનકારી વેપારીઓનો જુસ્સો વધ્યો હતો.
- કાયદાના રક્ષકો દ્વારા સવારે અને સાંજે એમ બે તબક્કે ૨૧ જણની અટકાયત કરાઈ હતી કે જેમને બાદમાં છોડી દેવાયા હતા.
- ખાસ કરીને જિલ્લા મથક ભુજમાં દુકાનો તો ઠીક, ચાની લારી, ગલ્લાએ પણ બંધ રાખીને સમર્થન આપ્યું હતું.
- માંડવી, મુંદ્રા, નખત્રાણા, નલિયા, દયાપર, રાપર, ભચાઉ અને ખાવડા સહિતના વિસ્તારોએ એલાનને સ્વયંભૂ સહકાર આપ્યો હતો.
- શ્રી કુંદનલાલ ધોળકિયા સહિત કેટલાક અગ્રણીઓએ વેપારીઓની લડત છાવણીની મુલાકાત લીધેલ હતી. તેઓનો સૂર એવો હતો કે ‘સરકાર જેની સામે કેસ કરે છે તે કેસ પાછા ખેંચી પણ શકે છે. સરકારે જ આ પરિસ્થિતિ ઊભી કરી છે. જેના કારણે સરકાર અને પ્રજા સામસામે થઈ ગયા છે. **તેઓએ આજના બંધ અને ભાજપના મોંઘવારી વિરુદ્ધના બળજબરીપૂર્વકના બંધની પણ તુલનાઓ કરી હતી.**

લોકશાહીમાં અહિંસક ધોરણે અન્યાય સામે લડત ચલાવવાના દરેક નાગરિકને બંધારણીય અધિકાર છે. આવા અધિકારો ભોગવવામાં બિનજરૂરી દખલ કરવી એ ગેરબંધારણીય હોવા છતાં સરકાર જે પગલાં લઈ રહી છે તે શોભાસ્પદ નથી. થોડા જ દિવસો પહેલાં ગુજરાતના સત્તાપક્ષે બંધના એલાન આપી રેલીઓ કાઢી હતી ત્યારે બંધ પળાવવા હિંસક રીતે જબરદસ્તી પણ કરાઈ હતી તેમ છતાં તે વખતે પ્રતિબંધાત્મક હુકમો જારી કરવામાં આવ્યા ન હતા અને ભુજમાં વેપારીઓની શાંત રેલી સામે આવા દમનકારી પગલા લેવાયા હોવાથી સત્તા પક્ષ સામેનો આક્રોશ સમગ્ર કચ્છમાં તીવ્ર બન્યો છે.

સત્તાપક્ષના જિલ્લા પ્રમુખે પ્રેસ સમક્ષ બંધ નિષ્ફળ ગયો છે અને દસ ટકા પણ બંધ પળાયો નથી એવું વિધાન કરીને જ્યારે તમામ માધ્યમોમાં બંધની સફળતાના ફોટા સહિત અહેવાલ પ્રસિદ્ધ થયા હોય ત્યારે તેમણે છતી આંખે અંધ થવાનો ડોળ કરી શાહમૃગ નીતિ

*જ્ઞાન કરતાં કલ્પના વધારે અગત્યની છે.*

અપનાવી છે, એમ કહેવામાં કંઈ પણ અતિશયોક્તિ નથી.

સત્તાપક્ષના આગેવાનોએ આ પ્રકરણમાં સરકાર ક્યાંયે વચ્ચે નથી એવું જણાવ્યું છે. જો તેમ હોય તો જે પ્રજાએ તેમને ચૂંટ્યા છે અને સત્તા આપી છે તે પ્રજાનો મહિલાઓ સહિતનો મોટો સમૂહ દુઃખમાં હોય ત્યારે તેમની ખબરઅંતર પૂછીને સહાનુભૂતિ દર્શાવવામાં તેમને કોની લાજ કાઢવી પડે છે તે સમજાય તેવું નથી.

આ સમગ્ર પ્રકરણ ન્યાયાધીન છે અને તેથી આ અંગે વેપારીઓ દ્વારા થતી કાર્યવાહી 'કન્ટેમ્પ્ટ ઑફ કોર્ટ' છે એવું વિધાન પણ અજ્ઞાનતા દર્શાવે છે. ખંડણી અને ફેઈક એન્કાઉન્ટરના મામલે અભય ચુડાસમાની ધરપકડ કરી સી.બી.આઈ.એ કોર્ટમાં કેસ દાખલ કર્યો ત્યારે કેન્દ્ર સરકારના ઈશારે આ કાર્યવાહી થઈ રહી છે તેવો ઉહાપોહ કરી સત્તાપક્ષે છેક દિલ્હી સુધી ધરણા, વિરોધ અને આંદોલન કર્યા હતા. તે જો 'કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ' ન હોય તો ગુજરાતની સી.આઈ.ડી.એ આ કાર્યવાહી ગુજરાત સરકારના ઈશારે કરી છે તેનો વિરોધ વેપારીઓ કરતા હોય તો તે કયા ધારાધોરણ મુજબ વાજબી નથી તે સત્તાજૂથ સમજાવી શકશે?

કચ્છી મંત્રીએ 'ઘર ફૂટે ઘર જાય'ની કહેવત ટાંકીને વેપારીઓએ જે ફરિયાદ કરી છે તેથી ન્યાયીક કાર્યવાહી થઈ રહી છે તેમાં સરકાર ક્યાંયે વચ્ચે આવતી જ નથી તેવો જવાબ આપ્યો તે પણ હકીકતને ટાળવા સમાન છે. ગુજરાતમાં ખોટા એન્કાઉન્ટર અને ખંડણીની ફરિયાદો ગુજરાતના નાગરિકોએ કરી છે. કેન્દ્ર સરકારે કરી નથી તેમ છતાં જો ભાજપ કેન્દ્ર પર આરોપ મૂકીને વિરોધ કરતો હોય તો તેજ સિદ્ધાંત અહીં પણ લાગુ પડે છે.

**કચ્છમિત્ર : તા. ૨૧-૭-૨૦૧૦**

## ભાજપ કહે છે 'કચ્છ બંધ' નિષ્ફળ!

***જિલ્લા ભાજપ પ્રમુખના નિવેદનો :***

કચ્છ બંધને નિષ્ફળ ગણાવીને ઉમેર્યું હતું કે, આપ લોકોએ કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ વ્યક્ત કરી કચ્છના સામાન્ય જનજીવનમાં વિક્ષેપ પડતો અટકાવ્યો તે કોઠાસૂઝ બિરદાવવા યોગ્ય છે.

વેપારીઓની ધરપકડના પગલે આંદોલનાત્મક ભૂમિકા ભજવાઈ રહી છે તે અમુક ચોક્કસ રાજકીય તત્ત્વોના ઈશારે ચાલે છે અને રાજ્ય સરકારને બદનામ કરતા ષડયંત્ર સિવાય કશું નથી તેમજ લોકોને ગેરમાર્ગે દોરવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

સમગ્ર પ્રકરણ ખાનગી ફરિયાદના આધારે ઊભી થયેલી જગજાહેર ઘટના છે. વળી હાલમાં આ પ્રક્રિયા ન્યાયતંત્રના હવાલે હોવાથી આમાં સરકાર કે પ્રજાકીય પ્રતિનિધિઓની દખલગીરીને અવકાશ નથી. છતાં કેટલીક રાજકીય વ્યક્તિઓ વેપારી આલમને ગૂમરાહ કરે છે તે દુઃખદ છે.

કાયદો કાયદાનું કામ કરે છે. તેમાં દખલગીરી શક્ય નથી. જો વેપારીઓ નિર્દોષ હશે તો અદાલત તેમનો ન્યાય તોળશે.

ખરેખર બંધ જેવા પગલાં વડે પ્રજાને બાનમાં લેવાને બદલે ન્યાયતંત્રમાં વિશ્વાસ મૂકી ન્યાય માંગવો એ લોકશાહીમાં શ્રેષ્ઠ વિકલ્પ છે, તેમ છતાં કચ્છની અશાંતિ હણવા બિનલોકશાહી પ્રયાસો થશે તો તે તંત્ર ચલાવી લેશે નહીં.

**કચ્છમિત્ર : તા. ૨૧-૭-૨૦૧૦**

## લડતને કચડવાનો પ્રયાસ હીન : કોંગ્રેસ

***જિલ્લા કોંગ્રેસ પ્રમુખના નિવેદનો :***

- ભુજની જથ્થાબંધ વેપારીઓના જામીન પ્રકરણે ચાલતા આંદોલન પાછળ કોંગ્રેસના દોરીસંચારના ભાજપના આક્ષેપને પાયાવિહોણો ગણાવીને રેલી દરમ્યાન વેપારીઓની ધરપકડ કરાઈ તેને આંદોલનને કચડી નાખવાના હેતુ સમાન લેખાવ્યો હતો.
- વેપારી ભાઈઓ સામેના કેસો સરકારે જાતે કર્યા છે અને કોર્ટમાં સરકારનો પક્ષ સરકારી વકીલ રજૂ કરે છે અને તેની દલીલના આધારે જામીન અંગે ફેંસલો થાય છે.
- આ કેસમાં સરકાર તરફથી પ્રારંભમાં જ વેપારીઓ સામે પૂર્વગ્રહ રાખીને જામીન ના મળે તેવી કલમો લગાડાઈ. જેથી કાનૂની પ્રક્રિયાની ભાજપની વાત વાહિયાત છે. સરકારી વકીલ જામીન અંગે વાંધો ન લે તો જામીન મળી શકે. વેપારીઓ સામે ગુનો દાખલ કરાયો છે તેનો ન્યાય કોર્ટ આપશે.
- કાયદા કાનૂન મુજબ કાયદાકીય પ્રક્રિયા ચાલુ હોય તે દરમ્યાન જ તહોમતદારને જામીન અપાતા હોય છે. પરંતુ આ કેસમાં સરકારે વેપારીઓ કોઈ મોટા ગુનેગાર હોય તે રીતનો પક્ષ અને કાયદાની કલમ મૂકી જામીન થવા દેવાતા નથી.
- કચ્છ ભાજપના પ્રતિનિધિઓ લોકોની સમસ્યા સરકાર સુધી પહોંચાડી માનવતાવાદી કામ કરી શકે. ભાજપના પ્રતિનિધિઓમાં લોક સમસ્યાને મુખ્યમંત્રી સુધી પહોંચાડવાની હિંમત ન હોય તો પદ પરથી રાજીનામા આપવા જોઈએ. માતા-દીકરીઓને સંઘર્ષમાં ઉતરવું પડે તે દુઃખદ છે.

*કૂવો સુકાઈ જાય નહીં ત્યાં સુધી જળની કિંમત સમજાતી નથી.*

હકીકતમાં કાયદો કાયદાનું કામ કરશે તે કહેવતનો ઉપયોગ માત્ર બહાના તરીકે કરવામાં આવે છે. કાયદો આંધળો છે અને કાનૂનની દેવીની આંખે પાટા બાંધેલા હોય છે. વાસ્તવમાં કાયદાને કાર્યાન્વિત કરીને જરૂરી આધાર પુરાવા અને વિગતો જે કંઈ તપાસ એજન્સી ન્યાયની દેવી પાસે રજૂ કરે તેના આધારે ન્યાય અપાતો હોય છે. તપાસ એજન્સી સ્વાભાવિક રીતે સરકારના તાબામાં હોય છે અને તેથી સરકાર જે સૂચના આપે તેને અનુરૂપ ન્યાય એજન્સી તપાસ કરે અને પુરાવા રજૂ કરે. આથી જયાં તપાસને કાર્યાન્વિત કરવામાં જ ન આવે ત્યાં કાયદો કાયદાનું કામ કરતો નથી અને આવા અનેક દાખલા છતી આંખે સૌ કોઈ જોઈ શકે તેવા કચ્છમાં જ બન્યા છે તેનું લિસ્ટ લાંબું થાય તેમ છે.

## ચમકારા

- એવું જાણવા મળેલ છે કે ભૂકંપ બાદ કેબિનેટની કોઈ એક મિટિંગમાં નિર્ણય લેવાયેલ છે કે ભીડ બજારના છૂટક તથા જથ્થાબંધ દરેક વેપારીને નવી ખસેડાયેલ બજારમાં પ્લોટો ફાળવવા. ત્યારબાદ અધિકારી કક્ષાએ નિર્ણય ફેરવાયેલ છે કે ‘જી’ કેટેગરીવાળા લોકોને પ્લોટો ફાળવવા. કેબિનેટમાં લેવાયેલ નિર્ણયને કોઈ અધિકારી કઈ રીતે ફેરવી શકે? આ પ્રક્રિયા જ ગેરબંધારણીય છે!
- એવું જાણવા મળેલ છે કે કોઈકે વેપારીને જણાવ્યું કે અગર વેપારીઓ તત્કાલિન કલેક્ટર વિરુદ્ધ એફીડેવીટ આપે તો વેપારીઓના જામીનનો રસ્તો તરતમાં નીકળી આવે. વેપારીઓનો જવાબ હતો કે જ્યારે તત્કાલિન કલેક્ટર વિરુદ્ધ અમારે કોઈ ફરીયાદ જ નથી તો તેમના વિરુદ્ધ અમે કઈ રીતે એફિડેવીટ આપી શકીએ?
- પ્રશ્નનો ઉકેલ લાવવા અનેક વેપારીઓ મુખ્ય મંત્રીશ્રીને મળવા ગાંધીનગર આવેલ હતા. પરંતુ તેઓને મુખ્ય મંત્રીશ્રીને મળ્યા વગર જ ભુજ પરત જવું પડ્યું!
- એવું સાંભળવા મળેલ છે કે ભાજપના અગ્રણીશ્રીઓએ આ પ્રશ્ને ચર્ચા કરવા મુખ્યમંત્રીશ્રીને મળવા સમય માંગ્યો. મુખ્ય મંત્રીશ્રીએ આ પ્રશ્ને ચર્ચા કરવા બિલકુલ સહમતિ ના દાખવી!
- કોઈકે જણાવ્યું કે અગાઉ ફરીયાદ કરનાર વેપારીઓ હાલે એવા સકંજામાં આવી ગયેલ છે કે હવે તેઓ ઈચ્છે તો પણ તેઓ તેમની ફરીયાદ પાછી ખેંચી શકે તેમ નથી!
- ભુજની જથ્થાબંધ વેપારીઓના પ્રકરણમાં કચ્છ - ભાજપની દલીલ છે કે “કાયદાને કાયદાનું કામ કરવા દો.” જ્યારે અમદાવાદ ખાતેના સોહરાબુદ્દીન એન્કાઉન્ટર પ્રકરણમાં ગુજરાત - ભાજપની દલીલ છે કે અહીં કેન્દ્રના ઈશારે ન્યાયી પ્રક્રિયા ચાલી રહેલ છે. ગુજરાત - ભાજપ “કાયદાને કાયદાનું કામ કરવા દો” એ પ્રકારની દલીલો નથી કરતું. આ રીતે ભાજપ દ્વારા ગુજરાતમાં ન્યાયના ધોરણમાં અલગ અલગ કાટલા દાખવવામાં આવી રહેલ છે. પ્રજા આ બધી હકીકતોની સભાનતાપૂર્વક નોંધ રાખે છે.

જ્યારે જ્યારે લોકશાહી પ્રક્રિયાને દબાવવામાં આવી છે ત્યારે ત્યારે ક્રાંતિનો ઉદ્ભવ થયો છે તે ઐતિહાસિક ઘટનાઓથી સાબિત થયેલું છે. સામા પક્ષે શાણપણ વાપરી પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવ્યા સિવાય આ પ્રશ્નને ઉકેલવો એ શોભાસ્પદ છે. ખુદ સત્તા પક્ષના અગ્રણીઓના કચ્છમાં એટલા કૌભાંડ છે કે તે જો લોકો બહાર લાવવા મરણિયા થશે તો કોઈ કોઈને મોઢું બતાવવા જેવા રહેશે નહીં.

આ લેખ લખાય છે ત્યારે ગુરુવાર, તા. ૨૨-૭-૨૦૧૦ના ભુજના ભીડ બજારના ૪૦૦ જેટલા છૂટક તથા જથ્થાબંધ વેપારીઓની હડતાળનો આજે ૧૧મો દિવસ છે અને આ વેપારીઓ, તેમના કુટુંબીજનો અને ખાસ કરીને તો તેમના કુટુંબની મહિલા સભ્યોનો આક્રોશ તેમના પર થતા સત્તાપક્ષના દમન સામે પ્રજવળી રહેલ છે. આ હડતાળને કચ્છના એકેએક શહેરમાંથી સ્વયંભૂ ટેકો મળી રહેલ છે. કચ્છના પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયાનો ટેકો પણ તેમને પ્રાપ્ત થયેલ છે. કચ્છના મોટાભાગના લોકો આ વેપારીઓ પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરી રહેલ છે. અત્યારે તો એવું દેખાઈ રહેલ છે કે સત્તાપક્ષ જાતે પોતાની ઘોર ખોદી રહેલ છે. ભગવાન તેમને સદબુદ્ધિ આપે.

*દિનમાન, જૂના વાસ, માધાપર,*
*તા. ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*ફોન : ૦૨૮૩૨-૨૪૦૧૩૮, , મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

# કચ્છમાં ડિસેલિનેશન પ્લાંટ

• લાહિરી શાહ •

ભૂ-વિસ્તારના હિસાબે ગુજરાત રાજયનો સહુથી મોટો જિલ્લો કચ્છ, અપૂરતા અને અનિયમિત વરસાદથી પીડાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી સંતોષકારક વરસાદ થયો હોતાં, અછત કે અર્ધઅછતની વિકટ પરિસ્થિતિ સર્જાઇ નથી. અસલમાં કચ્છ ખેતી અને પશુપાલન પર નભતો પ્રદેશ હતો. પીવાલાયક શુદ્ધ-સ્વચ્છ પાણીની ઘણા વિસ્તારોમાં અછત વર્તાતી રહી છે. ખાસ કરીને પશ્ચિમે કચ્છના છેવાડાના લખપત અને અબડાસા તાલુકાના ગામોમાં પીવાના પાણીની તંગી નિવારવા, કચ્છમાં ૧૦૦ કરોડની લાગતે ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાની જાહેરાત ઓક્ટોબર ૧૯૯૯માં તત્કાલીન મુખ્યમંત્રી કેશુભાઇ પટેલે કરી હતી. પ્રસંગ હતો, લખપત તાલુકાના નાની છેર ગામે, કોરી ક્રીકના કાંઠા પર રૂા. ૧૩૮૦ કરોડના ખર્ચે સ્થપાનારા લિગ્નાઇટ આધારિત વીજ મથકના ભૂમિપૂજનનો. પણ માનનીય કેશુભાઇ કચ્છથી ગયા કે આ વાત જ ભૂલાઇ ગઇ! મારા જેવા કચ્છ પ્રેમીઓએ અનેકવાર આ બાબતની યાદ ગુજરાત સરકારને અપાવી પણ વ્યર્થ. રાત ગઇ ને વાત ગઇ નું ઉત્કૃષ્ટ ઉદાહરણ. મારા ખ્યાલથી આ ભૂમિપૂજન પ્રસંગે માંડવીના સુરેશ મહેતા, (જે બાદમાં ટૂંકી મુદત માટે ગુજરાતના મુખ્યમંત્રી પણ બનેલા) પણ ઉપસ્થિત હતા. એમણે પણ જાહેરાત કર્યા પ્રમાણેનો ડિસેલિનેશન પ્લાંટ કચ્છમાં સ્થાપાય તે માટે કોઇ પ્રયાસ કર્યો હોવાની જાણ નથી.

જાન્યુઆરી ૨૦૦૧માં મહાવિનાશક ભૂકંપના કારણે કચ્છમાં ભયંકર તારાજી સર્જાઇ. કચ્છના પુનરુત્થાન માટે ગુજરાત સરકારે ખેતી અને પશુપાલનને પ્રોત્સાહિત કરવાને બદલે કચ્છમાં ઉદ્યોગોને આવકારવાની નીતિ અપનાવી. કચ્છમાં જમીન તો પુષ્કળ ઉપલબ્ધ હતી જ. કચ્છની ધરતીમાં અનેક ખનીજો ધરબાયેલા પડ્યા હતા. **કચ્છમાં કાર્યરત અન્ય ઉદ્યોગોને કેન્દ્ર સરકારે આયકર અને એક્સાઇઝ ડ્યુટીમાંથી રાહત આપી. તો ગુજરાત સરકારે ઉદ્યોગોને સેલ્સ ટેક્ષમાંથી મુક્તિ આપી.** આ રાહતોનો લાભ ખાટવા ઘણા ‘બારાતુ’ (બિન કચ્છી) ઉદ્યોગપતિઓએ કચ્છમાં ઉદ્યોગો સ્થાપ્યા. ઉદ્યોગોને પાણી, વીજળી અને સારા રસ્તા વગર ન ચાલે. કચ્છમાં ઘણા વિસ્તારોમાં પાણીની તીવ્ર તંગી હતી (આજે પણ છે) સરદાર સરોવર બંધને કારણે, ગુજરાતને ઉપલબ્ધ થયેલ 9 MAF પાણીની ફાળવણી, પાણીની સહુથી વધુ જરૂરિયાત વાળા કચ્છને, અતિ અલ્પ માત્રામાં જ પાણી ફાળવાયું હતું. મારી સમજ અને જાણકારી પ્રમાણે ૧૯૭૯માં નર્મદાના નીરની ફાળવણી વખતે કેશુભાઇ પટેલ, પાણી પુરવઠા મંત્રી હતા. નર્મદાના નીરની કચ્છને થયેલ ફાળવણીમાં બુચ સમિતિએ ૨૦૦૦માં થોડો વધારો કરી આપ્યો હતો. આ સુધારા અન્વયે કચ્છમાં કાર્યરત ઉદ્યોગો માટે ફક્ત ૦.૦૫ MAF પાણી આવવાની દરખાસ્ત હતી કારણકે ત્યારે કચ્છમાં ખાસ કોઇ ઉદ્યોગો હતા જ નહીં. પણ ૨૦૦૧ના ભૂકંપ બાદ પરિસ્થિતિમાં બદલાવ આવ્યો. કરવેરામાં અપાયેલી ભારે અને આકર્ષક છૂટછાટોને કારણે અનેકવિધ ઉદ્યોગોએ કચ્છમાં પદાર્પણ કર્યું. શરૂઆતમાં આ બધા ઉદ્યોગો પોતાની પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે પોતે ‘બોર’ બનાવી લેતા અથવા તો નજીકના બોર-ધારકો પાસેથી પાણી વેચાતું લઇ લેતા. પણ વધતા ઉદ્યોગોની વધતી જરૂરિયાતના કારણે ખૂબ જ મોટી માત્રામાં ઉલેચાતા ભૂગર્ભ જળના કારણે વિકટ પરિસ્થિતિ સર્જાશે તેવા એંધાણ સ્પષ્ટ થવા માંડ્યા. પરિણામે ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને અંશતઃપણે પહોંચી વળવા G.I.D.B. (ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલેપ બોર્ડ) કચ્છમાં ૬૦૦/૭૦૦ કરોડની લાગતે એક ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાનો નિર્ણય જાહેર કર્યો અને તેના માટે વૈશ્વિક કક્ષાના ટેન્ડર બહાર પાડવાનું નક્કી કર્યું. ત્યારે આ પ્રોજેક્ટની બહુ મોટા ઉપાડે જાહેરાત કરાઇ. કચ્છના ઉદ્યોગોના કમનસીબે આ પ્રોજેક્ટમાં કાંઇ પ્રગતિ થઇ નહીં અને કચ્છમાં કાર્યરત થયેલા ઉદ્યોગોએ કચ્છમાં મળતા-પેયજળ તરીકે નર્મદાના પાણીમાંથી મળી શકે તેટલું વધુ પાણી મેળવવા માંડ્યું. સાથે જ, યેનકેન પ્રકારેણ ભૂગર્ભ જળ પણ ઉલેચાતું રહ્યું.

હવે કચ્છમાં વિકસતા ઉદ્યોગોની પાણીની જરૂરિયાત પૂરી કરવાના સરકારના પ્રયાસોમાં રસપ્રદ વળાંક આવ્યો છે. **ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડ, ખાનગી ઉદ્યોગ ગૃહ સાથે PPP (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ)ના ધોરણે ૧૦૦૦ કરોડની લાગતવાળો ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવા ઇચ્છુક છે.** કચ્છમાં કાર્યરત ૧૧ જેટલા ઉદ્યોગ ગૃહોએ ‘કચ્છ વોટર ડિસ્ટ્રિબ્યુશન (KWD)ની સ્થાપના કરી છે. જેમાંથી ‘વેલસ્પન’ કંપનીએ, ઉદ્યોગોને રૂા. ૪૫ ના ભાવે ૧૦૦૦ લિટર પાણી પૂરું પાડવાની બીડ કરતાં, સરકારે આ કંપનીની ઓફર સ્વીકારી હોવાનો અહેવાલ છે. જો કે આ યોજના માટે સરકારના કેટલા વિભાગોમાંથી કેવા પ્રકારની મંજૂરી-ગ્રીન સિગ્નલની જરૂર રહેશે, તે સ્પષ્ટ નથી. આ મહત્વાકાંક્ષી પ્લાંટ માંડવી અને મુંદ્રા વચ્ચે સ્થાપાય એવી સંભાવના છે. એટલે તેનો મહત્તમ લાભ અદાણી અને તાતાના મેગા પાવર પ્રોજેક્ટ્સ (આયાતી કોલસા આધારિત) ને મળે તેવી શક્યતા નકારી ન શકાય. આ પ્રોજેક્ટને કાર્યરત કરવાની કામગીરી G.I.D.B. ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ટર ડેવલપમેન્ટ બોર્ડ સંભાળશે મતલબ જી.આઇ.ડી.બી. નોડલ એજન્સીની જવાબદારી નિભાવશે.

ડિસેલિનેશનનો આ મેગા પ્રોજેક્ટ તબક્કાવાર શરૂ કરાશે. પ્રાથમિક સ્ટેજમાં 50 MLD અર્થાત ૫૦૦ લાખ લિટર પાણીનું

*ગરીબ નહીં દેખાવાની ચિંતામાં હજારો માણસો દર વર્ષે સાચેસાચ ગરીબ થઈ જાય છે.*

શુદ્ધીકરણ થશે અને પછી જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન ક્ષમતા વધારાશે. **આ બાબત સહેલાઇથી સમજાય તેવી નથી. G.I.D.B. આ બાબતે ખુલાસો સ્પષ્ટતા કરશે?** આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ક્યાં અને ક્યારે હાથ ધરાશે તે હજી નક્કી નથી ત્યાં તો ગુજરાત સરકારે પીપાવાવ, પોરબંદર અને ભાવનગરના વિસ્તારોમાં પણ આવા ડિસેલિનેશન પ્લાંટ સ્થાપવાનો ઇરાદો વ્યક્ત કર્યો છે.

આશા રાખીએ કે ડિસેલિનેશન પ્લાંટ શક્ય તેટલો વહેલો સાકાર થાય જેથી કચ્છના ઉદ્યોગોને અપાતા નર્મદાના પાણીનું પ્રમાણ ઘટવા પામે અને તે પેયજળ તરીકે કચ્છના વધુ વિસ્તારમાં અથવા હાલના વિસ્તારોમાં વધુ માત્રામાં મળતું થાય.

<u>તા.ક.</u> : કચ્છમાં વરસાદ ખેંચાતા પીવાના પાણીની તંગી સર્જાવાની દહેશત સામે, સાવચેતીના પગલાંરૂપે કચ્છમાં કાર્યરત ઉદ્યોગો પર ૫૦% પચાસ ટકા પાણી કાપ મુકાયો છે. આ માહોલમાં ડિસેલિનેશનનો આ પ્રોજેક્ટ શક્ય તેટલો વહેલો કાર્યરત થાય તે જરૂરી જ નહીં અતિ જરૂરી ગણાવું જોઇએ.

*૩૦૫, અરિહંત આશિયાના,*
*ભૂમન્ના લેન, બરકતપુરા, હૈદ્રાબાદ.*

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | શુક્રવાર, તા. ૧૩-૮-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદ | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>"ગૂર્જર પરિવાર બ્યુટી હરીફાઈ" |
| ● | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦<br>સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદનું પટાંગણ | ધ્વજવંદન કાર્યક્રમ.<br>સમાજના સિનિયર સભ્ય શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીના વરદ્ હસ્તે. |
| ● | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦<br>સવારના ૯.૩૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી, અમદાવાદ. | પુરસ્કાર સમિતિ આયોજિત 'સરસ્વતી સન્માન કાર્યક્રમ.'<br>(ધોરણ-૮થી ધોરણ-૧૨ અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું<br>સરસ્વતી સન્માન) |
| ● | રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦<br>સવારના ૯.૩૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની<br>વાર્ષિક સામાન્ય સભા. |
| ● | રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદ | વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગ. |
| ● | રવિવાર, તા. ૨૨-૮-૨૦૧૦<br>સાંજના ૫.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદ | વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના કારોબારી સમિતિની પ્રથમ મિટિંગ. |
| ● | શનિવાર, તા. ૨૮-૮-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદ | મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત<br>માતુશ્રી દમયંતીબહેન ખીમચંદ વેલજી ધરમશી લગ્નગીત હરીફાઈ તથા<br>શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ ગૃહ ઉદ્યોગ હરીફાઈ. |
| ● | રવિવાર, તા. ૨૯-૮-૨૦૧૦<br>સવારના ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદ | તબીબી સેવા સમિતિ, યુવા વિકાસ સમિતિ તથા મહિલા ઉત્કર્ષ<br>સમિતિના સંયુક્ત ઉપક્રમે 'હૃદયની સંભાળ રાખવા વિશેનો પરિસંવાદ'<br>(ડૉ. ધીરેન શાહ તથા અન્ય તજજ્ઞો દ્વારા) |
| ● | રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦<br>સવારના ૯.૩૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા)<br>સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન,<br>પાલડી, અમદાવાદ. | ● વાર્ષિક સ્નેહ મિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય<br>● વિવિધ યોજનાઓના વિજેતાઓનું સન્માન.<br>● ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓને પુરસ્કાર.<br>● શ્રી ચિત્રસેન શાહના બે હાસ્ય પુસ્તકોનો વિમોચન સમારંભ. |

***સફળતાની મોટામાં મોટી તકલીફ એ છે કે તમારે સફળ થયા જ કરવું પડે છે.***

કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

(પ્રકરણ-૧૧)

# જૈન સાહિત્યના કેળવણીકાર અને પ્રચારકો

• ડૉ. નીતા ઠાકર •

**• શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ અને 'સાધનાશ્રમ'ના પ્રહરી શ્રી ભવાનજીભાઇ નાથાભાઇ :-**

વિચારવૈભવ, કાર્યદક્ષતા, ઉદારતા, સહજ સ્નેહભાવ અને માનવમાત્ર કલ્યાણનું ધ્યેય અને સમાજ ઉત્કર્ષનાં અનેકવિધ કાર્યોથી સૌના વત્સલ વડીલ બનનાર શ્રી ભવાનજી ભાઇનું સ્થાન નિઃસ્વાર્થ સમાજસેવક તરીકે અદ્વિતીય છે. તેમનો જન્મ બિદડા ગામમાં જ્ઞાનપાંચમ ૧લી નવેમ્બર ઇ.સ. ૧૯૨૪ના રોજ થયો. એમણે ઇ.સ. ૧૯૪૦માં મુંબઇની જાણીતી ભરડા ન્યૂ હાઇસ્કૂલમાંથી મેટ્રિકની પરીક્ષા આપી હતી. વ્યાયામ, વાંચન અને વિવિધકળા એમના શોખના વિષય રહ્યા છે.

પોતાની જન્મભૂમિ બિદડા માટે કશુંક કરી છૂટવાનો ખ્યાલ સદાય એમના મનમાં રહ્યો છે. ગામની બહેનોને કપડાં ધોવા બાબત ઘણી તકલીફો થતી. એટલે ઇ.સ. ૧૯૬૪માં 'નાથાભાઇ પાસુ વારિગૃહ'નું બિદડામાં નિર્માણ કરાવ્યું. ઇ.સ. ૧૯૬૯માં પીવાના પાણીનો ટાંકો બંધાવી પાણી યોજના શરૂ કરી. ઇ.સ. ૧૯૬૯માં 'શ્રી બિદડા એજ્યુકેશન સોસાયટી'ની સ્થાપના થઇ. તેમાં તેઓ ૧૯૬૯ થી ૧૯૭૨ સુધી એના પ્રમુખપદે રહ્યા તથા ૧૯૮૯ સુધી કારોબારી સમિતિમાં રહ્યા. ઇ.સ. ૧૯૭૨માં અન્ય મિત્રો સાથે 'શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ'ની સ્થાપના કરી અને ઇ.સ. ૧૯૭૯થી ૧૯૮૯ સુધી એના પ્રમુખપદે રહ્યા. ઇ.સ. ૧૯૮૧માં હોસ્પિટલની પાયાવિધિ થઇ અને ૧૯૮૪માં એનું ઉદ્‌ઘાટન થયું. આજે શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ હોસ્પિટલની નામના, સાત સામંદર પાર પહોંચી ગઇ છે.

શ્રી ભવાનજીભાઇએ આ ઉપરાંત અનેક વિટંબણાઓ વચ્ચે રહી જે બહેનો ગૌરવ સાથે પોતાનું જીવન વ્યતિત કરે છે અને જેમના જીવનમાંથી અન્ય બહેનો પ્રેરણા લે એવા ગામના સ્ત્રીરત્નોને સમાજ જાણે-પિછાણે એવી ભાવનાથી અને સ્ત્રીઓના વ્યક્તિત્વને ગૌરવ અપાવવા 'વિશિષ્ટ નારી પુરસ્કાર' અપાવવાનું શરૂ કરાવ્યું. ગામના યુવાનોમાં રમત-ગમત પ્રત્યે રુચિ કેળવાય તે માટે કાયમી ધોરણે રમતોત્સવનું આયોજન પણ શરૂ કરાવ્યું.

શ્રી ભવાનજીભાઇ મૂળ તો અંતરજગતના યાત્રી અને સહજ જીવનનાં પ્રવાસી છે. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેનો સુમેળ સાધી જીવનને ઉન્નત માર્ગે વાળનાર શ્રી ભવાનજીભાઇ પૂ. વેલજીભાઇ સ્થાપિત 'સાધનાશ્રમ'ના સાધક સંચાલક છે. પૂ. વેલજીભાઇ અને પૂ. ગોમતીમાના સદ્‌ગુણોની અસર એમના જીવનમાં જોવા મળે છે. તેઓ અધ્યાત્મરસના કવિ છે. એમણે સહજ સ્ફુરણાથી ભજન અને દુહા લખ્યા છે.

બિદડા ગામનો ઉત્કર્ષ કરનાર અને સેવા પ્રવૃત્તિનો સર્વાંગી, સંપૂર્ણ ભાવાર્થ જેમનામાં જોવા મળે છે તેવા શ્રી ભવાનજીભાઇની યાત્રામાં તેમના ધર્મપત્ની લક્ષ્મીબહેનનો ફાળો પણ વિશેષ રહ્યો છે. અને આજે પણ તેમની સેવાપ્રવૃત્તિ પથ પર સાથ આપી રહ્યાં છે.

'જન્મભૂમિ'-પ્રવાસી વર્તમાનપત્રમાં તા. ૧૬-૧૧-૨૦૦૩ રવિવારનો લેખ 'શેઢે ઊભેલા લીમડા' અંતર્ગત લેખકશ્રી ગુલાબ દેઢિયાએ શ્રી ભવાનજીભાઇનું યથાર્થ મૂલ્યાંકન કર્યું છે. તે લેખ મુજબ :-

સાધનાશ્રમની વાડીની બાજુમાં આવેલી વાડી શહેરનાં એક બિલ્ડરે ખરીદી અને શેઢા પર પાકી દીવાલની બાઉન્ડ્રી કરવાની શરૂઆત કરી. ત્રણ શેઢાનું કામ સરળ રહ્યું પરંતુ સાધનાશ્રમનાં મજિયારા શેઢા પર આવ્યા ત્યારે અટકી ગયા. કારણકે તે શેઢા પર આઠ-દસ લીમડાના ઝાડ બરાબર દીવાલની વચ્ચે આવતા હતા. જ્યારે બિલ્ડર શ્રી ભવાનજીભાઇને મળવા ગયા અને અચકાતા મને વાત કરી ત્યારે પળનોય વિલંબ કર્યા વગર બારીમાંથી દેખાતા લીમડાને જોઇ ભવાનજીભાઇએ સહજ કહી દીધું 'અરે, એમાં શું છે? એટલા માટે વૃક્ષો તે કાંઇ કાપવાના હોતાં હશે! જ્યાં જ્યાં લીમડા વચ્ચે આવે એવું લાગે ત્યાંથી દીવાલને જરા વાળી લેજો. ભલે આશ્રમની થોડી જમીન તમારી વાડીમાં આવી જાય મને વાંધો નથી તમે બેફિકર રહેજો.' આ હૃદયસ્પર્શી બનાવથી સ્પષ્ટ થાય છે કે ભવાનજીભાઇ કુદરત પ્રેમી છે. તો જ તે આટલી ઉદારતા અને સહજતા દર્શાવી શકે.

**• પ્રજા કલ્યાણ ક્ષેત્રે ભુજનાં શ્રેષ્ઠીઓનું યોગદાન :-**

કચ્છના પાટનગર ભુજમાં કન્યા કેળવણીના પાયા નાંખનાર શેઠ શ્રી માનસંગ કચરા બહુ નાની વયે વ્યવસાય અર્થે બ્રહ્મદેશ ગયા હતા. ત્યાં વેપારમાં જે આર્થિક સમૃદ્ધિ મેળવી તે ભુજમાં પ્રજાકલ્યાણ અર્થે ખર્ચીને વિકાસ કાર્યો કર્યા હતા. આઝાદી પૂર્વેના એ જમાનામાં જ્યારે કોઇ પોતાની બાળાઓને શાળાએ મોકલતું નહીં ત્યારે તેમણે ભુજમાં પ્રાથમિક કન્યા શાળાની સ્થાપના પોતાના ખર્ચે કરી. જેની જવાબદારી પાછળથી શ્રી ડોસાભાઇએ સંભાળી લીધી. આજે એ શાળા ઇન્દ્રાબાઇ પ્રાથમિક કન્યા શાળા તરીકે ઓળખાય છે. આવા સેવાભાવી દાતાનું મુંબઇ મુકામે તા. ૨૨-૧૨-૧૯૪૫ના રોજ અવસાન થયું પણ તેમની કન્યા કેળવણીની મશાલ જલતી રહી.

લોકકલ્યાણ અર્થે તેવું જ સ્થાન ભુજમાં શ્રી ડોસાભાઇ લાલચંદનું છે. તેમણે જૈન જ્ઞાતિ સમાજ માટે ઘણા વિકાસ કાર્યો કર્યા છે. તેમણે જોયું કે ગરીબીના કારણે સ્ત્રીઓને જે વેઠવું

*માણસે શોધેલા સૌથી શક્તિશાળી કેફી પદાર્થોમાં શબ્દોને પણ ગણવા પડે.*

પડે છે તેનો એકજ ઉપાય છે કે સ્ત્રીઓ સ્વાશ્રયી બને અને કમાણીનું સાધન પોતેજ ઉત્પન્ન કરે. તેમણે અનાથ, વિધવા કે ગરીબ જૈન બહેનોને સીવવાના સંચા અને તાલીમ માટે સીવણશાળા શરૂ કરી અને જરૂરિયાતવાળી બહેનોને ઘરઘંટી આપેલ. જૈન બાળકોને પ્રાથમિક અને માધ્યમિક ધોરણના પાઠ્યપુસ્તકો મળી રહે તેવી વ્યવસ્થા પણ કરી. અને એક વ્યાયામ શાળાની શરૂઆત કરેલ. જરૂરતમંદ જ્ઞાતિજનોને સસ્તું અનાજ પૂરું પાડવા વાજબીભાવનો અનાજનો સ્ટોર શરૂ કરેલ. વિશેષ પ્રશંસનીય બાબત તો એ છે કે જૈન જ્ઞાતિમાં લગ્ન વખતે પૈસા ન વેડફાય અને અલગ અલગ ભોજનમાં અનાજ ન વેડફાય તે માટે સમૂહલગ્ન અને સમૂહ ભોજનની પ્રથા શરૂ કરેલી. એટલું જ નહીં પણ તે સમયે સ્ત્રીઓનો પ્રસૂતિકાળ એટલે યમદૂતના ઘરનું ફરમાન. આ બાબત તેમના હૃદયને સ્પર્શી ગઇ અને જ્યુબિલી હૉસ્પિટલ પાસે પ્રસૂતિગૃહ બંધાવી સરકાર પાસે એવી ખાતરી લેવામાં આવી કે તે ક્યારે પણ ત્યાંથી ખસી ન શકે. બાળકો માટે ઈન્દ્રાબાઇ પાર્ક બનાવી સ્વાસ્થ્યશીલ બાળક સમાજને સ્વાસ્થ્ય બક્ષે છે તેની પ્રતીતિ કરાવી. તેની સામે વિશાળ ધર્મશાળા પણ બંધાવી જે ડોસાભાઇની ધર્મશાળા તરીકે પ્રખ્યાત છે.

કેળવણી ક્ષેત્રે પણ શ્રી ડોસાભાઇનું સ્થાન અનેરું છે. શ્રી માનસંગ કચરાના અધૂરા રહેલા કાર્યને તથા ઈન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલ દ્વારા માધ્યમિક ક્ષેત્રે કન્યા કેળવણીની સગવડ શ્રી ડોસાભાઇનું પારિશ્રમિક કાર્ય છે. તેઓએ એક કલમ એવી રાખેલ કે ભવિષ્યમાં ક્યારે પણ વિદ્યાર્થિનીઓ પાસે ફી ન લેવી. સરકારે પાછળથી ફી દાખલ કરેલ. અંતે દીર્ઘદૃષ્ટિ ધરાવતી કલમ પાસે સરકારનું કંઇ ન ચાલ્યું. આ તેમનું દૂરંદેશીપણું બતાવે છે. જો કે ભૂકંપ બાદ આજે ઈન્દ્રાબાઇ ગર્લ્સ હાઇસ્કૂલનું અત્યાધુનિક ઢબે નવનિર્માણ થયું છે. આવા સામાજિક, ઉપકારક શેઠ શ્રી ડોસાભાઇ લાલચંદનું કલકત્તા મુકામે તા. ૧-૨-૧૯૫૫ ના રોજ અવસાન થયું. પરંતુ તેના અમૂલ્ય પ્રદાનથી તો આજે પણ તેઓ ચિરસ્મરણીય સ્થાન ધરાવે છે.

આ ઉપરાંત કેળવણીક્ષેત્રે શ્રી રામજીભાઇ લાલનનું યોગદાન પણ વિશિષ્ટ છે. ભુજ ખાતે લાલન કૉલેજની ભેટ પણ તેમને આભારી છે. જે કૉલેજ માટે શ્રી ડોસાભાઇના પ્રયત્નો પણ અથાગ રહ્યા હતા. શ્રી બાબુભાઇ દેવરાજ શાહના પ્રયત્નોથી 'શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ'ની સ્થાપના થઇ. જેના દાતાશ્રી હીરાલાલ માધવજી શાહ હતા અને શિક્ષણક્ષેત્રે આ ટ્રસ્ટ 'માતૃછાયા' કન્યા વિદ્યાલયનું સંચાલન કરે છે. જેમાં શ્રી માણેકલાલ શાહનો પરિશ્રમ પ્રશંસનીય છે. 'જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ'ને સરકાર તરફથી જમીન ફ્રી મળતાં તા. ૩-૭-૧૯૮૪ના રોજ 'લક્ષ્મીચંદ માણેકચંદ વોરા સાર્વજનિક હૉસ્પિટલ'ની ભુજને ભેટ મળી. વળી શ્રી ડોસાભાઇના પત્ની રંભાબહેને પણ દાનપ્રવાહ કાર્યમાં ઝંપલાવ્યું અને ભુજને એફ.ડી.એલ. લૉ કૉલેજ તથા એક હોમિયોપેથિક દવાખાનું ભેટ મળ્યું.

શ્રી પ્રાગજીભાઇ દેવચંદે ભુજ શહેરની મધ્યમાં એક આધુનિક મકાન આપી 'બે આના' તરીકે ઓળખાતું દવાખાનું સ્થાપેલ જેમાં ડૉ. બક્ષીસાહેબની અનન્ય સેવા પ્રજાને ઉપલબ્ધ થઇ. શ્રી છોટાલાલભાઇ તથા શ્રી વાડીલાલભાઇ મદ્રાસવાળાએ પોતાના પુત્ર સ્વ. હરીશભાઇની યાદમાં સેનેટોરિયમ ભુજમાં બનાવી યોગદાન આપ્યું. બીજા શ્રેષ્ઠી શ્રી કરમચંદ લાલચંદે ગરીબો માટે બે આનામાં સસ્તું ભોજનાલય ચલાવી માનવતાનું ઉમદા દૃષ્ટાંત પૂરું પાડેલ છે. તેમજ શ્રી વીરચંદભાઇ લધુભાઇએ તો પાંજરાપોળ માટે નોખાણિયા ગામની સીમ આખી દાનમાં આપી દીધેલ.

આજના સંદર્ભમાં ભુજનાં શૈક્ષણિક ક્ષેત્રે જૈનાચાર્ય શ્રી અજરામરજી ટ્રસ્ટ પણ કાર્યાન્વિત છે. તેમજ શ્રી ડુંગરશી ટોકરશી વોરા વિવિધલક્ષી સંકુલમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ જૈન મહાજનની પ્રવૃત્તિ પણ પ્રશંસનીય રીતે કામગીરી કરી રહી છે. જેમાં મુખ્યત્વે શેઠશ્રી લાલજી વેલજી એન્કરવાલા અતિથિગૃહ, શેઠશ્રી રતનશી ટોકરશી વોરા મેડિકલ ચેકઅપ સેન્ટર, માતુશ્રી લાખણીબાઇ રામજી તેજશી ગાલા નવનીત ભોજનાલય, શ્રીમતી પ્રેમીલાબહેન રતનશી વોરા આરાધના ગૃહ, રોટરી એક્સ -રે યુનિટ, માતુશ્રી લાધીબાઇ રામજી દેવજી ગોગરી પત્રીવાલા પેથોલોજિકલ લેબોરેટરી અને ૨૪ કલાક એમ્બ્યુલન્સ સેવાનો સમાવેશ થાય છે. આ સંકુલની સ્થાપના ઇ.સ. ૧૯૮૭માં થઇ છે.

આમ ભુજના વિકાસમાં મહત્તમ ફાળો જૈન શ્રેષ્ઠીઓનો જણાય છે.

- **સેવા પ્રવૃત્તિ સંદર્ભે કેટલીક જૈન સંસ્થાઓ :-**

'સેવા' બે અક્ષરોનો લઘુ શબ્દ પોતે પોતાનામાં એક વિરાટ અર્થ ગરિમાને સમાવે છે. આજ સેવાના અર્થમાં 'સહયોગ' શબ્દ વપરાતો થયો છે. પરંતુ 'સહયોગ' અને 'સેવા'માં ઘણું અંતર છે. 'સહયોગ'માં વિનિમયની ભાવના રહે છે, જ્યારે સેવામાં 'સમર્પણ'ની ભાવના હોય છે. 'સહયોગ'માં એકલાપણાનો ભાવ સમાયેલો છે, જ્યારે 'સેવા'માં નમ્રતા સિવાય બીજી કોઇ ભાવના હોતી નથી. તે વિવેક ઉપર આશ્રિત છે. જૈનાગમોમાં સેવાનાં અર્થમાં 'વેયાવડિય' અથવા 'વૈયાવચ્ચ' તે બે શબ્દ પ્રયુક્ત થયેલ છે. જેનું સંસ્કૃત ક્રમશઃ વૈયાવૃત્ય કે વૈયાપૃત્ય છે. 'વૈયાવૃત્ય' નો અર્થ છે જે વ્યક્તિને જે જાતની આવશ્યકતા હોય તેનો તે રીતે ઉચિત સત્કાર કરવો. આજ સંદર્ભમાં કચ્છમાં જૈનોની સેવાપ્રવૃત્તિ ચાલે છે.

**(૧) બિદડા સર્વોદય ટ્રસ્ટ - આરોગ્યધામ :-**

ગુજરાતના આ સરહદી અને પછાત જિલ્લામાં વિવિધ રોગો ખાસ કરીને આંખ, કાન, નાક, હૃદય, દાંત અને ગળાના રોગો સામે જેહાદ જગાડનાર અને લોકોમાં પોતાની તંદુરસ્તી વિશે જે આળસ અને અજ્ઞાનતા પ્રવતર્તા હતાં તે અંગે જાગૃતિ લાવવામાં ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવનાર 'બિદડા સર્વોદય ટ્રસ્ટ' એ દેશના અગ્રગણ્ય તબીબોની સેવાઓ લઇને અત્યાર સુધીમાં અનેરી સિદ્ધિ મેળવી છે. દીનદુઃખિયાની સેવાના એકમાત્ર ઉદ્દેશથી ઇ.સ. ૧૯૭૨માં સ્થપાયેલ આ ટ્રસ્ટે ઇ.સ.

*જીવનમાં બે ઘટના કરુણ છે : એક દિલ ચાહ્યું મળે નહિ તે અને બીજું દિલ ચાહ્યું મળે તે.*

૧૯૭૫માં પ્રથમ નેત્ર દંત યજ્ઞનું આયોજન કર્યું હતું. નાતજાત કે ધર્મના ભેદભાવ વિના આ ટ્રસ્ટનાં કાર્યકરો ગરીબોની સેવા અર્થે જે કાર્ય કરી રહ્યાં છે તે ખરેખર પ્રશંસનીય છે. જ્યારે સર્વોદય ટ્રસ્ટની પ્રવૃત્તિઓ શરૂ થઇ ત્યારે તેની મુખ્ય જવાબદારી સ્થાનિકે શ્રી જખુભાઇ અને શ્રી કલ્યાણજીભાઇએ સારી રીતે સંભાળી હતી. નેત્ર અને દંતયજ્ઞની સફળતામાં એમનો નોંધપાત્ર ફાળો હતો.

માંડવી-મુંદ્રા માર્ગ પર જાન્યુઆરી ઇ.સ. ૧૯૮૧માં આ ટ્રસ્ટ દ્વારા આરોગ્યધામનું ખાતમુહૂર્ત થયું અને માત્ર ત્રણ વર્ષનાં ટૂંકાગાળામાં તેની કામગીરી પૂર્ણ કરી ફેબ્રુઆરી ૧૯૮૪માં પ્રજાની સેવામાં અર્પિત થયું. 'આરોગ્યધામ'માં નિયમિત સેવાઓ ઉપરાંત દર વર્ષે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમ્યાન નેત્ર-દંતયજ્ઞ ઉપરાંત વિવિધ રોગ-નિદાન શિબિરોનું વિના મૂલ્યે આયોજન કરવામાં આવે છે. રોગ નિદાન અને સારવાર શિબિરોના આયોજનની વિશિષ્ટતા એ છે કે પ્રથમ તો કચ્છનાં વિવિધ કેન્દ્રો પર પૂર્વ ચકાસણી થાય છે. ત્યારબાદ શિબિરમાં તેની સારવાર માટે ખાસ વ્યવસ્થા થાય છે અને આવશ્યકતા હોય તો સંસ્થા દ્વારા સંપૂર્ણ ખર્ચ આપીને દર્દીને મુંબઇ સારવાર માટે પણ મોકલવામાં આવે છે. અહીં ડૉક્ટરો દેશ વિદેશમાંથી સેવા આપવા આવે છે અને દાતાઓ પણ દાનનો પ્રવાહ વહેવડાવી સંસ્થાને પ્રોત્સાહન આપે છે.

જ્યારે બિદડા સર્વોદય ટ્રસ્ટ આરોગ્યધામમાં ૧૪ ફેબ્રુ., ૧૯૮૫ના રોજ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું ત્યારે વિદેશી ડૉક્ટરોએ પણ સેવા આપી હતી. તેઓએ આ ટ્રસ્ટના આયોજન અને નિઃસ્વાર્થ સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત થઇને પ્રશંસારૂપે મંતવ્યો આપ્યાં હતાં. જેમાં મુખ્યત્વે - લંડનથી ડૉ. માર્ક બ્રેઇન બ્રીજ આવેલાં. તેમણે કહ્યું કે, 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના સભ્ય તરીકે (યુનોના) જમૈકા, કુવૈત વગેરે અનેક દેશોની મેં મુલાકાત લીધી છે, પણ બિદડા જેવું આયોજન મેં ક્યાંય જોયું નથી.'

જ્યારે જાપાનના ડૉ. ઇનોનીએ સેવા પ્રવૃત્તિને બિરદાવતાં કહ્યું હતું કે, 'ભારત અને જાપાન એશિયાના બંધુ દેશો છે. વિશ્વશાંતિમાં આ દેશો પોતાનો ફાળો આપે તેમ હું ઇચ્છું છું.' અને જર્મનીના ડૉ. હેનબેકરે કહ્યું હતું કે, 'અમારા ધનાઢ્ય દેશમાંથી અમારા એક પ્રતિનિધિને ત્રણ મહિના માટે બિદડા મોકલવા હું તૈયાર છું.'

હવે તો આ સર્વોદય હોસ્પિટલે વિશાળ વડલાનું રૂપ ધારણ કરી લીધું છે. નેત્ર વિભાગ, દંત વિભાગ, ગાયનેક, ઓર્થોપેડિક, રિહેબિલિટેશન સેન્ટર, કુદરતી ઉપચાર જેવા સારવાર કેન્દ્રો એકજ છત્ર નીચે આવા ગામડાંમાં ચાલતા હોય એ દૃશ્ય જ રોમાંચકારી બની રહે.

બિદડા આરોગ્યધામની પ્રખ્યાતી માત્ર કચ્છ પૂરતી સિમિત ન રહેતાં દેશવિદેશમાં પણ ફેલાઇ છે. જે કચ્છ માટે ગૌરવરૂપ ગણાય.

*(ક્રમશઃ)*

## વિઝન ૨૦૨૦

ગુજરાત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૦માં "વિઝન-૨૦૨૦"નું પ્રોજેક્શન કરવામાં આવેલ હતું. એ સામે કેટલાક ટારગેટ નક્કી કરવામાં આવેલ હતા.

"વિઝન-૨૦૧૦"ના ટારગેટ પ્રમાણે છેલ્લા ૧૦ વર્ષમાં શું કાર્યો થયા અને શું કાર્યો બાકી રહ્યા તેનો વિશ્લેષણાત્મક ઉલ્લેખ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ નથી. પરંતુ અત્યારે વર્ષ ૨૦૧૦માં "વિઝન ૨૦૨૦"ની વાતોને પ્રોજેક્ટ કરવામાં આવી રહેલ છે. "વિઝન ૨૦૨૦" દરમ્યાન આવતા દસ વર્ષમાં એવા પ્રોજેક્ટો તૈયાર કરવામાં આવેલ છે કે જેના કારણે રૂા. ૧૨ લાખ કરોડના નવા મૂડી રોકાણની ગણના રાખવામાં આવે છે.

"વિઝન-૨૦૨૦"નો પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાનું કામ ગુજરાત સરકારના જી.આઇ.ડી.બી. વિભાગ દ્વારા "કૃષિલ" સંસ્થાને સોંપવામાં આવેલ. શ્રી કૃષિલે અલગ અલગ વિભાગના પ્રોજેક્ટોની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરી તેને સરકારશ્રીમાં રજૂ પણ કરી દીધેલ. એ રિપોર્ટનો કદાચ પૂરતો અભ્યાસ કર્યા વગર જી.આઇ.ડી.બી.એ તેના પર મંજૂરીની મહોર લગાવી દેતા તેને સરકારશ્રીમાં રજૂ કરવામાં આવેલ અને તેના પર ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રીની પણ મંજૂરી મળી ગયેલ હતી.

આ રિપોર્ટ પ્રગટ થતાં કેટલાક હિતચિંતકોએ તેના પર વિચારણા શરૂ કરેલ.

આ રિપોર્ટના અહેવાલ મુજબ ટૂરિઝમ વિભાગ નીચે ધોળાવીરામાં લાસ વેગાસ જેવું "કેસીનો કલ્ચર" રૂા. ૪૮૦ કરોડના ખર્ચે ઊભું કરવાનો પ્રોજેક્ટ હતો. ટૂરિઝમને વિકસાવવા આ સૂચન કરવામાં આવેલ હતું. પરંતુ સહુ ભૂલી ગયા કે ગુજરાતમાં દારૂબંધી અને જુગારબંધીનો કાયદો અમલમાં છે. અગર સરકારશ્રી દ્વારા એ પ્રોજેક્ટ કરવામાં આવે તો તેનો મતલબ એ થતો હતો કે ગુજરાત સરકાર પોતે જ પોતાના બનાવેલ કાયદાનો ભંગ કરે છે.

કેટલાક હિતેચ્છુઓએ સરકારશ્રીનું આ બાબત તાત્કાલિક ધ્યાન દોરેલ. પૂરતો અભ્યાસ કર્યા વગર પ્રોજેક્ટ રિપોર્ટને મંજૂરી આપવાની સરકારશ્રીને પોતાની ભૂલ સમજાઈ અને તરતમાં આ પ્રોજેક્ટ પાછો ખેંચી લેવાની સરકારશ્રીને જાહેરાત કરવી પડી.

સરકારશ્રીનું યોગ્ય રીતે ધ્યાન દોરવા બદલ ગુજરાતના એ હિતેચ્છુને અને હિતચિંતકને આપણે અભિનંદન પાઠવીએ.

*સાચો સંતોષ તો તમારી પાસે જે હોય તે બીજાને આપવાથી મળે છે.*

(પ્રકરણ-૧૪)

# ઝારાનો ભીષણ સંગ્રામ

## હાહાકાર

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

સોના બંદીખાનામાંથી બહાર તો આવી, પણ હવે ક્યાં જવું એ પ્રશ્ન એને મૂંઝવી રહ્યો. રાત હજી એકાદ પ્રહર જેટલી બાકી હતી અને ચોમેર અંધારું હતું. એને પહેલાં તો મોથાળા પહોંચવાના વિચાર આવ્યા, પણ એ તો ઘણું દૂર હતું અને રાતે એકલાં જવાનું જોખમ ભરેલું હતું. વળી રાત હતી એટલે ભૂજનાં બધાં નાકાં બંધ હતાં, જે ઊઘડવાને હજી ઘણો વખત હતો. એને મોથાળામાંથી ઉપાડી લાવનારનું નામ એ જાણતી ન હતી, પણ એ માણસ બંદીખાનામાં હજી મહારાવ પાસે ઊભો હતો એનો ભય પણ હતો. એ બહાર આવે અને એને ફરી વાર ઉઠાવી જઇને એના પર બળાત્કાર કરે એવી એને બીક લાગવા માંડી અને તેથી એણે ઝડપભેર નાસીને દેવચંદ શેઠની ડેલીએ જવાનો નિશ્ચય કર્યો.

મોડી રાત થઇ હતી અને દેવચંદ શેઠની ડેલી પર ચોકી કરતો માણસ બહાર ઓટલા પર ગાઢ નિદ્રામાં સૂતો હતો. ડેલી વાસેલી હતી. માણસને જગાડવાથી કાંઇ ફાયદો ન હતો. એ જાગીને અંદર પેસવાની મનાઇ કરે ને ચાલ્યા જવાનું કહે તો મુસીબત થાય એમ હતું. સોનાએ ડેલીનાં બારણાં જોસભેર ખખડાવ્યાં. ડેલીની અંદર નાની ઓરડીમાં ચોકીદાર સૂતો હતો. તે એકદમ જાગી ઊઠ્યો અને એણે બારણું ખોલ્યું એટલે સોના મોટેથી પોકાર કરતી અંદર પેઠી અને ચોકીદાર અટકાવે એ પહેલાં આંગણામાં થઇને ઘરના મુખ્ય ભાગ પાસે પહોંચી આવી. પોકારો સાંભળીને દેવચંદ શેઠ તથા એમનાં પત્ની જાગી ગયાં. દેવચંદ શેઠ તરત આંગણામાં બહાર આવ્યા ત્યારે એમણે જોસભેર રડતી, આક્રંદ કરતી સોનાને જોઇ. એનાં કપડાં અસ્તવ્યસ્ત હતાં અને થોડાં ફાટ્યાં પણ હતાં. દેવચંદ શેઠ એને ઘરમાં લાવ્યા અને એમનાં પત્નીએ સોનાને આશ્વાસન આપીને પડપૂછ કરી. સોનાએ મોથાળામાંથી પોતાનું અપહરણ થયું અને એના પર બળાત્કાર થયો, ત્યારબાદ એ જ બંદીખાનામાં લાવવામાં આવી કે જ્યાં મહારાવે બંદીવાન પૂંજા શેઠને ઝેરનો ભરેલ કટોરો આપીને એ પી જવાની ફરજ પાડી હતી અને એ રીતે પૂંજા શેઠનું ત્યાં કરુણ મોત નીપજેલ હતું તથા મહારાવે એને (સોનાને) છોડી મૂકવાનો, એના પર અત્યાચાર કરી ત્યાં લાવનાર હરામખોરને હુકમ કરતાં એ બંદીખાનામાંથી મુક્ત થઇ શકી હતી વગેરે હકીકત જણાવતાં દેવચંદ શેઠ એ સાંભળીને સ્તબ્ધ બની ગયા અને ચમકી ઊઠ્યા. પૂંજા શેઠને મહારાવે બંદીખાનામાં પૂરી રાખ્યો હતો એ વાતની એમને કલ્પના પણ ન હતી. એઓ પૂંજા શેઠની શોધખોળમાં જ રોકાયા હતા. પણ જ્યારે એમણે જાણ્યું કે મહારાવે એમને પૂર્યો હતો ત્યારે એકવાર તો એઓ મહારાવ તથા એમના સાગરિતો પર ખૂબ ગુસ્સે થયા. પણ તેથી કાંઇ વળે એમ ન હતું. **રાજા વાજાં અને વાંદરાનો કંઇ ભરોસો નહિ. બગડે ત્યારે બેસૂરાં ગાંડા તથા જોખમી બને. એમની સાથે બળથી નહિ, પણ કળથી જ કામ લઇ શકાય.** એમણે સોનાને ધીરજ રાખવા અને દિવસ ઊગ્યા બાદ શું કરવું એ વિશે પોતે વિચાર કરશે તથા સોનાના રક્ષણનો પોતે વિચાર કરશે એવી હૈયાધારણ આપી પોતાનાં પત્ની તથા છોકરાં જ્યાં સૂતાં હતાં તે ખંડમાં એની સૂવા માટે વ્યવસ્થા કરી.

મહારાવે પૂંજા શેઠની લાશને એને ઘેર પહોંચાડવાનો હુકમ કરેલ હતો. તે પ્રમાણે એની લાશ બીજે દિવસે સવારે એને ઘેર પહોંચાડવામાં આવી. મહારાવને એઓ બંદીખાનામાં હતા તે વખતે રાતે જ ત્યાં પોતાના અવિચારી સાહસિક કૃત્ય માટે જરા પસ્તાવો થયો હતો, ખેદ પણ થયેલ. પણ જે થયું તે હવે ન થયું થનાર ન હતું અને એમની નજરમાં પૂંજો શેઠ હજી પણ ભયંકર અપરાધી લાગતો હતો. તેથી થોડીવાર બાદ એમનો ખેદ દૂર થયો અને તરત જ અમીરબેગની સાથે બંદીખાનું છોડીને ત્યાંથી રાજમહેલમાં પાછા આવ્યા. પૂંજા શેઠની લાશ એમને ઘેર પહોંચાડવાનો બંદીખાનાના જમાદારને હુકમ કરી ગયા હતા.

બીજા દિવસની સવારે પૂંજા શેઠનાં પત્ની તથા છોકરાં મોથાળા જવા માટે તૈયારી કરી રહ્યાં હતાં ત્યારે પૂંજા શેઠની લાશ એને ઘેર લાવવામાં આવી. એનાં પત્ની તથા છોકરાં ત્રાસી ઊઠ્યા તથા ધ્રૂસકાભેર રડી પડ્યાં, ભયભીત પણ બન્યાં. પૂંજા શેઠને બંદીખાનામાં ગોંધી રાખીને, ત્યાં એને ઝેરનો કટોરો આપીને, એ પી જવાની ફરજ પાડીને એનું પરાણે મોત નિપજાવવામાં આવ્યું હતું એવા ખબર મળ્યા એટલે પૂંજા શેઠની પત્નીએ ડેલી પરના આરબ ચોકીદારને મોકલીને પહેલા દેવચંદ શેઠને પોતાને ઘેર બોલાવ્યા. નજીકનાં ભાયાત, સગાં-સંબંધીઓને પણ ત્યાર પછી જાણ કરવામાં આવી. સોનાને હજી દેવચંદ શેઠના ઘરમાં છુપાવી રાખવામાં આવી હતી, કેમકે એના જાનની હજી સલામતી નહોતી અને માથે જોખમ હતું.

મહારાવે પૂંજા શેઠને બંદીખાનામાં પૂરી રાખીને, ત્યાં એને ઝેરનો ભરેલ કટોરો પી જવાની ફરજ પાડીને એનું મૃત્યુ નિપજાવેલ હતું એ વાત સર્વત્ર ફેલાઇ ત્યારે પહેલાં હાહાકાર વર્તાયો અને લોકો ત્રાસી ઊઠ્યા. ઘણા જણ મહારાવના આ ઘોર કૃત્યને નિંદવા લાગ્યા. પણ પૂંજા શેઠે ઝારાના યુદ્ધની ભયંકર ખુવારી કરાવેલ તથા રાજકન્યા મુસ્લિમ રાજા ગુલામશાહને પરણાવવા માટે એ વારંવાર દબાણ કરી રહ્યો હતો તેથી મહારાવે ગુસ્સે થઇને એ સજા કરી હતી એવું ખુલ્લી રીતે જાહેર કરવામાં આવ્યું હતું. તેથી પૂંજા શેઠના

*પવિત્રતાનું ધોરણ વ્યવસાયથી નક્કી થતું નથી.*

કરપીણ ખૂન બાબતમાં પ્રજામાં બહુ ઓછો વિરોધ જાગ્યો હતો. થોડા ઘણા નારાજ તથા ગુસ્સે થયા હતા, પણ એ નારાજી અને ગુસ્સો લાંબા વખત સુધી ટક્યાં ન હતાં. થોડાંક કુટુંબીજનો, ભાયાતો તથા સગાં સંબંધી અને મિત્ર વર્ગે શોક પાળી એમની (પૂંજા શેઠની) યાદમાં એક દહેરી બંધાવી. પણ થોડા દિવસની અંદર એના ખૂનની ચર્ચા બંધ પડી.

રાણીવાસમાં રાણીઓ વગેરેને પૂંજા શેઠને કરાયેલ સજા તથા એના ખૂનની હકીકતની જાણ થઇ ત્યારે રાજમાતા તથા મહારાણી વગેરેને મહારાજનું એ કૃત્ય વધારે ઉતાવળું અને જરા ઘાતકી લાગ્યું. પૂંજા શેઠ પ્રત્યે જોકે લાગણી ન હતી, પરંતુ સ્ત્રી-હૃદય હંમેશાં ક્ષમાશીલ-અનુકંપા ભરેલ હોય છે. તેથી એઓને પૂંજા શેઠના અકાળ મૃત્યુ બદલ ખેદ થયો. પૂંજા શેઠનાં પત્નીને એઓએ વડારણ મારફતે આશ્વાસન આપ્યું.

પૂંજા શેઠને બંધનમાં મૂક્યો ત્યારથી મહારાવને દીવાનની ખોટ જણાવા લાગી હતી. દેવચંદ શેઠ મહારાણીના કામદાર હતા અને રાજ્ય કારોબારમાં પૂંજા શેઠને મદદ કરતા હતા, પણ એમની પાસે કાંઇ સત્તા ન હતી. મહારાવના હુકમ પ્રમાણે એઓ રાજ્ય કારભાર સંભાળતા હતા અને પૂંજા શેઠની વળી આવવાની રાહ જોતા હતા. અમીરબેગ મહારાવનો ખાસ સલાહકાર હતો, પણ રાજ્ય કારભાર ચલાવવા માટે અયોગ્ય હતો. નાણાંની રોજ રોજ જરૂર રહેતી અને એ મેળવવાનું મુશ્કેલ બન્યું હતું. પૂંજા શેઠના મૃત્યુથી નવા દીવાનની નિમણૂક આવશ્યક બની હતી. મહારાવની નજરમાં તરતમાં કોઇ નવો કાર્યક્ષમ દીવાન દેખાતો ન હતો અને નાણાંની બહુ મુશ્કેલી ઊભી થઇ હતી. પૂંજા શેઠે જાગીરદારોને દંડીને નાણું એકઠું કર્યું હતું તે ગુલામશાહને દંડ-નુકસાની તરીકે ચૂકવવાનું હોવાથી એણે પોતે ક્યાંક રાખ્યું હતું, પણ ખજાનામાં ન હતું તેથી એની શોધખોળ કરવાની હતી. નાણાંની જરૂર કાર્યક્ષમ દીવાન વિના તરત પૂરી કરી શકાય એમ ન હતી. રાણીવાસમાંથી મહારાણી તથા રાજમાતાની દેવચંદ શેઠ દીવાન બને એવી અંદરખાનેથી ક્યારની ઇચ્છા હતી અને દેવચંદ શેઠ પોતે પણ એ પદ માટે ઉમેદવાર જરૂર હતા. એઓ બુદ્ધિશાળી હતા અને અત્યારે તક મળતી હતી તે ઝડપી લેવા તૈયાર હતા. એમના મનમાં જોકે એવી બીક લાગતી હતી કે મહારાવ અસ્થિર સ્વભાવના છે, વહેમી છે તેમજ સત્તાના પણ શોખીન છે. વિશેષમાં એઓ ઉતાવળિયા તથા ક્રોધી પણ છે અને તેથી દીવાનની જગ્યા કાયમ માટે સલામત નથી એમ પણ સમજતા હતા. પરંતુ વખત આવ્યે જોયું જશે એમ સમજી-વિચારીને એમણે મહારાવે દીવાનપદ-એમને સોંપવાની પોતાની ઇચ્છા દર્શાવી ત્યારે એ હર્ષભેર વધાવી લીધી અને એમણે દીવાનપદ સંભાળી લીધું.

પણ કચ્છનું દીવાનપદ અને એ પણ મહારાવ ગોડજીના દીવાનનું પદ લોઢાના ચણા ચાવવા બરાબર હતું. મહારાવ વારંવાર નાણાંની માગણી કરે તેને સંતોષવા માટે વ્યવસ્થા કરી શકાય, પરંતુ અમીરબેગ જેવાની સલાહ પ્રમાણે મહારાવ મનસ્વી હુકમો છોડે તો એ પ્રમાણે અમલ કરવો એ દેવચંદ શેઠ માટે ઘણીવાર માથાના દુઃખાવા જેવું બનતું. પણ બુદ્ધિશાળી અને શાંત પ્રકૃતિના હોવાથી કપરી ક્ષણે તથા મુશ્કેલ બાબતોમાં પણ એઓ ધીરજથી વિચાર કરી ઉકેલ શોધી કાઢતા અને મહારાવ સાથે સીધી રીતે સંઘર્ષમાં ઊતરતા નહિ.

પૂંજા શેઠની હત્યાના સમાચાર વીજળીવેગે મોથાળા, નળિયા તથા અન્યત્ર ફેલાયા. ગુલામશાહને એના બાતમીદારો તથા બીજાઓ મારફતે પૂંજા શેઠના ખૂનના સમાચાર મળ્યા ત્યારે એ ચોંકી ઊઠ્યો. વિચાર કરતાં એને લાગ્યું કે મહારાવ કરાર પ્રમાણે અમલ કરવા માગતા નથી અને તેથી એમણે પૂંજા શેઠનો નિર્દયપણે ઘાત કર્યો છે. પૂંજા શેઠે શાહને સમજાવીને પ્રથમથી જ સિંધી લશ્કર લખપતની હદમાંથી બહાર જાય અને સિંધની હદમાં ચાલ્યું જાય એવી વ્યવસ્થા કરી હતી, પણ કરાર પ્રમાણે દંડ તથા નુકસાનીની રકમ હજી વસૂલ આવેલ ન હોવાથી એની વસૂલાત તથા કરારના સંપૂર્ણ પાલન માટે દબાણ લાવવા અર્થે હજી પૂંજા શેઠના પુત્ર દેવજીને સિંધમાં રાખેલ હતો તથા પોતાના સૈન્યનો થોડો ભાગ પણ સિંધની સરહદ નજીક કાયમ રાખ્યો હતો. દીવાન ગિદુમલને જ્યારે મહારાવે પૂંજા શેઠને ઝેરનો કટોરો પી જવાની ફરજ પાડીને નિપજાવેલ અકાળ મૃત્યુના સમાચાર મળ્યા ત્યારે એ બહુ ગુસ્સે થયો અને મહારાવના નિર્દયી તથા ઘાતકી કૃત્ય બદલ ઊકળી ઊઠ્યો. મહારાવ કરારનું પાલન કરવા માંગતા નથી અને તેથી એમણે પૂંજા શેઠનું ખૂન કર્યું છે અને તેથી એમને કડક શિક્ષા કરવી જોઇએ એવું એણે પણ મનમાં વિચાર્યું.

*(ક્રમશઃ)*

## ભૂલ સુધાર

મંગલ મંદિર જુલાઈ-૨૦૧૦ના અંકમાં નીચે મુજબની જે ક્ષતિઓ રહી જવા પામેલ છે તે બદલ અમે દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

૧. અનુક્રમણિકામાં પાના નં.-૯ પર જ્યાં ક્યુરેટર, કચ્છ મ્યુઝિયમ લખેલ છે ત્યાં 'ક્યુરેટર, આઈના મહેલ' વાંચવું.

૨. પાના નં. ૨૯, ૫૯ તથા ૬૩ પર આવેલ લેખના લેખકનું નામ 'ક્યુરેટર, આઈના મહેલ' વાંચવું.

૩. પાના નં. ૬, ૭, ૮ પર કચ્છ વિશેની જે વિગતો લેવાયેલ છે તે શ્રી પ્રમોદ જેઠીના પુસ્તક 'કચ્છ અચીજા'માંથી લેવાયેલ છે.

૪. કચ્છના લોકો અને તેમની રહેણીકરણી, કચ્છની હસ્તકલા, કચ્છના વન્ય પ્રાણી, કચ્છના જૈન યાત્રાધામો, કચ્છના હિંદુ યાત્રાધામો, કચ્છના અન્ય જોવાલાયક સ્થળો, કચ્છનો પંદરમી સદીનો ટૂંક ઇતિહાસ, વગેરે લેખો શ્રી પ્રમોદ જેઠીના "કચ્છ અચીજા" પુસ્તકમાંથી લેવાયેલ છે.

૫. શ્રી પ્રમોદ જેઠીનું સરનામું તથા ફોન નંબર નીચે મુજબ છેઃ
શ્રી પ્રમોદ જેઠી
ક્યુરેટર - આઈના મહેલ, ભુજ, કચ્છ.
મો. ૯૩૭૪૨ ૩૫૩૭૯, ફોન : ૦૨૮૩૨-૨૯૧૭૦૨

__નોંધ__ : ઉપરોક્ત બાબતે ધ્યાન દોરવા બદલ અમે શ્રી પ્રમોદ જેઠીનો આભાર માનીએ છીએ.

*– મુખ્યતંત્રી*

*ચિંતા ઊધઈ જેવી છે, જેના જીવનમાં ઘર કરી જાય છે તેનો સર્વનાશ કરીને જ ઝંપે છે.*

માહિતી

# સિયાચીન : સૌથી ઊંચી સીમારેખા

● રક્ષા મ. વ્યાસ ●

*ભારત સરકાર દ્વારા તેના શ્રેષ્ઠ જવાંમર્દોને શૌર્ય અને બહાદુરીનો અસાધારણ એવોર્ડ પરમવીરચક્ર એનાયત કરવામાં આવે છે. આવા સાત પરમવીરચક્ર વિજેતા જવાનોના પોર્ટ્રેટ - મુખચિત્રો ભારતના રાષ્ટ્રપતિ ભવનના કોરિડોરને શોભાયમાન કરી રહ્યા છે. તે તમામ સાત ચિત્રો એક ગુજરાતી મહિલા કલાકાર આરતી ઝવેરીના છે. ભારતના સંરક્ષણ મંત્રાલય વતી સંરક્ષણ મંત્રી એ.કે. એન્થનીએ તેમના આ કાર્ય માટે બિરદાવ્યા છે. આ સાત મુખચિત્રોમાંના બહાદુર વિજેતાઓમાં અરુણ ક્ષેત્રપાલ, બાના સિંઘ, વિક્રમ બાત્રા, આર. પરમેશ્વર, સંજય કુમાર, વાય.એસ. યાદવ વગેરેના ચિત્રોનો સમાવેશ થયો છે. તેમનામાંના એક પરમવીર ચક્રધારી બાના સિંઘની શૌર્યગાથાના વ્યાપક સંદર્ભને રજૂ કરવાની કોશિશ લેખિકાએ અહીં કરી છે.*

*– મુખ્યતંત્રી*

સિયાચીનમાં સંદર્ભમાં ૨૦૦૫ના વર્ષના મે માસનું અંતિમ અને જૂન માસનું આરંભિક સપ્તાહ મહત્ત્વનાં બની રહ્યાં. ૧૨ જૂનના રોજ વડાપ્રધાન મનમોહન સિંઘે વિશ્વના આ સૌથી ઊંચા યુદ્ધમેદાનની મુલાકાત લીધી અને તેઓ આ વિસ્તારની સૌપ્રથમ મુલાકાત લેનાર વડાપ્રધાનની યાદીમાં સ્થાન પામ્યા. આ મુલાકાતમાં તેમણે શાંતિ અંગેના સર્વોચ્ચ આશાવાદને અભિવ્યક્ત કરતાં કહ્યું કે **'સિયાચીનમાં આવી સ્થિતિ આપણે ક્યાં સુધી ચાલવા દઇશું? હવે આ યુદ્ધમેદાનને શાંતિના શિખરમાં તબદીલ કરવાનો સમય પાકી ગયો છે.' અલબત્ત, સાથે તેઓ એ કહેવાનું પણ ચૂક્યા નહીં કે શાંતિપ્રક્રિયા એટલે સીમાફેર નહીં. સીમાઓમાં કશાયે ફેરફાર વિના સિયાચીનને શાંતિ શિખર બનાવવાનું સ્વપ્ન સુંદર અને આસાન છે પરંતુ એ અંગેની વાસ્તવિકતા ભારે કઠોર છે.** કારણ આ પ્રસ્તાવ પરની શાહી સુકાય તે પહેલાં પાકિસ્તાનના વિદેશખાતાના પ્રવક્તા જલીલ અબ્બાસ જિલાનીએ ૧૪ જૂન, ૦૫ના રોજ પત્રકારોને જણાવ્યું કે તમે જાણો છો કે ભારતે ૧૯૮૩માં સિયાચીન પર આક્રમણ કર્યું હતું અને તેને શાંતિ વિસ્તાર બનાવવા માટે આ સ્થાન તેને ખાલી કરવું પડે. વધુમાં તેમણે જણાવ્યું કે ભારત ભૂતકાળના કરારોને આધારે બિનશરતી ધોરણે પોતાનું આ આક્રમણ પાછું ખેંચી લેશે. આવા 'અભી બોલા, અભી ફોક' જેવા પ્રતિસ્પર્ધી સાથે કામ પાડી શાંતિશિખરની સ્થાપના કરવાનું કામ વાસ્તવિક દૃષ્ટિએ ભારે દુષ્કર છે.

છેલ્લાં વર્ષોમાં ભારત-પાક વચ્ચે વિવિધ સ્તરે શાંતિપ્રક્રિયાનો પ્રારંભ થયો છે. તેના વર્તમાન દોરમાં સિયાચીન ગ્લેસિયરના સીમાંકન માટેની દરખાસ્તો અંગે ૨૬-૨૭ મે, ૦૫ના રોજ બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે પાકના લશ્કરી વડામથક રાવલપિંડી ખાતે બેઠક યોજાઇ. ભારત તરફથી સંરક્ષણ સચિવ અજય વિક્રમસિંહ અને પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો. જ્યારે પાકિસ્તાન વતી તેના નિવૃત્ત સંરક્ષણ સચિવ જનરલ તારિક વસીમ કાઝી અને પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. **આ દ્વિપક્ષીય બેઠકમાં સિયાચીન અંગેના મતભેદોના ઉકેલની આશા છતાં ખાસ પ્રગતિ સાધી શકાઇ નહોતી. બેઠકને અંતે નવેમ્બર, ૨૦૦૩થી અમલમાં આવેલા યુદ્ધવિરામને લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.** પરંતુ તે વિસ્તારમાંથી સૈન્ય પાછું ખેંચવાના મુદ્દે જળવાયેલું મૌન આ મંત્રણાઓ પેચીદી હતી એમ સૂચવી જાય છે. બંને દેશોના સૈન્યના ઉચ્ચ અધિકારીઓ અને રક્ષા સચિવો દ્વારા ચાલેલી આ મંત્રણામાં બંને દેશો દ્વારા જાહેર કરાયેલા એક સંયુક્ત ઘોષણાપત્રમાં જણાવાયું કે 'અમારી મંત્રણા રચનાત્મક દિશા તરફ જઇ રહી છે અને હજુ કોઇ અંતિમ નિર્ણય પર આવતા પહેલાં મંત્રણાઓ ચાલુ રહેશે.'

**આ સિયાચીન વિસ્તાર સમગ્ર વિશ્વનું સૌથી ઊંચું યુદ્ધક્ષેત્ર છે. વાસ્તવમાં તે વિશ્વની લાંબામાં લાંબી પર્વતાળ ગ્લેસિયર (હિમનદી) છે, જે ૭૦ કિ.મી. એટલે કે ૪૪ માઇલ વિસ્તરેલી છે. તેનો એક તૃતીયાંશ ભાગ ભારતના હિસ્સામાં આવે છે. ૫૦ માઇલ લાંબી નુબ્રા નદીનું ઉગમસ્થાન પણ અહીં જ છે. આ નુબ્રા નદી સિંધુ નદીનો ભાગ ગણાતી એક ઉપનદી છે. આ નદીમાં પાણીના બદલે બરફના થરો છે અને તે સાવ અલ્પ માત્રામાં ઓગળે છે. તેથી અહીં પ્રવાહી સ્થિતિમાં પાણી મળવું મુશ્કેલ હોય છે અને બરફને ઓગાળીને પાણી મેળવવામાં આવે છે જે ખર્ચાળ અને લાંબી પ્રક્રિયા છે.** આ અર્થમાં આ હિમ વિસ્તારમાં રોજિંદી જરૂરિયાતનું સાધન પાણી મહામૂલું છે અને રોજિંદો જીવન વ્યવહાર ભારે પરિશ્રમ માંગી લે છે. કેરોસીન અહીં જીવન જરૂરિયાતની ચીજોની યાદીમાં મોખરે છે. ઊંચાઇ પર આવેલી ચોકીઓ સુધી કેરોસીન પહોંચાડવા માટે લગભગ ૨૦૦૦ના વર્ષથી અહીં ૧૨૧ કિ.મી. લાંબી કેરોસીન-ઓઇલ પાઇપલાઇન કાર્યરત છે. પ્રતિ કિ.મી. ચાર લાખ રૂપિયાના ખર્ચે આ પ્રોજેક્ટ હાથ ધરાયેલો જે અંતર્ગત ૨૪ પમ્પિંગ સ્ટેશનો નાંખવામાં આવેલાં. એથી

*મોક્ષગતિ પ્રાપ્ત કરવા માટે આત્મજ્ઞાન પામવું એ શરૂઆત છે.*

હેલિકોપ્ટરોને કેરોસીન માટેની ખેપ મારવી પડતી નથી. આ ગ્લેસિયર કાશ્મીર અને લેહ જિલ્લાઓની સીમાઓથી જોડાયેલી છે તેમજ કાશ્મીરની કારાકોરમ પર્વતશ્રેણીમાં ભારત-પાક સરહદો પર સ્થિત છે. **સમુદ્રની સપાટીથી ૨૨ હજાર ફૂટ ઊંચે-નિર્જન, જોખમી અને બરફનું સામ્રાજ્ય પ્રવર્તમાન હોય તેવો તે વિસ્તાર છે.** આટલી ઊંચાઇ પર પ્રાણવાયુનું પ્રમાણ ૨૧ ટકાથી ઘટીને ૧૨-૧૩ ટકા જેટલું થઇ જાય છે. સિયાચીન બેઝ કેમ્પ પરનું એક બોર્ડ આ સંદર્ભમાં ધ્યાનપાત્ર છે. **'વેલ કમ. અહીં પ્રાણવાયુ ૩૦ ટકા ઓછો પરંતુ ૧૦૦ ટકા શુદ્ધ મળશે.'** માનવ-વસવાટ માટે આ સંપૂર્ણ પ્રતિકૂળ વિસ્તારમાં માઇનસ ૫૫ થી ૬૦ ડિગ્રીની ઠંડી પડે છે અને ભર્યાભાદર્યા મજબૂત હાડના માણસને પણ ઠૂંઠવવાનો વારો આવે તેવી અત્યંત કાતિલ અને ધારદાર ઠંડીનો સામનો કરવો પડે છે. **દેશના સૈન્યના તૈનાત જવાનો અહીં બેવડો જંગ લડે છે - એક દુશ્મનો સામે અને બીજો પ્રકૃતિ સામે.** ભારતે અહીં પોતાની ૭ બટાલિયન અને પાકિસ્તાને તેની ૩ બટાલિયન તૈનાત કરેલી છે. ભારતના વિસ્તારમાંથી ત્યાં જમીનમાર્ગે વાહન દ્વારા પહોંચી શકાય તેવો કોઇ માર્ગ ન હોવાને કારણે હેલિકોપ્ટરો જ યાતાયાતનું સાધન છે. સૈન્ય અને તેને માટેની તમામ સામગ્રી તથા ખાદ્ય પદાર્થો પહોંચાડવાનું કામ હેલિકોપ્ટરો દ્વારા જ શક્ય બને છે. આ માટે ભારતીય વાયુસેનાના 'ચિત્તા' અને 'એમ આઇ ૧૭' હેલિકોપ્ટરો સતત ત્યાંની ખેપ મારતા રહે છે. હવામાન અસુવિધાકારક હોય ત્યારે તેના ઉડાન થંભાવી દેવા પડે છે. અલબત્ત પાકિસ્તાન તરફે ત્યાં જમીનમાર્ગે પહોંચી શકાય તેવી સ્થિતિ છે જેનો લાભ પાકિસ્તાની સૈન્ય ઉઠાવે છે.

આ ખર્ચાળ યુદ્ધક્ષેત્રની વિગતો આપણને ઊંડા વિચારમાં ગરકાવ કરી દે તેવી છે. **હાડ ચીરી નાંખતી આકરી ને કાતિલ ઠંડીની બચવા પ્રત્યેક સૈનિકે પહેરવા પડતા પોષાકની કિંમત લગભગ બે લાખ રૂપિયા છે.** આવા મોંઘાદાટ પોષાક ભારતે આયાત કરવાના રહે છે. અને સૈનિકે પૂરા ૨૪ કલાક પોષાકથી સજ્જ રહેવું પડે છે. સિયાચીન આઉટપોસ્ટ પર ફરજ પર તૈનાત કેપ્ટન અશ્વિની શ્રીવાસ્તવના જણાવ્યા મુજબ આ યુદ્ધભૂમિની ભૌગોલિકતા જ એવી છે કે પ્રત્યેક સૈનિક દરેક શ્વાસે અને દરેક ડગલે ઇશ્વરને સંભારે છે. અહીંની બર્ફીલી પર્વતમાળાનું વાતાવરણ ભારે છેતરામણું છે. અતિ આકરી ઠંડી અને પલટાતા વાતાવરણને કારણે સૈનિકો વારંવાર ગેંગરીન અને હિમદંશનો ભોગ બને છે.

લગભગ ૨૦ વર્ષ પહેલાં ૧૯૮૪માં અહીં સૈન્યની સૌપ્રથમ (થાણું) પોસ્ટ સ્થાપવામાં આવી હતી. તે સમયે હિમ પ્રતિકારની વેશભૂષા ઉપલબ્ધ કરાવી શકાઇ ન હોવાથી સામાન્ય કક્ષાનાં હાથમોજાં, બૂટ વગેરે સાધનો વાપરવા પડતાં. જેને કારણે સૈનિકો વારેવારે હિમદંશનો ભોગ બનતા અને તે હિમદંશ તેમના માટે જીવલેણ નીવડતા. જોકે ૨૦૦૪થી પરિસ્થિતિ સુધારા પર છે. કારણ **હિમવર્ષા અને તેવી બીજી આકસ્મિક પરિસ્થિતિનો સામનો કરી શકાય તેવા વિશેષ પોષાક હવે તેમને ઉપલબ્ધ છે. અલબત્ત, તે ભારે ખર્ચાળ છે જેની કિંમત લગભગ બે લાખ રૂપિયા છે. જેમાં ઓસ્ટ્રિયામાં બનેલા કોફાક બૂટ - રૂ. ૭,૨૩૩, ઇટાલીના એસ્ગો બૂટ - રૂ. ૧,૧૩૨, ઇટાલિયન હાથમોજાં - રૂ. ૨,૧૭૪, સ્વિસ રીચર જેકેટ - રૂ. ૧૮,૦૬૭, સ્વિસ ટ્રાઉઝર્સ - રૂ. ૮,૮૧૩ અને ફાઇબર પાઇલ પ્લાન્ટ - રૂ. ૧૪,૧૭૪નો સમાવેશ થાય છે.** આ સઘળી સુવિધાઓ પ્રાપ્ય બને તો જ સૈનિક તેની ફરજો બજાવી શકે તેવી સ્થિતિ ત્યાં છે. એવી જ રીતે ૨૦૦૪ સુધી અહીં સૈનિકોને ગરમ ખોરાક પૂરો પાડવો લગભગ અસંભવ હતો, પરંતુ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશનના વિશેષ પ્રયાસોને કારણે ગરમાગરમ ખોરાક પીરસવાનું સ્વપ્ન સાકાર કરી શકાયું છે. ગરમાગરમ બિરયાની સહિત પ્રી-કૂકડ ફૂડ સૈનિકોને પૂરો પાડવામાં આવે છે. આ ખાદ્ય સામગ્રીની વ્યવસ્થા કંઇક એવી છે કે વિશેષ પ્રકારના રસાયણ ધરાવતા મોટા પેકેટની અંદર બીજું નાનું પેકેટ હોય છે. જેમાં ખાદ્યસામગ્રી રાખવામાં આવેલી હોય છે. મોટા પેકેટમાં મુકાયેલા રસાયણમાં પાણી નાંખવાથી એવી ગરમી પેદા કરાય છે કે તેથી નાના પેકેટમાંની ખાદ્યસામગ્રી ઊકળવા માંડે અને ભયાનક કાતિલ ઠંડી વચ્ચે સૈનિક ગરમ ખાનપાનનો આનંદ ઉઠાવી શકે. આ ખાદ્યસામગ્રીમાં ઠંડીમાં ટકી રહેવા માટેના આવશ્યક પોષક તત્વો ઉમેરાયેલાં હોવાથી તેમની પ્રતિકાર-શક્તિ ટકી રહે તે માટેની કાળજી પણ લેવાઇ છે. શક્તિદાયક દૂધ તેમને મળી રહે તે માટે ખાસ પ્રકારના ટ્રેટા પેક વિકસાવાયા છે. આમ આ યુદ્ધક્ષેત્રની સુવિધાઓ દિનપ્રતિદિન વધારાઇ રહી છે. સંરક્ષણ વિભાગ અને ભારત સરકાર આ અંગે વધુ પ્રગતિશીલ પગલાં હાથ ધરવા કટિબદ્ધ છે.

જીવલેણ ઠંડીથી સૈનિકોને રક્ષણ પૂરું પાડવા તબીબી સેવાઓ વધારાઇ રહી છે. અત્યંત આધુનિક મેડિકલ સાધનોના ઉપયોગને કારણે ત્યાં ઠંડીથી સૈનિકોના જીવ જતા હતા તે મૃત્યુદર લગભગ શૂન્ય બની ગયો છે. ૧૯૮૪ થી ૨૦૦૦ સુધીમાં આ વિસ્તારનું રખોપું કરતા ૨,૦૦૦ થી વધુ સૈનિકોએ જીવ ગુમાવ્યા હતા. આ જ સમયગાળામાં પાકિસ્તાનના ૧,૩૦૦ સૈનિકોએ પણ તબીબી સુવિધાઓની તકલીફોને કારણે જીવ ગુમાવ્યા હતા. વાસ્તવમાં બંને દેશના મળીને ૧૦,૦૦૦થી વધુ સૈનિકો સિયાચીનમાં ફરજ બજાવે છે. ભારતીય સૈનિકો માટે લેહ અને પરતાપુર બેઝ કેમ્પમાં અદ્યતન સૈનિક હોસ્પિટલની સુવિધા ઊભી કરાતાં ૪૨ કિ.મી. લાંબા સિયાચીન વિસ્તારમાં ૨૦૦૧ના વર્ષમાં ઠંડી યા ઠંડીને લીધે થતી ફેફસાંની બીમારીના કારણે થતાં મૃત્યુ અટકી ગયાં છે અને આ કારણોથી એક પણ મૃત્યુ થયેલું નોંધાયું નથી. પરતાપુરમાં ૧૫૩ પથારીની સગવડ ધરાવતી હોસ્પિટલને ઉધમપુરમાં આવેલી કમાન્ડ હોસ્પિટલ સાથે જોડી દેવામાં આવી હોવાથી સૈનિકોને પહોંચાડાતી તબીબી સેવાઓ અને સગવડોનો આંક ઊંચો ગયો છે. **આ વિસ્તારમાં સૈન્ય તૈનાત કરીને ભારત અને પાકિસ્તાન બંને દેશો કરોડો રૂપિયા અને વિશેષ અમૂલ્ય સૈનિક જિંદગીઓ ખર્ચી નાંખે છે.**

મૂળ મુદ્દે આ સિયાચીનની સમસ્યા શું છે? ૧૯૪૭થી ૧૯૮૪ સુધીનાં વર્ષો દરમિયાન

*આત્મજ્ઞાનનું મહત્ત્વ સમજવા માટે જીવ અનંત જન્મોથી સાચા સુખની શોધમાં ભટકતો રહ્યો છે.*

સિયાચીન ખાતે બંને દેશોમાંથી એક પણ દેશનું સૈન્ય તૈનાત નહોતું, પરંતુ ૩૭ વર્ષોના નિષ્ક્રિય ગાળા દરમિયાન **ભારત-પાકિસ્તાન વચ્ચે અન્યત્ર જે યુદ્ધો થયાં તેમાં ભારત વિજેતા નીવડેલું. પરિણામે નવાં યુદ્ધક્ષેત્રો ખોલવાની પાકિસ્તાનની મેલી મુરાદ વિકસતાં ૧૯૭૦ થી '૮૦ના દસકા દરમિયાન પાકિસ્તાન તરફથી અટકચાળાઓ શરૂ થયા.** તદનુસાર તેણે સિયાચીનમાં પર્વતારોહણની મંજૂરી આપી અને વિદેશી પર્વતારોહકોએ આરોહણની શરૂઆત કરી. પ્રારંભે આ અંગે ભારતે નિસ્પૃહી વલણ દાખવ્યું. પરંતુ પર્વતારોહકોની સંખ્યા ઉત્તરોત્તર વધતાં ભારતે તે અંગે વાંધો ઉઠાવ્યો. ભારતના વાંધા સામે પાકિસ્તાનની દલીલ હતી કે આ વિસ્તાર તેનો જ ભાગ છે. આથી ભારત સાવધ બન્યું. સિયાચીન વિસ્તાર પર પાકિસ્તાન કબજો જમાવે તે પૂર્વે ૧૯૮૪માં 'ઓપરેશન મેઘદૂત' હાથ ધરીને રાતોરાત ત્યાં સૈન્ય મોકલ્યું. બંને દેશોના સૈન્યોની હાજરીને કારણે સિયાચીન વિસ્તાર ઘેરા વિવાદનો ભોગ બન્યો. તેમજ આ સંજોગોમાં ત્યાં સ્પષ્ટ સીમા રેખાઓ આંકવી આવશ્યક બની છે.

'ઓપરેશન મેઘદૂત' ભારતીય સૈન્યની કુનેહબાજી અને વ્યૂહરચનાની અપ્રતિમ સિદ્ધિ છે. ૧૩ એપ્રિલ, ૧૯૮૪ના રોજ હાથ ધરાયેલ આ ઓપરેશનમાં સેંકડો સૈનિકો સાથે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરોએ ઉડાન ભરી અને દિવસને અંતે સેનાની બટાલિયનો ત્યાં ઉતારી દેવામાં આવી. પર્વતીય મુકાબલાની વિશેષ તાલીમ ધરાવતા કુમાઉ બટાલિયનને વાયુદળની મદદથી વિવિધ ચોકીઓ પર ઉતારવામાં આવી. નિવૃત્ત લેફ્ટનન્ટ કર્નલ દલજિતસિંઘના જણાવ્યા અનુસાર 'ઓપરેશન મેઘદૂત'માં સેના ઉતારીને વિવિધ થાણા પરથી પાકિસ્તાનીઓને તગેડી મૂકવામાં આવ્યા. જેમાં તેના ૨૦૦ સૈનિકો હણાયેલા. **ભારતના દાવા મુજબ હિન્દુસ્તાનના ભાગલા વખતે થયેલી સમજૂતી અને પછીથી થયેલા સિમલા કરાર મુજબ સિયાચીન ભારતનો હિસ્સો છે. તેમાં યુદ્ધવિરામની ઘોષણા સમયની ભૌગોલિક સ્થિતિ જાળવી રાખવાની કલમ હતી. ચોકી નંબર એન.જે. ૯૮૪૨ વિસ્તાર બંને દેશો વચ્ચેની વાસ્તવિક સીમા નિયંત્રણ રેખા છે. અહીંનું ભારતીય સૈનિક થાણું આ સીમારેખાનું ધ્યાન રાખે છે અને તેનું ઉલ્લંઘન ન થાય તે માટે સતત ચોકી કરે છે.**

તે સમયે બે દેશો વચ્ચેની અંકુશ રેખા એન.જે. ૯૮૪૨ ચોકી આગળ પૂરી થતી હતી. તે પછીનો ગ્લેસિયરનો દુર્ગમ અને ઉજ્જડ વિસ્તાર સ્પષ્ટ અંકુશ રેખા વગરનો રહ્યો. જેને માટે સીમલા કરારમાં 'એન. જે. ૯૮૪૨'થી ઉત્તરમાં આગળ ગ્લેસિયર તરફ એવો ઉલ્લેખ છે, પરંતુ ૧૯૭૨ પછી પાકિસ્તાને આ વિસ્તાર વિદેશી પર્વતારોહકો માટે ખુલ્લો મૂક્યો.


સિયાચીનના કુલ વિસ્તારમાં એક તૃતીયાંશ હિસ્સો ભારતનો છે જ્યારે શેષ વિસ્તારમાં પાકિસ્તાન અને ચીનની સરહદો જોડાયેલી છે. આથી ભારત અને અન્ય દેશોની સીમાઓ નક્કી થાય તો સૈન્યની હાજરીમાં ભારે ઘટાડો કરી આર્થિક બોજ ઘટાડી શકાય. આ અંગેના 'ઓપરેશન મેઘદૂત'ના સંદર્ભમાં પાકિસ્તાન સરકારે 'ઓપરેશન અબાબીલ' હાથ ધરી ત્યાં સૈન્ય તૈનાત કર્યું હતું. ત્યારથી બંને દેશોનાં સૈન્યોની સતત હાજરી સિયાચીન અનુભવી રહ્યું છે.

સામાન્ય રીતે શિયાળાના સમયમાં સમગ્ર સિયાચીન અસહ્ય કાતિલ ઠંડીથી ઘેરાઇ જાય છે. આવે સમયે માનવજીવન લગભગ અસંભવ બની જાય ત્યારે અતિ ઊંચેરી ચોકીઓ છોડી સૈનિકો થોડી નીચાણની ચોકી પર ઊતરી આવે છે. ૧૯૮૭ના શિયાળામાં ૨૧,૧૫૩ ફૂટની ઊંચાઇ પરની એક સૌથી ઊંચી ચોકી છોડી ભારતીય સૈનિકો નીચાણની ચોકી પર આવ્યા ત્યારે પાકિસ્તાની સૈનિકોએ ત્યાં કબજો જમાવી દીધો. આ ચોકી પાછી મેળવવા આઠમી જમ્મુ-કાશ્મીર લાઇફ ઇન્ફન્ટ્રી બટાલિયનના જવાનોએ બે મહિના સુધી જાનની બાજી લગાવી એ ચોકી કબજે કરી.



આ સાહસના સૂત્રધાર હતા બાના સિંઘ. અસાધારણ વીરત્વની પ્રતીતિ કરાવી તેમણે અને સાથીઓએ તે ચોકી પર કબજો જમાવેલો. **આ અસાધારણ સિદ્ધિની કદર રૂપે બાના સિંઘને 'પરમવીરચક્ર' એનાયત કરાયેલો. તેઓ સ્વહસ્તે પરમવીરચક્ર મેળવનાર બડભાગી સૈનિક છે.** આ કારણથી વિશ્વભરની એ સૌથી ઊંચી ચોકી 'બાના ટોપ'થી જાણીતી છે. ત્યાં એક ***સ્મારક સ્તંભ*** રચવામાં આવ્યો છે. એક શૂરવીર સૈનિકની જવાંમર્દીનું અને અન્ય સૈનિકોની શહીદીનું તે શાશ્વત સ્મારક છે.

એપ્રિલ, ૨૦૦૪માં આપણા રાષ્ટ્રપ્રમુખ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે આથી જ



***(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)***

*જીવનનો સારા કામ માટે ઉપયોગ કરો.*

# પોપ્યુલેશન બૉંબ

● ભાલચંદ્ર જાની ●

સદીઓ પૂર્વે આપણાં દેશમાં નવોઢાને આશીર્વાદ આપતી વખતે વડીલો કહેતા કે "શત પુત્રવતી ભવ." અર્થાત્ સો પુત્રોની માતા થજે. આવા આશીર્વાદ આપતા હતાં. છેક ૧૯૫૧માં ભારતે કુટુંબ નિયોજન પ્રથા અપનાવી ત્યારથી દેશમાં 'હમ દો હમારે દો'નું સૂત્ર પ્રચલિત બન્યું છે. ત્યારબાદ ગુજરાલની સંયુક્ત મોરચાની જૂની સરકારના આરોગ્ય ખાતાના રાજ્યમંત્રી રેણુકા ચૌધરીએ આપેલું સૂત્ર વધુ યથાર્થ ઠરે છે. 'વન ઇસ ફન.' એટલે કે એક જ સંતાનમાં આનંદ છે.

'ઓછા બાળ, જય ગોપાળ'નું આ સૂત્ર જો કે દરેક ભારતવાસીને પસંદ પડ્યું લાગતું નથી. ભારતની હોસ્પિટલોમાં દર મિનિટે ૫૪ બાળકો જન્મે છે. દર સપ્તાહે ભારતમાં ચંદીગઢની આબાદી જેટલી સંખ્યા ઉમેરાય છે. દર મહિને બે ભોપાળ જેટલી માનવ સંખ્યાનો ભારતમાં વધારો થાય છે અને દર આઠ મહિને એક ઑસ્ટ્રેલિયા ભારતમાં ઉમેરાય છે. ઑસ્ટ્રેલિયાની વસતિ આશરે ૧ કરોડ ૩૮ લાખની છે.

ભારત કરતાં વિસ્તારમાં વિરાટ ઑસ્ટ્રેલિયા ખંડની કુલ વસતિ ૧ કરોડ ૩૮ લાખ છે અને આપણી આબાદી દર આઠ મહિને આટલી વધતી જતી હોય તો દેશ દિવસે દિવસે માનવ મહેરામણથી ઉભરાતો જ જાય ને! તમે એક કપ ચા પીઓ એટલીવારમાં તો એકલા મુંબઈમાં પંદર બાળક અવતરે છે. આખા જગતની વાત કરીએ તો દર પાંચ મિનિટે પૃથ્વી પરના માનવ જીવોમાં નવાં ૧૨૪૭ બાળકો ઉમેરાતાં હોય છે.

વસતિ વધારાનો પ્રશ્ન માત્ર ભારતનો જ નથી. આખા વિશ્વને એક યા બીજી રીતે સ્પર્શી જતી એ જાગતિક સમસ્યા છે. **આદમ અને ઈવના સમયથી પ્રજોત્પત્તિ શરૂ થઈ તેમ ગણીએ તો આદિ માનવથી માંડીને ૧૯૬૧ સુધીમાં વિશ્વની જનસંખ્યા સાડા ત્રણ અબજની થઈ. તેની વચ્ચે ૧૦ લાખ વરસનો મહાકાળ વહી ગયો હતો, પરંતુ ત્યાર પછીના માત્ર ૨૬ વર્ષમાં જ આ વસતિ વધારો પાંચ અબજનો આંક વટાવી ગયો!** ભારતનો જ દાખલો લઈએ તો આઝાદી પછીના માત્ર ૩૪ વર્ષમાં જ દેશની વસતિ બમણી થઈ ગઈ અને હવે તો ત્રણ સેકન્ડે બે નવા ભારતીય નાગરિક પેદા થાય છે!

૧૯૮૭ની ૧૧મી જુલાઈનો દિવસ સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા 'ડે ઓફ ફાઈવ બિલિયન' (પાંચ અબજના દિન) તરીકે ઉજવાયો હતો. કેમકે આ દિવસે વિશ્વની આબાદી પાંચ અબજનો આંક વટાવી ગઈ હતી. એ સાથે જ યુનોએ એવી જાહેરાત પણ કરી હતી કે વસતિ વધારાની સમસ્યા અણુબોમ્બ જેટલી જ ખતરનાક છે. જ્યાં વસતિ વધુ હોય અને જીવનજરૂરિયાતની ચીજો સહેલાઈથી ઉપલબ્ધ થતી ન હોય ત્યાં ગરીબ, રોગી, પંગુ, અજ્ઞાન, અભણ અને ગુનેગારોની સંખ્યા પણ વધુ જોવા મળે છે. આપણા દેશની આ જ હાલત છે. એટલે જ આ દશાને પોપ્યુલેશન બોમ્બ તરીકે ઓળખાવ્યા છે.

વધુ પડતી આબાદી (વસતિ) કોઈપણ દેશની આબાદી (સમૃદ્ધિ) રોકવાનું કારણ બને છે. જેમ કે **ભારતમાં દર આઠ મહિને ૧ કરોડ ૩૮ લાખ નવાં બાળકો જન્મે તેની સામે સરકારે વધારાનાં ૧૦ કરોડ લીટર દૂધ, ૫ લાખ ટન અનાજ, ત્રણ કરોડ મીટર કાપડ, ૨૫ લાખ નવાં રહેઠાણ અને ૫૦૦૦ નવી શાળાનો પ્રબંધ કરવો પડે. બેકારીની સમસ્યા વધે નહીં તે માટે ૭૦ લાખ રોજગારીની નવી તકો ઊભી કરવી પડે.** ભારતની કોઈ સરકાર આ વિરાટ અપેક્ષાઓ સંતોષી શકવા સમર્થ નથી. પરિણામે દેશનો વિકાસ સતત રૂંધાતો જ રહેવાનો.

આખા વિશ્વની વસતિ સરેરાશ બે ટકાના દરે વધે છે. આ વધારાનું કારણ છે તબીબી વિજ્ઞાને મેળવેલી સિદ્ધિ. રોગો પર કાબૂ મેળવીને મરણનું પ્રમાણ ઘટાડતા ગયા તેની સામે જન્મનું પ્રમાણ તો ઘટ્યું નહીં, પણ વધતું ગયું. સરવાળે વસતિ વધારાનો દર ઝડપી બન્યો. **થોડા વર્ષો અગાઉ વિશ્વની જનસંખ્યામાં વર્ષે ચાર કરોડનો ઉમેરો થતો હોય ત્યાં નવ કરોડ એટલે કે બમણા કરતાં વધુ વધારો થવા લાગ્યો.** છેલ્લાં બે દાયકામાં ભારતીય નાગરિકની આયુષ્ય સંભાવના ૪૬ વર્ષથી વધીને ૭૦ વર્ષની થઈ તેના પરિણામે ભારતનાં શહેરો કીડિયારાની જેમ ઊભરાવા લાગ્યા. મુંબઈ, કોલકત્તા અને દિલ્હી તો માણસોથી ફાટફાટ થાય છે. ૨૦૫૦ની સાલમાં વિશ્વની વસતિ નવ અબજનો આંક વટાવશે ત્યારે ભારતની વસતિ બે અબજ કરતાંય વધી ગઈ હશે ત્યારે દિલ્હીમાં ૩ કરોડ ૩૦ લાખથી વધુ લોકો વસતા હશે. વિચારતાં કંપારી છૂટે છે ને?

વિશ્વ બેંકના અંદાજ પ્રમાણે ૨૦૧૨ સુધીમાં ભારતની વસતિ સવા અબજ સુધી પહોંચી જશે અને ૨૦૨૫ની સાલમાં ૧ અબજ ૫૦ કરોડ સુધી પહોંચી ગઈ હશે ત્યારે ચીનની ૧.૪૭ અબજની જનસંખ્યાની લગોલગ આપણે પહોંચી ગયા હશું. કુટુંબ નિયોજન માટે સરકારે લીધેલાં પગલાં ખૂબ અસરકારક હશે તો પણ વસતિ નિયંત્રણનો શૂન્યનો દર સિદ્ધ કરતાં ૨૧૦૦ની સાલ આવી જશે! એટલે કે આજથી લગભગ ૧૦૦ વર્ષ પછી ભારતમાં જન્મ અને મૃત્યુનું પ્રમાણ એકસરખું થશે. તેથી વસતિ વધારો બિલકુલ થંભી જશે. પરંતુ આ સોનેરી સિદ્ધિ મેળવવા તમામ ભારતીયોએ

*ભવ્ય મકાન હાથેથી બનાવી શકાય, પણ ઘર તો હૃદયથી જ મળે.*

'વન ઇસ ફન'નો નારો અપનાવવો પડશે!

સાંજ પડે ને બજારોમાં દેખાતી ગરદી, રેશનિંગની દુકાનોએ જોવા મળતી લાંબી કતાર કે સ્કૂલોમાં એડમિશન માટે લાગેલી લાઈન જોઈએ યા ટ્રેનની ગરદીમાં ભીંસાતા હોઈએ ત્યારે બેઘડી વિચાર આવે કે વસતિ આ રીતે વધતી જ રહેશે તો પાંચ વર્ષ પછી માણસોનું શું થશે?

પત્ની પ્રસૂતિગૃહમાં હોય અને બાબો અવતર્યો એવા સમાચાર આવે તો સૌ રાજીના રેડ થઈ નાચે છે. એ વખતે આપણે એક વાત વીસરી જઈએ છીએ. નવું જન્મતું પ્રત્યેક બાળક રાષ્ટ્રનીઅતિ મર્યાદિત સંપત્તિ પર બોજ બનીને આવે છે. તેમજ મોટું થયા બાદ એ બાળકે પણ જૂજ સાધન સંપત્તિમાં પોતાનો ભાગ પડાવવા જબરદસ્ત સંઘર્ષ કરવાનો છે.

**દુનિયાની સપાટી પર દર ચોરસ કિલોમીટરે સરેરાશ ૨૮ વ્યક્તિ વસે છે. ભારતના આટલા જ વિસ્તારમાં ૨૦૮ વ્યક્તિ રહે છે.** તેનો અર્થ એ થયો કે આપણી વસતિની ગીચતા વિશ્વની સરાસરી કરતાં સાત ગણી વધુ છે. અરે, ચીન આપણા કરતાં વધુ નાગરિકો ધરાવતું હોવા છતાં દેશ મોટો હોવાથી તેની ગીચતા ભારત કરતાં અડધો અડધ જેટલી છે. વિસ્તારની દૃષ્ટિએ આપણો દેશ વિશ્વમાં સાતમો આવે પરંતુ વસતિની દૃષ્ટિએ ચીન પછી બીજો નંબર આપણો છે!

જાણીને નવાઈ લાગશે કે, ઇ.સ. ૧૮૫૦માં વિશ્વની વસતિને એક અબજ થતાં ૨૫ લાખ વર્ષ લાગ્યા પણ બીજો અબજ ઉમેરાતા ૮૦ વર્ષ, ચોથો અબજ ઉમેરાતા ૩૦ વર્ષ અને પાંચમો અબજ ઉમેરાતા ૧૫ વર્ષ થયા હતા... અને છેલ્લો છઠ્ઠો અબજ ઉમેરાતા ફક્ત ૧૨ જ વર્ષ થયા. જ્યારે સાતમો અબજ ઉમેરાતા માત્ર ૧૦ વર્ષ લાગશે. એટલે કે વિશ્વમાં દર વર્ષે એક અબજ જેટલી વસતિ એટલે કે એક ભારત દેશ ઉમેરાય છે.

આ વધતી વસતિને નાથવાના આયોજન અંગે ૧૯૫૪થી ૨૦૦૭ સુધી સાત વિશ્વ પરિષદો ભરાઈ ગઈ. જેમાં ૧૯૭૪માં બુખારેસ્ટમાં મળેલી ત્રીજી વિશ્વ પરિષદમાં વધતી વસતિ પ્રત્યે સભાનતા કેળવવા માટે માનવ સમુદાય જાગૃત થાય તે હેતુથી સમગ્ર વિશ્વમાં ૧૧મી જુલાઈને વિશ્વ વસતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

**ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં વિશ્વની કુલ વસતિના ૧૬ ટકા જેટલી વસતિ વસે છે અને વિશ્વની કુલ જમીનના માત્ર ૨.૪ ટકા જમીન છે. આઝાદી સમયે માત્ર ૩૪ કરોડ વસતિ હતી અને આજે એક અબજ ૧૬ કરોડ એટલે કે ત્રણ ગણી વધી ગયેલી વસતિ આ ૨.૪ ટકા જમીન ઉપર નભે છે તે ખૂબ ચિંતાજનક બાબત છે.**

**ગુજરાત રાજ્યમાં પ્રતિ વર્ષે આઠ લાખ વસતિનો વધારો થાય છે. તો આ વસતિની જરૂરિયાતોને સંતોષવા અંદાજે પ્રતિવર્ષ ૧.૫૫ લાખ આવાસો, આઠ કિલો ક્વિંટલ વધુ અનાજ, એંસી લાખ નવા વૃક્ષો અને તેજ પ્રમાણે રસ્તા જેવી અનેક સુવિધાઓ પાછળ રાજ્યની અને દેશની ઘણી બધી સાધન સંપત્તિ ખર્ચાઈ જાય છે.**

આ વસતિ નિયંત્રણના ઉકેલની દિશામાં ચીન દેશે પ્રશંસનીય પ્રયાસો કર્યા છે અને તેને સફળતા પણ મળી છે. વસતિ નિયંત્રણો સાથે ઓછાં સંતાનો ધરાવનારને સરકાર દ્વારા વિશિષ્ટ લાભોની નીતિના કારણે ચીનમાં વસતિ ઘટાડો ચોક્કસ થયો છે.

જગતમાં વસતિ વધારાનો પ્રશ્ન અત્યારે છે એટલો વ્યાપક નહોતો ત્યારે ઇ.સ. ૧૭૮૯માં બ્રિટનના થોમસ માલથુસ નામના પાદરીએ ભવિષ્યમાં થનારા વસતિ વધારાની ચોંકાવનારી આગાહી કરી હતી. તેણે ભાખ્યું હતું કે એક સમય એવો આવશે જ્યારે અનાજની પેદાશ કરતાં અનાજ ખાનારાની વસતિ ઘણી વધી જશે. આફ્રિકા, દક્ષિણ અમેરિકા અને કેટલાંક એશિયન દેશોની તો આજે જ આવી હાલત છે.

ભૂખમરો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દાવાનળ, ધરતીકંપ, અકસ્માતો વગેરે હથિયારો ઉગામી માનવ સંખ્યાને અંકુશમાં રાખવાનું કામ કુદરત કરતી ન હોત તો માનવજાતથી ખદબદતી પૃથ્વી પર ક્યારનોય વસતિ બોમ્બ ફાટી ચૂક્યો હોત. આપણે કુદરતનો પાડ માનવો જોઈએ કે વસતિ વધારાને અંકુશમાં લેવા જે પ્લાનિંગ આપણે કરી શકતા નથી, તે વધતી આબાદીને કુદરત રોગચાળો, હોનારત, યુદ્ધ કે બીજી રીતે ઘટાડે છે. આમ કહેવું એક દૃષ્ટિએ ક્રૂર લાગે પણ વાસ્તવિક્તા સ્વીકારે જ છૂટકો. ચૌદમી સદીમાં યુરોપમાં ફેલાયેલા પ્લેગના રોગચાળાને લીધે અને વીસમી સદીના પૂર્વાર્ધમાં બે વિશ્વયુદ્ધમાં કરોડોનો સંહાર થયો ન હોત તો પાંચ અબજનો વસતિ આંક આપણે ૪૦ વર્ષ પહેલાં વટાવી ચૂક્યા હોત.

જો કે વિજ્ઞાનના વરદાનથી ટેસ્ટ ટ્યૂબ બેબીની ટેકનોલોજીએ વસતિ વધારામાં ફાળો આપ્યો છે. ફેમિલી પ્લાનિંગની અવનવી ટેક્નિકો અને ગર્ભનિરોધક સાધનોથી 'બેબી બુમ' પર લગામ પણ આવી છે. આપણા માટે એક સારા સમાચાર એ છે કે દેશની વસતિમાં ધરખમ વધારો છતાં પણ ફળદ્રુપતાના દરમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. જેને કારણે ભારતમાં વસતિ વધારાનું પ્રમાણ સ્થિરતા તરફ આગળ ધપી રહ્યું છે. વર્ષ ૧૯૫૧માં દેશનો જન્મદર પ્રતિ ૧,૦૦૦એ ૪૦.૮ નોંધાયો હતો, જે વર્ષ ૨૦૦૭માં ઘટીને ૨૩.૧ થયો છે. જ્યારે વર્ષ ૧૯૫૧-૬૧ દરમિયાન મૃત્યુદર પ્રતિ ૧,૦૦૦એ ૨૫ હતો જે ૨૦૦૭માં ઘટીને ૭.૪ થયો છે. કુટુંબ નિયોજનના પ્રચાર પછી મોટાભાગનાં શહેરી સુશિક્ષિત લોકો 'દો યા તીન બસ'ના સૂત્રમાં માનતા થયા છે. પરંતુ આટલેથી સમસ્યાનો નિવેડો આવી જતો નથી.

વસતિમાંના એકધારા વધારાને કારણે તમામ ચીજવસ્તુઓનો વપરાશ અભૂતપૂર્વ સ્તરે પહોંચશે. આ ઉપરાંત જમીનનું ખાસ્સું ધોવાણ થશે, પાણી અને હવા બંને પ્રદૂષિત થશે, હિમશિલાઓ વધુ પ્રમાણમાં પીગળશે અને વધુને વધુ પ્રાકૃતિક સંપત્તિનો વિનાશ થશે એમ સંયુક્ત રાષ્ટ્રસંઘના વસતિ ભંડોળના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે.

જાણીને નવાઈ લાગશે કે કુટુંબ નિયોજનની પ્રથાનો દેશવ્યાપી અમલ કરાવનાર ભારત જગતનો પ્રથમ દેશ છે. તેમ છતાં આજે નેશનલ પોપ્યુલેશન પોલીસના પ્રણેતા ડૉ.

*વૃક્ષો કાપીને આપણે જાતે જ આપણા કાંડા કાપી રહ્યા છીએ.*

એમ.એસ. સ્વામીનાથને ભારપૂર્વક કહેવું પડ્યું છે કે, 'ફેમિલી પ્લાનિંગના અધકચરા કે ઉપરછલ્લાં પ્રયાસોથી કંઈ દહાડો વળવાનો નથી. સરકારે વસતિ નિયંત્રણ માટે વ્યવહારું છતાં કડવા લાગે તેવા નક્કર પગલાં ભરવા પડશે.'

અત્યારે ભારતના કેરળ અને તામિલનાડુ રાજ્ય સિવાય દેશમાં ક્યાંય કુટુંબ નિયોજનનું લક્ષ હાંસલ થઈ શક્યું નથી. જો આજ પરિસ્થિતિ ચાલુ રહી તો પાણી પુરવઠો, આરોગ્ય સેવા, સંદેશા વ્યવહાર સેવા, શિક્ષણ, વિદ્યુત તથા અન્ન પુરવઠો જેવી તમામ મહત્ત્વની બાબતોમાં ઘોર ઉણપ વર્તાશે. માનવજીવન માટેની અતિ આવશ્યક ચીજોની ઉપલબ્ધિ બાબત આજે ભારતનું સ્થાન પાકિસ્તાન અને શ્રીલંકા કરતાંય પાછળ છે. ભારત જો આ વસતિ બોમ્બના હાઉમાંથી બહાર નહીં આવે તો જતે દહાડે પ્રજા ત્રાહિમામ પોકારી જશે. હજુ મોડું નથી થયું. નાગરિકોએ તેમજ શાસકોએ ભેગા મળી કોઈ ક્રાંતિકારી ઉપાય અજમાવી પોપ્યુલેશન બોમ્બને ટીકટીક કરતો બંધ કરી દેવાનો છે.

*તા. ૧૧-૭-૨૦૧૦ના*
*'ગુજરાત સમાચાર'માંથી સાભાર*

## મહાવીર કથા

હાલમાં જ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇએ રામાયણ કથા ગાંધીકથાની જેમ 'મહાવીર કથા' આ શૈલીના માર્ગે તૈયાર કરી છે આ કથા માત્ર બે દિવસની જ છે. આ મહાવીર કથામાં તીર્થંકરના જન્મથી લઈ નિર્વાણ સુધીના પ્રસંગો અને કેટલીક અપરિચીત-અજાણી વાતોને સાંકળીને જ્ઞાનપીઠની ભૂમિકાએ કથા કરે છે. આ કથાનું પ્રથમ વખત જ આયોજન મુંબઈના શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા થયું હતું જેને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ મહાવીર કથાને બે વીડિયો સીડીમાં સંગ્રહિત કરીને તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે બે વીડિયો સીડી આલ્બમનું મૂલ્ય રૂ. ૨૫૦/- છે.

મહાવીર કથાની વીડિયો સીડી મેળવવા માટે શ્રી રાજેશ પટેલનો મોબાઈલ નં. ૦૯૨૩૩૩૩૧૦૮૩ ઉપર સંપર્ક કરવાથી આ આલ્બમ મેળવી શકાશે.

*'ફુલછાબ' દૈનિકમાંથી*

## સિયાચીન : સૌથી ઊંચી સીમારેખા

*(અનુસંધાન : પાના નં.-૨૯ ઉપરથી ચાલુ)*

સિયાચીનની મુલાકાત લેવાનું પસંદ કરેલું. તેઓ ભારતના સિયાચીનની મુલાકાત લેનાર પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. આ મુલાકાત દરમિયાન તેમણે સૈનિકોને સધિયારો આપેલો કે દેશ તેમની કુરબાની અને જવાંમર્દીને ભૂલ્યો નથી. એન.ડી.એ. સરકારના સંરક્ષણ મંત્રી જ્યોર્જ ફર્નાન્ડીસ એવી વ્યક્તિ હતા જે સંરક્ષણ મંત્રીને નાતે વારંવાર સિયાચીનની મુલાકાતો લઇ ત્યાંની પરિસ્થિતિ અને સૈનિકોની જરૂરિયાતોનો અભ્યાસ કરી શક્ય જરૂરિયાતો સંતોષવા પ્રયત્નશીલ રહેતા. આથી તેમને 'મિનિસ્ટર ઑફ સિયાચીન ગ્લેસિયર'નું બિરુદ અપાયું હતું.

આ લાંબી સમજ અને સંદર્ભમાં એક બાબત કોઇ પણ ભારતીયે ભૂલવી ન જોઇએ કે ઊંચાનીચા આ વિસ્તાર પર મહાસત્તાનો ડોળો છે. આ વિસ્તારનું વ્યૂહાત્મક મહત્વ એ છે કે ત્યાંથી ચીન તેમજ સમગ્ર દક્ષિણ એશિયા પર ચાંપતી નજર રાખી તેને કાબૂમાં લઇ શકાય તેમ છે. ચીન અને અમેરિકા વચ્ચે ઉપરછલ્લા મૈત્રીસંબંધો છતાં હાડોહાડની સ્પર્ધા આ વિસ્તાર માટે છે. **આંતરરાષ્ટ્રીય રાજકારણના કેટલાક અભ્યાસીઓના મતે વાસ્તવમાં અમેરિકાની ઇચ્છા સિયાચીનનો પ્રદેશ હસ્તગત કરવાની છે.** ચીનનું આધિપત્ય દક્ષિણ એશિયામાં વધે તેમજ મ્યાનમાર, નેપાળ, પાકિસ્તાન, ભારત, શ્રીલંકા અને બાંગ્લાદેશના બજારો ચીન કબજે કરે તે વાત અમેરિકાને મંજૂર નથી. ચીનની દરખાસ્ત ભારત સાથે એશિયાનો સૌથી મોટો ટ્રેડ ઝોન સ્થાપવાની છે. આ પ્રસ્તાવથી અમેરિકા ચોંકી ઊઠેલું છે, કારણ આ સમગ્ર ક્ષેત્ર પર મજબૂત પકડ જમાવવાના અમેરિકાના ઇરાદા એથી મોળા પડે તેમ છે. **ઇરાનના ગેસ કે ખનીજ તેલ વાયા પાકિસ્તાન ભારત આવે એ ઘટનાક્રમમાં અમેરિકા હજુ હજાર વાંધા ઊભા કરવાનું છે.** આ બધા સંદર્ભમાં કાશ્મીરની તંગદિલીને નિવારી અમેરિકા પોતાનું ધાર્યું કરવાની નેમ રાખે છે. આથી જ સિયાચીન મોરચે ૧૧૦ કિ.મી. લાંબી 'એક્ચ્યુઅલ ગ્રાઉન્ડ પોઝિશન લાઇન' પર શાંતિ સ્થપાય અને ત્યાં શાંતિનું શિખર રચાય તે ભારત અને પાકિસ્તાન - બંને દેશોના હિતમાં હશે.

*'સંકેત', સી-૧, પ્રયાગરાજ ફ્લેટ્સ,*
*૨૧, બ્રાહ્મણ મિ.મં. સોસાયટી, એલિસબ્રિજ,*
*અમદાવાદ-૩૮૦૦૦૬.*

## ખાણ માફિયા સામે લડનારી મહિલાનું નોબલ માટે નોમિનેશન!

વાત ઇલાહાબાદની છે. અહીં સ્લમ એરિયામાં રહેતા વૃદ્ધ મહિલા 'દુઇજી દાઇ'નું શાંતિના નોબેલ પુરસ્કાર માટે નોમિનેશન થયું છે. અલબત્ત, પુરસ્કાર મળશે, તેવી તેને આશા નથી પણ જો મળે તો મહિલાઓમાં એક જાગૃતિ ચોક્કસ આવે તેવું 'દુઇજી દાઇ' માને છે.

યુપીના બાંદા જિલ્લાના બડગઢ ક્ષેત્રમાં આવેલા મનિકા ગામના વતની 'દુઇજી દાઇ' પોતાની ગરીબી દૂર કરવા ઘણાં સમયથી ઇલાહાબાદ અને તેની આસપાસના ગામમાં ખાણનું ખોદકામ વધારે થાય છે, એમાં મજૂરી કરે છે. ખાણ માફિયાઓનો ત્રાસ હદ બહારનો વધ્યો. આઠ દિવસની મજૂરીના બસ્સો રૂપિયા નક્કી કરે અને તેમાં પણ સો રૂપિયા માંડ આપે. મજૂરો તેના ત્રાસથી પરેશાન હતા. કોઇ અવાજ ઉઠાવી શકે નહીં. અંતે 'દુઇજી દાઇ' આગળ આવ્યાં અને માફિયાઓની નીતિનો વિરોધ કર્યો. તેણે બીજી મહિલાઓને હિંમત આપી અને સંગઠિત કરી. અંતે આ મુદ્દે સરકાર પણ સળવળી અને ખાણ ખોદકામ માટે મજૂરોને સ્વતંત્ર મંજૂરી આપી. આનાથી આસપાસની આદિવાસી મહિલાઓને નવી રાહ મળી.

મજૂરોને સ્વતંત્ર કોન્ટ્રાક્ટ અપાવી 'દુઇજી'એ આનંદ અનુભવ્યો. આની નોંધ લેવાઇ અને કેન્દ્ર સરકારે પણ નોંધ લીધી. વિદેશની મહિલા સંસ્થાઓએ પણ 'દુઇજી'ને સન્માન્યા. ખાણ માફિયાઓનું રાજ તોડીને મહિલાઓને સ્વતંત્ર હિસ્સો અપાવવામાં સફળ રહેનાર 'દુઇજી'નું નામ શાંતિના નોબેલ પારિતોષિક માટે નામાંકન પણ થયું. છત વગરના મકાનમાં રહીને કામ કરતાં 'દુઇજી દાઇ' અત્યારે મજૂરી કામ મૂકીને મધ્યાહ્ન ભોજનના બાળકો માટે ભોજન બનાવે છે. સારાં પુસ્તકો લઇ આવી આપે છે.

*'સાંવરી' તા. ૧૬-૨-૧૦માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*કોઈ માણસને આપેલો શરૂઆતનો એક ધક્કો તેની સફળતાની જોજનોની યાત્રાનો આરંભ હોઈ શકે છે.*

વિશ્વ વસતિ દિવસ – ૧૧ જુલાઈ

# ભારતમાં વસતિ વૃદ્ધિ સમસ્યાઓ અને નિવારણ

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

ભારતની વસતિ ગણતરીના અહેવાલો અત્યંત ચોંકાવનારા છે. આપણા દેશમાં દર દસ વર્ષે વસતિ ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવે છે. માનવની ઉત્ક્રાંતિના બે લાખ વર્ષમાં માનવીની વસતિએ જે હરણફાળ ભરી છે તે વાસ્તવમાં ચિંતાજનક છે. વીસમી સદીના પ્રારંભે વિશ્વની વસતિ અંદાજે દોઢ અબજ હતી. ઈ.સ. ૧૯૨૭માં બે અબજ, ઈ.સ. ૧૯૬૦માં ત્રણ અબજ, ઈ.સ. ૧૯૭૪માં ચાર અબજ, ઈ.સ. ૧૯૮૭માં પાંચ અબજ અને ઈ.સ. ૧૯૯૯માં છ અબજને આંબી ગઈ.

### • ભારતમાં વસતિ વૃદ્ધિનું પ્રમાણ :

આઝાદી સમયે આપણા દેશની વસતિ ૩૪ કરોડની હતી. ઈ.સ. ૧૯૫૧માં પ્રથમ વસતિ ગણતરી મુજબ વસતિ ૩૬.૧૧ કરોડ થવા પામી. ઈ.સ. ૧૯૬૧માં ૪૩ કરોડ, ઈ.સ. ૧૯૭૧માં ૫૪.૮૨ કરોડ, ઈ.સ. ૧૯૮૧માં ૬૮.૩૩ કરોડ, ૧૯૯૧માં ૮૪.૬૩ કરોડ અને છેલ્લે ઈ.સ. ૨૦૦૧માં ૧૦૨ કરોડ, ૭૦ લાખ, ૧૫ હજાર, ૨૪૭ થવા પામી. ગુજરાતની વસતિ પણ સાડા પાંચ કરોડની થવા પામી.

### • વિશ્વ સાથે એક તુલના :

સમગ્ર વિશ્વમાં પ્રતિ વર્ષ ૮ કરોડ ૬૦ લાખની વસતિનો ઉમેરો થઈ રહ્યો છે. જ્યારે ભારતમાં પ્રતિવર્ષ ૧ કરોડ ૨૦ લાખની વસતિ વૃદ્ધિ થઈ રહી છે. આવા અપ્રતિમ વસતિ વધારાને જ વિસ્ફોટ કહેવો વાજબી છે. અમેરિકા, બ્રિટન, રશિયા, જાપાન, જર્મની જેવા વિકસિત દેશોમાં વસતિ પ્રતિ વર્ષ માત્ર એક ટકાને દરે વધે છે. જ્યારે ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, ઉરૂગ્વે, પેરૂગ્વે, મલયેશિયા આદિ વિકાસશીલ દેશોમાં વસતિ ૨.૪ ટકાના દરે વધે છે.

### • જમીન વિસ્તાર અને ગીચતા :

જગતના ૭૧ ટકા ભાગમાં પાણી છે, જ્યારે ૨૯ ટકા ભાગમાં જમીન છે. આ જમીન વિસ્તારમાં ભારતને ૨.૪ ટકા જમીન પ્રાપ્ત થઈ છે. જે પર જગતની ૧૬ ટકા વસતિ વસે છે. વિશ્વની વસતિનો સરેરાશ ગીચતા દર, દર ચો.કિ.મીટરે ૪૫ વ્યક્તિઓનો છે, જ્યારે ભારતનો દર ૩૨૪નો છે.

### • પ્રો. રોબિન્સની સત્યતા :

અર્થશાસ્ત્રી રોબિન્સ જણાવે છે કે 'માનવીની જરૂરિયાતો અનંત છે. જરૂરિયાતો સંતોષવાના સાધનો સીમિત છે. જેનો માત્ર વૈકલ્પિક ઉપયોગ થઈ શકે છે. જરૂરિયાતોમાં મૂળભૂત છે ખોરાક, પાણી, કપડાં અને નિવાસ સ્થાન. આંશિક પ્રાપ્ત થયેલ જમીન પર ક્યાંક જંગલો, પહાડો, ખીણ છે. બાકી માનવ વસવાટ માટે નિયત છે. ખેડાણ લાયક જમીન ઘટતી જાય છે કારણકે વધતી વસતિને વસાવવાના પ્રશ્નો ઊભા થતા રહે છે. સામાન્ય રીતે જમીનના તળેથી નીકળતા ખનિજ ગેસ, તેલ આદિ અને વન્ય સંપત્તિનું પ્રમાણ અમર્યાદિત નથી. વસતિ વધતાં તમામ ચીજ વસ્તુઓનો ઉપભોગ વધે છે. પરિણામે માંગ વધતાં ભાવો વધતા જ રહે છે.'

### • વસતિ વૃદ્ધિ અને પર્યાવરણ :

કુદરતે બક્ષેલા તમામ સાધનો ભૂપૃષ્ઠ, પ્રાકૃતિક તત્ત્વો અને વાતાવરણ વગેરે પર્યાવરણમાં સમાવિષ્ટ છે. આમ કુદરતી સંપત્તિ અને માનવીય સાધનોનું યોગ્ય સંયોજન અને સંતુલન એટલે પર્યાવરણ. બીજા શબ્દોમાં 'પરિ' એટલે આસપાસ કે આજુબાજુનું 'આવરણ' એટલે આચ્છાદન કે પડ. માનવ અને જીવસૃષ્ટિની આજુબાજુ રહેલા સમગ્ર પ્રાકૃતિક તત્ત્વોનો સમૂહ એટલે પર્યાવરણ. આપણા પર્યાવરણમાં વાતાવરણ, જલાવરણ, અને મૃદાવરણ એકબીજા સાથે જોડાયેલા ઘટકો છે.

વસતિમાં થઈ રહેલા અવિરત વધારાને કારણે શહેરીકરણની પ્રક્રિયા વધી રહી છે. મકાનો અને વાહનોની માંગ પણ વધવા પામી છે. ખનિજ સંપત્તિનો આડેધડ બગાડ, વનસપંત્તિનો વિનાશ, પાણીની તીવ્ર તંગી, ઊર્જાના સાધનોની અછત આવા પર્યાવરણીય પ્રશ્નો ઉદ્‌ભવવા પાછળ વસતિનો સતત થતો વધારો કારણભૂત છે.

### • પ્રદૂષણોનું વૈવિધ્ય :

પર્યાવરણીય પ્રદૂષણોમાં જળ પ્રદૂષણ, હવા કે વાયુનું પ્રદૂષણ, જમીનનું પ્રદૂષણ અને ધ્વનિ કે અવાજનું પ્રદૂષણ મુખ્ય છે. 'પ્ર' એટલે વિશેષ, 'દૂષણ' એટલે ગંદકી. રહેણાંકના મકાનો અને બળતણ માટે જંગલોનો નાશ થઈ રહ્યો છે. ઔદ્યોગિકીકરણને કારણે શહેરોમાં હવા દૂષિત બનવા પામી છે. શહેરોમાં વ્યવહારના સાધનોની ઝડપ આદિને કારણે ઘોંઘાટનું પ્રદૂષણ પણ વધ્યું છે. હવામાં સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન, કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધ્યું છે. જે માનવીના સ્વાસ્થ્ય માટે અતિ હાનિકારક છે.

ઈ.સ. ૧૯૭૨માં ૫ થી ૧૬ જૂન સુધી સ્ટોકહોમ ખાતે પર્યાવરણની સમતુલા અને શુદ્ધતા અર્થે વિશ્વના પ્રગતિશીલ દેશોની પરિષદ યોજાઈ. પર્યાવરણની જાળવણી અર્થે ભારત સરકારે ત્રણ ધારા ઘડ્યા. જળ પ્રદૂષણ ધારો ઈ.સ. ૧૯૭૪, હવા પ્રદૂષણ ધારો ઈ.સ. ૧૯૮૧, પર્યાવરણ પ્રદૂષણ નિયંત્રણ ધારો ઈ.સ. ૧૯૮૬. વિશ્વભરમાં આજે પાંચમી જૂન પર્યાવરણ દિન તરીકે ઉજવાય છે.

*જીવનને સ્વર્ગ બનાવવું કે નરક તે માનવીના પોતાના હાથમાં છે.*

- **પર્યાવરણ શુદ્ધિ-પ્રદૂષણ મુક્તિના ઉપાયો :**

**આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પ્રદૂષણ રહિત થાય તે માટે પવન ઊર્જા, સૌર ઊર્જા, બાયોગેસ ઊર્જા, ભરતી ઊર્જાનો ઉપયોગ સવિશેષ થવો જોઇએ.** ઠેરઠેર વૃક્ષોનું વાવેતર હવાના પ્રદૂષણને રોકવા ઉપયોગી બની રહેશે. વૃક્ષો તો જગતને જીવાડતી જડી બુટ્ટી છે. "Every Tree is a poetry of the Nature." વાદળોને આકર્ષી વરસાદ લાવવામાં વૃક્ષો ખૂબજ ઉપયોગી છે.

- **વસતિ વૃદ્ધિ નિયંત્રણ :**

જેટ વિમાનની ઝડપે ભારતમાં વધતી વસતિનું નિયંત્રણ કરવા માટે સંતતિ નિયમન ધારા અસ્તિત્વમાં આવ્યા છે. વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણ આપવાની શરૂઆત થયેલી છે. "Child by choice and not by Chance"ના સૂત્ર 'અમે બે અમારા બે'ના સૂત્રોનો ઉપયોગ ઠેરઠેર થવા પામ્યો છે. ભારત માટે એવું સૂત્ર અસ્તિત્વમાં છે કે, "India is a rich country But her Inhabiatants are poor." ધનિક ભારતમાં ગરીબો વસે છે. હવે આઝાદીના સાચાં ફળોનો સ્વાદ મેળવવા આપણે કોઇપણ સંજોગોમાં, આપણે વસતિ નિયંત્રણ માટે કટીબદ્ધ થવું જોઇએ અને કોઇપણ રીતે પ્રદૂષણો સહિતની પર્યાવરણીય જટિલ સમસ્યાઓને નાબૂદ કરવા સાવચેતી દાખવી જાગૃત થવું જોઇએ.

- **કચ્છની વસતિમાં થઇ રહેલો એકધારો વધારો :**

જગતમાં વસતિ વિસ્ફોટ થઈ રહ્યો છે. આ વધતી વસતિના ક્ષેત્રે આપણો દેશ ભારત કે આપણું રાજ્ય ગુજરાત અને જિલ્લો કચ્છ પાછળ રહી જાય તેવું નથી. આઝાદી બાદ કચ્છની વસતિમાં ૨૭.૨૫ ટકાનો વધારો થવા પામ્યો છે. જ્યારે છેલ્લા છ દાયકામાં પૃથ્વી પરની પ્રજામાં ૪૨૫ કરોડ લોકોનો મબલખ વધારો થયેલો છે. ઇ.સ. ૧૯૫૦માં વિશ્વની વસતિ જે ૨૫૬ કરોડની હતી તે વધીને ઇ.સ. ૨૦૦૯માં ૬૭૮ કરોડ થવા પામી. સમગ્ર વિશ્વમાં સવિશેષ વસતિ વધારો માત્ર અલ્પવિકસિત દેશોમાં થાય છે. વિશ્વની સૌથી વિશેષ વસતિ એશિયા ખંડમાં પથરાયેલી છે.

ઇ.સ. ૧૯૫૦-૫૧ માં કચ્છની વસતિ ૫,૬૭,૬૦૬ની હતી. ત્યારે ભારતની વસતિ ૩૬.૧૧ કરોડની હતી. કચ્છમાં રાવશ્રી દેશળજીના સમયમાં સંવત ૧૯૦૯ ઇ.સ. ૧૮૪૩માં વસતિ ગણતરી કરવામાં આવેલી ત્યારે કચ્છમાં ૮૯૬ ગામો હતા.

**કચ્છમાં વસતિ વૃદ્ધિ**

| *વર્ષ* | *કુલ વસતિ* |
|---|---|
| ઇ.સ. ૧૮૪૩ | ૦૪,૦૯,૧૪૮ |
| ઇ.સ. ૧૮૫૧ | ૦૪,૮૪,૮૭૨ |
| ઇ.સ. ૧૯૦૧ | ૦૪,૮૮,૦૨૨ |
| ઇ.સ. ૧૯૨૧ | ૦૪,૮૫,૫૪૭ |
| ઇ.સ. ૧૯૩૧ | ૦૫,૧૪,૩૦૭ |
| ઇ.સ. ૧૯૪૧ | ૦૪,૯૮,૫૪૧ |
| ઇ.સ. ૧૯૫૧ | ૦૫,૬૭,૬૦૬ |
| ઇ.સ. ૧૯૬૧ | ૦૬,૯૬,૪૪૦ |
| ઇ.સ. ૧૯૭૧ | ૦૮,૪૯,૬૭૬ |
| ઇ.સ. ૧૯૮૧ | ૧૦,૫૦,૧૬૧ |
| ઇ.સ. ૧૯૯૧ | ૧૨,૬૨,૫૦૭ |
| ઇ.સ. ૨૦૦૧ | ૧૫,૮૨,૭૫૯ |

**ભારતમાં વસતિ વૃદ્ધિ**

| *વર્ષ* | *જનસંખ્યા* |
|---|---|
| ઇ.સ. ૧૯૫૧ | ૩૬.૧૧ કરોડ |
| ઇ.સ. ૧૯૬૧ | ૪૩.૦૦ કરોડ |
| ઇ.સ. ૧૯૭૧ | ૫૪.૮૨ કરોડ |
| ઇ.સ. ૧૯૮૧ | ૬૮.૩૭ કરોડ |
| ઇ.સ. ૧૯૯૧ | ૮૪.૬૩ કરોડ |
| ઇ.સ. ૨૦૦૧ | ૧૦૨ કરોડ |

**કચ્છ, વસતિના ધોરણે ગુજરાતમાં ૧૯મું સ્થાન ધરાવે છે.** કચ્છમાં ઉત્તરોત્તર શહેરોમાં વસતિ વધતી જ જાય છે. કચ્છમાં શહેરોની વસતિ ઇ.સ. ૨૦૦૧માં ૪,૭૪,૫૫૬ની હતી. કચ્છમાં હજાર પુરુષોએ સ્ત્રીનું પ્રમાણ ૯૪૨ છે. જે ગુજરાતનું ૯૧૧ અને ભારતનું ૯૩૩ છે.

**વિશ્વમાં વધતી જતી જનસંખ્યા**

| *ક્રમ* | *દેશનું નામ* | *ઇ.સ. ૨૦૦૯માં વસતિ કરોડમાં* |
|---|---|---|
| ૧ | ચીન | ૧૩૩ |
| ૨ | ભારત | ૧૧૫ |
| ૩ | અમેરિકા | ૩૧ |
| ૪ | ઇન્ડોનેશિયા | ૨૩ |
| ૫ | બ્રાઝિલ | ૧૯ |
| ૬ | પાકિસ્તાન | ૧૭ |
| ૭ | બાંગ્લાદેશ | ૧૬ |
| ૮ | નાઇજીરિયા | ૧૫ |
| ૯ | રશિયા | ૧૪ |
| ૧૦ | જાપાન | ૧૦ |

**વસતિનુ ભાવિ**

| *દેશ* | *ઇ.સ. ૨૦૫૦માં વિશ્વના દેશમાં વસતિ કરોડમાં* |
|---|---|
| ભારત | ૧૬૨ |
| ચીન | ૧૪૭ |
| અમેરિકા | ૪૦ |
| ઇન્ડોનેશિયા | ૩૪ |
| પાકિસ્તાન | ૨૭ |
| બ્રાઝિલ | ૨૧ |
| બાંગ્લાદેશ | ૨૧ |
| નાઇજીરિયા | ૨૧ |
| રશિયા | ૧૨ |
| જાપાન | ૧૦ |

**આટલી ઝડપથી વધતી વસતિ માટે પુત્ર પ્રાપ્તિની લાલસા, સંતતિ નિયમનનો અભાવ, સ્ત્રી શિક્ષણની અલ્પ માત્રા, વિધવા પુનર્લગ્ન, બાળ લગ્નો આદિને જવાબદાર માનવામાં આવ્યા છે.** વસતિ વધારાની અનેક વિપરીત અસરો આજે જગતમાં અને સમગ્ર ભારતમાં જોવા મળે છે. ગ્લોબલ વોર્મિંગની અસરોથી ભારત બાકાત નથી. વરસાદનું પ્રમાણ ઘટતું જ જાય છે. સમયસર અને પ્રમાણસર વરસાદ આવતો

*(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)*

*વિચારવું સો વાર, ઉચ્ચારવું કોઈ વાર અને લખવું એક વાર.*

# યાદશક્તિ કેવી રીતે કામ કરે છે?

• પરીક્ષિત જોબનપુત્રા •

મહર્ષિ પતંજલિએ 'પાતંજલ યોગદર્શન'માં સમાધિપદમાં આ સૂત્ર આપ્યું છેઃ

**अनुभूता विषया सम् प्रमोसः स्मृति ।**

અર્થાત્, અનુભવ મારફત આપણા મનમાં સચવાયેલા વિષયને યાદશક્તિ કહેવાય. આપણે રોજિંદા જીવનમાં જીભ, આંખ, કાન, નાક અને ચામડી- આ પાંચ ઇન્દ્રિયો દ્વારા અનેક વસ્તુઓનો અનુભવ કરીએ છીએ. આ અનુભવ યાદશક્તિ રૂપે મગજમાં સાચવીએ છીએ અને જરૂર પડે ત્યારે તેનો ઉપયોગ કરીએ છીએ.

## • યાદશક્તિ કેવી રીતે કામ કરે છે?

જેમ કોઇ પણ સાધનનો ઉપયોગ કરવા તે કેવી રીતે કામ કરે છે તે જાણવું જરૂરી છે, તે જ રીતે યાદશક્તિનો મહત્તમ ઉપયોગ કરવા માટે તે કેવી રીતે કામ કરે છે તે સમજવું જોઇએ. ત્યારપછી જ સમજી શકાશે કે શા માટે અમુક જ વ્યક્તિઓ સારી યાદશક્તિ ધરાવે છે. આપણી યાદશક્તિ ચાર તબક્કામાં કામ કરે છે :

**(૧) તે વસ્તુ કે વિગતને ઓળખે છે.**

**(૨) તેની છાપ મગજ પર વિકસાવે છે.**

**(૩) જે-તે છાપને મગજમાં સાચવી રાખે છે.**

**(૪) સાચવેલી વિગતનો જરૂર પ્રમાણે ઉપયોગ કરે છે.**

આ બધા જ તબક્કાઓને વધુ સારી રીતે સમજીએ :

### ૧. ઓળખાણ :

યાદશક્તિની પ્રક્રિયાનો આ પ્રથમ તબક્કો છે. કોઇ પણ વસ્તુને ઓળખવા માટે કુદરતે આપણને પાંચ ઇન્દ્રિયો (આંખ, કાન, નાક, જીભ, ચામડી) આપી છે. કોઇ એક જ વસ્તુને ઓળખવા માટે આપણે એક અથવા એકથી વધુ ઇન્દ્રિયોનો ઉપયોગ કરી શકીએ છીએ.

જેમ કે ગુલાબજાંબુને સ્પર્શ કરીને તે ગરમ છે કે નહીં તે જાણીએ છીએ તેમજ સૂંઘીને, જોઇને અને સ્વાદથી તેને ઓળખીએ છીએ.

ડૉ. બ્રુનો ફ્રોસ્ટે (Bruno Frost) કઇ ઇન્દ્રિયોને કેટલું યાદ રહે તે વિશે ઘણાં વર્ષો સુધી સંશોધનો કર્યા છે. તે માટે નીચે દર્શાવેલ ચાર્ટ આપ્યો છે :

| *ક્રમ* | *કેવી રીતે?* | *કેટલું યાદ રહે?* |
|---|---|---|
| ૧. | વાંચીને | ૨૫% |
| ૨. | સાંભળીને | ૩૫% |
| ૩. | જોઇને | ૫૦% |
| ૪. | બોલીને | ૭૫% |
| ૫. | ઉપરની ચારેય રીતે | ૯૫% |

આમ જેટલી વધુ ઇન્દ્રિયોનો ઉપયોગ, તેટલી સારી છાપ. **પરંતુ અહીં ખાસ બાબત ધ્યાનમાં લેવા જેવી છે કે પાંચેય ઇન્દ્રિયો માધ્યમ તરીકે વર્તે છે. એટલે કે આપણી આંખ કશું જોઇ શકતી નથી. તે તો માત્ર કેમેરા જેવું કામ કરે છે. તે માત્ર વસ્તુ કે વિગતના ફોટા પાડીને મગજ સુધી મોકલે છે. મગજ નક્કી કરે છે કે આપણે જોયેલી વસ્તુ કઇ છે?** બસ, આવું જ કાનનું છે. કાન સાંભળતા નથી, પણ અવાજના સંદેશા માત્ર ઝીલે છે. જીભ અને નાક પણ સ્વાદ અને ગંધના સંદેશા ઝીલવાનું જ કામ કરે છે. કોઇ વસ્તુ શું છે, કેવી છે, તે ઓળખવાનું કામ મગજનું છે. કોઇ પણ વસ્તુની ઓળખાણ થયા વિના તેને યાદ રાખવાનું શક્ય જ નથી.

તમે ગુજરાતી ભાષાને ઓળખો છો, તેથી આ પુસ્તક વાંચી શકો છો, પણ જો આ પુસ્તક તામિલ અથવા તેલુગુ ભાષામાં લખ્યું હોત તો વાંચી શકત ખરા? આંખો માત્ર તેના ફોટા પાડીને મગજ સુધી મોકલશે, પણ મગજ તે ભાષા ઓળખતું ન હોવાથી તેની છાપ મગજ પર ઉપસાવી શકશે નહિ.

**એક સંશોધન પ્રમાણે, સ્કૂલ-ટ્યૂશનમાં જે પાઠ ચલાવવાના હોય તે પાઠ આગલા દિવસે વાંચીને જવું હિતકારક છે. આમ કરવાથી જ્યારે તે પાઠ ચાલતો હોય ત્યારે વધુ સારું ધ્યાન કેન્દ્રિત થાય છે અને વધુ એકાગ્રતાને કારણે તે પાઠ ઝડપથી યાદ રહી જાય છે.**

### ૨. નોંધણી :

આ તબક્કામાં ઓળખેલી વસ્તુની છાપ મગજ પર પડે છે. આ છાપ મગજમાં રાસાયણિક ફેરફારોના રૂપે છપાય છે. જેમ ગીતોની કેસેટમાં ધ્વનિના તરંગો કેસેટની મેગ્નેટિક ટેપ પર છપાય છે તે જ રીતે આપણે જોયેલી, સાંભળેલી વસ્તુઓની છાપ આપણા મગજમાં છપાય છે. આ છાપ જેટલી વધુ સ્પષ્ટ તેટલી જ સારી યાદશક્તિ.

કોઇ પણ વસ્તુને ઓળખવી એ એક વાત છે અને તેની છાપ મગજમાં ઉપસાવવી તે અલગ વાત છે. કોઇ પણ વસ્તુની છાપ ઉપસાવવા માટે આપણું તે તરફનું ધ્યાન અગત્યનો ભાગ ભજવે છે. જે ઘટના આપણી સામે બને છે તે તરફ આપણું પૂરતું ધ્યાન ન હોય તો તેની છાપ મગજ પર પડતી નથી.

એક વખત એક ગુજરાતી વિષયના શિક્ષકે વિદ્યાર્થીને સવાલ પૂછ્યો : 'હકીકત અને ભ્રમ એ બન્ને વચ્ચે શું તફાવત છે?' એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો. 'સર, તમે ભણાવો

*કરકસર સારી બાબત છે, પણ તેમાં સામાન્ય બુદ્ધિ વાપરવી એટલી જ જરૂરી છે.*

છો તે 'હકીકત' છે, પણ જો તમને એવું લાગતું હોય કે અમે ભણીએ છીએ તો એ તમારો 'ભ્રમ' છે.'

મોટે ભાગે એક બાજુ સાહેબ ભણાવતા હોય ને બીજી બાજુ આપણે ચોરી-છૂપીથી નાસ્તો કરવામાં, વાતો કરવામાં, કોઇને હેરાન કરવામાં, SMS-SMS રમવામાં વ્યસ્ત હોઇએ છીએ. જેથી સાહેબ જે બોલે છે તે સંભળાય તો છે, પણ તેમાં ધ્યાન ન હોવાથી તેની છાપ મગજ પર પડતી નથી. પરિણામે શિક્ષક ઊભા કરી પ્રશ્ન પૂછે તો આપણો જવાબ સાચો પડતો નથી.

માટે જ જો સ્કૂલ અથવા ટ્યૂશનમાં ભણાવેલું સારી રીતે યાદ રાખવું હોય તો તમારા મગજને બીજે ભટકવા દેશો નહીં. સંપૂર્ણ ધ્યાન શીખવામાં જ રાખો, નહિતર સમજાવેલી વિગત યાદ કરવા ઉજાગરો કરીને ગોખવી પડશે. માટે ક્લાસમાં ધ્યાન આપો અને બિન્દાસ ભણો.

**૩. સંગ્રહ :**

**યાદશક્તિની કેળવણીમાં આ તબક્કો સૌથી મહત્ત્વનો ગણાય છે. વસ્તુની છાપ મગજ પર પડી ગયા પછી તેને મૂળ સ્વરૂપે જાળવી રાખવાનું કામ આ તબક્કામાં થાય છે. જો વસ્તુની છાપ ઉપસાવવામાં ખામી રહી ગઇ હોય, તો તેનો સંગ્રહ પણ યોગ્ય રીતે થશે નહીં, પરંતુ એક વખત માહિતીનો સંગ્રહ થઇ ગયા પછી તેની છાપ આખા જીવન સુધી મગજ સાચવી રાખે છે.**

મગજ = કમ્પ્યૂટર

કમ્પ્યૂટરમાં ફાઇલ બનાવવી એટલે મગજમાં છાપ પાડવી અને Ctrl + s કરી માહિતીનો સંગ્રહ કરીએ એમ અહીં માહિતીનો સંગ્રહ કરવો. એક વાર સંગ્રહ કરેલી ફાઇલ Delete ન કરીએ ત્યાં સુધી તે કમ્પ્યૂટરમાં રહે છે. પણ મગજમાં સંગ્રહ કરેલી માહિતી જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી મગજમાં જ રહે છે. સિવાય કે મગજને કોઇ ઇજા થાય.

**૪. ઉપયોગ :**

સંગ્રહ કરેલ વિગતનો જરૂર પડતાં ઉપયોગ કરવો એ યાદશક્તિનો અંતિમ તબક્કો છે. ઘણી વખત આપણે લોકોને તેમની ખરાબ યાદશક્તિ વિશે ફરિયાદ કરતા સાંભળ્યા છે : 'અરે! મારો ભરોસો નહીં, ભૂલી પણ જવાય. હમણાંથી તો મને યાદ રહેતું જ નથી' વગેરે. પરંતુ જયારે આપણે ખરાબ યાદશક્તિની ફરિયાદ કરીએ છીએ તેનો મતલબ એ નથી કે આપણી સમગ્ર યાદશક્તિ ખરાબ છે. વૈજ્ઞાનિક રીતે જોઇએ તો એ માહિતી મગજમાં તો છે જ, પણ તમે તેનો ઉપયોગ કરવા માટે સક્ષમ નથી. ખામી યાદશક્તિમાં નહિ, ચોથા તબક્કામાં હોય છે.

*પરીક્ષિત જોબનપુત્રા*
*મો. ૯૮૨૫૨ ૧૮૧૪૫*
*પ્રેષક : શાંતિલાલ ગાલા*

## ભારતમાં વસતિ વૃદ્ધિ સમસ્યાઓ

*(અનુસંધાન : પાના નં.-૩૬ ઉપરથી ચાલુ)*

નથી. ખેતીલાયક જમીન કે ઉપજાઉ જમીન ઘટતી જાય છે. પરિણામે લોકો શહેરો તરફ રોજગારી માટે જઇ રહ્યા છે. શહેરોમાં વીજળી, વસવાટ અને પાણીના પ્રશ્નોથી લોકો ત્રસ્ત થયા છે. પ્રદૂષણો ચોમેર પ્રસરી રહ્યા છે.

ભીષણ ભૂકંપે ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ કચ્છને તો રફે દફે કરી નાંખ્યું. કચ્છને પુનર્જીવિત કરવા માટે કેટલીક 'ટેક્સ હોલીડે' નામની યોજનાએ દેશ વિદેશના નિયોજકો કે ઉદ્યોગ સાહસિકોને આકર્ષ્યા. કચ્છમાં લિગ્નાઇટ, બોક્સાઇટ, બેન્ટોનાઇટ, લાઇમ સ્ટોન, જીપ્સમ જેવી મહામૂલી ખનિજ સંપત્તિના વિપુલ ભંડારો છે. તેથી જ ભૂકંપ બાદ અસંખ્યાત ઉદ્યોગપતિઓ અહીં મૂડી રોકાણ કરી રહ્યા છે.

પરિણામે કચ્છમાં હાલે પરભાષી અને પરપ્રાંતીય વસતિ પણ વધી રહી છે અને વસી રહી છે. વ્યાપક શિક્ષિત રોજગારી તથા અશિક્ષિત રોજગારી કચ્છમાં મળી રહેતાં વસતિનો વ્યાપ વધી જ રહ્યો છે જે હવે ઇ.સ. ૨૦૧૧માં વીસ લાખની જનસંખ્યાને આંબી જશે.

*'સહજાનંદ', ૬/એ, લીમડા લેન*
*સ્વામિનારાયણ વિદ્યાલય રોડ,*
*સંસ્કાર નગર, ભુજ (કચ્છ)*

## V.C., YOUR FUTURE BEGINS NOW

એક બ્રિટિશ નાગરિક નામે વિન્સ્ટન ચર્ચિલ. ઉંમર વર્ષ ૬૦ પ્લસ.

એક સાંજે પોતાને ઘેર આરામ ખુરશી પર નિરાશ વદને, આંગળી વચ્ચે ચિરૂટ દબાવીને બેઠેલ છે. નિરાશા, લાચારી અને ખિન્નતા ચહેરા પર પથરાયેલી છે.

એની પત્ની ક્લેમેન્ટાઇનની નજર પડે છે ને તે પૂછે છે અરે વી.સી. કેમ આમ ઉદાસ છો? શું થયું?

ચર્ચિલ જવાબ આપે છે, 'ક્લેમી, શું કહું?'

હું સાવે સાવ નકામો માણસ છું. એક પણ કાર્ય માટે લાયક નથી. ૬૦ વર્ષ સુધી અનેક કાર્યોમાં ઝંપલાવી જોયું દરેક વખતે મારી પૂરી મહેનત છતાં નિષ્ફળતા જ મળી. થોડા દિવસ પહેલાં જ લશ્કરના ઉચ્ચ અધિકારી તરીકેની યોગ્યતાની પરીક્ષામાં પ્રથમ કક્ષામાં પસાર થયો અને છતાં તે પોસ્ટ મને ન મળતાં અન્યને મળી. આ દુનિયામાં હવે મારું શું કામ છે?

અને આમ ચર્ચિલ ડીપ્રેશનમાં ઊતરી ગયેલ છે. એની પત્ની બધું સાંભળીને ચર્ચિલને માત્ર એક જ બહુ નાનકડું વાક્ય કહે છે (વાક્ય બરાબર ધ્યાનથી સાંભળજો)

ક્લેમી કહે છે V.C., your future begins now.

અને એક દિવસ વિન્સ્ટન ચર્ચિલ બ્રિટનના વડા પ્રધાન બને છે. એટલું જ નહીં પણ બીજા વિશ્વયુદ્ધમાં મિત્ર રાજયોનો હીરો બની રહે છે. કેટલાક વર્ષો પછી ચર્ચિલે લખેલું કે તેની તમામ નિષ્ફળતાઓ એ સફળતા માટેના પગથિયાં જ હતાં.

*શાંતિલાલ સંઘવી*


## વિલંબિત ન્યાય

દેશની અદાલતોમાં લગભગ ૩ કરોડ કેસ પેન્ડિંગ રહેવા પામેલ છે કે જેમાંથી ૭૦ ટકા કેસમાં એક પક્ષકાર તરીકે સરકાર હોય છે. સરકારની કાર્યવાહીના કારણે કેસમાં ભરાવો થઇ રહ્યો છે અને પ્રજાને ન્યાય મળવામાં વિલંબ થઇ રહ્યો છે.

*કાંઈક કરવાની ધગશ તકને તાણી લાવે છે.*

# ગુજરાતી વિશ્વકોષ
# જ્ઞાનનું મંદિર અને શબ્દોની સાધના

● દીપક માંકડ ●




ગુજરાતીઓ વિશે એવું કહેવાય છે કે, તેઓ પોતાની અડધી કમાણી મોજશોખ અને ખાવા-પીવામાં ખર્ચે છે અને બાકીની કમાણી ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે રોકી દે છે. ધંધા કે બિઝનેસ સિવાય તેમને ઓછો રસ પડે. સ્પોર્ટસને ઉત્તેજન આપવાનો તો સવાલ જ નથી. આ સંજોગોમાં કોઇ એમ કહે કે ગુજરાતીઓ હવે પુસ્તકો પાછળ નાણાં ખર્ચતા થયા છે, દાન આપતા થયા છે તો?

ગુજરાતી ભાષાના જાણીતા સાહિત્યકાર કુમારપાળ દેસાઇ જ્યારે આ વાત કહેતા હોય ત્યારે ન માનવાનો સવાલ જ નથી અને તેમનું પ્રમાણ છે ગુજરાતી વિશ્વકોશ ભવન.

કચ્છના વિવિધ ક્ષેત્રના ઇતિહાસના આલેખનનો પ્રોજેક્ટ ઉપાડનાર કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની એક મિટિંગ માટે તાજેતરમાં અમદાવાદ જવાનું થયું ત્યારે બે સરસ સ્થળની મુલાકાત લેવાની તક મળી. એક હતી બી.જે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ લર્નિંગ એન્ડ રિસર્ચ (ભો.જે. અધ્યયન સંશોધન વિદ્યાભવન) અને બીજું સ્થળ હતું વિશ્વકોશ. ઉસ્માનપુરામાં આવેલું વિશ્વકોશ સંકુલ જ્ઞાનની જેને કિંમત છે એવા સાહિત્યશોખીનો માટે તો અદ્‌ભુત સ્થળ કહી શકાય.


અદ્યતન બાંધણીની ઇમારત અને લીલીછમ લોન ધરાવતા વિશ્વકોશ ભવનમાં દાખલ થતાં જ મન પ્રસન્ન બની જાય. વિશાળ રેફરન્સ લાઇબ્રેરી, વિશ્વકોશ તથા અન્ય પ્રકાશનોની ચાલતી પ્રક્રિયા અને ગુજરાતના ગણમાન્ય કહી શકાય એવા વિદ્વાનોનું ત્યાં સદેહે થતું સર્જન. કોઇ કવિતા લખે છે, કોઇ વિજ્ઞાન પર કામ કરે છે. અહીં જાણીતા કવિ ચંદ્રકાંત શેઠને મળવાનું થયું અને સિદ્ધહસ્ત સર્જક ચૂનીલાલ મડિયાના યુવાન પુત્રનોય ભેટો થયો. **બે પેઢીના અંતિમ બિંદુ એક જ સ્થળે ભેગા થાય એ વાતનું પ્રમાણ છે કે ગુજરાતી સાહિત્યનો રસ કદી ખૂટવાનો નથી.** સંકુલના વિવિધ વિભાગોમાં ફેરવતાં બહેન કહે છે, દુનિયાભરની વિવિધ વિષયોની ઢગલાબંધ માહિતી આવરી લેતા સંદર્ભ ગ્રંથો પ્રસિદ્ધ કરવાનું અભિયાન ઉપાડાયું ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલને ખૂબ રસ પડ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આ નર્મદા જેટલી જ અગત્યની યોજના છે અને તે નર્મદા સાથે જ પૂરી થવી જોઇએ. પણ અહીં ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટની ધગશ જોઇ લો. **નર્મદા યોજના હજુ અદ્ધરતાલ છે, જ્યારે ૨૫ ગ્રંથોનો વિશ્વકોશ સંપન્ન થઇ ચૂક્યો છે. ૨૪ વર્ષની સાધનાને અંતે.**



ટ્રસ્ટી કુમારપાળભાઇ કહે છે કે, વિશ્વકોશ તો ગુજરાતના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ અને સાહિત્યપ્રેમીઓના સંયુક્ત પ્રેમનું પરિણામ છે. બે કરોડનો આ પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે હાથમાં માંડ બે લાખ રૂપિયા હતા. ત્યારે કોઇએ કહ્યું હતું કે, આ તો રેતીમાં વહાણ ચલાવવા જેવું કામ. કુમારપાળભાઇએ ત્યારે જવાબ આપ્યો હતો કે, પાણીમાં તો સૌ કોઇ ચલાવી જાણે. શા માટે રેતીમાં વહાણ હંકારવાની મજા ન લેવી? અને આ વહાણ ચાલ્યું નહીં, દોડ્યું અને હજુએ સઢમાં પવન ભરીને સડસડાટ આગળ વધી રહ્યું છે.

*કેવળ સ્વાર્થની ગણતરી પર આધારિત માનવસંબંધો પ્લાસ્ટિકના ફૂલ જેવાં જણાય છે.*

**ગુજરાતી ભાષાની જીવાદોરી કહી શકાય એવા આ અભિયાનના પાયામાં ગુજરાતના કર્મઠ સંત પૂ. શ્રી મોટાની પ્રેરણા તથા ડો. ધીરુભાઇ ઠાકર, પીઢ ગાંધીવાદી કાર્યકર સ્વ. સાકળચંદભાઇ પટેલની મહેનત લાગેલી છે.** પૂ. શ્રી મોટાએ પ્રેરણા આપતાં ત્યારે કહેલું કે ગુજરાતને બેઠું કરવું હોય તો આપણી ભાષામાં વિશ્વકોશ બનાવવો જોઇએ.



વિશ્વકોશ એટલે એન્સાઇકલોપીડિયા. આજનો યુગ માહિતીનો છે. સતત પરિવર્તન અને ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવું હશે એણે દુનિયાની ગતિવિધિથી વાકેફ રહ્યા વિના છૂટકો નથી. અદ્યતન અને પ્રમાણભૂત માહિતી આપતું હાથવગું જ્ઞાન સાધન એટલે વિશ્વકોશ. તેની વિશેષતા અને રચના પર નજર નાખીએ તો અઢી કરોડના ખર્ચે તૈયાર થયેલી બૃહદ ગ્રંથશ્રેણીમાં એક હજાર પાનાનો એક એવા ૨૫ ગ્રંથો છે. 'અ' થી 'હ' સુધીના ૧૯૮થી વધુ વિષયોના આશરે ૨૩,૦૦૦થી વધુ લખાણ તેમાં જોવા મળે છે. **આ એવા ગ્રંથો છે જે અધ્યાપકને અને વિદ્યાર્થીને, ઉદ્યોગપતિને અને વેપારીને, ડોક્ટરને અને ધારાશાસ્ત્રીને, ઇજનેરને અને ટેકનિશિયનને, કલાકારને અને સાહિત્યસર્જકને તેવી જ રીતે વિજ્ઞાનીને, ટેકનોક્રેટને, અર્થશાસ્ત્રીને, સમાજશાસ્ત્રસ્ત્રીને, ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસીઓને એક સમાન રીતે ઉપયોગી છે.**

વિશ્વકોશના ૨૫ ગ્રંથ પ્રસિદ્ધ થઇ ગયા. હવે શું? જવાબ છે ગુજરાતી બાળવિશ્વકોશ. આશરે ૧૫૦૦ પૃષ્ઠના બાળવિશ્વકોશની રચના થઇ રહી છે. આ આખી શ્રેણીના બધા જ કોશ રંગીન ચિત્રો સાથે તૈયાર થશે. ડૉ. ચંદ્રકાંત શેઠ તેના પ્રમુખ સંપાદક છે. આ કોશ બાળકોને સમજાય એવી સરળ ભાષામાં અને બાળકોને વાંચવાનું મન થાય, પાનાં ખોલતાં જ મજા પડી જાય એ રીતે તૈયાર કરાઇ રહ્યા છે. એ સિવાય ચરિત્રકોશનું કામ ચાલી રહ્યું છે. આયુર્વિજ્ઞાનના લેખોનો સંચય કરીને પુસ્તક પ્રગટ કરવાની યોજના છે. વિવિધ રોગ વિશે પુસ્તકો ઉપરાંત પારિભાષિક કોશ, નાટ્યકોશ, સમાજ વિજ્ઞાન, જૈવ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન કોશ, ધર્મતત્ત્વ કોશ જેવા વિવિધ વિષયોના કોશ પ્રગટ કરવાની યોજના છે. એટલું જ નહીં ગુજરાત સરકાર તરફથી બહાર પડતા ગેઝેટિયરનું કામ પણ સરકાર તરફથી આ ટ્રસ્ટને સોંપવામાં આવ્યું છે.

જ્ઞાનને દિશાદષ્ટિ આપવાની નેમ સાથે નવો પ્રોગ્રામ શરૂ કરાયો છે. વિશ્વકોશ લઇને શાળાઓમાં છાત્રો વચ્ચે જઇએ છીએ. જેથી બાળકોમાં જિજ્ઞાસા ઊભી થાય. ડૉ. વિક્રમ સારાભાઇ ગુજરાતના દિગ્ગજ વિજ્ઞાની. પણ તેમના પર ગુજરાતી ભાષામાં અણીશુદ્ધ ચરિત્રલેખન નહોતું થયું. વિશ્વકોશે તેમના પર પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. ઉપરાંત વિશ્વકોશ લલિત કેન્દ્રના ઉપક્રમે વ્યાખ્યાનમાળા સહિતની પ્રવૃત્તિ પણ સમયાંતરે હાથ ધરવામાં આવે છે.

આ કામ રોકાવાનું નથી. હવે તો સારાં-માઠાં પ્રસંગોને નિમિત્ત બનાવીને વિશ્વકોશને દાન મળી રહ્યું છે. ગુજરાતીઓ આમેય સખાવતી કોમ. ધર્મ અને સમાજની સાથે તેમની દૃષ્ટિ સાહિત્ય પ્રસાર, ગુજરાતી પ્રસાર ઉપર પડી છે એ સારી વાત છે.

પૂ. શ્રી મોટાના વિચારબીજમાંથી આટલું વિશાળ વટવૃક્ષ કઇ રીતે તૈયાર થયું? કઇ રીતે અજાણ્યાઓનોય સાથ મળવા લાગ્યો? તેનો જવાબ કુમારપાળભાઇ સાથેની વાતચીતમાં મળી જાય છે કે પારદર્શિતા હોય તો જ પૈસા આવે. તેઓ ગૌરવભેર કહે છે આ તો પ્રજાના પ્રેમ થકી સર્જાયેલું દૃષ્ટાંત છે. અહીં અજાણ્યા સાહિત્ય કે ભાષાપ્રેમીને આવકાર મળે છે.

અમદાવાદ જાવ ત્યારે કાંકરિયા ગાર્ડન, મલ્ટીપ્લેક્ષ, શોપિંગ મોલ્સ, ક્રોસવર્ડની સાથે વિશ્વકોશનીય મુલાકાત લેવા જેવી છે.

સંસ્થાની વેબસાઇટ : www.vishwakosh.org

## સુપ્રસિદ્ધ સિને ગાયક સાયગલ

સિને અભિનેતા મોતીલાલ અને સુપ્રસિદ્ધ ગાયક સાયગલ બન્ને ગાઢ મિત્રો. એકવાર મોતીલાલના જન્મ દિવસે મોતીલાલ બીમાર મિત્ર સાયગલને મળવા ગયા. પણ નાદુરસ્ત તબિયતના કારણે સાયગલને હેરાન ન થવું પડે માટે સાંજની પાર્ટીની વાત કહી નહીં.

પરંતુ સાયગલને ખબર પડતાં જ તે પોતાનું અતિપ્રિય હાર્મોનિયમ ગળે ભરાવી પાડોશી મિત્રની મદદ લઇને મોતીલાલને ઘેર પહોંચી ગયા અને હાર્મોનિયમ વગાડતા અને ગીત ગાતા દાદર ચઢી ઉપર ગયા.

ત્યાં સાયગલને ઉધરસ આવતાં તેણે કહ્યું કોઇ સાથ આપશે?

ત્યાં બેઠેલા નાની ઉંમરના અને અજાણ્યા યુવાને ગાવા માંડ્યું. સાયગલ ખૂબ ખુશ થયા અને બોલ્યા 'બેટા, તું બહુ સરસ ગાય છે. પણ હું તને કશું આપી શકું એમ નથી. પણ એમ કર, આ મારું હાર્મોનિયમ તું રાખી લે.'

એ યુવાન તે મુકેશ. લોકલાડીલા ગાયક મુકેશે એ હાર્મોનિયમ જીવનભર જિગરની જેમ સાચવી રાખ્યું.

પોતાના મિત્રની પાર્ટીમાં વિના આમંત્રણે પહોંચી જવું. નાના અને શીખાઉ ગાયકની પ્રશંસા કરવી એવી ઝિંદાદિલી આજે કોઇ કવિ, લેખક શિક્ષક, કલાકાર કે બીજામાં જોવા મળે ખરી?

***'કુમાર' મે ૨૦૧૦ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

## અભય વિનાની અહિંસા

અહિંસા જ્યારે કાયરતા, અનિર્ણાયકતા અને મધુર છતાં જૂઠા શબ્દને પનારે પડે ત્યારે એ મહાત્મા ગાંધીની કે મહાવીરની અહિંસા રહેતી નથી. મહાવીર સ્વામીએ મેઘકુમારને ઉપદેશ આપ્યો ત્યારે કહ્યું હતું. 'અભય વિનાની અહિંસા તો અહિંસા જ નથી.' સાચી વાત ગોળ ગોળ વાણીમાં દબાતા સાદે કહે તે કદી પણ 'ગાંધીજન' ન હોઇ શકે.

***– ગુણવંત શાહ***

*હૃદય ખોલવા માટે એક પણ પાત્ર ન હોય એ મનુષ્ય ગરીબ ગણાય.*

# ભારતીય રિઝર્વ બેંકનાં ૭૫ વર્ષ...

• હરસુખ થાનકી •

કોઇ પણ દેશના અર્થતંત્રનો એક મુખ્ય આધાર હોય છે તેનું ચલણ એટલે કે નાણું. નાણાની વાત આવે એટલે બેંક યાદ આવે અને બેંક યાદ આવે એટલે દેશમાં તમામ બેંકોની બેંક ગણાતી રિઝર્વ બેંકની વાત કરવી પડે. નાનાથી મોટા પગારદાર કે વ્યવસાયીઓને વ્યવસાયિક બેંકો સાથે તો રોજિંદો પનારો પડતો રહે છે, પણ રિઝર્વ બેંક સાથે તેમને સીધી કોઇ લેવાદેવા હોતી નથી, પણ તેઓ જે બેંક સાથે સંકળાયેલા હોય છે, એ બેંકને રિઝર્વ બેંક સાથે પનારો હોઇ સામાન્ય માણસ સુધી પણ તેની અસર એક યા બીજી રીતે પહોંચતી હોય છે.

દેશના અર્થતંત્રનો મુખ્ય આધાર ચલણ એટલે જુદાજુદા મૂલ્યના સિક્કાઓ અને નોટો. તેનું વ્યવસ્થાપન કરવું એ એક કપરું કામ હોય છે અને આ કપરું કામ ભારતીય રિઝર્વ બેંક છેલ્લા ૭૫ વર્ષોથી સુપેરે પાર પાડતી આવી છે. **દેશમાં બ્રિટિશ શાસન હતું ત્યારે ૧૯૩૫માં સ્થપાયેલી રિઝર્વ બેંકને આ વર્ષે ૭૫ વર્ષ પૂરાં થયાં છે.** આ વર્ષે તેની પ્લેટિનમ જયંતી ઊજવાઇ રહી છે. વીતેલાં ૭૫ વર્ષમાં દેશે ગુલામીમાંથી આઝાદી અને આઝાદ ભારતમાં રાજકીય સત્તાપલટાઓથી માંડી ગ્લોબલાઇઝેશન સહિતની રાજકીય અને આર્થિક ક્ષેત્રે જે અનેક ચઢતી અને પડતી જોઇ તેની અસરમાંથી રિઝર્વ બેંક પણ બાકાત રહી નથી.

ભારતમાં બેંકોની બેંક ગણાતી રિઝર્વ બેંકનાં કેટલાંક જવાબદારીભર્યા કામ તો એવાં છે કે સામાન્ય માણસને તો તેમાં કંઇ ટપ્પો ન પડે. છાપાંમાં અને ટીવીમાં અવારનવાર રિઝર્વ બેંક દ્વારા જારી થનારા 'રીપો' અને 'રિવર્સ રીપો'ના દર અંગેના જે સમાચારો આવતા રહેતા હોય છે તેમાં સામાન્ય માણસને ભાગ્યે જ કોઇ રસ પડતો હોય. પણ આવી તો બીજી ઘણી નીતિવિષયક કામગીરી રિઝર્વ બેંક ભજવતી જ રહેતી હોય છે.

રિઝર્વ બેંક અંગ્રેજોની દેન છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી દુનિયાભરના દેશોનાં અર્થતંત્ર ખાડે ગયાં હતાં. બ્રિટિશ શાસન હેઠળનું ભારત પણ તેમાં બાકાત નહોતું. એ વખતે ભારતની જે આર્થિક સ્થિતિ હતી તેની સમીક્ષા કરવા અને ઉપાયો સૂચવવા બ્રિટિશ સરકારે હિલ્ટન એન્ડ યંગ કમિશનની રચના કરી હતી. ૧૯૨૬માં આ કમિશને દેશમાં નાણાંનું સુચારુ વ્યવસ્થાપન થઇ શકે તે માટે એક સેન્ટ્રલ બેંક સ્થાપવાની ભલામણ કરી હતી. તેને પગલે અંતે ૧૯૩૪માં રિઝર્વ બેંક માટે એક ધારો તૈયાર થયો **અને ૧૯૩૫ની ૧લી એપ્રિલે રિઝર્વ બેંકની સ્થાપના કરાઇ.** એ વખતે તેની મુખ્ય કચેરી કોલકાતામાં સ્થપાઇ હતી. જોકે પછી ૧૯૩૭માં તેને કાયમ માટે મુંબઇ ખસેડી લેવાઇ હતી. દેશ આઝાદ થયો તે પછી રાષ્ટ્રીયકરણ કરાતાં રિઝર્વ બેંક સરકારી બેંક બની ગઇ. પણ તેની સ્થાપના વખતે તે ખાનગી બેંક હતી. **૧૯૪૭માં દેશ આઝાદ થયા બાદ ૧૯૪૯ની ૧લી જાન્યુઆરીએ તે રાષ્ટ્રીય બેંક બની હતી.** ૧૯૪૮માં જ્યારે રિઝર્વ બેંકના તત્કાલીન ગવર્નર ડૉ. ચિંતાનામ દેશમુખે પૂણેમાં રિઝર્વ બેંકના રાષ્ટ્રીયકરણની જાહેરાત કરી હતી ત્યારે બેંકના શેરહોલ્ડરોએ આ રાષ્ટ્રીયકરણનો વિરોધ કર્યો હતો, પણ તેમનું કંઇ ઊપજ્યું નહોતું.

દેશના સમગ્ર બેન્કિંગ ક્ષેત્ર પર લગામ ધરાવતી બેંકોની બેંક રિઝર્વ બેંકની કામગીરી થોડીઘણી પણ સમજવા માટે દેશના ચલણી નાણાના મૂળ સુધી પહોંચવું પડે. કારણકે રિઝર્વ બેંકની કામગીરીના કેન્દ્રમાં ચલણી નાણું જ છે અને બાકી બધી બાબતો પણ આખરે તો ચલણી નાણા થકી જ ઉદ્‌ભવેલી એમ કહેવામાં કંઇ ખોટું નથી.

દેશમાં ચલણી નાણા તરીકે જાતજાતનાં સિક્કાઓ તો સદીઓથી અસ્તિત્વ ધરાવતા રહ્યા છે, પણ કાગળની ચલણી નોટોની વાત આવે એટલે બ્રિટિશ સરકારને યાદ કરવી પડે, અને તેનાં મૂળ પણ છેક ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ સુધી વિસ્તરેલાં છે. આઝાદી માટેના એ જંગ પછી દેશનું અર્થતંત્ર સાવ પડી ભાંગ્યું હતું. તેને એ ખાડામાંથી બહાર કાઢવા છેક બ્રિટનથી એક અર્થશાસ્ત્રી જેમ્સ વિલસન ભારત આવ્યો હતો. તેણે જે અહેવાલ આપ્યો હતો તેમાં કાગળની ચલણી નોટ જારી કરવાની બાબતનો પણ સમાવેશ થતો હતો.

જેમ્સ વિલસન વાઇસરોયની સલાહકાર સમિતિનો સભ્ય હતો. પછીથી તેના સ્થાને આવેલા સેમ્યુઅલ લેવિંગે ૧૮૬૧માં જેમ્સ વિલસને કાગળની ચલણી નોટોના કરેલા વિચારને અમલીકરણના વાઘા પહેરાવવા શરૂ કર્યા હતા. **તેના એ પ્રયાસોથી ૧૮૬૧ની ૧૫ જુલાઇએ એ સમયની પ્રેસિડન્સી બેંકે રૂ. ૧૦ ના મૂલ્યની પહેલી ચલણી નોટો સરકાર વતી ચલણમાં મૂકી હતી.** કાગળની નોટોને ચલણમાં મૂકવા માત્રથી કામ પૂરું નહોતું થઇ જતું. એ પછી તેનો વહીવટ કરતા રહેવું પણ જરૂરી હતું. એ સમયે એ કામગીરી પ્રેસિડેન્સી બેન્કે સંભાળી લીધી હતી, ત્યારથી કાયમ માટે એ તેના ગળામાં જ ભેરવાઇ ગઇ. પછી ૧૯૩૫માં દેશમાં રિઝર્વ બેંકનો પ્રારંભ થયો ત્યારથી આ કામગીરી તેના ભાગે આવેલી છે, અને તે ૧૮૬૧માં ઘડાયેલા કરન્સી એક્ટ હેઠળ આ કામગીરી બજાવ્યે જાય છે.

૧૯૩૫માં રિઝર્વ બેંકનો પ્રારંભ થતાં તેણે એ વખતે કરન્સી નોટો માટે કામગીરી બજાવતા કન્ટ્રોલર ઓફ કરન્સી ઇમ્પિરિયલ

*હું મહાત્મા ગણાઉં તેથી મારું વચન સાચું જ છે એમ માનીને કોઈ ન વર્તે – ગાંધીજી.*

બેંક પાસેથી આ કામગીરીનો હવાલો સંભાળી લીધો હતો. એ વખતે કોલકાતા, મુંબઇ, મદ્રાસ, રંગૂન, કરાંચી, લાહોર અને કાનપુર ખાતેની કરન્સી ઓફિસો રિઝર્વ બેંકની ઇસ્યુ ડિપાર્ટમેન્ટની શાખાઓ બની ગઇ. રસપ્રદ વાત એ છે કે એ વખતે દિલ્હીમાં આવી કોઇ કચેરીની જરૂર જણાઇ નહોતી.

રિઝર્વ બેંકની પોતાની નોટો તૈયાર ન થઇ જાય ત્યાં સુધી ભારત સરકારે બહાર પાડેલી નોટો ઇસ્યુ કરવાનો તેને અધિકાર મળ્યો હતો. **રિઝર્વ બેંક સ્થપાઇ તે પહેલાં ૧૯૨૮માં નાસિક ખાતે કરન્સી નોટ પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કરી દેવાયું હતું અને દેશની કરન્સી નોટોની જરૂરિયાત આ પ્રેસ પૂરી પાડવા માંડ્યું હતું.** રિઝર્વ બેંકે પોતે કરન્સી નોટો બહાર પાડવા તૈયાર કરી ત્યારે બેંકના કેન્દ્રીય બોર્ડે એવી ભલામણ કરી હતી કે ડિઝાઇનમાં થોડોઘણો ભલે ફેરફાર કરવામાં આવે, પણ ચલણમાં જે સરકારી નોટો હતી, તેના કદ, આકાર અને દેખાવ મહદ્અંશે જળવાઇ રહે તો સારું.

૧૯૩૭માં રિઝર્વ બેંકે પ્રથમ કરન્સી નોટ જારી કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી હતી. થોડા સમયમાં રાજા એડવર્ડ આઠમાના ચિત્ર સાથેની ડિઝાઇન પણ તૈયાર થઇ ગઇ હતી, પણ એ જ અરસામાં એડવર્ડ આઠમાએ પોતાના પ્રેમ પ્રકરણને કારણે બ્રિટનની ગાદી છોડી દેવાનું મુનાસિબ ગણ્યું હતું. તેનાં બ્રિટનમાં કે અન્યત્ર જે પરિણામો આવ્યાં હોય તે, પણ ભારતમાં રિઝર્વ બેંક દ્વારા જારી થનારી પ્રથમ ચલણી નોટનું કામ ખોરંભે પડી ગયું હતું. **એ પછી ફરી નવી ડિઝાઇન બનાવાઇ, અને રાજા જ્યોર્જ છઠ્ઠાના ચિત્ર સાથે પાંચ રૂપિયાની પહેલી નોટ ૧૯૩૮ના જાન્યુઆરીમાં બહાર પાડી શકાઇ હતી. એ પછી એ જ વર્ષે ફેબ્રુઆરીમાં દસ રૂપિયાની નોટ, માર્ચમાં ૧૦૦ રૂપિયાની નોટ અને જૂનમાં ૧૦૦૦ તથા ૧૦ હજાર રૂપિયાની નોટો જારી કરાઇ હતી.**

રિઝર્વ બેંક દ્વારા બહાર પડાતી નોટો પર બેંકના ગવર્નરની સહી હોય છે, પણ રિઝર્વ બેંકના પ્રથમ ગવર્નર સર ઓસ્બોર્ન સ્મિથને આવી કોઇ તક મળી નહોતી, કારણ કે તેમનો કાર્યકાળ ૧૯૩૭ની ૩૦મી જૂને પૂરો થઇ ગયો હતો અને ત્યાં સુધી રિઝર્વ બેંકે કોઇ નોટ બહાર પાડી નહોતી. બેંકના બીજા ગવર્નર સર જેમ્સ ટેઇલરને એ ગૌરવ મળ્યું હતું ને એ પછી બેંકના લગભગ તમામ ગવર્નરોને આ લાભ મળતો રહ્યો છે.

**૧૯૪૦ના ઓગસ્ટમાં એક રૂપિયાની નોટ ફરી જારી કરાઇ હતી.** એ વખતે એક રૂપિયાના સિક્કા ચલણમાં હતા, પણ અગાઉ પહેલા વિશ્વયુદ્ધના સમયે એક રૂપિયાની નોટ પણ ચલણમાં હતી તેને પણ ફરીથી ચલણમાં મૂકવાનો વિચાર કરી જોવાયો હતો, પણ અંતે **૧૯૪૩ની ૩જી માર્ચે પહેલી વાર બે રૂપિયાની**

## ચલણી નોટો વાપરવામાં ભારતીયોનો વિશ્વમાં બીજો ક્રમ...

*દરેક નોટ પર અંગ્રેજી અને હિંદીમાં રિઝર્વ બેંકના ગવર્નર દ્વારા 'આઇ પ્રોમિસ ટુ પે ધ બેરર એન એમાઉન્ટ ઓફ...' એવું જે તે નોટનું પૂરેપૂરું મૂલ્ય ચૂકવવાનું વચન અપાય છે. આમ પણ ૧૯૩૪ના રિઝર્વ બેંકના કાયદાની કલમ ૨૬ની જોગવાઇ મુજબ જે તે નોટનું મૂલ્ય ચૂકવવા બેંક જવાબદાર છે.*

*રિઝર્વ બેંક દ્વારા અવારનવાર એ બાબતનો પુનરોચ્ચાર કરાતો રહે છે કે ચલણી નોટો જારી કરનાર તરીકે રિઝર્વ બેંકની એ જવાબદારી છે કે તે લોકોને સારી અને સ્વચ્છ નોટો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ બનાવે.*

*ચલણી નોટો છાપવાનાં અત્યારે દેશમાં ચાર પ્રિન્ટિંગ પ્રેસ છે. તે પૈકી ૧૯૨૮માં સ્થપાયેલા મહારાષ્ટ્રના નાસિક ખાતેના અને ૧૯૭૫માં મધ્ય પ્રદેશના દેવાસમાં સ્થપાયેલા બે પ્રિન્ટિંગ પ્રેસ ભારત સરકારની માલિકીનાં છે, જ્યારે ૧૯૯૬માં કર્ણાટકના મ્હેસૂરમાં તથા એ જ વર્ષે પશ્ચિમ બંગાળના સાલબોની ખાતે સ્થપાયેલાં બે પ્રિન્ટિંગ પ્રેસ રિઝર્વ બેંકની માલિકીનાં છે.*

*દેશમાં જે ચાર સિક્યોરિટી પ્રિન્ટિંગ પ્રેસ ચલણી નોટો છાપે છે ત્યાં રિઝર્વ બેંકે ૨૦૦૮-૦૯ના વર્ષમાં વિવિધ મૂલ્યની ૧૫ અબજ નોટો છપાવી હતી. આ વર્ષે અંદાજે ૧૭ અબજ નોટોની જરૂર પડવાની છે. તે માટે ૧૮૦૦૦ મેટ્રિક ટન બેંકનોટ પેપરની જરૂર પડવાની, અને બેંકનોટ પેપરની માંગમાં પણ સતત વધારો થતો રહેવાનો.*

*ઘણી બધી બાબતોમાં ભારત દુનિયાના અનેક દેશો કરતાં મોખરે છે તેમાં એક આ બાબતનો પણ સમાવેશ થાય છે કે આપણો દેશ ચલણી નોટો છાપવાને મામલે અને વપરાશને મામલે વિશ્વમાં બીજો ક્રમ ધરાવે છે. પહેલો ક્રમ દેખીતો જ ભારત કરતાં વસતિમાં પણ મોખરે ચીનનો હોય.*

*દેશમાં દર વર્ષે માત્ર બેંકનોટ છાપવા માટે હજારો ટન ખાસ પેપરની જરૂર પડે છે. હોશંગાબાદ ખાતેની સિક્યોરિટી પેપર મિલ ચલણી નોટો માટે દેશની જરૂરિયાતનો માત્ર પાંચેક ટકા જેટલો કાગળ પેદા કરી શકે છે. **બાકીના ૯૫ ટકા કાગળ વિદેશોથી આયાત કરાતો રહ્યો છે.***

*દેશમાં બનેલા આંતરરાષ્ટ્રીય સ્તરના બેંકનોટ પેપર પરજ નોટો છપાતી થાય તે માટે હજી ગઇ તા. ૨૨ માર્ચે જ મ્હેસૂર ખાતે બેંકનોટ પેપર મિલનો શિલાન્યાસ કરાયો છે. તેની ક્ષમતા વર્ષે છ હજાર મેટ્રિક ટન બેંકનોટ પેપરનું ઉત્પાદન કરવાની છે અને બીજા તબક્કામાં આ ક્ષમતા બમણી થવાની સંભાવના છે. ચલણી નોટો છપાઇ અને વપરાશની બાબતમાં ચીન પછી દુનિયામાં બીજા નંબરનો દેશ ભારત ચલણી નોટો છાપવા માટેનો કાગળ પેદા કરવાની દૃષ્ટિએ ઘણો પાછળ છે. અમેરિકા, જાપાન, ચીન, બ્રાઝિલ, રશિયા અને યુરોપિયન સંઘમાં સામેલ ઘણા મોટા દેશો તો ઠીક, દક્ષિણ કોરિયા, ઇન્ડોનેશિયા, ઇરાન અને પાકિસ્તાન જેવા નાના દેશો પણ તેમની ચલણી નોટો છાપવા માટેનો કાગળ તેમના દેશમાં જ પેદા કરી લે છે.*

*મિત્રોના ઘા સારા પણ દુશ્મનના ચુંબન ખોટાં!*

**નોટ જારી કરાઇ હતી.**

દેશના અર્થતંત્રને ખોરવી નાખવા માટે નકલી નોટો છાપીને ચલણમાં ઘુસાડવાનું પણ દાયકાઓથી થતું રહ્યું છે. **બીજા વિશ્વયુદ્ધના અરસામાં જાપાનીઓએ ગવર્નર સી.ડી. દેશમુખની સહી ધરાવતી દસ રૂપિયાની નોટોની નકલ કરી હતી.** તેને પગલે આ નોટની ડિઝાઇનમાં સારા એવા ફેરફાર કરાયા હતા. વોટરમાર્કમાં ફેરફાર કરવા ઉપરાંત જ્યોર્જ છઠ્ઠાના સાઇડ પોઝને બદલે ફ્રન્ટ પોઝ ચિત્ર મુકાયું હતું અને સુરક્ષા વધારાના ભાગરૂપે ભારતમાં પહેલી વાર ચલણી નોટમાં સિક્યોરિટી થ્રેડ મૂકવામાં આવ્યો હતો. જ્યોર્જ છઠ્ઠાની સીરીઝ ૧૯૪૭ સુધી ચલણમાં રહી હતી અને ૧૯૪૭માં દેશ આઝાદ થયો તે પછી આઝાદ ભારતની રિઝર્વ બેંક નવી નોટો જારી ન કરે ત્યાં સુધી એટલે કે ૧૯૫૦ સુધી પણ એ જ નોટો ચલણમાં રહી હતી.

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે દેશ આઝાદ થયો ત્યારે સત્તાનું હસ્તાંતરણ થયું તેમાં ચલણના વ્યવસ્થાપનનો પણ સમાવેશ થઇ ગયો હતો. કોઇ ખાસ મુશ્કેલી વિના આ કામ પાર પડ્યું હતું. દેશ ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક બન્યો હતો, પણ એ દરમ્યાનમાં નોટો જારી કરતા રહેવાનું રિઝર્વ બેંકનું કામ તો ચાલતું જ રહ્યું હતું.

૧૯૪૯માં ભારત સરકારે સૌ પહેલી એક રૂપિયાની નોટ નવી ડિઝાઇન સાથે બહાર પાડવાનું નક્કી કર્યું. તેમાં આઝાદ ભારતનું કયું પ્રતીક મૂકવું એ અંગે હજી અવઢવ હતી. કોઇ પ્રતીક પસંદ કરી શકાયું નહોતું. અંતે રાજા જ્યોર્જ છઠ્ઠાના ચિત્રના સ્થાને મહાત્મા ગાંધીનું ચિત્ર મૂકવાનું પહેલાં નક્કી કરાયું, અને એ મુજબની ડિઝાઇન પણ તૈયાર થવા માંડી પણ અંતે મહાત્મા ગાંધીના ચિત્રના સ્થાને સારનાથ ખાતેના અશોક સ્તંભ પરના ત્રણ સિંહની મુખાકૃતિ મૂકાઇ. નોટની બાકીની ડિઝાઇન અને કદ લગભગ અગાઉની નોટ જેવું જ હતું.

૧૯૫૩થી જે નોટો બહાર પડી તેમાં હિંદીને વધુ મહત્ત્વ અપાવા માંડ્યું. એક રૂપિયાનું હિંદીમાં બહુવચન શું કરવું એ અંગે ચર્ચાઓ શરૂ થઇ હતી. અંતે બહુવચન માટે 'રૂપયે' શબ્દ પસંદ કરાયો હતો. **૧૯૫૪માં ફરી એક વાર ૧૦૦૦, ૫૦૦૦ અને ૧૦,૦૦૦ રૂપિયાની નોટો જારી કરાઇ હતી.**

હાલમાં જુદા જુદા મૂલ્યની જે ચલણી નોટો છે તે તમામ નોટોનું કદ પહેલાં પ્રમાણમાં મોટું હતું. નોટોનું કદ નાનું કરવાની શરૂઆત ૧૯૬૭માં થઇ હતી. ૧૯૬૯માં ગાંધીજીની જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં ગાંધી સીરીઝની નોટો જારી કરાઇ હતી, જેમાં સેવાગ્રામની પશ્ચાદભૂમાં બેઠેલા ગાંધીજીનું ચિત્ર નોટના પાછળના ભાગે છપાયું હતું. **નોટોના છાપકામ ખર્ચમાં ફાયદાની ગણતરીએ ૧૯૭૨માં ૨૦ રૂપિયાની નોટ અને ૧૯૭૫માં ૫૦ રૂપિયાની નોટ ચલણમાં મુકાઇ હતી.**

દેશ આઝાદ થયો તે પહેલાં ઉચ્ચ મૂલ્યની ચલણી નોટો કાળા નાણાંને નાથવાના કારણસર ૧૯૪૬માં પાછી ખેંચી લેવાઇ હતી, એટલે કે તેનું વિમુદ્રીકરણ કરાયું હતું. આઝાદ ભારતમાં એ જ કારણસર ફરી એક વાર ૧૯૭૮માં ઉચ્ચ મૂલ્યની નોટોનું વિમુદ્રીકરણ કરાયું હતું.

**દેશમાં હાલમાં રૂપિયા ૫, ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૫૦૦ અને ૧૦૦૦ની નોટો જારી કરવામાં આવે છે.** આ નોટો બેંક નોટ્સ કહેવાય છે, કારણ કે તે રિઝર્વ બેંક બહાર પાડે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ૧ અને ૨ રૂપિયાની નોટો બહાર પાડવાનું બંધ કરી દેવાયું છે, કારણ કે તેને સ્થાને સિક્કા બહાર પડાયા છે. એક રૂપિયા અને બે રૂપિયાની નોટોની આવરદા ઓછી

## 'રીપો' અને 'રિવર્સ રીપો'

*દેશના નાણાં બજારમાં રોકડ નાણાં વધી ન જાય તેમજ જરૂર કરતાં ઓછાં પણ ન થઇ જાય તે ધ્યાન રાખવાનું કામ રિઝર્વ બેંક કરે છે. એ ઉપરાંત નાણાંકીય નીતિઓ, હૂંડિયામણ જાળવણી, ચલણી નાણાંનું સંચાલન વગેરે અનેક કામો બેંક કરે છે. મોટે ભાગે રિઝર્વ બેંક કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં વધ-ઘટ કરવા બદલ ચર્ચામાં રહેતી હોય છે. આમજનતાને સીઆરઆર સાથે સીધો સંબંધ નથી, પણ આડકતરો નાતો છે.*

*રિઝર્વ બેંક એ બેંકોની બેંક છે, એટલે મોનિટરની જેમ બધી બેંકોને નિયંત્રણમાં રાખવાનું કામ તેનું છે. બધી બેંકો પોતાની કેટલીક થાપણ રિઝર્વ બેંકમાં જમા કરાવતી હોય છે. તેના પરનો વ્યાજદર એટલે સીઆરઆર. તેમાં વધઘટ થાય તેમ બેંકોની થાપણ ઓછી-વધતી થાય અને તે માટે માર્કેટમાં ઠલવાતો નાણાંપ્રવાહ પ્લસ-માઈનસ થાય જે રિઝર્વ બેંકનું કામ છે.*

*રિઝર્વ બેંકને લગતા બેન્કિંગ સમાચારોમાં જે કેટલાક શબ્દો અવારનવાર સાંભળવામાં કે વાંચવામાં આવતા હોય છે તેમાં એક છે 'સીઆરઆર' એટલે કે 'કેશ રિઝર્વ રેશિયો'. સીઆરઆર એટલે કુલ જમા રકમનો એટલા ટકા હિસ્સો, જેને કોમર્સિયલ બેંકોએ અનિવાર્યપણે રિઝર્વ બેંક પાસે જમા કરવો પડે છે.*

*'એસએલઆર' એટલે કે 'સ્ટેચ્યુટરી લિક્વિડિટી રેશિયો'. એસએલઆર એટલે કુલ જમા રકમનો એટલા ટકા હિસ્સો જે કોમર્સિયલ બેંકોએ પોતાની પાસે અનિવાર્ય રૂપે રાખવો પડે છે.*

*સીઆરઆર અને એસએલઆરની વ્યવસ્થા દ્વારા રિઝર્વ બેંક કોમર્સિયલ બેંકોની તરલતાની સ્થિતિ સંતુલિત રાખવાનો પ્રયાસ કરે છે, જેથી બેંકો પર નાણાકીય સંકટ ન આવી જાય.*

*'રીપો દર' અને 'રિવર્સ રીપો દર'. જ્યારે રિઝર્વ બેંક નાણાં બજારમાં રોકડનો પ્રવાહ વધારે છે ત્યારે તેને 'રીપો' કહે છે અને જ્યારે તે નાણાં બજારમાં રોકડના પ્રવાહને ઓછો કરે છે, ત્યારે તેને 'રિવર્સ રીપો' કહે છે. જે દરે નાણાં પ્રવાહ વધારવામાં કે ઘટાડવામાં આવે છે, તે દરને ક્રમશઃ 'રીપો દર' અને 'રિવર્સ રીપો દર' કહે છે.*

*નૈતિક વ્યક્તિ ઈશ્વરની નજરમાં ચઢિયાતી છે.*

હોય છે અને તેનો છપામણી ખર્ચ વધારે આવે છે. તે જોતાં તેને સ્થાને સિક્કા જારી કરવાનો નિર્ણય લેવાયો હતો. હવે તો પાંચ રૂપિયા અને હવે દસ રૂપિયાના સિક્કા પણ ચલણમાં છે. વચ્ચે થોડો સમય પાંચ રૂપિયાની નોટો પણ બહાર પાડવાનું બંધ કરી દેવાયું હતું, પણ તેની માંગના પ્રમાણમાં સિક્કાઓ જારી કરવામાં પહોંચી વળાય તેમ ન લાગતાં પાંચ રૂપિયાની નોટો બહાર પાડવાનું સાવ બંધ નથી કરાયું.

રિઝર્વ બેંક માત્ર નાના મૂલ્યના સિક્કાઓ બહાર પાડી શકે એવું જ નથી હોતું. એવું જ ચલણી નોટોની બાબતમાં છે. એક સમયે દેશમાં પાંચ હજાર અને દસ હજાર રૂપિયાની નોટો ચલણમાં હતી. આજે પણ બેંક પાંચ હજાર, દસ હજાર કે સરકાર જે મૂલ્યની કહે તે મૂલ્યની નોટો બહાર પાડી શકે છે, પણ ૧૯૩૪માં ઘડાયેલા રિઝર્વ બેંકના કાયદાની જોગવાઇ મુજબ તે દસ હજાર રૂપિયા કરતાં વધુ મૂલ્યની નોટ બહાર પાડી શકતી નથી. એવું જ સિક્કાઓની બાબતમાં છે. **રિઝર્વ બેંક ૧૦૦૦ રૂપિયાની કિંમત સુધીના સિક્કા બહાર પાડી શકે છે.**

દેશમાં બેંકોની બેંક ગણાતી રિઝર્વ બેંકનું મુખ્ય કાર્ય છે કરન્સી મેનેજમેન્ટનું. અગાઉ કહ્યું તેમ માત્ર નોટો જારી કરી દેવાથી કામ પૂરું થઇ જતું નથી. ખરું કામ તો એ પછી જ શરૂ થતું હોય છે. ચલણી નોટોનાં મૂલ્યનું નિર્ધારણ સરકાર રિઝર્વ બેંકની સલાહ મુજબ કરે છે. સિક્યોરિટી બાબતો સહિત બેંક નોટની ડિઝાઇન બાબતે પણ રિઝર્વ બેંકનું સરકાર સાથે સંકલન હોય છે. દેશમાં કયા મૂલ્યની કેટલી નોટોના જથ્થાની જરૂર પડવાની છે તેનો અંદાજ કાઢીને રિઝર્વ બેંક સરકાર દ્વારા હાલનાં ચાર 'કરન્સી નોટ પ્રિન્ટિંગ પ્રેસ'માં નોટો છાપવાનો આદેશ આપે છે. પ્રેસોમાંથી નોટો છપાઇને આવી ગયા બાદ તે ચલણમાં મૂકવામાં આવે છે અને રિઝર્વ સ્ટોક જાળવી રાખવામાં આવે છે.

બેંકો પાસેથી અને કરન્સી ચેસ્ટ્સ પાસેથી જે નોટો આવે છે તેની ચકાસણી કરવામાં આવે છે. તેમાંથી જે નોટો ચલણ માટે યોગ્ય

## રિઝર્વ બેંકનું અવનવું...

- દુનિયાનાં અગ્રણી ચલણો ડોલર, પાઉન્ડ, યુરો, યેન વગેરેને વ્યક્ત કરવા માટે કોઇ ને કોઇ સંજ્ઞા છે. રૂપિયા માટે એવી કોઇ સંજ્ઞા નથી. આપણે આંકડાની આગળ રૂપિયા માટે અંગ્રેજીમાં 'આરએસ' લખીને કામ ચલાવીએ છીએ. હવે રિઝર્વ બેંકે રૂપિયા માટે કોઇ ચોક્કસ સિમ્બોલ જાહેર કરવાનું નક્કી કર્યું છે. ગયા વર્ષે તે માટે દેશભરમાંથી ડિઝાઇનો મંગાવાઇ હતી. આવનારા સમયનાં તેમાંથી કોઇ એક ડિઝાઇન પસંદ કરાશે. *(નોંધ : તાજેતરમાં એની ડિઝાઈન પસંદ કરી લેવાઈ છે અને તેનો અમલ શરૂ કરાશે.)*
- દેશમાં સુવર્ણ ભંડાર સાચવવાનું કામ રિઝર્વને હવાલે છે. ૨૦૦૯ના નવેમ્બરમાં ભારતે ઈન્ટરનેશનલ મોનિટરી ફંડ પાસેથી ૭.૪ અબજ ડોલરમાં ૨૦૦ ટન સોનું ખરીદ્યું હતું. એ સિવાય પણ સરકાર પાસે સોનાનો જે અન્ય જથ્થો છે એની સંભાળ રિઝર્વ બેંક રાખે છે. આમ પણ રિઝર્વ બેંક આર્થિક સલામતી માટે કુલ નાણાંનો કેટલોક હિસ્સો સોના રૂપે રાખતી હોય છે.
- ૧૯૪૭માં દેશ આઝાદ થયો અને તે સાથે ભાગલા થતાં પાકિસ્તાન અસ્તિત્વમાં આવ્યું હતું. એ વખતે પાકિસ્તાન પાસે દેખીતી જ ચલણી નોટો છાપવાની સગવડ નહોતી. તે વખતે ભારતીય રિઝર્વ બેંકે એ કામ કરી આપ્યું હતું.
- રિઝર્વ બેંકને જ દેશમાં એક રૂપિયાની નોટ અને સિક્કા તથા નાના સિક્કાઓને બાદ કરતાં બાકીના મૂલ્યનાં નાણાં જારી કરવાનો એકાધિકાર મળેલો છે. એક રૂપિયાની નોટ-સિક્કા અને નાના સિક્કા ભારત સરકાર જારી કરે છે તેના વિતરણનું કાર્ય પણ રિઝર્વ બેંક કરે છે.
- રિઝર્વ બેંક કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, કોમર્સિયલ બેંકો, રાજ્યોની સહકારી બેંકો અને કેટલીક નાણાંકીય સંસ્થાઓના બેંકર તરીકે કાર્ય કરે છે.
- ભારતીય રિઝર્વ બેંક અધિનિયમની કલમ ૪૦ મુજબ વિદેશી વિનિમય દરને સ્થિર રાખવાની જવાબદારી પણ રિઝર્વ બેંક પર છે. આ રીતે રિઝર્વ બેંક ભારતના વિદેશી વિનિમય ભંડારના સંરક્ષક રૂપે કામ કરે છે. ૧૯૪૬માં ભારત આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળનું સભ્ય બન્યા પછી તો રિઝર્વ બેંક પર એવી જવાબદારી પણ આવી ગઇ કે તે આ ભંડોળના અન્ય સભ્યો સાથે પોતાના વિનિમય દરને સ્થિર રાખે.
- રિઝર્વ બેંકે અરબ દેશો સાથે વહીવટ કરવા ખાસ નોટો છાપી હતી. એ રીતે હજયાત્રીઓ માટે અંગ્રેજીમાં 'હજ' લખેલી નોટો પણ છાપી હતી. પછીથી રિઝર્વ બેંકે એ કામગીરી બંધ કરી હતી.
- નોટોની આવરદા વધે તે માટે છેલ્લા કેટલાક સમયથી રિઝર્વ બેંકે નોટોને પિન મારવાનું બંધ કરાવ્યું છે. નોટો પરના કોરા ભાગમાં કોઇ લખાણ ન લખવામાં આવે એવી પણ તે અપીલ કરે છે.
- કાગળની નોટોની આવરદા ઓછી હોવાને કારણે સતત નવી નોટો છાપતા રહેવું પડે છે. તેમાં થોડી રાહત મળી શકે તે માટે રિઝર્વ બેંક દસ રૂપિયાની નોટ પોલિમર પર છાપવા અંગે વિચારણા કરી રહી છે. ઓસ્ટ્રેલિયા આવી નોટો બાબતમાં મોખરે છે. પોલિમર પર છપાયેલી નોટની સરળતાથી નકલ કરી શકાતી નથી અને તેની આવરદા પણ કાગળની નોટ કરતાં ચારગણી વધુ હોય છે.

*જેને પોતાનામાં વિશ્વાસ નથી તેને ભગવાનમાં વિશ્વાસ ન હોઈ શકે – વિવેકાનંદ.*

હોય તેને ફરી ચલણમાં મૂકવામાં આવે છે અને બાકીની ફાટી ગયેલી કે ચૂંથાઇ ગયેલી નોટોનો નાશ કરવામાં આવે છે, જેથી હંમેશાં સારી સ્થિતિમાં નોટો ચલણમાં ફરતી રહી શકે. ૧૯૩૪માં ઘડાયેલા રિઝર્વ બેંકના કાયદાની જોગવાઇ મુજબ બેંક કરન્સી મેનેજમેન્ટની તેની આ ભૂમિકા ભજવતી આવી છે.

ઘણાને એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે આવડા મોટા દેશમાં રોજ અબજો રૂપિયાની નોટો હાથોહાથ ફરતી રહેતી હોય ત્યાં નવી કેટલી નોટો છાપવાની જરૂર પડશે એ નિર્ણય બેંક કઇ રીતે લઇ શકતી હશે. પણ આ મામલે રિઝર્વ બેંક દેશના અર્થતંત્રનો વૃદ્ધિ દર, નોટો બદલવાની માંગ અને બીજા આંકડાકીય મોડલો દ્વારા નોટોના જથ્થાની જરૂરિયાતનો અંદાજ મેળવી લેતી હોય છે.

લોકો સુધી ચલણી નોટો પહોંચતી કરવાનું રિઝર્વ બેંકનું એક પોતાનું તંત્ર છે. અમદાવાદ, કોલકાતા, બેંગ્લોર, ભોપાલ, ભુવનેશ્વર, બેલાપુર (નવી મુંબઇ), ચંદીગઢ, ચેન્નાઇ, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, કાનપુર, લખનૌ, મુંબઇ-ફોર્ટ, નાગપુર, નવી દિલ્હી, પટણા અને તિરૂવનંતપુરમ ખાતે રિઝર્વ બેંકની ઓફિસો આવેલી છે. આ ઓફિસો એટલે શાખાઓને તેની જરૂરિયાત મુજબ નવી નોટોનો જથ્થો પ્રેસમાંથી પહોંચતો કરાય છે.

એ જ રીતે ટંકશાળોમાં તૈયાર થતા સિક્કાઓ કોલકાતા, હૈદરાબાદ, મુંબઇ અને નવી દિલ્હી ખાતેની રિઝર્વ બેંકની ઓફિસોને મોકલાય છે. ત્યાંથી તે રિઝર્વ બેંકની અન્ય ઓફિસોએ મોકલાય છે. નોટો અને મોટા સિક્કાઓ કરન્સી ચેસ્ટ્સમાં રખાય છે અને નાના સિક્કાઓ કોઇન્સ ડેપોમાં રખાય છે. ત્યાંથી વિવિધ બેંકની શાખાઓ તેમની જરૂરિયાત મુજબ નોટો અને સિક્કાઓ મેળવી લે છે. મોટા સિક્કાઓ અને નાના સિક્કાઓ વચ્ચેનો ફરક એ કે રૂપિયા અને તેથી વધુ કિંમતના સિક્કાઓ રૂપી કોઇન્સ એટલે કે 'મોટા સિક્કા' અને રૂપિયાથી નાની કિંમતના સિક્કાઓ સ્મોલ કોઇન્સ એટલે 'નાના સિક્કા' કહેવાય છે.

### રિઝર્વ બેંકના ગવર્નરો

| | |
|---|---|
| *ઓરબોર્ન સ્મિથ* | *૧-૪-૩૫ થી ૩૦-૬-૩૭* |
| *જેમ્સ ટેલર* | *૧-૭-૩૭ થી ૧૭-૨-૪૩* |
| *સી.ડી. દેશમુખ* | *૧૧-૮-૪૩ થી ૩૦-૬-૪૯* |
| *બી. રામાવત* | *૧-૭-૪૯ થી ૧૪-૧-૫૭* |
| *કે.જી. આંબેગાંવકર* | *૧૫-૧-૫૭ થી ૨૮-૨-૫૭* |
| *એચવીઆર આયંગર* | *૧-૩-૫૭ થી ૨૮-૨-૬૨* |
| *પી.સી. ભટ્ટાચાર્ય* | *૧-૩-૬૨ થી ૩૦-૬-૬૭* |
| *એલ.કે. ઝા* | *૧-૭-૬૭ થી ૩-૫-૭૦* |
| *બી.એન. અદરકર* | *૪-૫-૭૦ થી ૧૫-૬-૭૦* |
| *એસ. જગન્નાથન* | *૧૬-૬-૭૦ થી ૧૯-૫-૭૫* |
| *એન.સી. સેનગુપ્તા* | *૨૦-૫-૭૫ થી ૧૯-૮-૭૫* |
| *કે.આર. પુરી* | *૨૦-૮-૭૫ થી ૨-૫-૭૭* |
| *એમ. નરસિંહન* | *૩-૫-૭૭ થી ૩૦-૧૧-૭૭* |
| *આઇ.જી. પટેલ* | *૧-૧૨-૭૭ થી ૧૫-૯-૮૨* |
| *મનમોહનસિંઘ* | *૧૬-૯-૮૨ થી ૧૪-૧-૮૫* |
| *એ. ઘોષ* | *૧૫-૧-૮૫ થી ૩-૨-૮૫* |
| *આર.એન. મલ્હોત્રા* | *૪-૨-૮૫ થી ૨૦-૧૨-૯૦* |
| *એસ. વેંકટિરમણન* | *૨૧-૧૨-૯૦ થી ૨૦-૧૨-૯૨* |
| *સી. રંગરાજન* | *૨૧-૧૨-૯૨ થી ૨૧-૧૧-૯૭* |
| *બીમલ જાલાન* | *૨૨-૧૧-૯૭ થી ૫-૯-૨૦૦૩* |
| *યાગા વેણુગોપાલ રેડ્ડી* | *૬-૯-૨૦૦૩ થી ૫-૯-૨૦૦૮* |
| *ડી. સુબ્બારાવ* | *૬-૯-૨૦૦૮ થી...* |

કોઇને જો એવો પ્રશ્ન થાય કે કરન્સી ચેસ્ટ વળી કઇ બલાનું નામ છે, તો તેનો જવાબ એટલો જ કે નોટો અને રૂપી કોઇન્સનું વિતરણ સારી રીતે થઇ શકે તે માટે રિઝર્વ બેંકે કેટલીક પસંદ કરાયેલી બેંકની શાખાઓને 'કરન્સી ચેસ્ટ' ખડી કરવા અધિકૃત કરી છે. બીજા શબ્દોમાં કહીએ તો રિઝર્વ બેંક વતી નોટો અને રૂપી કોઇન્સનો સંગ્રહ કરવા માટેનાં આ ગોદામ જ છે. **અત્યારે દેશભરમાં નહિનહિ તોય ૪૪૨૮ જેટલી કરન્સી ચેસ્ટ્સ છે.** આ બધી ચેસ્ટ્સ જે તે વિસ્તારોમાં બેંકની શાખાઓને નોટો અને સિક્કાઓ પૂરાં પાડે છે. એ જ રીતે કેટલીક બેંક શાખાઓને 'સ્મોલ કોઇન ડેપો' ખડાં કરવા રિઝર્વ બેંકે અધિકૃત કરી છે. **આવા ડેપો અત્યારે દેશમાં ૪૧૦૨ જેટલા છે. તેનું કામ નાના સિક્કાઓનું વિતરણ કરવાનું છે.**

ચલણમાંથી નોટો પરત આવે ત્યારે તે રિઝર્વ બેંકની ઓફિસોમાં જમા થાય છે. અગાઉ કહ્યું તેમ ચલણમાં ફરી મૂકવા માટે યોગ્ય અને અયોગ્ય નોટોને જુદી તારવવામાં આવે છે. જે નોટો યોગ્ય હોય તેને ફરી ચલણમાં મૂકવા માટે પરત કરાય છે અને જે નોટો ફાટી જવાથી કે ચૂંથાઇ જવાથી ચલણમાં મૂકવા માટે યોગ્ય ન હોય તેને એક ચોક્કસ વિધિ કર્યા બાદ સળગાવીને નાશ કરવામાં આવે છે. સિક્કાઓની બાબતમાં પણ એવું જ હોય છે. ઘસાઇ જવાથી કે અન્ય કોઇ કારણસર જે સિક્કા ચલણમાં મૂકવા માટે યોગ્ય ન જણાય તે બધા સિક્કાઓ ઓગાળી નાખવા માટે ટંકશાળોને મોકલી દેવાય છે. **એક માહિતી મુજબ દર વર્ષે કુલ પેપર કરન્સીની લગભગ ત્રીસ ટકા નોટો ફરી વાર ચલણમાં મૂકી શકાય તેવી ન હોય તેને સળગાવી દેવાય છે.** આવી નોટોમાં મોટા ભાગે તો નાના મૂલ્યની નોટો વધુ હોય છે.

દેશના અર્થતંત્રમાં નાણાંની ચુકવણી માટે ચલણી નોટો સૌથી મોટું અને મહત્ત્વનું માધ્યમ હોય છે. ઘર આંગણાના કુલ ઉત્પાદન જેને અંગ્રેજીમાં જીડીપી (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન) કહે છે તે જીડીપી અને કરન્સી વચ્ચેનો રેશિયો ૧૯૫૧માં ૧૨ ટકા હતો તે હાલમાં વધીને લગભગ ૧૩ ટકા જેટલો થઇ ગયો છે. તેના પરથી પણ સમજી શકાય કે દેશમાં ચલણી નોટો કેટલી મોટી સંખ્યામાં ફરી રહી છે.

રિઝર્વ બેંકની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં દેશમાં જે ચલણી નોટો ફરી રહી છે તેમાં અનેકગણો વધારો થયો છે. **૧૯૩૫માં દેશમાં લગભગ ૧૭૨ કરોડ રૂપિયાના મૂલ્યની નોટો ચલણમાં હતી તે ૨૦૦૯માં વધીને સાત લાખ કરોડ રૂપિયાએ પહોંચી છે. જથ્થાની દૃષ્ટિએ જોઇએ તો ૧૯૩૫માં જુદાજુદા મૂલ્યની ૧૨ કરોડ ૪૦ લાખ નોટો ચલણમાં હતી તે ૨૦૦૯માં ૨૧ અબજ જેટલી થઇ છે.**

કહેવાની જરૂર નથી કે સમય વીતવાની સાથે આ આંકડો વધુને વધુ મોટો થતો જવાનો અને રિઝર્વ બેંકનું કામ પણ વધતુ જવાનું....

***'દક્ષિણ દર્શન'ના સૌજન્યથી***

*તન-મનનો સાચો ઉપયોગ સફળતા અપાવે છે.*

# બેંકના વ્યવહારમાં શું સાવચેતી રાખશો?

• સી.એ. પુષ્પા અશોક શાહ (ડોણ - મુંબઈ) •

બેંકના દરેક પર્સનલ ખાતાં જોઇન્ટ નામમાં ખોલાવી નોમિનેશન જરૂર કરાવવું અને ઓપરેટિંગ સૂચનામાં (આઇધર/સરવ્હાઇવર) એટલે કે બંનેમાંથી કોઇ પણ એક કે હયાત હોય તે વ્યક્તિની સહીથી આ ખાતાનો વ્યવહાર ચાલશે એવું લખવું. જો એક વ્યક્તિના નામનું ખાતું એટલે કે સિંગલ નામમાં ખાતું ખોલાવેલું હોય તો એ વ્યક્તિની ગેરહાજરીમાં ઘણી મુશ્કેલીઓ ભોગવવી પડે છે. દા.ત. એક યુવાન બાથરૂમમાં લપસી પડ્યો અને 'કોમા'માં જતો રહ્યો. તેનું બેંક ખાતુ સિંગલ નામનું અને શેરનું ડીમેટ ખાતું જોઇન્ટ નામનું પણ બંનેની સહીથી જ ઓપરેટ કરી શકાય એ રીતેની સૂચના આપેલી હોવાથી એ યુવાનની ટ્રીટમેન્ટ માટેના ખર્ચ માટે એની પત્ની ન તો બેંકમાંથી પૈસા કાઢી શકી (સિંગલ નામ હોવાથી) ન તો શેર વેચીને પૈસા મેળવી શકી (બંનેની સહી જરૂરી હોવાથી.) આમ પૈસા હોવા છતાં હોસ્પિટલના ખર્ચ માટે બીજાની મદદ લેવી પડી.

બેંકમાં લોકર ખોલાવો ત્યારે પણ જોઇન્ટ નામ અને નોમિનેશન જરૂર કરાવો અને બંનેમાંથી કોઇ પણ એક વ્યક્તિની સહીથી એ લોકર ખોલી શકાય. (આઇધર/સરવ્હાઇવર) એ રીતે સૂચના આપો.

જો એક જ વ્યક્તિના નામે લોકર ખોલાવેલું હોય તો એની ગેરહાજરીમાં કુટુંબીજનો લોકર ખોલી શકતાં નથી અને કોર્ટની મંજૂરીથી એ લોકર ખોલવા લાંબી કાર્યવાહી કરવી પડે છે.

બેંકોમાં ફિક્સ ડિપોઝિટમાં પૈસા મૂકતી વખતે શું સાવચેતી રાખશો?

(૧) ફિક્સ ડિપોઝિટ જોઇન્ટ નામે જ મૂકો અને નોમિનેશન જરૂર કરાવો.

(૨) ફિક્સ ડિપોઝિટ કરાવો ત્યારે જો એ ડિપોઝિટ મેચ્યોરિટી પહેલાં તોડાવવી પડશે તો શું પેનલ્ટી લાગશે એ જાણી લો. સામાન્ય રીતે બેંકો પ્રિમેચ્યોર પેમેન્ટ કરતી વખતે એ ડિપોઝિટની રકમ એમની પાસે જેટલા દિવસ રહી હોય એ પીરિયડ માટેના વ્યાજ દરમાંથી ૧ કે ૨ ટકા કાપી વ્યાજ આપે છે. દા.ત. ૧ લાખ રૂપિયાની ડિપોઝિટ ૧ વર્ષ માટે ૯ ટકા વ્યાજના દરે ૧લી જાન્યુઆરીના દિવસે મૂકી અને પૈસાની જરૂર પડતાં ૨૯મી માર્ચે ના તોડાવતાં ૨જી એપ્રિલે તોડાવાતાં વ્યાજનો ફાયદો થશે. કેમકે બેંક ૯૦થી ૧૮૦ના સમયગાળા પરનું વ્યાજ ગણી એમાંથી ૧ કે ૨ ટકા વ્યાજ કાપશે.

આ માટે જે દિવસે ફિક્સ ડિપોઝિટ મૂકો તે દિવસનો અલગ અલગ સમયગાળા માટેના વ્યાજનો ચાર્ટ બેંક પાસેથી મેળવી ડિપોઝિટની રસીદ જોડે સાચવી રાખો.

(૩) બેંકના ખાતામાં રહેલી કે ફિક્સ ડિપોઝિટમાં મૂકેલી ૧ લાખ સુધીની રકમ ડી.આઇ.સી.જી.સી. (ડિપોઝિટ ઇન્સ્યુરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશન) દ્વારા ઇન્સ્યોર્ડ હોય છે. એટલે ડિપોઝિટ મૂકતી વખતે આ ધ્યાનમાં રાખી પ્લાનિંગ કરવું. જેથી તમારી રકમ સુરક્ષિત રહે.

(૪) મેચ્યોર થયેલી ફિક્સ ડિપોઝિટને સમયસર રિન્યુ કરાવી લો. કેમ કે મેચ્યોરિટી પછી રિન્યુ થયેલી ફિક્સ ડિપોઝિટો પર વચ્ચેના સમયગાળા માટે (મેચ્યોરિટીની તારીખ અને રિન્યુઅલની તારીખ વચ્ચેનો ગાળો) મોટે ભાગે બેંકો સેવિંગ્સ ખાતાના વ્યાજ જેટલું જ વ્યાજ આપે છે. ઘણી બેંકો મેચ્યોર થયેલી ફિક્સ ડિપોઝિટોને ઓટો રિન્યુ એટલે કે પહેલાં જેટલા જ પીરિયડ માટે રિન્યુ કરી નાખે છે. જો આ પીરિયડ માટે વ્યાજદર ઓછો હોય તો એ નુકસાન ડિપોઝિટરે ભોગવવું પડે છે. ક્યારેક ડિપોઝિટરનું ધ્યાન ન હોય તો બેંકો એ વચ્ચેના સમયગાળા માટે કાંઇપણ વ્યાજ આપ્યા વિના નવી તારીખથી જ એ ડિપોઝિટનું રિન્યુઅલ કરી નાખે છે અને ડિપોઝિટરોને નુકસાન થાય છે.

(૫) ફિક્સ ડિપોઝિટની રસીદ મળે ત્યારે એમાં 'ઍઝ ઑફ' કે વેલ્યુ ડેટ જરૂર તપાસી લો.

એક કેસમાં ફિક્સ ડિપોઝિટ માટે બેંકને ૬ તારીખે આપેલો ચેક ૯ તારીખે ક્લીયર થયો. એટલે ૯ તારીખથી એ ડિપોઝિટ પર વ્યાજ શરૂ થવું જોઇએ એને બદલે બેંકમાં ૧૩ તારીખે રસીદ લેવા ગયા તો બેંકે એ તારીખ ફિક્સ્ડ ડિપોઝિટ પર મુકી અને વ્યાજ ૧૩ તારીખથી ગણ્યું. આમ ૪ દિવસના વ્યાજનું નુકસાન થયું. જો રસીદ મોડા લેવા ગયા હોત તો હજી પણ વધારે દિવસના વ્યાજનું નુકસાન થાત.

(૬) જો તમારી આવક ટેક્સેબલ ન હોય તો બેંકમાં ટેક્સ ન કપાય એને માટેનું ફોર્મ ભરી દર વર્ષે એપ્રિલ મહિનામાં જ આપી દો. જો આવક ટેક્સેબલ હોય અને ટેક્સ કપાત (ટી.ડી.એસ.) થાય તો એ ટેક્સ કપાતનું સર્ટિફિકેટ લઇ લો અને એના પરની રકમને કપાયેલી રકમ જોડે સરખાવી લો.

*આશીર્વાદ ખરીદી નથી શકાતા, તે મેળવવા પડે છે.*

એક બેંકમાં સોફ્ટવેરની ભૂલને લીધે કપાયેલી રકમ કરતાં ઓછી રકમનું કપાત સર્ટિફિકેટ (ટીડીએસ સર્ટિફિકેટ) ગ્રાહકોને આપવામાં આવતું હતું અને જે ગ્રાહકો ફરિયાદ કરે તેમને એ તફાવતની રકમ પાછી આપવામાં આવતી હતી અને બાકીના ગ્રાહકોને આ રકમનું નુકસાન થતું હતું.

(૭) ફિક્સ ડિપોઝિટનો રેકોર્ડ કઇ રીતે રાખશો? ફિક્સ ડિપોઝિટની દરેક વિગત જેવી કે નામ-તારીખ-રકમ-કસ્ટમર આઇડી કે એકાઉન્ટ નંબર-બેંક અને બ્રાંચનું નામ-એડ્રેસ અને ટેલિફોન નંબર- વ્યાજનો દર-મેચ્યોરિટીની તારીખ-મેચ્યોરિટીની વેલ્યુ-ટેક્સ કપાતની રકમ અને એનું સર્ટિફિકેટ મળ્યું છે કે નહીં-ફિક્સ ડિપોઝિટ માટે ચેક કયા ખાતામાંથી આપ્યો છે. તેની વિગત-ડિપોઝિટની રસીદ ક્યાં મૂકેલી છે તે અને અન્ય કોઇ વિગત હોય તો આ બધા માટે જુદી કોલમો બનાવી લખો.

- **અન્ય સાવચેતીઓ :-**

૧. પી.પી.એફ. ખાતામાં વ્યાજ દરેક મહિનાની ૫ તારીખથી છેલ્લી તારીખ સુધીના મિનીમમ બેલેન્સ પર ગણાય છે. એટલે રકમ જમા કરાવવી હોય તો ૫ તારીખ સુધી કરાવી લેવી. નહિ તો એ મહિનાનું વ્યાજ નહીં મળે.

૨. સ્લીપ બુકમાં અને એની કાઉન્ટર ફોઇલમાં પૂરેપૂરી વિગત લખો અને એકાઉન્ટ નંબર બરોબર ચેક કરો. સ્લીપ બુકો કાયદેસર રીતે ૬ વર્ષ સાચવવી જરૂરી છે. પણ બને એટલા વધારે વર્ષ સાચવો. ભવિષ્યમાં ક્યારેક ખૂબ જ કામ આવી શકે.

૩. ચેક બુક

★ ક્યારેય બ્લેન્ક ચેક પર સહી ન કરવી.

★ રોકડ રકમ ઉપાડવી ન હોય એવા ચેક પર સહી કરતાં પહેલાં ક્રોસ કરી 'એકાઉન્ટ પેઇ' જરૂર લખવું.

★ સેવિંગ્સ ખાતામાં મોટા ભાગની બેંકો એક નાણાકીય (એપ્રિલથી માર્ચ) વર્ષમાં ૨૫ ચેક જ ફ્રી આપે છે અને બાકીના ચેકોના પ્રતિ ચેક રૂા. ૩/- કે વધારેનો ચાર્જ લગાડે છે. કરન્ટ ખાતામાં તો એક પણ ચેક ફ્રી નથી અપાતો એટલે ચેક લખતી વખતે નાનો ફેરફાર હોય તો ચેક કેન્સલ ન કરતાં ફેરફાર કરી ત્યાં સહી જરૂર કરો. ચેકમાં તારીખ જરૂર લખો.

★ ચેકબુક પોતાની પાસે જ રાખવી અને સ્ટાફને કે બીજા કોઇને આપી હોય તો પાછી લેતી વખતે બરોબર ચેક કરી લેવી કે કોઇ ચેક ઓછો તો નથી થઇ ગયોને?

★ ચેક બુકની કાઉન્ટર ફોઇલમાં પૂરી વિગતો લખવી જેવી કે ચેક કોને આપ્યો છે? શાના માટે આપ્યો છે? વગેરે. ભવિષ્યમાં અણધાર્યા સંજોગોમાં આ વિગતો ખૂબ જ ઉપયોગી થઇ પડે છે.

★ ચેક બુકો શક્ય હોય એટલા વધારે વર્ષ સાચવો. ભવિષ્યમાં ક્યારેક કોઇ પ્રોપર્ટી વગેરે માટે કૌટુંબિક કલહ થાય ત્યારે એ પ્રોપર્ટીનું પેમેન્ટ કયા ખાતામાંથી થયું હતું એ વિગતો ખૂબ કામ લાગશે.

૪. પાસબુક નિયમિત રીતે બેંક પાસેથી ભરાવી લો અને પછી ચેક કરીલો કે તમે જમા કરાવેલી દરેક રકમ એમાં બતાવેલ છે કે નહીં અને તમે આપેલા ચેક કે ઉપાડેલી રોકડ સિવાયની કોઇ રકમ તમારા ખાતામાં ભૂલથી ડેબિટ નથી થઇ ગઇને?

***સી.એ. પુષ્પા અશોક શાહ***
***૧૦૧ રૂબી એપાર્ટમેન્ટ,***
***૨૫૩, વાલકેશ્વર રોડ,***
***સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની સામે,***
***મુંબઇ-૪૦૦ ૦૦૬***

**ભારતના ગુજરાતી સમાજો**

***(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)***

છે. અતિથિ ભવનમાં ઉતરવાનું કોઇ ભાડું લેવામાં આવતું નથી. પરંતુ એક બ્લોકના રોજના રૂા. ૪૦ લેખે માત્ર નિભાવ તથા વપરાશમાં લેવાતી વસ્તુઓ માટે લેવામાં આવે છે. સંપૂર્ણ અતિથિ ભવનને પ્રતિવર્ષ રંગ રોગાન કરી તેનો સારી રીતે નિભાવ કરવામાં આવે છે. પૂના તથા તેની આસપાસમાં ફરવા આવતા ગુજરાતી પરિવારો માટે આ એક રાહત રૂપ સુવિધા છે.

પ્રો. જે.પી. ત્રિવેદી અતિથિગૃહ, ૧૧૯૪ ૧૦, શિવાજીનગર, ઘોલે રોડ, ક્રોસલેન, પ્રો. જે.પી. ત્રિવેદી માર્ગ, પૂના (પૂણે) ૪૧૧૦૦૫ ફોન : ૦૨૧૨ ૨૫૫૩૩૪૭૪ વધુ વિગતો માટે શ્રીમતી ભાનુબહેન ઠાકર તથા અંજનાબહેન મોતીવાલાનો સંપર્ક કરવો.

**૨૨. ઝવેરબાઇ અતિથિ ભવન, નાસિક**

શિરડી, નાસિક અને ત્ર્યંબકેશ્વરની યાત્રાએ જતા ગુજરાતી પરિવારો માટે નાસિકમાં ઉત્તમ સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ ભવનમાં કુલે ૧૯ રૂમો છે. બે પથારીની સુવિધા ધરાવતા રૂમનું ભાડું રૂા. ૭૦ છે જ્યારે એક પથારી ધરાવતા રૂમનું ભાડું ૪૦ રૂપિયા છે. અહીં વધારાનું ભાડું ચૂકવવાથી વાસણ, ગેસ કુકર વગેરે પણ મળી રહે છે.

ઝવેરબાઈ અતિથિ ભવન,
સાંગલી બેંકની સામે, પંચવટી,
નાસિક (મહારાષ્ટ્ર)
ફોન : ૦૨૫૩-૨૫૧૨૬૧૩
***મુંબઈ સંપર્ક :***
ઝવેરબાઈ પુરુષોત્તમ નથુ ચેરિટેબલ ટ્રસ્ટ, રૂમ નં.-૨૪, ગોવિંદ ભાણજી ભવન, પહેલા માળે,
૩૮૮-૩૯૪, શેખ મેમણ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : (૦૨૨) ૨૨૦૧૬૧૮૨

# ભારતના ગુજરાતી સમાજ

(લેખાંક-૩)

• નરેશ પ્રદ્યુમનરાય અંતાણી •

## બંગાળ

### ૧૪. કોલકાતા ગુજરાતી સમાજ વ્રજદાસ દત્તાણી ભવન

પૂર્વ ભારતનું મહત્ત્વનું અને પશ્ચિમ બંગાળનું પાટનગર કોલકત્તામાં ગુજરાતી સમાજ લાંબા સમયથી કાર્યરત છે અહીં ગુજરાતીઓ માટે આવાસની અનેક સુવિધાઓ ઉપલબ્ધ છે. શહેરનો ભવાનીપુર વિસ્તાર ગુજરાતના કોઇ એક શહેરમાં આપણે ફરી રહ્યા હોઇએ તેવો અનુભવ કરાવે છે. આ વિસ્તારમાં ગુજરાતીઓની સૌથી વધુ વસતિ વસવાટ કરતી હોઈ ઠેર ઠેર ગુજરાતી બેનરો, સાઇનબોર્ડ જોવા મળે અને આ જ વિસ્તારમાં ગુજરાતીઓને આવાસની અનેક સુવિધાઓ મળી રહે છે. અહીં ગુજરાતીઓની કલકત્તા એંગ્લો ગુજરાતી સ્કૂલ, કલકત્તા એજ્યુકેશન સોસાયટી, લક્ષ્મીનારાયણ મંદિર ટ્રસ્ટ જેવી સંસ્થાઓ કાર્યરત છે. કોલકત્તા ગુજરાતી સમાજ દ્વારા લક્ષ્મીનારાયણ મંદિર, જૈન દેરાસર અને સ્વામિનારાયણ મંદિરની નિશ્રામાં વ્રજદાસ દત્તાણી ભવનનું નિર્માણ નવેમ્બર ૧૯૯૯માં કરવામાં આવ્યું. **રવીન્દ્રભાઇ વાઘાણી ગુજરાતી સમાજના પ્રમુખ છે.** બે માળના આ ભવનમાં કોલકત્તાના પ્રવાસે આવતા ગુજરાતી પ્રવાસીઓ માટે આવાસની સુંદર સુવિધાઓ આપવામાં આવી છે. અહીં કુલ ચોવીસ ખંડો છે જેમાં બાર વાતાનુકૂલિત છે. પ્રત્યેક ખંડ આધુનિક ટી.વી., ટેલિફોન તથા ગરમ પાણી માટે ગીઝર સહિતની સુવિધાઓ ધરાવે છે. ભવનના ભોંયતળિયે એક વિશાળ વાતાનુકુલિત હોલ પણ છે જેમાં સેમિનાર, કોન્ફરન્સ, લગ્ન જેવા સમારંભોનું પણ આયોજન કરી શકાય છે. એક ડોરમેટરી હોલની પણ સગવડ છે. અહીં શુદ્ધ શાકાહારી ભોજનાલય પણ છે. આ ઉપરાંત ચા-નાસ્તા માટે કેન્ટીનની સુવિધા પણ છે. અગાસી ઉપર વિશાળ ટેરેસ ગાર્ડન પણ બનાવવામાં આવ્યું છે. હાવડા સ્ટેશનથી અહીં આવવા ટેક્ષી મળી રહે છે. જેનું ભાડુ અંદાજે રૂા. ૧૦૦/- થાય છે.

*કોલકત્તા ગુજરાતી સમાજ*
વ્રજદાસ દત્તાણી ભવન,
૧૪, માધવ ચેટરજી લેન, ભવાનીપુર,
કોલકત્તા (પશ્ચિમ બંગાળ) ૭૦૦ ૦૨૦.
ફોન : (૦૩૩) ૨૪૭૪૭૬૭૯, ૨૪૭૬૭૧૦૩-૪-૫
E-mail : gujsamaj@vsnl.net

### ૧૫. શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સોસાયટી

કોલકત્તામાં ગુજરાતીઓને રહેવા માટે લક્ષ્મીનારાયણ મંદિર પરિસરમાં અતિથિગૃહની વિશાળ સુવિધા છે. અહીંના અતિથિ ગૃહમાં ચાર પથારી ધરાવતા છત્રીસ એટેચ્ડ રૂમો છે. સાત નાના મોટા હોલ છે. ઉપરાંત છ નાના રૂમો પણ છે. ગુજરાતી યાત્રિકોને વાજબી અને રાહત દરના ડોનેશનથી આવાસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. હાવડા સ્ટેશનથી અહીં આવવા ટેક્ષી મળી રહે છે જેનું ભાડુ અંદાજે રૂા. ૧૦૦/- થાય છે.

શ્રી લક્ષ્મીનારાયણ મંદિર સોસાયટી,
૪૨, શરતબોઝ રોડ, ભવાનીપુર,
કોલકત્તા (પશ્ચિમ બંગાળ) ૭૦૦ ૦૨૦
ફોન : (૦૩૩) ૨૪૮૬૫૮૧૧, ૨૪૮૬૫૧૨૩ તથા ૩૨૫૨૪૫૮૮

### ૧૬. શ્રી કચ્છી જૈન ભવન, કોલકત્તા

**કોલકત્તામાં કચ્છીઓનો વસવાટ સવાસો વર્ષથી પણ જૂનો મનાય છે.** બંગાળ-નાગપુર રેલવે લાઇનના નિર્માણ કાર્યમાં કચ્છી કોન્ટ્રાક્ટરો જોડાયા હતા ત્યારથી કચ્છીઓનું આ બંગાળના પાટનગરમાં આગમન થયું હોવાનું મનાય છે. આ પછી સાહસિક એવા કચ્છી માડુઓ અહીં ચોખા, કરિયાણું, ઇમારતી લાકડું, તેલ, ચા, બારદાન, કપાસ તથા બાંધકામ જેવા વ્યવસાયમાં જોડાયેલા છે. અહીં કચ્છીઓ અને કચ્છી જૈનોનું મોટું સંગઠન છે. પશ્ચિમ બંગાળ અને બિહારના યાત્રાએ આવતા જૈનો અને કચ્છીઓ માટે કોલકત્તામાં વસતા કચ્છી જૈન પરિવારોએ ખાસ કચ્છી જૈન ભવનનું નિર્માણ કર્યું છે. બે માળના વિશાળ જૈન ભવનમાં પ્રત્યેક કચ્છી જૈન અને કચ્છી જૈનેતરને આવાસની સુવિધા પૂરી પાડવામાં આવે છે. બે માળના આ ભવનમાં વિશાળ હોલ તથા આધુનિક સુવિધા ધરાવતા રૂમો વાજબી ભાડાથી આપવામાં આવે છે.

શ્રી કચ્છી જૈન ભવન,
૫૯, ઇઝરા સ્ટ્રીટ,
કોલકત્તા (પશ્ચિમ બંગાળ)-૭૦૦ ૦૭૩.
ફોન : (૦૩૩) ૨૪૮૬૫૮૧૧, ૨૪૮૬૫૧૨૩ તથા ૩૨૫૨૪૫૮૮

## મહારાષ્ટ્ર

### ૧૭. શ્રી મુક્તિજીવન સ્વામીબાપા સેવાશ્રમ, મુંબઇ

માઉન્ટ આબુની જેમ જ મુંબઇમાં પણ શ્રી મુક્તિજીવન સ્વામીબાપા સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા ગુજરાતી પરિવારો માટે આવાસની સુંદર સુવિધા ઊભી કરાઇ છે. અહીં બે પથારીની સુવિધા ધરાવતા ૩૦ એટેચ્ડ રૂમો છે. જે વાતાનુકુલિત સુવિધા ધરાવે છે. જેનું ભાડું રોજના રૂા. ૧૦૦૦/- લેવામાં આવે છે. જેમાં ટુવાલ, સાબુ, શેમ્પુ તથા ચોવીસ કલાક ગરમ પાણીની સુવિધા આપવામાં આવે છે. ડોરમેટરી હોલ પણ છે. જેમાં એક જણના પ્રતિદિન રૂા.

*દુર્જનોથી દૂર રહેવું એ સદ્‌ગુણી વ્યક્તિનું લક્ષણ છે.*

૧૦૦/- લેવામાં આવે છે. અહીંના જલપાન ગૃહમાં શુદ્ધ ગુજરાતી ભોજન ઉપરાંત ચા-નાસ્તા અને ઠંડાપીણાની વ્યવસ્થા છે. એસ.ટી.ડી. ફોન તથા મુંબઇ દર્શન માટે ડીલક્ષ લક્ઝરી બસની પણ સગવડ કરી આપવામાં આવે છે.

શ્રી મુક્તિજીવન સ્વામીબાપા સેવાશ્રમ,
મુંબઇ, ભુલાભાઇ દેસાઇ રોડ,
મહાલક્ષ્મી, મુંબઇ-૪૦૦૦૨૬
ફોન : (૦૨૨) ૨૩૫૩૦૬૯૧
ફેક્સ (૦૨૨) ૨૩૫૧૬૧૦૦

## ૧૮. શેઠ પુરુષોત્તમ ગોપાલદાસ સેનેટોરિયમ ટ્રસ્ટ, મુંબઇ

કુદરતી વાતાવરણ ધરાવતું મુંબઇનું એકમાત્ર પરું એટલે કાંદિવલી. આથી જ મુંબઇમાં સૌથી વધારે સેનેટોરિયમ આ વિસ્તારમાં છે. ચારે તરફ લીલોતરી અને ખુલ્લા વાતાવરણમાં શેઠ પુરુષોત્તમદાસ સેનેટોરિયમ આવ્યું છે. અહીં એક હોલ એક બેડરૂમની સુવિધા ધરાવતા ૬ બ્લોક છે. આ તમામ બ્લોકમાં સોફા, ખુરશી, ટીપોય, ડ્રેસિંગ ટેબલ, ડાઇનિંગ ટેબલ, ફ્રીઝ, ટીવી, ગરમ પાણી માટે હીટર, રસોડાને લગતો સામાન, વાસણ, ગેસ ચૂલા તથા ગેસની ટાંકી તથા ફોનની સુવિધા આપવામાં આવી છે. આ છ પૈકી ત્રણ બ્લોક વાતાનુકૂલિત છે.

શ્રી શેઠ પુરુષોત્તમ ગોપાલદાસ
સેનેટોરિયમ ટ્રસ્ટ,
૧૪૫, કસ્તુરબા ક્રોસ રોડ,
ભાનુપાર્ક પાસે, કાંદીવલી (વેસ્ટ)
મુંબઇ. ૪૦૦૦૬૭
ફોન : (૦૨૨) ૨૮૬૩૪૭૬૯ વધુ વિગતો માટે સ્વપ્નેશભાઇ પારેખનો ફોન નં. : (૦૨૨) ૩૨૪૬૦૮૦૮ પર સંપર્ક કરવો.

## ૧૯. લોહાણા સેનેટોરિયમ / અતિથિ ભવન ટ્રસ્ટ, લોનાવાલા

પર્યટનધામ લોનાવાલામાં યાત્રિકો માટે લોહાણા સેનેટોરિયમ / અતિથિ ભવન ટ્રસ્ટ દ્વારા કોઇ પણ જ્ઞાતિના ગુજરાતીઓના આવાસ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં યાત્રા પ્રવાસ કે માત્ર હવાફેર કરવા આવતા પ્રવાસીઓને ગમે તેટલા દિવસ રહેવા આપવામાં આવે છે. આ અતિથિ ભવનમાં જુદા જુદા પ્રકારના કુલ પચ્ચીસ ખંડો તથા બે ડોરમેટરી હોલ છે. જેમાં એક, બે અને ત્રણ બેડરૂમ, દીવાન ખંડ તથા રસોડું ધરાવતા એકવીસ સ્વતંત્ર કોટેજ, માત્ર એક અને બે બેડરૂમવાળા ચાર કોટેજનો સમાવેશ થાય છે. જેમાં એકી સાથે કુલ પચાસ વ્યક્તિઓને આવાસની સુવિધા મળી રહે છે. જુદી જુદી કક્ષા પ્રમાણે રૂા. ૬૦૦/- થી રૂા. ૨૨૫/- સુધી ભાડું લેવામાં આવે છે. અહીં ચેક આઉટ સમય સવારના દસ વાગ્યાનો છે. જે પરિવારોને ટીવીની આવશ્યકતા હોય તેને અલાયદું ટીવી આપવામાં આવે છે જેનું ભાડું રૂા. ૧૦૦/- અલગથી લેવામાં આવે છે. અહીં કેન્ટીનની પણ સુવિધા છે.

લોહાણા સેનેટોરિયમ/અતિથિ ભવન
ટ્રસ્ટ, તુંગાર્લી હિલ,
એચ.ડી.એફ.સી. બેંક પાછળ,
લોનાવાલા ૪૧૦૪૦૧ (મહારાષ્ટ્ર)
ફોન : (૦૨૧૧૪) ૨૭૩૧૪૪ તથા ૨૭૧૨૬૬

આ અતિથિ ભવન માટે મુંબઇથી પણ આરક્ષણ કરાવી શકાય છે. જે માટે લોહાણા સેનેટોરિયમ/અતિથિ ભવન ટ્રસ્ટ, રાધાનિવાસ, પહેલા માળે, એસ.કે. પાટીલ ઉદ્યાન સામે, ૧૦/૧૨ નવરોજી શેઠ લેન, ઠાકુર દ્વાર, મુંબઇ-૪૦૦૦૦૨ ના સરનામે શ્રીમતી નીતાબહેન ઠક્કર અથવા સુરેશભાઇનો સંપર્ક કરવો ફોન : (૦૨૨) ૨૨૦૮૬૩૮૩ અથવા ૨૨૦૭૧૨૩૭

## ૨૦. સંઘવી આરોગ્ય ભવન, પંચગીની (પંચગણી)

પર્યટનધામ પંચગીનીમાં યાત્રિકો માટે સંઘવી આરોગ્ય ભવન અતિથિ ભવન દ્વારા કોઇ પણ શાકાહારી ગુજરાતી પરિવારના આવાસ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં યાત્રા પ્રવાસ, કેળવણી હેતુ માત્ર હવાફેર કે આરોગ્યલક્ષી પ્રવાસ કરવા આવતા પ્રવાસીઓને ગમે તેટલા દિવસ સુધી રહેવા આપવામાં આવે છે. આ ભવનમાં કુલ ૧૩ કોટેજ છે. જેમાં પલંગ, ગાદલાં, રજાઇ, બ્લેન્કેટ, ગેસ ચૂલો, ગેસનો બાટલો, વાસણ સહિતની સુવિધા આપવામાં આવે છે. રસોઇ બનાવવા માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોઇ અહીં કેન્ટીન નથી. અહીં ઓફ સીઝનમાં નાના બ્લોક (કોટેજ)ના એક દિવસના રૂા. ૮૦૦ તથા મોટા કોટેજના રૂા. ૧૪૦૦ લેવામાં આવે છે. ચારથી વધારાની પ્રત્યેક વ્યક્તિના રૂા. ૧૮૫ વધારાના લેવામાં આવે છે. (સીઝન તથા ઓફ સીઝનના દરો અલગ અલગ રહે છે.)

સંઘવી આરોગ્ય ભવન, પંચગીની
(પંચગણી)
ફોન (૦૨૧૭૯) ૨૪૦૩૧૦
મુંબઇમાં આરક્ષણ માટે શાંતિ આશિષા,
ગ્રાઉન્ડ ફ્લોર, ઇરલા લેન,
વિલેપાર્લે (વેસ્ટ) મુંબઇ ૪૦૦૦૫૭
ફોન (૦૨૨) ૭૫૧૮૧૧૯૯

## ૨૧. પ્રો. જે.પી. ત્રિવેદી અતિથિ ગૃહ, પૂના

પુના શહેરમાં પ્રવેશતાં શિવાજીનગર રેલવે સ્ટેશનથી તદ્દન નજીકમાં આવતું જે.પી. ત્રિવેદી અતિથિગૃહ ગુજરાતી પ્રવાસીઓના આવાસ પ્રબંધ માટે સારું સ્થળ છે. આ અતિથિગૃહનો ઇતિહાસ પણ રસપ્રદ છે. પુનાની ગુજરાતી સંસ્થાઓના સ્થાપક તથા શહેરની સામાજિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા અને ગાંધીવાદી પ્રા. જે.પી. ત્રિવેદીની સ્મૃતિમાં સ્થપાયેલા ટ્રસ્ટ દ્વારા અતિથિ દેવો ભવઃની ભાવનાને ચરિતાર્થ કરવા ઇ.સ. ૧૯૫૬માં પ્રા. જે.પી. ત્રિવેદી અતિથિગૃહની સ્થાપના કરી.

અતિથિગૃહના દરેક બ્લોકમાં ૧ રૂમ, રસોડું, એટેચ્ડ બાથરૂમની સગવડ ઉપરાંત ગેસ, બે પલંગ, ગાદલા, પાંચ વ્યક્તિઓની રસોઇ કરી શકાય તે પ્રકારના વાસણો, ટેબલ, ખુરશી, કબાટ વગેરેની પણ સુવિધા ધરાવે છે. અગાઉથી રૂા. ૫૦૦ અનામતના ચૂકવીને આરક્ષણ કરાવી શકાય છે. ઓછામાં ઓછા દશ દિવસ માટે આ બ્લોક બુક કરવામાં આવે

*(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)*

*વહેતી નદીઓ આપતી એ ઉપદેશ મહાન, વહેતા રહી વહેંચતા રહો ધન્ય થશે જીવન.*

# વરિષ્ઠોને મળતી સગવડો અને લાભો

ભારતમાં વરિષ્ઠોને જે સગવડો ઉપલબ્ધ કરવામાં આવી રહેલ છે તેની વિગતો અત્રે આપવામાં આવેલ છે. આશા છે કે આ વિગતો અનેક વરિષ્ઠોને તથા અન્ય લાભકર્તા વર્ગને ઉપયોગી થઇ રહેશે.

**(અ) કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો :-**

### સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય

(૧) વરિષ્ઠો માટે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને વૃદ્ધાશ્રમો બાંધવા, નિભાવવા, ડે-કેર સેન્ટર, ફરતાં દવાખાનાં અને આવી બીજી જરૂરી સેવાઓ પૂરી પાડવા માટે, ૯૦ ટકા જેટલી આર્થિક મદદ આપે છે. (આયોજન હેઠળ)

(૨) રાજ્ય સરકારની ભલામણથી પંચાયતોને, સ્વૈચ્છિક સંસ્થાઓને, વૃદ્ધાશ્રમો, વિવિધ સેવા કેન્દ્રો બાંધવા ૧૦૦ ટકા સહાય મળે છે. (આયોજન બહાર)

### નાણા મંત્રાલય

**(૧) આવકવેરો**

(ક) વરિષ્ઠોને (૬૫+) ને રૂા. ૨.૪૦ લાખ સુધી આવકવેરા મુક્તિ (નાણાકીય વર્ષ ૨૦૦૯-૧૦ માટે).

(ખ) વરિષ્ઠોને (૬૫+) બેન્કો, પોસ્ટ ઓફિસમાં બાંધી મુદતની થાપણો ઉપર ૦.૨૫ થી ૧.૦ ટકા સુધી વધુ વ્યાજ મળે છે.

(ગ) રૂા. ૧ લાખ સુધી ખાસ યોજનામાં રોકાણ સામે આવકવેરામાં કરમુક્તિ

(ઘ) કલમ ૮૦(ડી) નીચે, મેડિકલ વીમા પ્રીમિયમમાં મહત્તમ રૂા. ૨૦૦૦૦ સુધી કરમુક્તિ

(ચ) હૃદય રોગ, કેન્સરની સારવાર ખર્ચના રૂા. ૬૦૦૦૦ સુધીના ખર્ચને કરમુક્તિ

(છ) ટી.ડી.એસ. નીતિ નીચે, વાર્ષિક વ્યાજ ફોર્મ ૧૫-એચ જોડવાથી વ્યાજની આવકમાંથી આવકવેરાની કપાત નહીં કરાય

(જ) રાષ્ટ્રીયકૃત બેન્કમાં રૂા. ૧ લાખ સુધીની મર્યાદામાં પાંચ વર્ષની ફીક્સ ડિપોઝિટ ઉપર કરવેરામાં કરકપાત મળશે, પરંતુ કલમ ૮૦ (સી) તેમજ ૮૦ (સીસીસી) (પેન્શન) માટેની સંયુક્ત મુક્તિ મર્યાદા રૂા. ૧ લાખ ચાલુ રહે છે.

**(૨) બચત યોજનાઓ**

(ક) આ યોજના ૬૦ વર્ષ કે વધુ વયના વયસ્કો માટે (સ્વૈચ્છિક નિવૃત્તો માટે ૫૦ વર્ષ) ઉપલબ્ધ છે.

(ખ) પોસ્ટ ઓફિસ ડિપોઝિટ પર વ્યાજ દર ૯ ટકા છે જે દર ત્રણ મહિને ચૂકવાય છે, આ વ્યાજ કરપાત્ર છે

(ગ) ખાતું એક નામે કે પતિ-પત્નીનાં સંયુક્ત નામે ખોલી શકાય છે તથા નોમિનેશન સુવિધા પણ છે.

(ઘ) રૂા. ૧૦૦૦થી શરૂ કરી રૂા. ૧૦૦૦ના ગુણાંકમાં વધુમાં વધુ ૧૫૦૦૦૦૦ની ડિપોઝિટ મુકી શકાય.

(ચ) ડિપોઝિટની મુદત પાંચ વર્ષની છે જેમાં ત્રણ વર્ષનો વધારો કરી શકાય છે.

(છ) મુદત પાકતા પહેલાં ઉપાડ કરવા માટે પ્રથમ એક વર્ષ પછી નિયત દરે દંડ ચૂકવી ઉપાડ થઇ શકે.

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય

(ક) હોસ્પિટલોમાં કેસ કઢાવવા માટે વરિષ્ઠોની જુદી લાઇનની વ્યવસ્થા

(ખ) દવા માટે ખાસ વ્યવસ્થા

(ગ) કેન્દ્ર સરકારના નિવૃત્ત કર્મચારીઓ, તેમના આશ્રિતો, સ્વાતંત્ર્ય સૈનિકો, સરકારી કર્મચારીઓની વિધવાઓ માટે સેવા ઉપલબ્ધ કરાવે છે.

(ઘ) એલોપેથિક, હોમિયોપેથિક, આયુર્વેદ, યુનાની, યોગ અને સિદ્ધિ પ્રકારની દવાઓ દ્વારા સારવાર ઉપલબ્ધ કરાવે છે.

(ચ) ગુજરાતમાં મોતિયાના ઓપરેશન બાદ આઇ.ઓ. લેન્સ વિના મૂલ્યે આપવામાં આવે છે.

### સંદેશા વ્યવહાર મંત્રાલય (૬૦+ માટે)

(ક) ટેલિફોન ફરિયાદના ઝડપી નિકાલ માટે ખાસ અગ્રતા યાદી

(ખ) ટેલિફોન જોડાણમાં અગ્રતા

(ગ) બ્રોડબેન્ડના ભાડામાં સરકારી નોકરિયાત અને નિવૃત્તોને ૨૦ ટકા રાહત

### રેલવે મંત્રાલય

(ક) કોઇ પણ હેતુ માટે બધા વર્ગમાં ૬૦+ પુરુષોને ૩૦ ટકા તથા મહિલાઓને ૫૦ ટકા (મૂળ ભાડામાં) રાહત મળે છે. (રાજધાની, શતાબ્દી, જન શતાબ્દી સહિતની મેઇલ, એક્સપ્રેસ ગાડીમાં) ટિકિટ આરક્ષણ વખતે આ લાભ આપોઆપ મળે છે.

*છે ખાતરી તારી હું આમાં એટલે જ શ્રદ્ધા છે, થાકી જશે હાથ પણ ખેરાત ચાલતી રહેશે. – ભગવતી શર્મા*

ટિકિટ ખરીદતી વખતે પોતે સિનિયર સિટિઝન છે તેવું જણાવે (આ માટે કોઇ પ્રમાણપત્રની જરૂર નથી) તો લાભ મળશે. આ લાભ લેનારે ઉંમરના પુરાવા (ઓળખપત્ર, રેશનકાર્ડ, ડ્રાઇવિંગ લાઇસન્સ, પાસપોર્ટ, શૈક્ષણિક પ્રમાણપત્ર, આવકવેરાનું પાનકાર્ડ વગેરે પૈકી એક) મુસાફરી સમયે સાથે રાખવાના રહેશે અને માંગે ત્યારે બતાવવાના રહેશે અન્યથા દંડ ભરવાનો થશે.

(ખ) રેલવે ટિકિટ ખરીદવા, રદ કરાવવા માટે ખાસ જુદી લાઇનની વ્યવસ્થા

(ગ) મહત્ત્વના રેલવે સ્ટેશનો પર વ્હીલચેરની વ્યવસ્થા

(ઘ) હૃદયરોગ, કેન્સર માટે વરિષ્ઠ તથા તેના એક સાથી ઘેરથી હોસ્પિટલ સુધીની મુસાફરી માટે ફર્સ્ટ, સેકન્ડ, સ્લીપર વર્ગના ભાડામાં ૭૫ ટકા રાહત.

(ચ) રેલવેમાંથી નિવૃત્ત થયેલા કર્મચારીઓ તેમના પરિવાર સાથે આજીવન મફત રેલવે મુસાફરી સુવિધા.

(છ) એ.સી. અને સ્લીપર ક્લાસમાં વયસ્ક નાગરિકો, ૪૫ વર્ષથી વધુ વયની એકલી મહિલા મુસાફર માટે નીચેની બેઠકોનો ક્વોટા ઉપલબ્ધ છે.

### નાગરિક પુરવઠા મંત્રાલય

(ક) ગ્રામીણ વિકાસ મંત્રાલયની અન્નપૂર્ણા યોજના નીચે, ૬૫ વર્ષથી વધુ વયના દરિદ્ર વયસ્ક કે જેઓ રાષ્ટ્રીય વૃદ્ધાવસ્થા પેન્શન યોજના નીચે વૃદ્ધાવસ્થા પેન્શન મેળવવાની પાત્રતા ધરાવતા હોય, પરંતુ પેન્શન ન મેળવતા હોય તેમને, આ યોજના નીચે વ્યક્તિદીઠ માસિક ૧૦ કિ.ગ્રા. અનાજ વિના મૂલ્યે પૂરું પાડવામાં આવે છે તથા આવા કુટુંબને રેશન આપવામાં અગ્રતા આપવાની સૂચનાઓ છે.

(ખ) અંત્યોદય અન્ન યોજના નીચે ભૂખથી ટળવળતા ગરીબોમાં ગરીબ એવા નાગરિકો માટે, ૨૫ કિ.ગ્રામ ઘઉં રૂા. ૨ અને ૧૦ કિ.ગ્રામ ચોખા મળી કુલ ૩૫ કિ.ગ્રામ રૂા. ૩ ના ભાવે અનાજ દર મહિને આપવાની જોગવાઇ છે. તે માટે ખાસ બી.પી.એલ. કાર્ડ જરૂરી છે.

### નાગરિક ઉડ્ડયન મંત્રાલય

(ક) હવાઇ મુસાફરીના સામાન્ય વર્ગમાં મૂળ ભાડામાં ૫૦ ટકા રાહત (આંતરિક ઉડાન) જેમાં પુરુષની ઉંમર ૬૫+ તથા મહિલાની ઉંમર ૬૩+ ને લાભપાત્ર છે.

(ખ) એર ઇન્ડિયા (આંતરરાષ્ટ્રીય ઉડાન)માં મૂળ ભાડામાં ૬૦+ વરિષ્ઠોને યુ.એસ.એ., યુ.કે. અને યુરોપના પ્રવાસમાં રાહત આપે છે.

(ગ) સહારા એરલાઇન્સમાં ૬૨+ વરિષ્ઠોને આંતરિક ઉડાનમાં સામાન્ય વર્ગમાં ૫૦ ટકા રાહત.

### (બ) (૧) અન્ય ક્ષેત્રે રાહત અને સવલતો

(ક) કોર્ટ કેસમાં : કોર્ટમાં વરિષ્ઠોના કેસો અગ્રતાના ધોરણે ચલાવવા સૂચનાઓ અપાઇ છે, આ ઉપરાંત ઓનલાઇન મફત કાનૂની સહાય, કાનૂની સલાહકાર અનુરુપા ગીલિયાલ http://www.disabilityindia.org/olaccfm ઉપર આપે છે. આ ઉપરાંત ભારત વિદ્યાપીઠ, ન્યુ કોલેજ એજ્યુકેશન કોમ્પ્લેક્ષ, ઇરેન્ડવેન પોડ રોડ, પૂણે-૪૧૧૦૩૮ મહિલાઓ તથા વયસ્કને કાનૂની સહાય ઉપલબ્ધ કરાવે છે.

(ખ) રિવર્સ મોર્ટગેજ યોજના (ઊલટા ક્રમમાં ગીરો)

નેશનલ હાઉસિંગ બેન્કની યોજનામાં ૬૦ વર્ષ કે તેથી વધુ વયના વયસ્કોને આવરી લે છે. વયસ્ક નાગરિક ઘરની માલિકી ધરાવતો હોય તો ઘર ગીરો મૂકીને દર મહિને આવક પ્રાપ્ત કરી શકે છે. આમાં ઘરનો કબજો તે જીવે ત્યાં સુધી તેમની પાસે જ રહે છે તેમજ લોનના કોઇ હપ્તા ભરવાના હોતા નથી. આ માટે નીચેની પાત્રતા હોવી જોઇએ.

(૧) અરજદારની ઉંમર ૬૦ કે તેથી વધુ હોવી જોઇએ. જો કે વિવાહિત યુગલના કિસ્સામાં કોઇ એકની ઉંમર ૬૦ કે તેથી વધુ હોય અને અન્યની ઓછી હોય તો પણ માન્ય છે.

(૨) પોતાની માલિકીનું રહેઠાણ મકાન હોવું જોઇએ અને પોતાના કબજામાં હોવું જોઇએ.

(૩) મકાન ઉપર કોઇ પણ પ્રકારનું દેવું ન હોવું જોઇએ અને ટાઇટલ ક્લીયર હોવું જોઇએ. જો કોઇ દેવું હોય તો ચૂકતે કર્યા પછી અરજી કરી શકે.

(૪) આ યોજનામાં શ્રેષ્ઠ બાબત એ છે કે તેને માટે આવક કે મૂડીની જરૂરિયાત આવશ્યક ગણવામાં આવી નથી.

***મળવાપાત્ર ધિરાણની રકમ :***

જો તમે ૬૦ વર્ષના હો તો તમે તમારી મિલકતની કિંમતના ૩૦ ટકા ધીરાણ મેળવી શકો છો અને ૬૦ વર્ષથી વધુ વર્ષના હો તો ૬૦ ટકા સુધી ધિરાણ મળી શકે છે. આનો આધાર તમારી મિલકતની કિંમત, તમારે કેટલા સમય માટે ધિરાણ જોઇએ છે અને કેટલા વ્યાજદરે ધિરાણ મળી શકે તેના ઉપર છે. આ માટે નીચેની બેન્કોનો સંપર્ક સાધવો :

(૧) નેશનલ હાઉસિંગ બેન્ક

(૨) પંજાબ નેશનલ બેન્ક

(૩) કોર્પોરેશન બેન્ક,

(૪) યુનિયન બેન્ક ઓફ ઇન્ડિયા

(૫) આઇસીઆઇસીઆઇ બેન્ક

(૬) દિવાન હાઉસિંગ

(ભવિષ્યમાં વધુ બેન્કો જોડાઇ શકે છે)

*નિષ્ફળતા ન મળે ત્યાં સુધી સફળતાનું સાચું મૂલ્ય સમજાતું નથી.*

### (બ) (૨) નેશનલ વીમા નિગમની યોજનાઓ

(ક) મેડી ક્લેઇમ પોલિસી નીચે ૬૦ થી ૮૦ વર્ષના વરિષ્ઠોને ૯૦ વર્ષ સુધી રૂા. ૧ લાખનું ઇન્ડોર સારવાર માટે વીમા કવચ

(ખ) રૂા. ૨ લાખ સુધીનું વીમા કવચ વિશિષ્ટ રોગો સામે પૂરું પાડે છે. જેમાં હયાત રોગોની પણ ૧ વર્ષ પછી સારવાર ખર્ચ મળે છે. પ્રીમિયમ ઘટાડવા પ્રયાસો ચાલુ છે.

### (ક) ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ :

(૧) નિરાધાર વૃદ્ધોને માસિક રૂા. ૨૦૦ની સહાય યોજના

*આ લાભ કોને મળે ?*

(૧) ૬૦ કે તેથી વધુ ઉંમરના નિરાધાર સ્ત્રી કે પુરુષને

(૨) ૨૧ વર્ષનો પુત્ર ન હોય

(૩) ૨૧ વર્ષનો પુત્ર હોય પરંતુ ૭૫ ટકા વિકલાંગ હોય, માનસિક અસ્થિર હોય કે કેન્સર, ટી.બી. જેવી ગંભીર માંદગીથી પીડાતા હોય કે કમાવા માટે અશક્તિમાન હોય તો

(૪) અરજદાર ૭૫ ટકાથી વધુ અપંગ, ૧૦૦ ટકા દૃષ્ટિહીન હોય અને ૪૫ વર્ષ કરતાં વધુ ઉંમરનો હોય

(૫) અરજદારની વ્યક્તિગતની વાર્ષિક આવક રૂા. ૨૪૦૦ અથવા કુટુંબની આવક રૂા. ૪૫૦૦થી વધુ ન હોય

(૬) ઓછામાં ઓછા ૧૦ વર્ષથી ગુજરાતમાં વસવાટ કરતો હોય.

*લાભ શું મળે?*

અરજદારની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય, ૭૫ ટકાથી વધુ અપંગ, ૧૦૦ ટકા દૃષ્ટિહીન હોય અને ૪૫ વર્ષ કરતાં વધુ હોય તો માસિક રૂા. ૨૦૦ની સહાય મની ઓર્ડર દ્વારા રહેઠાણના સરનામે મોકલી અપાય છે.

*સહાય મેળવવા કોને અરજી કરવી?*

કલેક્ટર કચેરી કે જન સેવા કેન્દ્રમાંથી અરજીપત્રક મેળવવું. આવી અરજી મળ્યેથી મામલતદાર આ અંગેની ચકાસણી કરશે અને તેના આધારે પ્રાંત અધિકારીને મંજૂર કે નામંજૂર કરવાની સત્તા છે.

### (ક) (૨) વરિષ્ઠો અને વંચિત બાળકો માટે ગુજરાત સરકારે જુલાઇ ૨૦૦૯માં જાહેર કરેલ કેટલાક આયોજિત કાર્યક્રમો

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માન. મંત્રી શ્રી ફકીરભાઇ વાઘેલાએ વિધાનસભામાં તા. ૨૧-૭-૦૯ના રોજ નીચે મુજબની જાહેરાતો કરેલ છે.

વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમો તથા એઇડસથી માતા-પિતાનું છત્ર ગુમાવનાર બાળકો માટે ગાંધીનગર ખાતે ખાસ ચિલ્ડ્રન હોમ ઊભા કરાશે.

અનાથ બાળકોના પાલક માતા-પિતાને રાજ્ય સરકાર દ્વારા અપાતી માસિક સહાય રૂા. ૫૦૦ બમણી કરીને રૂા. ૧૦૦૦ કરેલ છે.

રાજ્ય સરકાર 'વય વંદના' યોજના અંતર્ગત આશરે રૂા. ૧ લાખ વૃદ્ધોને સહાય ચૂકવવામાં આવે છે. જે આ અંદાજપત્રમાં બે લાખ વૃદ્ધોને સહાય આપવામાં આવશે અને તે માટે ૭૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

વૃદ્ધ માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકો માટેના ભરણપોષણ અને કલ્યાણ કાયદા અંતર્ગત રાજ્યના પાંચ લાખથી વધુ વૃદ્ધોને ન્યાય અને પૂરતી સલામતી મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, અને હાલમાં રાજ્યમાં ૨૧ વૃદ્ધાશ્રમો ચાલે છે. બીજા ગાંધીનગર, ખેડા, આણંદ અને પોરબંદરમાં નવા ૪ વૃદ્ધાશ્રમો શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

### (ક) (૩) ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય વરિષ્ઠ પેન્શન યોજના (IGNOAPS)

આ યોજના ૧લી એપ્રિલ, ૨૦૦૮થી ગુજરાતમાં અમલી છે. આ યોજના હેઠળ ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરની વ્યક્તિને ભારત સરકારે નક્કી કરેલા ધારાધોરણો અનુસાર ગરીબી રેખા હેઠળ આવતા નિરાધાર વૃદ્ધ વ્યક્તિને (પુરુષ કે સ્ત્રીને) કુટુંબ સહાયની ચૂકવણી કરવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તાર માટે તૈયાર કરેલ બીપીએલની યાદીનો અમલ કરવાનો રહેશે. બીપીએલ લાભાર્થી ૦ થી ૧૬ ગુણાંક ધરાવતો હોવો જોઇએ.

શહેરી વિસ્તાર માટે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ વિભાગની માર્ગદર્શિકા મુજબ, લાભાર્થી ગુણાંક ધરાવતા બીપીએલ લાભાર્થીઓને, અલગ યાદી દરેક નગરપાલિકા દ્વારા તૈયાર થયેલ છે તેમાં નોંધાયેલ લાભાર્થીને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. આ યોજના નીચે અરજદાર પુખ્તવયનો પુત્ર ધરાવતો હશે તો પણ રૂા. ૨૦૦ની સહાય, પતિ-પત્ની બન્ને પાત્રતા ધરાવતા હશે તો બન્નેને મળવાપાત્ર છે.

*સહાય મેળવવા કોને અરજી કરવી?*

કલેક્ટર કે પ્રાંત કચેરીમાંથી નિયત ફોર્મ મેળવી વિગતો ભરી તે કચેરીમાં પરત આપવાનું રહે છે.

જે અરજદારો બીપીએલ યાદીમાં નોંધાયેલ ન હોય પરંતુ રાજ્ય સરકારની નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળના નિયમો મુજબ પાત્રતા ધરાવતા હોય તો તેઓને ગુજરાત સરકારની સહાય રૂા. ૨૦૦ લેખે મળવાપાત્ર છે.

### (ક) (૪) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના (સંકટ મોચન યોજના)

આ યોજના હેઠળ કુટુંબની મુખ્ય કમાનાર વ્યક્તિ (૧૮ થી ૬૨ વર્ષની ઉંમર) નું કુદરતી રીતે કે અકસ્માતે મૃત્યુ થાય તો નીચે

*(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)*

***માનવધર્મથી પર એવા કોઈ ધર્મમાં મને શ્રદ્ધા નથી.***

# ઓગસ્ટ માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| *તારીખ* | *વર્ષ* | *વિશિષ્ટ વ્યક્તિનું નામ* |
|---|---|---|
| **૧** | **૧૮૯૨** | **રવિશંકર મ. રાવળ** |
| ૧ | ૧૮૯૮ | ગોકુળભાઈ દૌ. ભટ્ટ |
| ૧ | ૧૮૯૮ | રમણલાલ ના. શાહ |
| **૧** | **૧૯૩૨** | **મીનાકુમારી** |
| ૨ | ૧૮૭૧ | નર્મદાશંકર દે. મહેતા |
| ૩ | ૧૮૬૩ | ત્રિભુવનદાસ કે. ગજ્જર |
| **૩** | **૧૯૨૮** | **પુરુષોત્તમ ગ. માવળંકર** |
| ૪ | ૧૭૯૨ | પરસી બીસ શૈલી (બ્રિટન) |
| **૪** | **૧૮૪૫** | **ફિરોઝશાહ મહેતા** |
| **૪** | **૧૯૩૦** | **નીલ આર્મસ્ટ્રોંગ (યુ.સ્ટે.)** |
| ૫ | ૧૮૮૯ | ચંદુલાલ બ. પટેલ |
| ૬ | ૧૮૦૯ | આલ્ફ્રેડ ટેનીસન (બ્રિટન) |
| ૬ | ૧૮૮૧ | એલેકઝાંડર ફલેમિંગ (બ્રિટન) |
| ૭ | ૧૯૦૪ | રાલ્ફ બુંચ (યુ.સ્ટે.) |
| **૭** | **૧૯૩૪** | **ભોળાભાઈ પટેલ** |
| ૮ | ૧૯૧૩ | અમૃતલાલ યાજ્ઞિક |
| ૯ | ૧૮૩૭ | રણછોડભાઈ ઉદયરામ દવે |
| ૧૦ | ૧૮૫૩ | ઈચ્છારામ સૂ. દેસાઈ |
| ૧૦ | ૧૮૬૦ | વિષ્ણુ નારાયણ ભાતખંડે |
| **૧૦** | **૧૯૧૮** | **પીતાંબર ન. પટેલ** |
| **૧૨** | **૧૯૧૯** | **વિક્રમ સારાભાઈ** |
| **૧૨** | **૧૯૨૨** | **ચુનીલાલ મડિયા** |
| ૧૩ | ૧૮૪૬ | રોમેશચંદ્ર દત્ત |
| ૧૩ | ૧૯૨૬ | ફીદેલ કાસ્ત્રો (ક્યુબા) |
| ૧૪ | ૧૮૬૭ | જોન ગાલ્સવર્ધી (બ્રિટન) |
| ૧૫ | ૧૭૭૧ | વોલ્ટર સ્કોટ (બ્રિટન) |
| **૧૫** | **૧૮૭૨** | **શ્રી અરવિંદ** |
| **૧૬** | **૧૭૭૭** | **દયારામ પ્ર. ભટ્ટ** |
| **૧૭** | **૧૮૯૭** | **ઝવેરચંદ મેઘાણી** |
| **૧૭** | **૧૯૦૭** | **વિજ્યાલક્ષ્મી પંડિત** |
| ૧૭ | ૧૯૦૮ | ગની દહીંવાલા |
| ૧૮ | ૧૮૭૨ | વિષ્ણુ દિગંબર પલુસ્કર |
| **૧૮** | **૧૯૧૫** | **લીના સારાભાઈ** |
| ૧૮ | ૧૯૩૩ | કાંતિ શાહ |
| ૧૮ | ૧૯૪૧ | સિતાંશુ યશચંદ્ર |

| *તારીખ* | *વર્ષ* | *વિશિષ્ટ વ્યક્તિનું નામ* |
|---|---|---|
| ૧૯ | ૧૮૭૧ | ઓરવિલ રાઈટ (યુ.સ્ટે.) |
| ૧૯ | ૧૮૭૩ | કરુણાશંકર કુ. ભટ્ટ |
| ૧૯ | ૧૯૦૭ | હજારીપ્રસાદ ત્રિવેદી |
| **૨૦** | **૧૯૩૨** | **ચંદ્રકાંત બક્ષી** |
| ૨૧ | ૧૮૪૨ | કેખુશરુ ન. કાબરાજી |
| ૨૧ | ૧૯૦૧ | ચંદ્રશંકર મ. ભટ્ટ |
| ૨૧ | ૧૯૧૦ | નારાયણ બેંદ્રે |
| ૨૨ | ૧૮૭૭ | આનંદ કુમારસ્વામી (શ્રીલંકા) |
| ૨૨ | ૧૯૦૬ | જમિયત પંડ્યા |
| ૨૩ | ૧૮૪૫ | લાલશંકર ઉમિયાશંકર |
| ૨૩ | ૧૮૯૮ | તારાશંકર બંદોપાધ્યાય |
| **૨૪** | **૧૮૩૩** | **નર્મદાશંકર દવે (નર્મદ)** |
| ૨૪ | ૧૯૦૯ | યશોધર ન. મહેતા |
| ૨૫ | ૧૮૯૧ | અમૃતલાલ દ. શેઠ |
| ૨૫ | ૧૮૯૭ | હરિનારાયણ આચાર્ય |
| ૨૫ | ૧૯૦૨ | વેરિયર એલ્વીન |
| **૨૬** | **૧૯૧૦** | **મધર ટેરેસા** |
| ૨૭ | ૧૯૦૪ | હીરુભાઈ મૂ. પટેલ (એચ.એમ. પટેલ) |
| ૩૦ | ૧૮૯૩ | નર્મદાશંકર બા. પંડ્યા |
| ૩૦ | ૧૯૦૩ | નગીનદાસ ના. પારેખ |
| **૩૧** | **૧૯૧૯** | **અમૃતા પ્રીતમ** |

***સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા***

## અમૃતબિંદુ

સુખી જીવનમાં ચાર સૂત્રો છે. પ્રથમ : વસ્તુનો 'આગ્રહ' ન રાખો, જે મળે તેને પ્રસાદ સમજી સ્વીકારી લો. બીજું : વાણીથી 'વિગ્રહ' ન કરો, કારણકે મોંમાંથી એક પણ શબ્દ ખોટો નીકળી જાય તો રામાયણને બદલે મહાભારત થઇ જાય. ત્રીજું : સંપત્તિનો કદી 'સંગ્રહ' ન કરો, કારણકે વધુ સંઘરો અને વધુ સંબંધ આખરે દુઃખનું કારણ બને છે. ચોથું : કોઇ પણ વ્યક્તિ પ્રત્યે 'પૂર્વગ્રહ' રાખી વ્યવહાર ન કરો, કારણકે ક્યારેક રાતોરાત દોસ્ત દુશ્મન બની જાય છે અને દુશ્મન દોસ્ત બની જાય છે.

જિંદગીમાં મા, મહાત્મા અને પરમાત્માથી વધીને બીજું કાંઇ પણ નથી. મા બાળપણમાં સંભાળ રાખે છે, યુવાનીમાં દાનત બગડે તો ઉપદેશ આપી મહાત્મા સુધારી દે છે અને વૃદ્ધાવસ્થામાં મોત બગડે તો પરમાત્મા સંભાળી લે છે.

***- મુનિ. શ્રી તરણસાગરજી, પ્રેષક : સૂરજલાલ મહેતા***

*તમે માળી ન બની શકો તો ચાલશે, પરંતુ કઠિયારા બનવાનું ટાળો.*

વિચાર વિમર્શ

# નેતાઓનાં મૈં મૈં તૂ તૂ..., કેમ ન કરીએ થૂ થૂ થૂ?

● અજિત પોપટ ●

નક્સલવાદીઓ આખી ટ્રેન ઊડાવી દે અને કશ્મીર ભડકે બળતું હોય ત્યારે આ વહેંતિયા નેતાઓ મૈં મૈં તૂ તૂ કરતા રહે એ બહુ આઘાતજનક ઘટના છે. છેલ્લાં વીસ પચીસ વરસમાં કહેવાતા લોકપ્રતિનિધિઓ અને કહેવાતા નેતાઓનું સ્તર એટલું નીચું ગયું છે કે આ લોકોને શી રીતે નેતા કહેવા એ સમજાતું નથી. ભાજપના પ્રમુખ ગડકરીએ જનોઇવઢ ઘા કરતાં કહ્યું કે, 'સંસદ પર હુમલો કરનારો અફઝલ ગુરુ શું કોંગ્રેસનો જમાઇ છે કે એને ફાંસી આપવાને બદલે એને થાબડભાણાં કરો છો?' વાત કડવી છતાં સાચી છે. કોંગ્રેસ પાસે કોઇ લોજિકલ જવાબ નથી એટલે શેરીનાં ટપોરીની ભાષા પર ઊતરી આવ્યા કે ગડકરીએ માનસિક સમતુલા ગુમાવી છે. આ લખનારને ન ગડકરી માટે સોફ્ટ કોર્નર છે, ન કોંગ્રેસ માટે માન છે. પરંતુ આ આક્ષેપનો જવાબ કોંગ્રેસ પાસે નથી એ હકીકત છે. દુનિયાનાં બીજા કોઇ દેશમાં ન્યાયતંત્રની આટલી તૌહિન નહીં થતી હોય.

મોંઘવારી, ભાવવધારો, ભ્રષ્ટાચાર જેવા સળગતા વિષયો મૂકીને આ લોકો નર્યા વાણીવિલાસમાં સરી રહ્યા છે. ભારત બંધથી રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું નુકસાન થયું ત્યારે ભાજપ શાસિત રાજ્યો (જેમ કે ગુજરાત)માં **કોંગ્રેસે એવો આરોપ મૂક્યો કે બંધને સફળ બનાવવા રાજ્ય સરકારે આખું તંત્ર કામે લગાડ્યું છે. આવું બોલતી વખતે આ લોકો ભૂલી ગયા કે કોંગ્રેસ શાસિત રાજ્યોમાં બંધને નિષ્ફળ બનાવવા આખું સરકારી તંત્ર કામે લાગ્યું હતું.** દાખલા તરીકે મહારાષ્ટ્ર. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અશોક ચવાણે પોલીસ તંત્રને રીતસર ચેતવણી આપી હતી કે કોઇના પ્રત્યે જરાય દયામાયા દેખાડ્યા વિના બંધના સમર્થકો સામે કામ લેવું. અને છતાં એકલા મુંબઇમાં સવાસો બસોના કાચ ફૂટ્યા. અગાઉની ઘટનાઓ પરથી દાખલો લઇને બંધને ટેકો આપનારા રાજકીય પક્ષો અને નેતાઓ પાસેથી જાહેર સંપત્તિને થયેલા નુકસાનના પૈસા વસૂલ કરવા જોઇએ. જો તમે તમારી જાતને લોકપ્રતિનિધિ કહેતા હો તો લોકસંપત્તિને નુકસાન કરવાનો હક્ક તમને કોણે આપ્યો? ભરી દો નુકસાનના પૈસા...

ગડકરીની ટકોર કડવી છતાં સત્ય છે. અને સત્ય તો મહાત્મા ગાંધીની સાથે ગયું. ગાંધીજીએ ચોખ્ખા શબ્દોમાં લખ્યું છે અને આખી દુનિયાએ વાંચ્યું છે કે, 'મારા જેવા અનેકોનો ક્ષય થાઓ પરંતુ સત્યને માપવાનો ગજ કદી ટૂંકો ન થાઓ...' સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે - હિરણ્યમયેન પાત્રેણ સત્યસ્ય મુખવિહિતમ્... (સોનાના પાત્ર વડે સત્યનું મોઢું ઢંકાયેલું છે). સર્વે ગુણાઃ કાંચનમાશ્રયન્તે (સુવર્ણમાં બધા સદ્ગુણો સમાઇ જાય છે) એમ કંઇ અમસ્તું કહ્યું છે? પોતાને કોંગ્રેસી કહેવડાવતા દરેક નેતા-કાર્યકર પોતાની જાતને પૂછે કે છેલ્લાં ૬૨-૬૩ વરસમાં સૌથી વધુ સમય દેશમાં અમારું શાસન હતું. આજે પ્રજા જે હાડમારી ભોગવી રહી છે એમાં અમારો ફાળો કેટલો છે? પ્રજાની હાડમારી દૂર કરવા અમે શું કર્યું? આજે એક કપ ચા દસ રૂપિયાની થઇ ગઇ છે. ભોજનની વાત જવા દો. **પાડોશના દેશોમાં પેટ્રોલ પચીસ-ત્રીસ રૂપિયે મળતું હોય ત્યારે અહીં શા માટે સત્તાવન-અઠ્ઠાવન રૂપિયે લિટર?**

જીભાજોડી કરીને તમે તમારું જ નીચાજોણું કરી રહ્યા છો. ધારો કે ગડકરીની ડાગળી ચસકી છે તો તમે જે જવાબ આપો છો એમાં તો તમે બંને સરખા થઇ જાઓ છો. તમારામાં ને ગડકરીમાં ફેર શો, વારુ? અને શબ્દોની સંતાકૂકડીને છોડીને મૂળ મુદ્દાનો જવાબ આપો ને કે **સૌથી નીચલી અદાલતથી માંડીને સૌથી ઊપલી અદાલતે જેને મોતની સજા કરી છે અને જેણે લોકશાહીના મંદિર સમા સંસદ ભવન પર હુમલો કર્યો છે એવા એક ગુનેગારને તમે કયા કારણે બેઠાં બેઠાં રોટલા ખવરાવો છો? તમને એની દયા કેમ આવે છે? અને તો પછી ન્યાયના નાટક શા માટે?** મુંબઇ પરના હુમલામાં જીવતા પકડાયેલા અજમલ કસાબને દિલ્હીની કોઇ પંચ તારાંકિત હોટલમાં રાખીને માલપુવા ખવરાવોને. ન્યાયના નામે આમ આદમીના કરોડો રૂપિયા શા માટે વેડફી રહ્યા છો?

પણ સુજ્ઞ વાચક, ખાટલે મોટી ખોડ કે કોંગ્રેસ પક્ષને ક્યારેય ન્યાયતંત્ર માટે માન નહોતું અને આજેય નથી. બહુ લાંબે ન જઇએ તો **દેશમાં આંતરિક કટોકટી કેમ લાદવામાં આવેલી એ યાદ કરો. અલાહાબાદ હાઇકોર્ટે ત્યારના વડાપ્રધાન ઇંદિરા ગાંધીની ચૂંટણીને ગેરલાયક ઠરાવી હતી. સત્ય કે ન્યાય માટે સહેજ પણ માન હોય તો વડાપ્રધાને તરત રાજીનામું આપીને ફરી ચૂંટણી લડવી જોઇએ. એને બદલે ઇંદિરાજીએ દેશમાં આંતરિક કટોકટી લાદીને વિરોધ પક્ષોના નેતાઓને જેલમાં ઠૂંસી દીધા હતા. આ કોંગ્રેસ પક્ષ પાસે તમે ન્યાયતંત્ર માટે માન-આદરની અપેક્ષા કયા ધારાધોરણે રાખી શકો?** નેતાઓના આ મૈં મૈં તૂ તૂ સામે લોકોએ થૂ થૂ કરવું જોઇએ, એમ નથી લાગતું?

*તા. ૧૩-૭-૧૦ના*

*'ગુજરાત સમાચાર'માંથી સાભાર*

*માન્યતા ખરી હોય તોયે તે આખરી નથી હોતી.*

# ગુલામીનો ખતપત્ર : અંધવિશ્વાસ

• ગાર્ગી વૈદ્ય •

છોકરો બારમા ધોરણની પરીક્ષા આપી રહ્યો હતો. તે ભણવામાં ઠીક ઠીક હોંશિયાર હતો. ઠેઠ આઠમા-નવમા ધોરણથી એને ૯૦-૯૫ ટકા માર્ક મળતા હતા. બારમા ધોરણની પરીક્ષામાં પણ એની અપેક્ષા એટલા ગુણ મેળવવાની હતી. પણ મા બાપને આટલેથી સંતોષ નથી. તેની માતાએ દેવતાની માનતા માની કે મારા દીકરાને નેવું ટકા જેટલા ગુણ મળશે તો દેવસ્થાન પર ધજા ચડાવીશ તથા અમુક ખર્ચ કરીશ. માતાને વિશ્વાસ હતો કે આ દેવ મારી માનતા જરૂર પૂરી કરશે. એને દેવસ્થાનના પૂજારીએ, કથાકારોએ તથા ભક્તોએ આસ્થા બંધાવી હતી કે આ દેવતા હાજરાહજૂર છે અને સૌની મનીષા પૂરી કરે છે.

પરિણામ આવ્યું. દીકરાને ૯૫ ટકા ગુણ મળ્યા. આવું જ આખા દેશમાં ચાલી રહ્યું છે. વિદ્યાર્થીઓ ઊંચા પરિણામ માટે, વેપારીઓ સારા નફા માટે, સટોડિયાઓ સેન્સેક્સ ઊંચે જાય તે માટે, કુમારિકાઓ સારો પતિ મળે તે માટે, યુવાનો સારી નોકરી અને સારી પત્ની મળે તે માટે, પરિણીતાઓ પોતાને પેટ કનૈયો કુંવર જન્મે તે માટે, રાજકારણીઓ ચૂંટણીમાં જીત મળે તે માટે, પોલીસવાળાઓ સી.બી.આઇ.ની જાળમાં ન સપડાવાય તે માટે, અમલદારો પ્રમોશન માટે, ગુનેગારો પોતાની ધરપકડ ન થાય તે માટે બીમારો જલદી સાજા થવા માટે.... આમ અસંખ્ય હેતુઓ માટે લોકો ધર્મનું શરણ લે છે. આમાંના એકપણ માણસની ઇચ્છા દેવ થકી ફળતી નથી. જ્યાં ઇચ્છા ફળતી લાગે ત્યાં અન્ય સંજોગો તથા પોતે જે મહેનત કરી હોય તેનું ફળ હોય છે.

**આંધળા પણ દેખે, બહેરા પણ સાંભળે, સાવ અબૂધ પણ સમજે એવી આ વાત હોવા છતાં કરોડોને કરોડો લોકો અંધવિશ્વાસી છે.** આમાં માત્ર હિન્દુઓ જ છે એમ નથી. તમામ ધર્મના લોકો અંધવિશ્વાસના શિકાર છે. બધાને દેવમાં, જ્યોતિષ વગેરે બકવાસમાં વિશ્વાસ છે. તેઓ માને છે કે પ્રાર્થના, નામ સ્મરણ, દીવાબત્તી, અગરબત્તી, પુષ્પાર્પણ, શ્રીફળ અર્પણ, ચાદર અર્પણ, યાત્રા, અમુક બાધા, નોટબુકમાં લાખ નામલેખન, પરીક્ષાની ઉત્તરવહી પર ખાસ ચિતરામણ કે કોઇક શ્લોક, અમુક દિવસે એકટાણાં વગેરે નુસખા કરવાથી સફળ થઇશું. **કોઇને અંબાણી જેવા ધનવાન થવું છે, કોઇને પ્રધાન પદ જોઇએ છે. કોઇને ફિલ્મના હીરો બનવું છે અને આ બધું વિશેષ મહેનત દ્વારા નહીં પણ પાઠ, પૂજા, દર્શન, ધૂપ-દીપ, માળા, કથા વગેરેથી થઇ જશે એમ તેઓ માને છે.**

**ચિંતાની વાત એ છે કે દેશની યુવાન પેઢી પણ અંધશ્રદ્ધાની બરાબરની શિકાર છે. શિક્ષણ જરૂર વધ્યું છે પણ શિક્ષણના કારણે અંધવિશ્વાસની ગુલામીમાંથી મુક્તિ મળી નથી.**

અત્યારના યુગને વિજ્ઞાનયુગ કહેવાય છે. વિજ્ઞાન તો સાબિત કરી ચૂક્યું છે કે વિશ્વમાં કોઇ દૈવી તત્ત્વ નથી. નથી સ્વર્ગ, નથી નરક, નથી કોઇ દેવોનો લોક કે નથી યમનો લોક... ઈશ્વર જેવી કોઇ ચીજ નથી એમ તો અઢી હજાર વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધ તથા મહાવીર કહી ગયા છે. છતાં આવી જ માન્યતાઓથી આપણા દેશવાસીઓનાં મન ઠસોઠસ ભરેલાં છે. એમના મગજમાં વિજ્ઞાનની, તર્કની, સચ્ચાઇની વાસ્તવિકતાની એક પણ દલીલ કેમ ઉતરતી નથી?

**વધારે ચિંતાની બાબત એ છે કે યુવાન પેઢીની યુવતીઓ અને મધ્યવયની સ્ત્રીઓ અંધશ્રદ્ધાની મોટી ઘરાક છે!** કોઇ કહે કે ચાળણીની આરપાર ચંદ્રમા જુઓ તો તમારા પતિ દીર્ઘાયુ બનશે, તરત જ લાખો પરિણીતાઓ ચાળણીમાં ચન્દ્ર જોવા નીકળી પડે છે. આવા અંધવિશ્વાસોને મૂર્ખ જેવી હિન્દી ફિલ્મો ઊપાડી લે છે. **કોઇ મૂર્ખે ગપ્પું માર્યું કે ગણેશજીને દૂધ પીવું છે અને લાખો સ્ત્રી પુરુષો ગણેશજીની મૂર્તિને દૂધ પાવા નીકળી પડે છે.**

સદીઓથી વહેમ અને અંધશ્રદ્ધાના સોદાગરોએ અબૂધ લોણિયાઓ અને ડરપોકોનાં નાણાં ખંખેરવા અનેક તરીકા શોધી કાઢ્યા છે. આવા અર્થહીન તરીકાઓ ગ્રાહકને ગળે ઉતારવા માટે લાંબાલાંબા 'શાસ્ત્રો' રચી કાઢ્યા છે. છેવટે તો જેમાંથી ખૂબ કમાણી કરવાની હોય એવી વાતો અને વહેમોને ગ્રાહક માન્ય બનાવવા જ પડે.

**કાયરો તથા અલ્પબુદ્ધિ માનવોને છેતરવા માટે એક શાસ્ત્ર જ્યોતિષ છે. કુંડલીના આધારે જ્યોતિષીઓ કેટલાક ગ્રહયોગોને અનિષ્ટ ઠરાવે છે. પછી એ અનિષ્ટનું નિવારણ કરી આપવાનો ઠેકો લે છે, સારી એવી દક્ષિણા લઇને.**

ભોળા લોકો ગ્રહશાંતિ, ગ્રહપાઠ, મંત્રજાપ, ગ્રહોનાં નંગ વગેરેની માયાજાળમાં ફસાય છે. વળી જ્યોતિષીઓમાં એવી તે કેવી તાકાત કે કુદરતના દૂરદૂરના અવકાશી પદાર્થો પર આજ્ઞા કરીને પોતાના ગ્રાહકનું ભવિષ્ય બદલી આપે?

સાવ દેખીતી આ પાયા વિનાની વાતોમાં સ્ત્રીઓ વધારે માને છે. બીજા ગતકડાં એટલે અંકશાસ્ત્ર, હસ્તરેખાશાસ્ત્ર, ટેરાકાર્ડ, વાસ્તુશાસ્ત્ર, ફંગશૂઇ, પિરામિડ શાસ્ત્ર વગેરે છે આ દરેક શાસ્ત્ર પોકળ અને છેતરપિંડી છે. વાસ્તવમાં આપણા સૌ માટે જરૂર છે

*(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)*

*ઉગ્ર શબ્દોમાં વટ પડે છે, પ્રભાવ નથી પડતો.*

મનુષ્ય

# શું આપણે પૃથ્વી પરની સૌથી વધુ બુદ્ધિજીવી અને સમજદાર પ્રજાતિ છીએ?

• પીયૂષ એચ. સાવલા •

જો જવાબ 'હા' માં હોય તો.... આપણે કેટલીક બાબતો ફરીથી વિચારવી અને સમજવી પડે તેવી છે.

- **ભારતમાં દરરોજ ૮૬,૮૫૩ બાળકોનો જન્મ થાય છે.**
- **ભારતમાં દરરોજ ૬૨,૩૮૯ વ્યક્તિનું મરણ થાય છે.**
- **ભારતમાં કુલ અંધજન ૬,૮૨,૪૯૭ અંદાજિત છે.**

જો ફક્ત ૧૧ દિવસ જ મરનાર દરેક વ્યક્તિ પોતાના નેત્રનું દાન કરે તો ભારતમાં લગભગ કોઇ જ અંધ વ્યક્તિ ના રહે અને મર્યા પછી આંખો આમ પણ રાખ જ થઇ જવાની છે. તો કેમ નહીં આંખો (નેત્ર)નું દાન કરીને મર્યા પછી પણ આ ખૂબસુરત દુનિયા કોઇ અંધ વ્યક્તિને પણ બતાવીએ અને આપણે પણ જોઇએ.

તેવી જ રીતે મરનાર દરેક વ્યક્તિ ફક્ત પોતાની આંખોનું જ નહીં પણ પૂરેપૂરી બોડી (શરીર)નું દાન કરે તો લાખો કિડનીના દર્દીઓને કિડની લગાડીને નવું જીવન આપી શકાય. અને તેવી જ રીતે શરીરના હાર્ટથી લઈને ઘણા બધા જરૂરી અંગો જરૂરતમંદ દર્દીઓને કામ આવી શકે છે અને તેમનું જીવન બચાવી શકાય છે.

છેલ્લે પાર્થિવ દેહ પણ મેડિકલ સ્ટુડન્ટોના અભ્યાસમાં કામ આવે છે તેઓ તેનાથી પ્રેક્ટિકલ નોલેજ મેળવીને આગળ જતાં, ડોક્ટર બનીને દર્દીઓનો ઇલાજ કરે છે.

આ તો થઇ માનવજાતિ પ્રત્યેની આપણી ફરજની વાત. હવે વાત કરીએ કુદરત પ્રત્યેની આપણી ફરજની. ભારતમાં હજુ પણ વધારે પડતા લોકો જૂના રીત રિવાજો તથા અંધશ્રદ્ધાને લીધે મૃતદેહનો અગ્નિસંસ્કાર લાકડાંઓ બાળીને જ કરી રહ્યાં છે, ના કે ઇલેક્ટ્રિક ભઠ્ઠીનો ઉપયોગ કરીને. લાકડાંથી અગ્નિ સંસ્કાર કરવાથી રોજ હજારો વૃક્ષો કપાઇ રહ્યા છે. તેનાથી પ્રદૂષણ પણ વધે છે અને જંગલોનો નાશ પણ થઇ રહ્યો છે. તેના લીધે વાતાવરણમાં ભયંકર ફેરફારો આવી રહ્યાં છે. અને તેની ખૂબજ ગંભીર અને ચિંતાજનક અસરો આપણી પૃથ્વીના વાતાવરણ પર થઇ રહી છે — જેમકે 'ગ્લોબલ વોર્મિંગ'

- **'ગ્લોબલ વોર્મિંગ'ની અસરો :**

જેમકે પૃથ્વીનું તાપમાન દિવસે ને દિવસે વધી રહ્યું છે. ઋતુઓનું ચક્ર તેના નિયમિત સમય કરતાં અણધારી રીતે ગતિમાન થઇ રહ્યું છે. ક્યાંક વરસાદ તેના પ્રમાણ કરતાં કાં તો દસ ગણો વધારે પડે છે, અને કોઇક જગ્યાએ તો બિલકુલ પડતો જ નથી. 'ગ્લેસિયર' પૃથ્વી પર બરફથી જામેલા વર્ષો નહીં પણ અબજો વર્ષ જૂના પર્વતો પીગળી રહ્યાં છે. તેના લીધે સમુદ્રમાં પાણીનું સ્તર ખૂબજ ગંભીર રીતે વધી રહ્યું છે.

જો આમને આમ ચાલતું રહ્યું તો સુનામી, ભૂકંપ અને અતિવૃષ્ટિથી પૂર, ટોરનેડો જેવા વિનાશકારી વાવાઝોડાં વગેરેનું જોર પૃથ્વી પર વધી જશે અને એક દિવસ આપણે (મનુષ્ય જાતિ) આપણાં જ કરેલાં ખોટાં કાર્યોનાં લીધે વિનાશ ને નોતરું આપીશું....

લાકડાંથી અગ્નિ સંસ્કાર કરીશું તો જ આપણી વ્યક્તિની આત્માને શાંતિ અને મુક્તિ મળશે...... **આપણે ક્યાં સુધી આવી ખોટી માન્યતાઓમાં જકડાઇને રહીશું? અને ક્યાં સુધી જંગલોનો નાશ કરીને આપણો વિનાશ નોતરતાં રહીશું?**

આપણે એક વૃક્ષ વાવી ના શકીએ તો કંઇ નહીં પણ પોતાનું બોડી ડૉનેટ (શરીરનું દાન) કરીને અને લાકડાંથી અગ્નિ સંસ્કારનો વિરોધ કરીને એક વૃક્ષને કપાતું તો બચાવી શકીએ?

તો આવો આપણે સૌ આજે એક 'સંકલ્પ' કરીએ : ફક્ત 'નેત્ર' નું જ નહીં પણ આખા 'શરીરનું દાન' કરીને કુદરત તથા માનવ જાતિ પ્રત્યેની આપણી ફરજ પૂરી કરીએ અને જીવતા જીવ બોડી ડૉનેટ (શરીરનું દાન) કરીને ધન્યતા અનુભવીએ કે આપણે (મનુષ્ય જાતિ) પૃથ્વી પરની સૌથી વધુ બુદ્ધિજીવી અને સમજદાર પ્રજાતિ છીએ.

***પીયૂષ એચ. સાવલા***
***મો. ૯૨૭૬૮ ૭૫૩૫૦***

## ધાર્મિક કચરો

જગતમાં એવો એક પણ ધર્મ નથી, જેમાં કાળક્રમે કચરો જમા ન થયો હોય. એ કચરાને પણ પવિત્ર ગણવાનો અને સાચવી રાખવાનો બોધ આપે તેવા માણસને લોકો 'ધર્મગુરુ' કહે છે. મહંત-મુલ્લા-પાદરી જેવા ત્રણ ખલનાયકો સદીઓથી જામી પડેલા 'ધાર્મિક' કચરાનું રક્ષણ કરતા આવ્યા છે. પ્રત્યેક ધર્મમાં માર્ટિન લ્યુથર, દયાનંદ, વિવેકાંદ, નર્મદ, દુર્ગારામ અને ગાંધી જેવા સુધારકો સમયાંતરે પેદા થવા જોઇએ.

***— ગુણવંત શાહ***

જીવન ચરિત્ર

જન્મ શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦)

કારુણ્ય મૂર્તિ - દયાની દેવી - મમતામયી મા

# માનવતાના મહાન મશાલચી : મધર ટેરેસા

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

**મધર ટેરેસા**

**જન્મ : ૨૭મી ઓગસ્ટ, ૧૯૧૦**
**નિધન : ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭**

ભારતને પોતાની કર્મભૂમિ બનાવનાર ત્રણ વિદેશી સન્નારીઓએ આ દેશના લોકોની ખૂબ સેવા કરી છે. તેમાં રામકૃષ્ણ મિશનના સ્થાપક સ્વામી વિવેકાનંદજી (૧૮૬૩-૧૯૦૨)નાં શિષ્યા અને મૂળ અમેરિકાનાં **ભગિની નિવેદિતા** (૧૮૬૭-૧૯૧૧), પોંડિચેરી આશ્રમના સ્થાપક મહર્ષિ અરવિંદ ઘોષ (૧૮૭૨-૧૯૫૦) નાં શિષ્યા અને મૂળ ફ્રાન્સનાં **શ્રી માતાજી** (૧૮૭૮-૧૯૭૩) અને ત્રીજા તે ભારતનાં ઉદાત્ત સમાજસેવિકા અને મૂળ યુગોસ્લાવિયાનાં **મધર ટેરેસા** (૧૯૧૦-૧૯૯૭)!

વિશ્વભરમાં 'દયાની દેવી' (ધ ગોડેસ ઑફ મર્સી)ના એકસરખા વિશેષણથી સુખ્યાત બે મહાન સમાજ સેવિકાઓના 'શતાબ્દી અવસરો' ચાલુ વર્ષે અને સરખા મહિને (ઓગસ્ટ, ૨૦૧૦માં) આવે છે ! તેમાં એક નર્સિંગ ક્ષેત્રે ઉમદા સેવાઓ આપનાર બ્રિટનનાં **ફ્લોરેન્સ નાઇટિંગેલ** (૧૮૨૦-૧૯૧૦) ની 'પુણ્ય શતાબ્દી' અને બીજા સમાજસેવા ક્ષેત્રે કીર્તિવંત ભારતનાં **મધર ટેરેસા** (૧૯૧૦-૯૭)ની 'જન્મ શતાબ્દી' મનાવાશે. ભારતમાં દીનદુ:ખિયાઓના બેલી ગણાયેલાં મધરની ૧૦૦મી જન્મ જયંતીના અનેરા પ્રસંગે એમના પ્રેરક જીવન-કવનનું થોડું આચમન...

**• ભારતને કર્મભૂમિ બનાવી :**

'મધર'ના નામથી ભાગ્યે જ કોઇ ભારતીય અપરિચિત હશે. ચહેરા ઉપર ઊંડી કરચલીઓ અને શરીરે વાદળી કિનારીવાળી સફેદ બરછટ સાડી... બે વાક્યોના આ ટૂંકા વર્ણનથી આંખો સમક્ષ ઉપસતી કરુણાની મૂર્તિ એટલે મધર ટેરેસા! કલકત્તાની ગલીઓના તેઓ એક પ્રખ્યાત વ્યક્તિત્વ હતાં. તેમને માત્ર કલકત્તાવાસીઓનો જ નહિ, સારાયે દેશનો હાર્દિક સ્નેહ પ્રાપ્ત થયો હતો.

મધર ટેરેસાનો જન્મ યુગોસ્લાવિયા મેસેડોનિયા પ્રાંતના સ્કૉપ્જે નામક શહેરમાં અને આલ્બેનિયન ખેડૂત પરિવારમાં આજથી બરાબર એક શતાબ્દી પહેલાં ૨૭મી ઓગસ્ટ, ૧૯૧૦ના થયો હતો. તેમનું મૂળ નામ મેરી એગ્નિસ બોજાક્સહીવ હતું. બાળપણથી જ તેમણે '(દેશ) બહાર નીકળીને (સર્વત્ર) ઇશુ ખ્રિસ્તનો પ્રેમ લૂટાવવા'ની અભિલાષા હૃદયમાં સેવી હતી. ૧૨ વર્ષની વયે તેમને ભારતમાંના કેથોલિક સંપ્રદાયના સેવિકા બનાવવામાં આવ્યાં હતાં.

૧૯૨૫થી બંગાળમાં સેવાપ્રવૃત્તિ શરૂ કરનાર 'આયરિશ ઑર્ડર'ની લોરેટો સિસ્ટર્સનાં સેવાકાર્યોથી પ્રેરિત થયાં. ૧૯૨૮માં તેઓ આ ખ્રિસ્તી ધર્મસંઘ (સિસ્ટર્સ ઑફ અવર લેડી ઑફ લોરેટો)માં જોડાયાં અને સંન્યસ્ત ધારણ કરી 'સિસ્ટર ટેરેસા'ના નામે દીક્ષિત થયાં. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૨૯ના ભારત આવી કલકત્તાની પાદરી શાળા સેન્ટ મેરી હાઇસ્કૂલમાં જોડાયાં. અહીં એમણે અધ્યાપકથી આચાર્ય પદ સુધી પૂરા બે દાયકા (૧૯૨૯-૪૮) લગી સેવા આપી.

દરમયાન પેલા ધર્મસંઘ સાથે સંલગ્ન ભારત ખાતેની શાખા 'ડૉટર્સ ઑફ સેન્ટ ઍન'નો કારોબાર સંભાળ્યો. બસ, ત્યારથી તેઓ ભારતને કર્મભૂમિ બનાવી ભારતમાં જ રહ્યાં. ભવિષ્યના ગર્ભમાં તેમના માટે કંઇક જુદું જ નિર્માયેલું હતું. કલકત્તાની ગલીઓ અને ઝૂંપડપટ્ટીઓમાં ગૂંગળાયેલી માનવતા જાણે તેમને પોકારી રહી હતી.

**• માનવધર્મના મારગી બન્યાં :**

૧૦મી સપ્ટેમ્બર, ૧૯૪૬ના રેલગાડી દ્વારા વાર્ષિક છુટ્ટીઓમાં દાર્જિલિંગ જતાં તેમને મઠનું જીવન છોડીને ઉત્પીડિતોની સેવા-સુશ્રુષામાં લાગી જવાની આત્મિક અનુભૂતિ થઇ. તત્કાલીન પોપ પાયસ-બારમા (૧૮૭૬-૧૯૫૮)ની અનુજ્ઞા મેળવી ૧૮મી ઓગસ્ટ, ૧૯૪૮ના લોરેટોનું રળિયામણું વાતાવરણ (કોન્વેન્ટ શિક્ષણકાર્ય) છોડ્યું અને તેમની સુપરિચિત વાદળી કિનારીવાળી મુસલીનની સફેદ સામાન્ય સાડી ધારણ કરીને ગરીબોની આજીવન સેવા કરવાના વિકટ પંથે ચાલી નીકળ્યાં.

ત્યારે તેમને સાચી 'ગરીબી'નો અનુભવ મળ્યો. અપોષણ વચ્ચે જીવતા દીનહીન લોકો, બીમાર બાળકો-વૃદ્ધો, ઝૂંપડપટ્ટીનું જીવન, ચોતરફ ગંદકી... સમાજની આવી વરવી વાસ્તવિકતા વચ્ચે મધરે પોતાનો કપરો સેવાપંથ કંડાર્યો! ૧૯૪૮માં તેઓ ભારતના નાગરિક બન્યાં અને ૭મી ઓક્ટોબર, ૧૯૫૦ના મધરે કલકત્તામાં 'ધ મિશનરિઝ ઑફ ચેરિટી' નામક સંસ્થાની સ્થાપના કરી.

તેના નેજા હેઠળ કલકત્તાની ફૂટપાથો અને ઝૂંપડપટ્ટીઓની ગંદી વસતિમાં સબડતા ગરીબો માટે અન્નદાન, અનાથાશ્રમો, દવાખાનાં, બાળશાળાઓ, કુષ્ઠ કેન્દ્રો, રોજગારી જેવી અનેક પ્રવૃત્તિઓ ચલાવી અને પીડિતો-શોષિતોની સતત સેવા કરીને તેઓને નવજીવન બક્ષ્યું. તેમની વાદળી કિનારીની સુતરાઉ શ્વેત સાડી ત્યાંનો ગણવેશ બની ગઇ. ૧૯૬૧માં તેઓ આ સંસ્થાના વડા તરીકે 'મધર જનરલ'ના સર્વોચ્ચ હોદ્દા પર ચૂંટાયાં.

**• સેવાપ્રવૃત્તિની અનેરી સુવાસ :**

**'જનસેવા એ જ પ્રભુસેવા'ના મહામંત્રને પોતાના જીવનમાં ઉજાગર કરનાર**

*ગઈકાલની અસફળતાઓને ભંડકિયામાં દાટી દઈને મેદાનમાં ઊતરો.*

**મધરના મિશનને ૧૯૬૫માં વેટિકનની માન્યતા મળી.** 'ચેરિટી મિશન' મારફત મધરે સેવિકાઓ (પરિચારિકાઓ)નું એક એવું જૂથ ઊભું કર્યું, જે સ્વખર્ચે અને ઉમંગભેર તેમના સેવાયજ્ઞમાં જોડાયું. આ સંગઠન સમાજમાં ત્રિવિધ પ્રકારે સેવા કરી રહ્યું છે.

૧. *'નિર્મલ હૃદય' :* અનાથ મહિલાઓ, વિકલાંગો અને વૃદ્ધો જ્યાં જીવન-સંધ્યા વીતાવે છે તે કેન્દ્રો, જેની શરૂઆત ૧૯૫૨માં કલકત્તાથી થઇ.

૨. *'શાંતિધામ' :* તિરસ્કૃત રક્તપિત્ત રોગીઓને જ્યાં આશ્રય અને સારવાર મળે છે તેવાં આ કુષ્ઠકેન્દ્રોની ૧૯૫૭થી શરૂઆત થઇ. આ પ્રકારનું મોટું કેન્દ્ર પશ્ચિમ બંગાળમાં આસનસોલ પાસે આવેલું છે.

૩. *'શિશુભવન' :* જ્યાં ત્યક્ત બાળકો માનવીય હૂંફ મેળવી રહ્યાં છે તે બાલગૃહો.

૬૦ વર્ષની લાંબી મજલ પછી પીડિત-સેવાનું આ બીજ અત્યારે મોટું વટવૃક્ષ બની ગયું છે. **મધર ટેરેસાને પોતાનું કોઇ અંગત 'કુટુંબ' નહોતું, છતાં તેમનો 'પરિવાર' સાગર જેટલો વિશાળ છે!** અત્યાર સુધીમાં મધરનું મિશન જગતભરનાં ૯૦ દેશોમાં પોતાનો હૂંફાળો પડછાયો લંબાવીને ૧૬૫ (તે પૈકી ભારતનાં ૩૫) શહેરોમાં ૪૫૦ ચેરિટીધામો વિસ્તારી ચૂક્યું છે! મધર અને તેમનું મિશન જાણે દીનદુ:ખિયાઓના બેલી બની ગયાં હતાં. દેશના ભાગલા પછી આવેલા નિર્વાસિતો, ભોપાલ ગેસ ગળતરના પીડિતો, બાંગલાદેશના પૂરગ્રસ્તો, ઇથિયોપિયાના ભૂખ્યાદુખ્યા કે પછી આર્મેનિયાના ભૂકંપગ્રસ્તો હોય... આ તમામની સેવાને મધરે 'ધર્મ' માન્યો હતો.

### ● નોબેલ ઇનામ પણ સેવાર્પણ!

માનવતાવાદી સેવા પ્રવૃત્તિઓની કદર રૂપે મધર અનેક આંતરરાષ્ટ્રીય પુરસ્કારોથી અલંકૃત થયાં છે. પરંતુ ૧૯૭૯માં તેમને જ્યારે પ્રતિષ્ઠિત 'નોબેલ શાંતિ પારિતોષિક'થી નવાજવામાં આવ્યાં ત્યારે તે સ્વીકારતી વખતે પણ તેઓ પોતાના એ બાંધવોને ભૂલ્યાં નહોતાં, જેમની સેવામાં તેમણે પોતાની જિંદગી ખર્ચી નાખી હતી.

એ સમયના તેમના ઉદ્‌ગારો આજે પણ એટલા જ હૃદયંગમ છે : **'...ભૂખ્યા, નગ્ન, ઘરબાર વિહોણા, અંધ, અપંગ, રક્તપિત્તગ્રસ્તો જે વણચાહ્યા અને ઉપેક્ષિત માનવીઓ છે અને સમાજને બોજારૂપ લાગે છે તેમના નામે આ (નોબેલ) ઇનામ મેળવવા હું એમની ઋણી છું...'** નોબેલ પ્રાઇઝની ૧.૯૧ લાખ ડોલર (લગભગ અઢી કરોડ રૂપિયા) ની રકમમાંથી મધરે આસનસોલ નજીક કુષ્ઠરોગીઓ માટેના આશ્રય અને વિસામા રૂપ 'શાંતિધામ' નું સર્જન કર્યું હતું.

ઓક્ટોબર, ૧૯૮૯માં હૃદયરોગના હુમલા પછી મધરનું પ્રવૃત્તિમય જીવન થંભી ગયું હતું. લથડેલી તબિયતના કારણે એમણે એપ્રિલ, ૧૯૯૦માં ચેરિટી મિશનના વડા પદેથી રાજીનામું આપેલું. તેમ છતાં સપ્ટેમ્બર, ૧૯૯૦માં મિશને ફરી એમને 'મધર જનરલ' તરીકે સતત ત્રીજી વખત ચૂંટી કાઢ્યા હતા! તેના એક વર્ષ બાદ છેલ્લે મધર ડિસેમ્બર, ૧૯૯૧માં મિશનરી હેતુસર વિશ્વપ્રવાસે નીકળ્યાં ત્યારે ફરી ગંભીર બીમારીમાં પટકાતાં કેલિફોર્નિયા (અમેરિકા)માં સઘન સારવાર લેવી પડેલી.

### ● 'ધન્ય' અને 'સંત' જાહેર થયાં :

૮૭ વર્ષની જૈફ વય સુધી પણ સતત

## મધરના માનાર્થે : કેટલીક બાબતો

૧. *ટપાલ-ટિકિટો :* ભારતમાં કોઇ વ્યક્તિ કે પ્રસંગની સ્મૃતિમાં એકાધિક ટપાલ-ટિકિટો બહાર પડ્યાનાં થોડાં ઉદાહરણો છે તેમાં મધર ટેરેસાનો પણ સમાવેશ છે. બે ખાસ સ્મૃત્યાર્થક (સ્પેશિયલ કોમેમોરેટિવ) અને એક રોજ વપરાશ શ્રેણી (ડિફિનિટિવ સિરિઝ)ની મળીને મધરના માનમાં ભારતે અત્યાર સુધી સમયાંતરે કુલ ત્રણ ટિકિટો પ્રસિદ્ધ કરી છે.

તેમાં પ્રથમ ૧૯૭૯માં નોબેલ શાંતિ પારિતોષિક મળ્યાના માનાર્થે મધરની ૭૦મી વર્ષગાંઠે ૨૭મી ઓગસ્ટ, ૧૯૮૦ના ૩૦ પૈસા મૂલ્યની ટિકિટ પ્રગટ થઇ હતી. ઘેરા આસમાની રંગમાં મુદ્રિત આ સ્ટેમ્પ પર જમણી બાજુ ટેરેસાની છબી અને ડાબી બાજુ નોબેલ પદક દર્શિત છે. (રાષ્ટ્રપતિ સિવાય હયાત વ્યક્તિઓને ટિકિટ પર સ્થાન મળ્યું હોય એવી જૂજ પ્રતિભાઓ પૈકી તેઓ એક છે!)

૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના અવસાન બાદ મધરને શ્રદ્ધાંજલિ રૂપે તેના ત્રણ મહિના બાદ બીજી ટિકિટ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૭ના ૪૫ રૂપિયા મૂલ્યની બહાર પડી હતી, જેના પર હાથ જોડી વંદન કરતી તસવીર અને તેમની સહી છે. જ્યારે ત્રીજી ટિકિટ ભારતની ચાલુ વપરાશ ટિકિટોની ૧૦મી શ્રેણીમાં 'આધુનિક ભારતના ઘડવૈયા' અંતર્ગત વિવિધ ક્ષેત્રોના મહાપુરુષોને સ્થાન અપાયું તેમાં ગયા વર્ષે ૧લી માર્ચ, ૨૦૦૯ના મધરની વીસ રૂપિયા મૂલ્યની ગુલાબી રંગની ટિકિટ પ્રસિદ્ધ થઇ છે.

૨. *ટીવી-સિરિયલ :* હિન્દી સાહિત્ય જગતના જાણીતા સર્જક, ફિલ્મકથા લેખક અને ટીવી શ્રેણી નિર્માતા કમલેશ્વરજી (૧૯૩૨-૨૦૦૭) દ્વારા નેવુંના દાયકાના અંત ભાગમાં દેશની વિવિધ ક્ષેત્રોની મહાન વ્યક્તિઓના જીવન અને ટોચ સુધી પહોંચતાં તેમણે ખેડેલા સંઘર્ષ પર આધારિત 'જિંદગી એક સફર' નામે ટેલિવિઝન-ધારાવાહિક તૈયાર કરી હતી. જેમાં મધર ટેરેસાનો પણ સમાવેશ કરવામાં આવેલો.

૩. *સ્મૃતિ ઍવૉર્ડ :* અનેક ઍવૉર્ડોથી સન્માનિત મધર ટેરેસાના અવસાન બાદ 'અખિલ ભારતીય લઘુમતી અને નબળા વર્ગ પરિષદે' મધરના નામે આંતરરાષ્ટ્રીય પુરસ્કાર સ્થાપ્યો છે, જેના માટે પ્રથમ પસંદગી ૧૯૯૯માં પશ્ચિમ બંગાળના મુખ્યપ્રધાન જ્યોતિ બસુ (૧૯૧૪-૨૦૧૦)ની થયેલી.

*મોટું પદ એટલે મોટું બંધન.*

કાર્યરત રહેલ મધરે પોતાના પ્રેમ અને સેવાભાવનાથી સમસ્ત વિશ્વના નાગરિકોનાં મન જીતી લીધાં હતાં. સમાજસેવા ક્ષેત્રનો આ મહાન સિતારો ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના અનંતમાં વિલીન થયો હતો. **અનેક સમસ્યાગ્રસ્ત વાતાવરણ વચ્ચે ભારતના નભોમંડળમાં મધર ટેરેસા જેવી વિભૂતિ તારાની જેમ ઝબૂકી ઊઠી હતી.** માનવસેવા ક્ષેત્રે કર્મશીલોની સંખ્યા ઘટતી જાય છે ત્યારે ટેરેસા સમાન વ્યક્તિત્વો સમાજને પથદર્શક અને પ્રેરક બને છે.

આમ તો મધર ભૂતપૂર્વ 'યુગોસ્લાવિયા' દેશના વતની હતાં. તેના મેસેડોનિયા નામક પ્રાંતમાં વસતા આલ્બેનિયન પરિવારમાં તેઓ જન્મ્યાં હતાં. 'યુગોસ્લાવિયા'નું તો હવે ભૌગોલિક અસ્તિત્વ મટી ગયું છે. પરંતુ ૧૯૯૧થી તેનું વિઘટન શરૂ થતાં અત્યાર સુધી તેમાંથી સાત સ્વતંત્ર દેશો બન્યા છે. તેમાંનું એક 'મેસેડોનિયા' છે, જ્યારે 'આલ્બેનિયા' તેનો પડોશી દેશ છે. તેથી મધર ટેરેસા કયા દેશના? એવી રાષ્ટ્રીય ઓળખ માટે આ બે દેશો વચ્ચે વિવાદ ઊભો થયો છે. ગયા વર્ષથી શરૂ થયેલ 'ટેરેસા જન્મ શતાબ્દી વર્ષ' દરમ્યાન (૧૧મી ઓક્ટોબર, ૨૦૦૯)ના આલ્બેનિયાએ મધરનાં નોબેલ સહિતનાં સ્મૃતિચિહ્નો ભારત પાસેથી પાછાં મેળવવા માગણી કરી છે!

એમના અવસાન બાદ ૧૯મી ઓક્ટોબર, ૨૦૦૩ના વેટિકન સિટીના ધાર્મિક સમારંભ (બીએટિફિકેશન)માં તત્કાલીન પોપ જોહન પૉલ-દ્વિતીય (૧૯૨૦-૨૦૦૫) દ્વારા મધર ટેરેસાને 'ધન્ય' (બ્લેસ્ડ) જાહેર કરાયા હતા અને તેની પરાકાષ્ઠા રૂપ ડિસેમ્બર, ૨૦૦૩માં તેમને 'સંત' (સેન્ટ)ની પદવી એનાયત કરાઈ હતી! જન્મ શતાબ્દી અવસરે આપણી હાર્દિક ભાવાંજલિ...

*'શિવમ' ૪૦/બી, વૃંદાવનનગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર (કચ્છ) ૩૭૦ ૧૧૦.*
*ફોન : ૦૨૮૩૬-૨૪૦૧૩૯*

*મહેચ્છાના વિમાનમાં સવારી કરો,*
*સફળતાના એરપોર્ટ પર ઉતરાણ થશે*
*નસીબ તમારું જ છે.*

## પ્રતિષ્ઠિત પારિતોષિકોથી પુરસ્કૃત - મધર ટેરેસા

મધર ટેરેસાની સેવાસુવાસ વિશ્વભરમાં પ્રસરેલી છે અને એમનાં કાર્યોને વિશ્વવ્યાપી માન્યતા પ્રાપ્ત થઈ છે. ૧૯૬૨થી એમને પુરસ્કાર મળવા શરૂ થયા તે છેક ૨૦૦૩ સુધી ચાલુ રહ્યા! માનવસેવા, વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વ ક્ષેત્રે તેમના અમૂલ્ય યોગદાન બદલ અનેક વૈશ્વિક સંસ્થાઓએ મધરને પોતાનાં પ્રતિષ્ઠિત પારિતોષિકોથી નવાજ્યાં છે. મધરને એનાયત થયેલા વિવિધ ઇલ્કાબો-ખિતાબો, માન-સન્માનો, ઇનામો-અકરામો, ઉપાધિઓ-પદવીઓ, ચંદ્રકો-પદકો, પુરસ્કારો-પારિતોષિકો, પ્રાઇઝ-ઍવૉર્ડો, ટાઇટલો વગેરેની સાલવાર તવારીખ આ મુજબ છે...

| | | |
|---|---|---|
| ૧૯૬૨ | : | સૌપ્રથમ જાહેર સન્માન - 'પદ્મશ્રી' ઇલ્કાબ (ભારત) |
| ૧૯૬૨ | : | રેમન મેગ્સેસે ઍવૉર્ડ (ફિલિપાઇન્સ) |
| ૧૯૭૧ | : | પોપ જોન-૨૩મા (૧૮૮૧-૧૯૬૩)નો પ્રથમ આંતરરાષ્ટ્રીય શાંતિ પુરસ્કાર |
| ૧૯૭૧ | : | ગુડ સેમેરિટન ઍવૉર્ડ (અમેરિકા) |
| ૧૯૭૧ | : | કેનેડી ઇન્ટરનેશનલ ઍવૉર્ડ (અમેરિકા) |
| ૧૯૭૧ | : | કેથોલિક યુનિવર્સિટી (વૉશિંગ્ટન ડી.સી., અમેરિકા) દ્વારા 'ડૉક્ટર ઑફ હ્યુમેન લેટર્સ' પદવી |
| ૧૯૭૨ | : | આંતરરાષ્ટ્રીય સદ્ભાવ માટે વર્ષ ૧૯૬૯ નો જવાહરલાલ નહેરુ પુરસ્કાર (ભારત) |
| ૧૯૭૨ | : | ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'કરુણા દૂત' (એન્જલ ઑફ ચેરિટી)નું ટાઇટલ |
| ૧૯૭૩ | : | ટેમ્પલ્ટન ફાઉન્ડેશન ઍવૉર્ડ (બ્રિટન) |
| ૧૯૭૪ | : | ધ થર્ડ ઑર્ડર ઑફ સેન્ટ ફ્રાન્સિસ ઑફ એસિસિ એવોર્ડ (અમેરિકા) |
| ૧૯૭૫ | : | યુનોની અનાજ અને કૃષિ સંસ્થા (ફાઓ)નું પ્રથમ 'આલ્બર્ટ શ્વાઇટ્ઝર ઇન્ટરનેશનલ પ્રાઇઝ' |
| ૧૯૭૭ | : | કેમ્બ્રિજ યુનિવર્સિટી (ઇંગ્લેન્ડ) દ્વારા થિયોલોજી (ધર્મશાસ્ત્ર)માં 'ડૉક્ટર ઑફ ફિલોસોફી' ઉપાધિ |
| ૧૯૭૮ | : | માનવતા, શાંતિ અને ભાઇચારા માટેનું 'ધ ઇન્ટરનેશનલ બાલ્ઝન પ્રાઇઝ' (ઇટાલી) |
| ૧૯૭૯ | : | નોબેલ પ્રાઇઝ ફોર વર્લ્ડ પીસ (સ્વિડન) |
| ૧૯૮૦ | : | ભારતનો સર્વોચ્ચ નાગરિક ખિતાબ 'ભારત રત્ન' |
| ૧૯૮૨ | : | કેથોલિક યુનિવર્સિટી (બ્રસેલ્સ, બેલ્જિયમ) દ્વારા માનદ્ પીએચ.ડી. પદવી |
| ૧૯૮૫ | : | અમેરિકાનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર 'મેડલ ઑફ ફ્રીડમ' |
| ૧૯૯૦ | : | સોવિયેત લેન્ડ નહેરુ ઍવૉર્ડ (ભારત) |
| ૧૯૯૦ | : | વૉશિંગ્ટન યુનિવર્સિટી (સેન્ટ લુઇસ, મિઝુરી, અમેરિકા) દ્વારા મધરના નામે 'ફેલોશિપ' દાખલ કરાઇ |
| ૧૯૯૨ | : | ભારત એકતા આંદોલનનો 'ભારત કી મહાન સુપુત્રી' ઍવૉર્ડ |
| ૧૯૯૨ | : | લિયો ટોલ્સ્ટોય ઇન્ટરનેશનલ ઍવૉર્ડ (રશિયા) |
| ૧૯૯૩ | : | રાજીવ ગાંધી રાષ્ટ્રીય સદ્ભાવના પારિતોષિક (ભારત) |
| ૧૯૯૪ | : | ક્રિટિક ક્લબ ઑફ ઇન્ડિયાનો ૨૨મો વાર્ષિક 'ભારત શ્રેષ્ઠ' ઍવૉર્ડ |
| ૧૯૯૪ | : | આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક વિકાસ સંગઠન (ICDO) ઍવૉર્ડ |
| ૧૯૯૫ | : | નેતાજી સુભાષચંદ્ર બોઝ ઍવૉર્ડ |
| ૧૯૯૬ | : | અમેરિકાનું 'માનદ્ નાગરિકત્વ' (આ સન્માન મેળવનાર માત્ર ચોથી વ્યક્તિ) |
| ૧૯૯૭ | : | અમેરિકી સંસદ (કૉંગ્રેસ) દ્વારા સુવર્ણ ચંદ્રક એનાયતનો અસાધારણ બનાવ |
| ૨૦૦૦ | : | ઝી ટીવી નેટવર્ક દ્વારા ૨૦મી સદીની ભારતીય પ્રતિભાઓના સન્માન અંતર્ગત મધરને 'વિશેષ અંજલિ પુરસ્કાર' |
| ૨૦૦૩ | : | પોપ જોન પૉલ-દ્વિતીય દ્વારા 'ધન્ય' (બ્લેસ્ડ) ઘોષિત અને 'સંત' (સેન્ટ)ની પદવી |

*વંદન એ ચંદન કરતાં વધુ શીતળ છે.*

સમાજ દર્પણ
સાહિત્ય આચમન

# પિતા એટલે હોવાપણાનો અહેસાસ

• ભરત જોશી •

પાશ્ચાત્ય સંસ્કૃતિએ 'ડે'ની ઉજવણીનો ખ્યાલ મોટાપાયે આપણા દેશમાં રોપ્યો છે. મધર્સ ડે, ટીચર્સ ડે, ફાધર્સ ડે, વગેરે દ્વારા સંબંધોનું ગૌરવ કરવા અને તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના પ્રયાસ થાય છે. ભારતીય સંસ્કૃતિની કુટુંબ પ્રથામાં કદાચ આવા 'ડે' ઔપચારિક બની રહે છે. મધમધતી ફૂલવાડીમાં કોઇ આર્ટિફિશિયલ પુષ્પ ગુચ્છ મુકવા મથતું હોય તેમ લાગે.

આપણી સંસ્કૃતિમાં જ્યારે ડગલે ને પગલે આપણને માતા-પિતા, વડીલો, ભાઇ-બહેનો, શિક્ષકો અને માર્ગદર્શકો વિના સ્વાર્થે અને વિના મૂલ્યે લાભ આપતા જ રહે છે અને આપણા દિલમાંથી તેમના પ્રત્યેનો આદર સતત વહેતો રહે છે ત્યાં સુધી આવા 'ડે' ઔપચારિક જ લાગવાના. ચોક્કસ 'ડે' ઉજવો તો તારીખો યાદ રાખવી પડે. પશ્ચિમમાં કોઇને કોઇ 'ડે' કોઇને કોઇ વ્યક્તિ, વિભૂતિના એકાદ મહત્ત્વના પ્રસંગ સાથે જોડાયા હોય છે અને તે પ્રસંગોને અત્યંત મહત્ત્વ આપી સમગ્ર દેશ અને સંસ્કૃતિ જે તે 'ડે' ઉજવે છે. ભારતમાં તો પ્રત્યેક વ્યક્તિનું જીવન કોઇને કોઇ 'ડે' ઉજવવા જેવું મહત્ત્વનું બની રહેતું હોય ત્યાં 'ડે'ના દિવસો નક્કી કરવાની માથાકૂટ શું?

જૂનનો ત્રીજો રવિવાર એટલે ફાધર્સ ડે. પરંતુ આ પ્રણાલિકા માત્ર યુએસએ, કેનેડા અને યુકેમાં છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સપ્ટેમ્બરના પ્રથમ રવિવારને ફાધર્સ ડે તરીકે મનાવે છે. જ્યારે વિશ્વના બીજા દેશો, એ દિવસ વરસમાં ગમે તે દિવસે મનાવી લેતાં હોય છે. હા, મનાવી લેતાં હોય છે.

આપણી સંસ્કૃતિમાં ફાધર્સ-ડે એટલે વ્હાલસોયી દીકરીની વિદાયનો પ્રસંગ. સંબંધીઓથી લઇને નજીકના સગાંઓની આંખો વરસતી હોય, દીકરી અને તેની માતાના ધ્રુસકા પાષાણ હૃદયને પીગળાવતા હોય, નાનો ભાઇ બહેનનો હાથ ભીંસપૂર્વક પકડીને રડતો હોય. નાનીબહેન એક ખૂણામાં ઊભી રહીને ડૂસકાં ભરતી હોય. દીકરીને બીજી દુનિયામાં લઇ જતો ઉંબરો હૃદય પર કરવત ચલાવતો હોય તેવા સમયે પણ પિતા 'હું રડીશ તો દીકરીને નહીં ગમે' તેમ વિચારી પથ્થરની મૂર્તિ બની જાય છે. **અને દીકરી જ્યારે સૌથી છેલ્લે પિતાની પાસે જઇને એક વાક્ય કહે છે કે 'પપ્પા તમારું ધ્યાન રાખજો' આ વાક્ય દુનિયાના કોઇપણ 'ડે' ની ઉજવણીમાં વપરાતા શબ્દો કરતા લાખગણું તાકાતવાન હોય છે.**

વિદાય વેળાએ પથ્થર બની ગયેલો પિતા પોતાની વહાલસોયી માતાના મૃત્યુ પ્રસંગે તો ચોધાર રડ્યો હતો. આજે પુત્રીની વિદાય વેળાએ આંસુનું ટીપું પણ આંખમાં કેમ ન ડોકાયું? આવા પ્રશ્નોનો જવાબ એ છે કે **'માતાના મૃત્યુ પ્રસંગે રડતો પિતા 'પુત્ર' હોય છે. દીકરીની વિદાય વેળાએ તે 'પુત્ર' જવાબદાર 'પિતા' બની ગયો હોય છે.** 'હું ઢીલો પડીશ તો દીકરીને સાસરિયામાં પ્રથમ દિવસથી જ મારી ચિંતા ભરડો લઇ લેશે' તેમ વિચારીને જ એ પિતા સ્થિતપ્રજ્ઞતાનો મુખવટો ધારણ કરી લેતો હોય છે. કાશ, હૃદયને પણ આંખો હોત...! સારું છે હૃદયને આંખો હોતી નથી...!!

કોઇ પુરુષને તે 'ઉત્તમ પિતા' હોવાનું ગૌરવ પુત્રી જ અપાવી શકતી હોય છે. અને તેથી જ ફાધર્સ-ડે ની ઉજવણી એક પુત્રી સિવાય વધુ ઉત્તમ રીતે કોઇ ન કરી શકે. સ્ત્રી જો શક્તિનું પ્રતીક છે તો પુરુષ સહનશક્તિનું પ્રતીક છે. **દુનિયાનો કોઇપણ પુરુષ બાપ બની શકે છે પરંતુ પિતા બનવા મહાપુરુષ બનવું પડે.**

પુત્રીના પ્રેમની સતત વહેતી સરવાણી એ જ ફાધર્સ-ડેની ઉજવણી. પુત્ર દ્વારા પણ ક્યારેક ફાધર્સ ડે ઉજવાઇ જતો હોય છે. **પગભર થયેલો પુત્ર પિતાને જ્યારે પૂછે કે 'તમારે કંઇ રૂપિયા પૈસાની જરૂર તો નથી ને? હોય તો કહેજો.'** આ વાક્ય પિતા માટે સૌથી મોંઘી ભેટ હોય છે. પા-પા પગલી શીખવાડનાર એ પ્રૌઢ પિતાના ખોડંગાતા જતા પગમાં નવું જોમ પૂરે છે, પુત્રનો આવો હિંમતનો સાદ. આ પિતા, પછી પુત્ર પાસે પૈસા માંગવાને બદલે પોતાના પૌત્રો માટે નવી નવી વસ્તુઓ ખરીદીને આપવા દોડે છે. અહીં સુદામા કૃષ્ણને ધરાવી દેવા ઝઝૂમતો હોય તેવું દૃશ્ય ખડું થાય છે. (પુત્રોને પગભર કરી દીધાં પછી પિતાઓ આર્થિક નહીં તો માનસિક રીતે તો સુદામા બની જ જતાં હોય છે.) છતાં પિતા ક્યારેય પોતાનું ગૌરવ ત્યજતા નથી અને પુત્ર તરફની લાગણી સતત વહાવતા રહે છે પૌત્રોના માધ્યમથી.

પુત્રને ભણાવવા પિતાએ ક્યાંથી લોન લીધી હશે. પુત્રીને ગમતી વસ્તુ અપાવવા પિતાએ પોતાના કયા કયા અને કેટલા શોખ ત્યજયા હશે તેની કોઇને પણ જાણ હોતી નથી. માતાની મમતાના ખોળામાં ઘુસી જઇ સંતાનોએ અનેક ભૂલો સામે કવચ મેળવ્યું હશે. આવા સમયે અણગમો કરનાર પિતાને ગુસ્સો મ્યાન કરવો પડે છે. અને **'તમે તો છોકરાઓને હેરાન જ કરતા હો છો,** જેવા વાક્યો સાંભળવા પડે છે. હરખાઇને સંતાનોને થોડી છૂટ આપવા જનાર પિતાને **'તમે જ આ બધાંને બગાડો છો'** જેવાં વાક્યોનો સામનો કરવો પડે છે. આમ સંતાનો પર પોતાનો હક્ક હોવાનો આનંદ લઇ ન શકનાર પિતા લાગણી ન વહાવી શક્યાની વેદનાને

*મનુષ્યની ઈચ્છાઓ અનંત અને અપાર હોય છે.*

પ્રસવ પણ આપી શકતો નથી. માતા અને સંતાનોના સંબંધ વ્યક્ત થઇ શકવાની સ્વતંત્રતાને કારણે પ્રસિદ્ધિ પામ્યા છે. **અવ્યક્ત રહેવાનો શાપ સાથે લાવનાર પિતાની લાગણી માતા કરતાં ચઢિયાતી હોવાના પુરાવા એટલે તો મળતા નથી.'**

પિતા સ્થૂળ સ્વરૂપે કદાચ કશું જ કરતા ન જણાય પરંતુ સુક્ષ્મ સ્વરૂપે તેની હાજરી જ હજારો આશાઓને સેવતી હોય છે. જુવાનજોધ પુત્રોની માતા તેના પતિને થોડું મોડું થાય તો હૃદયમાં ફડકા સાથે વિચારે કે 'એ હજુ કેમ નહીં આવ્યા હોય, ઘરમાં છોકરા એકલાં છે', લગ્નના શરૂઆતમાં સતત ટૂરિંગ કરતા પતિની ગેરહાજરીમાં જે ફફડાટ ન અનુભવાતો તે ફડકો સંતાનોની માતા બન્યા પછી પત્ની અનુભવતી હોય છે, કારણ કે ત્યારે પતિ નહીં પિતા ગેરહાજર હોય છે.. પિતા એ અનુભૂતિનો વિષય છે. માતાની માફક હૂંફાળો હાથ માથે ફેરવી વ્યક્ત ન થઇ શકતા પિતા હૃદયમાંથી સતત હૂંફ વહાવીને પરિવારને ભીંજવતો હોય છે. **પિતા એટલે હોવું. હોવાપણાનું બીજું નામ જ પિતા. વિશ્વના કોઇપણ છેડે હોય, વર્ષોથી નિહાળ્યા ન હોય પણ તે છે નો વિશ્વાસ હોય તે જ પિતા. કદાચ પિતા એટલે ઇશ્વર..!!**

*'ફૂલછાબ'ની ગુલમહોર પૂર્તિમાંથી સાભાર*
*પ્રેષક : પ્રફુલ્લચંદ્ર વોરા - જામનગર*

## બાળકોના સમય

"અંગ્રેજી માધ્યમ પ્રત્યેની મા-બાપોની ઘેલછા જ બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણવા મજબૂર કરે છે. આવાં મા બાપોને જ્યારે અંગ્રેજી માધ્યમોનાં દુષ્પરિણામો વિશે સમજાવવામાં આવે ત્યારે તેમની દલીલ હોય છે કે સમય પ્રમાણે વર્તવું જોઇએ ને?

આવા વાલીઓ 'બાળકોના સમય' પ્રમાણે વર્તવાનું ભૂલી જાય છે."

*ઉદય વલ્લભ વિજયજી મહારાજ*
*('અખંડ આનંદ' મે ૨૦૧૦ માંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## ગુલામીનો ખતપત્ર : અંધવિશ્વાસ

*(અનુસંધાન : પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)*

વિચારશીલતા કેળવવાની. ધારો કે ક્યાંક સફળ ન થયા તો ગ્રહોને શરણે દોડી જવાને બદલે એ વિચારવાની જરૂર છે કે શા કારણે સફળતા ન મળી.

દાખલા તરીકે અમારી જ બાજુમાં એક ફરસાણની દુકાન ખુલી હતી. તેણે સારામાં સારા જ્યોતિષી પાસે મુહૂર્ત જોવડાવી કોઇ સજ્જનની ભારે નસીબદાર ગણાતી કુંવારી કન્યાના હાથે દુકાનની ઉદ્‌ઘાટન વિધિ કરાવી. પણ કશુંજ કામ ન આવ્યું. લગભગ બે વર્ષમાં એ દુકાન બંધ થઇ ગઇ.

બધા વહેમોનો જવાબ છે અંધશ્રદ્ધાનો ત્યાગ કરો, દેવી દેવતાઓ અને ગ્રહોને શરણે ન જાઓ. કામ કરો. મહેનત કરો. સમય ન બગાડો. સફળતા મળશે એવી આશા રાખી પુરુષાર્થ કરતા રહો.

*ગાર્ગી વૈદ્ય*
*('નયા માર્ગ' માંથી)*

(અહીં મને હરિવંશરાય બચ્ચનની થોડી પંક્તિઓ ટાંકવાનું મન થાય છે.

અસફલતા એક ચુનૌતી હૈ. ઇસે સ્વીકાર કરો ક્યા કમી રહ ગઇ? દેખો ઔર સુધાર કરો જબ તક ના સફલ હો, નીંદ ચૈન કી ત્યાગો તુમ સંઘર્ષ કા મૈદાન છોડકર મત ભાગો તુમ કુછ કિયે બીના કભી જયજયકાર નહીં હોતી કોશિશ કરનેવાલો કી કભી હાર નહીં હોતી

*- હરિવંશરાય બચ્ચન)*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## સચ્ચાઇ

જ્યારે તમે તમારી જિંદગીમાં પ્રગતિ સાધો છો, ત્યારે તમારા મિત્રો જાણે છે કે તમે કોણ છો, પણ જ્યારે તમે અધોગતિ તરફ ધકેલાઇ જાવ છો, ત્યારે તમે જાણી શકો છો કે તમારા મિત્રો કોણ છે!

## વરિષ્ઠોને મળતી સગવડો અને લાભો

*(અનુસંધાન : પાના નં.-૫૫ ઉપરથી ચાલુ)*

પ્રમાણેની કેન્દ્રીય સહાય મળવાપાત્ર થશે.

(અ) રૂા. ૧૦૦૦૦/- ની નાણાકીય સહાય

(બ) ગરીબી રેખાની નીચે બી.પી.એલ. નો સમાવેશ થાય છે.

(ક) અકસ્માત વેળાએ પોસ્ટમોર્ટમ રિપોર્ટ, પોલીસ ફરિયાદ, પંચનામાની કોપી અરજીપત્રક સાથે સામેલ કરવાની છે.

(ડ) કુટુંબની બાકી રહેતી વ્યક્તિઓમાંથી માત્ર એક જ મુખ્ય વ્યક્તિએ તમામ કુટુંબવતી સર્વે સભ્યોની સંમતિથી અરજી કરવાની છે.

મહાનગરપાલિકામાં યુ.સી.ડી. ખાતું આ સહાય મંજૂર કરશે. શહેરી વિસ્તારમાં સહાય મંજૂર કરવાની સત્તા જે તે પ્રાંત ઓફીસરે અને ગ્રામ્ય વિસ્તારમાં સંબંધિત જિલ્લાના નાયબ જિલ્લા વિકાસ અધિકારી આ સહાય મંજૂર કરશે. નામંજૂર કરેલ અરજીઓ સામે ૬૦ દિવસમાં અપીલની જોગવાઇ છે. મહાનગરપાલિકા માટેની એપેલેટ ઓથોરિટી સંબંધિત નાયબ કમિશનરની છે, જ્યારે અન્ય કિસ્સાઓમાં સંબંધિત કલેક્ટરની છે.

### (ક) (૫) સિનિયર સિટિઝન માટે ઓળખપત્ર :-

રાજ્યભરમાં જેઓની પાસે સિનિયર સિટિઝન હોવાનો પુરાવો ન હોય તો, કલેક્ટર કચેરીમાં આવેલ જનસેવા કેન્દ્રમાં રૂા. ૨૦ ભરી ઉંમરનો દાખલો, રહેઠાણનો પુરાવો અને પાસપોર્ટ ફોટો આપવાથી આવું ઓળખકાર્ડ આપવામાં આવશે અથવા રાજ્યમાં આવેલી 'હેડ પોસ્ટ ઓફિસો' માંથી નિયત ફોર્મ વિના મૂલ્યે મેળવી ઉંમરનો દાખલો, રહેઠાણનો પુરાવો અને બે પાસપોર્ટ ફોટો તથા ફોર્મ ઉપર રૂપિયા ૧૦૦ પોસ્ટલ ટિકિટ લગાડી રજૂ કરવાથી આ ઓળખપત્ર મળશે.

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ - કે.ડી. શાહ*
*(અમદાવાદ)*

# સંતાન પ્રત્યેની એ ભાવનાત્મકતા હંમેશાં જળવાય છે ખરી?

• પ્રા. પૃથ્વી શાહ •

સંતાન જન્મે છે ત્યારે ઘરમાં ખુશાલી વ્યાપે છે. સમજણ વગરના સંતાનના ઉછેર અને સંસ્કાર સિંચન માટે મા બાપ પળેપળ તેનું ધ્યાન રાખે છે. નાનપણમાં સંતાન કોઇ વાતે જીદ કરે તો તેને પૂર્ણ કરવા પણ તત્પર રહે છે. જન્મ સમયથી પ્રાથમિક શાળામાં હોય ત્યાં સુધી માબાપ સંતાન પ્રત્યે તેમની લાગણી-મમતા અને ઉદારતાના અનેક પ્રસંગો દાખલાઓ મુકે છે. સંતાનને કપડાં-ખોરાક-રહેણાંક-આરોગ્ય સવલત અને શિક્ષણ બાબત કોઇ ચિંતા હોતી નથી. દરેક વસ્તુ તેને સમયસર મળે છે. સમાજમાં પણ કુટુંબ મારફત એક સ્થાન મળે છે. નાનપણમાં સંતાન પ્રત્યે વડીલોની નિઃસ્વાર્થ સેવા સ્પષ્ટ દેખાય છે. સેવા દરમિયાન કર્તાનો ભાવ પણ વચ્ચે આવતો નથી. સંતાન આત્મ સંતોષ સાથે શાંતિથી ભણવા પ્રત્યે લક્ષ આપે છે. અલબત્ત સંતાન જેમ ઉપલા ધોરણમાં જાય છે એમ ઘણા ઘરમાં સંતાનની લાગણી સમજવાને બદલે વડીલો પોતાના મનના વિચાર તેના પર થોપવામાં લાગી જાય છે. સંતાન તેની પોતાની પસંદગીના વિષયમાં પ્રગતિ સાથે એ જોવાને બદલે સંતાન પ્રત્યે નાનપણમાં કેટલા ઉપકાર કરેલ તેની યાદ અપાવવાનું શરૂ કરે છે, **વડીલો પોતાની ઇચ્છા અનુસાર સંતાનને ઘડવાનો પ્રયાસ કરે છે.** સંતાનને અમુક ક્ષેત્રમાં જ કારકિર્દી બનાવવા દબાણ કરે છે. વડીલની ઈચ્છા અધૂરી રહી હોય અને વડીલ જે ન બની શક્યા હોય તે ક્ષેત્રમાં સંતાન પારંગત થાય એ માટે સંતાન પર દબાણ વધારાય છે. આ પળે માબાપ જન્મદાતા-પાલક અને સંતાનના રક્ષકની ભૂમિકામાં છે એ વાત ભૂલી જાય છે.

સંતાનને તેની પોતાની પસંદગીના ક્ષેત્રને બદલે અમુક વિષયમાં અભ્યાસ કરવા દબાણ થાય છે ત્યારે સંતાન મૂંઝાય છે, તેનું દિલ રડે છે. માબાપ ઘરમાં સંતાન સાથે વાત કરે છે પરંતુ સંતાનના મનને સમજવા પ્રયત્ન નથી કરતા તેનું દુઃખ સંતાનને સતાવે છે. વડીલો સંતાનની નજીક હોવા છતાં, એક ઘરમાં સાથે રહેવા છતાં સંતાનથી અળગા હોય એવું તે સતત મહેસૂસે છે. સંતાનના મનને-લાગણીને-ભવિષ્યને વડીલો સમજી નથી શકતા તેની પીડા સંતાનને હતાશ બનાવે છે. સંતાન મનોમન અકળામણ અનુભવે છે. સંતાનને વાંચવું છે પણ વિચારો તેને ધ્યાનથી એકચિત્તે વાંચવા દેતા નથી. ઘરના સભ્યોની વચ્ચે રહે છે પણ મનથી એકલતા અનુભવે છે. જાણે જડ માણસોથી ઘેરાયેલો જીવે છે. તેને થાય છે કે નાનપણમાં મારું રૂદન સાંભળી ઉજાગરા કરનાર અને લાડ લડાવનાર એ જ માબાપ આજે હું સમજણો થવા છતાં તેઓ મને સાંભળવાની તૈયારી કેમ રાખતા નથી? મને વાતે-વાતે ઉતારી કેમ પાડે છે? મારી લાગણીનો અનાદર શા માટે કરે છે? નિરાશામાં સંતાનનું મન અકળાય છે આ સ્થિતિ તેના અભ્યાસ પર વિપરીત અસર કરે છે.

નાનપણમાં સંતાનના ઉછેરમાં કાળજી રાખનાર, તેનામાં સંસ્કારનું સિંચન કરનાર, તેની ઇચ્છા માટે પોતાના સુખોનું બલિદાન આપનાર માબાપ સંતાન પર પોતાના વિચાર થોપે છે ત્યારે સંતાનના શારીરિક સ્વાસ્થ્ય પર કેવી અસર થાય છે, તેના મન અને અભ્યાસ પર કેવી વિપરીત અસર પડે છે, પ્રસન્નતા ગુમાવી જડ બની રહેલ સંતાનના ભવિષ્ય સાથે અનાયાસે કેવી ખિલવાડ થઇ રહી છે એ અંગે સ્વસ્થ ચિત્તે વિચારવાનું પોતાના અહમને સંતોષવામાં વડીલો ભૂલી રહ્યા હોય એવું જણાય છે.

સંતાનના સ્વમાનને જાણે-અજાણ્યે ઘરમાં જ ચોટ વાગે છે. સમજુ સંતાનનો અનાદર થાય છે, સંવેદના હણાય છે, **માબાપ સંતાનની નજીક જ છે એ અગત્યનું નથી પણ સંતાનની પાસે છે - સાથે છે એ સંતાન માટે અગત્યનું છે તેમાં જ સંતાનનું સુખ સમાયેલ છે.**

સંતાનને ભણતા આવડે છે, પરીક્ષામાં પાસ થતાં આવડે છે, કપડાંની પસંદગી કરતાં આવડે છે, મિત્રો બનાવવાની ફાવટ છે, સમાજમાં જીવવાની સમજણ છે, વાહન ચલાવવાની કુશળતા છે ત્યારે સંતાનને તેની પસંદગીના ક્ષેત્રે ભણવા અને કારકિર્દી બનાવવા દબાણ કરવાની કોઇ જરૂર નથી. વડીલો પોતાના સંતાન પ્રત્યે સંકુચિત મનથી વર્તી સંતાનને ઘણી વખત તનાવમાં ધકેલે છે, મૂંઝવણથી ઘેરે છે. લાયક સંતાનનું આગવું ભવિષ્ય છે, ત્યારે આગવી લાયકાત ધરાવતા સંતાન પર પોતાની ઇચ્છા થોપી તેને પોતાની જાહેરાતનું સાધન બનાવવાની જરૂર નથી. **સંતાનને જે ક્ષેત્રમાં ભણવું છે તે ભણવા દેવાથી તે સફળ થશે અને ચહેરા પર સ્મિત જળવાશે.** આંખમાં તેજસ્વિતા રહેશે. માબાપ પ્રત્યે અહોભાવ રહેશે.

સંતાનને પોતાના વિચારથી દબાણમાં રાખી વડીલો તેને માનસિક રીતે લકવાગ્રસ્ત ન બનાવે એ સંતાનના ઉજળા ભવિષ્ય માટે જરૂરી છે. સંતાનના ભવિષ્યને ગુલામીની બેડી માબાપ તરફથી જ પહેરાવાય છે એવું સંતાન મહેસૂસે એ ઘરની શાંતિ અને કુટુંબની પ્રગતિ માટે જોખમી છે. સંતાનને તેની પસંદગીના ક્ષેત્રે આગળ ધપવા ઉત્સાહિત કરાશે તો ગુલાબી મિજાજથી થનગનતું સંતાન પોતાની પસંદગીના ક્ષેત્રે આગળ ધપી નામના મેળવશે જ. વડીલો પણ સંતાનની પ્રગતિથી ગર્વ અનુભવી સુખ મેળવી શકશે. કુટુંબમાં સદા સંવાદ અને આનંદનું વાતાવરણ જળવાશે.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦*
*ગાંધીનગર-૩૮૨૦૩૦*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

*જેના પર તમારું જોર નથી તેના માટે દુઃખ કરવાનું બંધ કરી દો. – શેક્સપિયર*

# જ્ઞાનપીઠ પુરસ્કાર અને સર્જકની સમાજ પ્રત્યે નિસબત

• દામજી માણેક ગડા •

ભારતીય સાહિત્ય જગતમાં જ્ઞાનપીઠ પુરસ્કાર એ અતિ મહત્ત્વનો પુરસ્કાર માનવામાં આવે છે. આ પુરસ્કાર મેળવનાર સાહિત્યકારને તેની ઉત્કૃષ્ટ કૃતિ માટે તે આપવામાં આવે છે. આ પુરસ્કાર જે સાહિત્યકારોને મળેલ છે તેમણે તે વખતે પોતાનો પ્રતિભાવ આપેલ તેની વિશેષ નોંધ લેવામાં આવે છે.

જ્ઞાનપીઠ પુરસ્કાર આપવાનો પ્રથમ વિચાર શ્રી શાહૂશાંતિ પ્રસાદ જૈનના ૫૦મા જન્મદિને એટલે ૨૨ મે ૧૯૬૧ના રોજ તેમનાં કુટુંબીજનોને આવેલો. સાહિત્ય કે સાંસ્કૃતિક ક્ષેત્રમાં કોઈક એકાદ યોજના શરૂ કરવી જેને રાષ્ટ્રીય ગૌરવ તરીકે ઓળખી શકાય. જે પુરસ્કારની કક્ષા (Standard) આંતરરાષ્ટ્રીય સ્તરની હોય. આ માપદંડને નજર સમક્ષ રાખીને ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૬૧ના રોજ ભારતીય જ્ઞાનપીઠના યોગદાનમાં જેમનું વિશિષ્ટ સ્થાન હતું તેવા વ્યક્તિઓની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકના પ્રમુખ પદે શ્રીમતી રમા જૈન હતાં. તેમણે ત્યાં ઉપસ્થિત રહેલા સાહિત્યકારોને એક પ્રશ્ન પુછ્યો હતો કે ભારતીય ભાષામાં પ્રકાશિત થયેલ સાહિત્યમાંથી કોઈ એક સર્વશ્રેષ્ઠ પુસ્તકને માન્ય કરીને તેને પુરસ્કૃત કરી શકાય કે નહીં?

આ યોજનાને અમલમાં મૂકવા માટે શ્રીમતી રમા જૈને કલકત્તા ખાતે પોતાના નિવાસસ્થાને એક બેઠક બોલાવી હતી. તેમાં કાકાસાહેબ કાલેલકર, હરિવંશરાય બચ્ચન, રામધારી સિંહ દિનકર, જૈનેન્દ્રકુમાર, જગદીશચંદ્ર માથુર, પ્રભાકર માચવે, અક્ષયકુમાર જૈન અને લક્ષ્મીચંદ્ર જૈન ઉપસ્થિત રહેલ હતા. આ સાહિત્યકારોએ આ બેઠકમાં પુરસ્કારનાં વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરેલી. આ યોજનાને કાર્યાન્વિત કરવા માટે શ્રી શાહુપ્રસાદ જૈને રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ સાથે વાતચીત કરેલી. શ્રી રાજેન્દ્રપ્રસાદ આ વિચારોથી ખૂબ પ્રભાવિત થયા અને તેમણે એમના માટે મંજૂરી આપી.

**૧૯૬૫થી આજ સુધી ૪૪ વરસના ગાળામાં ૪૬ સાહિત્યકારોને તેમની શ્રેષ્ઠ કૃતિઓ માટે પુરસ્કાર આપવામાં આવેલ છે.** આજ દિવસ સુધી કન્નડ ભાષાના સાહિત્યકારોને સાત વખત, હિન્દીને સાત વખત, આસામી, તેલુગુ, પંજાબી ભાષાને બે બે વખત; કાશ્મીરી, કોંકણી અને સંસ્કૃત ભાષાને એક એક વખત પુરસ્કાર મળેલ છે. બંગાળી ભાષાને પાંચ વખત, મલયાલી અને ઉડિયા ભાષાને ચાર ચાર વખત, મરાઠી, ઉર્દૂ અને ગુજરાતી ભાષાના સાહિત્યકારોને ત્રણ ત્રણ વખત પુરસ્કાર મળેલ છે.

જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર ચાર સાહિત્યકારો સાથે મને બેસવાની તક મળેલી. કન્નડ સાહિત્યકાર કે શિવરામ કારન્ત દક્ષિણ કર્નાટક (કુન્દાપુર) એમના ગામે, મલયાલી સાહિત્યકાર તકષી શિવશંકર પિલ્લે કેરાલા (કાલિકટ), મરાઠી સાહિત્યકાર કુસુમાગ્રજ (નાસિક) અને મહાશ્વેતાદેવી બંગાળ બિહારની સરહદ પરના પુરલીયા જિલ્લામાં એક બેઠકમાં મુલાકાત થયેલી. મહાશ્વેતા દેવીને જ્ઞાનપીઠ પુરસ્કાર મળેલ તે વખતે એમણે જે પ્રતિભાવ આપેલ તેનો આમાં હું ઉલ્લેખ કરવા ઇચ્છું છું.

મહાશ્વેતા દેવીનો જન્મ ઢાકામાં (બાંગ્લાદેશ)માં થયેલો શાંતિનિકેતન (વિશ્વભારતી વિદ્યાપીઠ)માંથી M.A. With English, ઈષ્ટા સંસ્થાના સ્થાપક. વિચારસરણી માર્ક્સવાદી છતાં ગાંધીથી વિશેષ પ્રભાવિત. ૧૯૭૫થી ૧૯૯૫ સુધીના વરસોમાં બંગાળી ભાષાનાં સાહિત્યમાં વિશેષ યોગદાન માટે જ્ઞાનપીઠ પુરસ્કાર, ડૉ. નેલ્સન મંડેલાના હાથે આ પ્રતિષ્ઠિત પુરસ્કાર અપાવવામાં આવેલ.

પોતાનો પ્રતિભાવ આપતાં શ્રી મહાશ્વેતા દેવીએ જણાવ્યું કે "આવી પ્રતિષ્ઠિત વ્યક્તિના હાથે આ પુરસ્કાર આપવામાં આવે છે. જે વ્યક્તિએ રાજકીય સ્વતંત્રતા અને માનવીય સ્વતંત્રતા માટે પોતાની અડધીથી વધુ જિંદગી જેલમાં ગાળી અને છતાં પણ એણે કોઈના પ્રત્યે દ્વેષ રાખ્યો નથી. જે મૂલ્યો માટે એ લડ્યાં એ મૂલ્યો માટે અમે અત્યારે સંઘર્ષ કરી રહ્યા છીએ. આનાથી આ પુરસ્કારનું મૂલ્ય અનેકઘણું વધી જાય છે. **શું મળે છે એ મહત્ત્વનું નથી પરંતુ ક્યા યોગદાન માટે આપવામાં આવે છે એ મહત્ત્વનું છે.'**

વરસોનાં વરસો સુધી સમાજ જે જનજાતિઓની ઉપેક્ષાઓ કરી રહી છે. જે જનજાતિઓ અંગ્રેજ સામ્રાજ્યવાદ સામે લડી, તેમણે પોતાની જાતનું આ સંઘર્ષમાં બલિદાન આપવું પડ્યું હતું. વરસોના વરસો સુધી ઇતિહાસે આ કુરબાનીની નોંધ પણ લીધી નથી. **આવા એક મહાન સ્વાતંત્ર્ય સૈનિક અને જનજાતિનાં પ્રભાવશાળી નેતા બિરસા મુંડાના જીવન સંઘર્ષની કથા લખવા બદલ મને આ જ્ઞાનપીઠ પુરસ્કાર મળે છે** ત્યારે, દેશનાં ખૂણે ખૂણેથી જનજાતિઓના લોકો તરફથી મારા પર જે અભિનંદનનો વરસાદ થયો તે ઉત્સાહને મેં મારી જિંદગીમાં અનુભવ્યો. મારું આ પુસ્તક જનજાતિઓ માટેનું પુસ્તક નથી પરંતુ તેમણે દેશનાં ઇતિહાસમાં આપેલા યોગદાનની વિશિષ્ટ કથા છે.

*સદાય આંસુ ઉદાસીની કાંખ છોડી લઈ ઘણા મનુષ્યો લાગણી ઉઘરાવતા ફરે છે.*

**બિરસા મુંડા**

*ક્રાંતિકારી ચળવળના પ્રણેતા બિરસા મુંડાનો જન્મ ઇ.સ. ૧૮૭૫માં થયો હતો. ચાર વર્ષની કઠોર સાધના પછી તેમણે જાહેરમાં આવીને લોકોને કહ્યું, 'તુલસી પૂજો, ગાયની થતી હત્યા અટકાવો, રોજ રામાયણ-ગીતા અને મહાભારતના પાઠ કરો. વિદેશીઓના અત્યાચારોથી કણસતી આ ધરતીને હું છોડાવીશ.' અંગ્રેજ શાસકોએ બિરસાને બંદી બનાવી વનવાસીઓથી અલગ કરવાની યોજના ઘડી. બિરસાને બે વર્ષનો જેલવાસ થયો. એક વખત તો ગોરા અમલદારોની કલબો પર અંધારામાં તીરોનો વરસાદ વરસ્યો. તીર ક્યાંથી આવે છે. કોણ ચલાવે છે. એ કશું સમજાતું ન હતું. ડોમબારી સંગ્રામનું ભયાનક પરિણામ આવવા છતાં તેમણે પોતાનું કામ અટકાવ્યું નહીં. બિરસાને બેડીઓ બાંધી ખૂબ યાતનાઓ આપી. તા. ૯-૬-૧૯૦૦ ના રોજ સવારે એમને લોહીની ઊલટી થઈ અને તેઓ મૃત્યુને શરણે થઈ ગયા. આ વનવાસી યુવક શહીદ થયો ત્યારે તેની ઉંમર પૂરા ૨૫ વર્ષની પણ નહોતી.*

**- એલ.વી. જોશી**

આ પુરસ્કાર મળ્યા પછી જેમણે મને પત્રો લખ્યા છે, ટેલિફોન પર મને અભિનંદન આપેલ અને ગામડે ગામડેથી જનજાતિઓનાં લોકો મને મળવા આવેલા તે જ મારા માટેનો સૌથી મોટો પુરસ્કાર છે. ૧૯૮૦માં બંધવા મજદૂરો સાથે મારી જેમણે પ્રથમ મુલાકાત કરાવેલ તે રામેશ્વરમ અને તેની સાથે તે જનજાતિની મહિલા પત્રકાર શાંતિક્રેન્દુ જે ૧૪ વરસ સુધી જેલમાં રહી હતી, તેના પર નક્સલવાદી પ્રવૃત્તિ કરવાનો આરોપ હતો. તેની હાજરીથી હું મને ધન્ય અનુભવું છું. તેને જેલમાંથી છોડાવવા માટે મને આંદોલન કરવું પડ્યું હતું. જેલમાં જન્મટીપની સજા ભોગવતા કેદીઓ પેરોલ પર છૂટીને મને મળવા આવે છે.

મિત્રો, હું ભાવના પ્રધાન છું. મારા મન પર ગરીબોની ભાવનાઓનો રાફડો જામેલો છે. આ ગરીબો અને પછાત માણસો તરફથી મને જે સ્નેહ અને પ્રેમ પ્રાપ્ત થાય છે ત્યારે મને ઘડીભર વિચાર આવે છે કે હું એના માટે લાયક છું કે નહીં? અને ક્યાં સુધી આ પ્રશંસાના ફૂલો સ્વીકારવા. **હું એક લેખક તરીકે લખું એનાં કરતાં વધુ મહત્ત્વનું એ છે કે હું જે સમાજની વચ્ચે કામ કરું છું તેમાં પરિવર્તન આવે એ વધુ મહત્ત્વનું છે.**

બંગાળીમાં એક કહેવત છે જેની પાસે કંઇ જ ન હોય તે જંગલી ભેંસની જેમ કોઇની પાછળ પડી જાય. હું આ જ નિરર્થક કામ કરતી રહું છું. કાયમ આવા કામોમાં વ્યસ્ત રહું છું તે કબૂલ કરવામાં મને કોઇ સંકોચ થતો નથી. હું આવું જ કામ કરવા ઇચ્છું છું જેથી મારી લેખન કળાને એક સર્જનાત્મક મંચ મળી રહે છે. હું જનજાતિ લોકો વચ્ચે કામ કરું છું, એમને સંગઠિત કરી રહી છું અને તેમની સાથે રહીને એમના પ્રશ્નો માટે સંઘર્ષ કરું છું. એમાં મને સંતોષ પ્રાપ્ત થાય છે.

માત્ર પ્રેરણાના બળ પર કોઇ વ્યક્તિ લેખક બની શકતો નથી. મનુષ્યે પોતાના જીવનમાં પ્રત્યક્ષ અનુભવેલી પીડાઓ, પ્રત્યક્ષ અનુભવેલા અનુભવોમાંથી અને વાંચેલા પુસ્તકોમાંથી એના લેખનનું ઘડતર થાય છે. વાંચકો જે લેખન વાંચે છે, તેના પર વિચાર કરીને ખોટા મૂલ્યોને નકારવાની શક્તિ તેમનામાં રહી નથી. મેં મારા જીવનમાં સારા અને ખોટા મૂલ્યોનું મૂલ્યાંકન કરીને તેના પર સ્પષ્ટ મંતવ્યો આપવાની સાથે સાથે એ મૂલ્યો માટે સંઘર્ષમાં ઉતરવાની સંપૂર્ણ માનસિક તૈયારી પણ કરતી રહું છું.

એ દિવસ મને બરાબર યાદ આવે છે જ્યારે હું કમાઉના પહાડી ક્ષેત્રોમાં પ્રવાસ પર હતી. ત્યારે ત્યાંની સ્ત્રીઓ મને જણાવતી કે, 'માઇ, અમને સૂઇ-દોરો આપો.' એમને એમની ફાટેલી સાડીઓ સીવવી હતી. સ્વ. નિરંજન રાયના એક પુસ્તક 'બંગાલીર ઇતિહાસ'ના એક ગ્રંથમાં વરસાદમાં નષ્ટ થયેલી ઝૂંપડીમાં રહેતી એક ડોશી પાસે પોતાની ફાટેલી સાડી સીવવા માટે સૂઇ-ધાગો પણ બચ્યો નથી. ઓરિસ્સાની કાલાહંડી, પશ્ચિમ બંગાળના પુરલીયા જિલ્લા, ખોડિયા સબરના જિલ્લાઓમાં સ્ત્રીઓ તથા બાળકો ખોરાક, કપડાં, પીવાનું પાણી, દવા અને શિક્ષણથી હંમેશાં વંચિત હોય છે. તેમને સન્માનપૂર્વક જીવવાનો અધિકાર મળવો જોઇએ. યોજનાઓ આપણે બનાવીએ છીએ તેનો લાભ સમાજના નીચલા અને પછાત તબક્કા સુધી પહોંચતો નથી. જે યોજનાનો લાભ ગરીબ માણસોને નથી મળતો તેની સાથે રહીને હું તેમના અધિકાર માટે સંઘર્ષ કરું છું. હું એમની સાથે રહું છું. આ લોકોમાંથી મને પ્રેરણા મળે છે લેખક તરીકે મને Feed-back (પીઠબળ) વંચિત લોકો પાસેથી મળે છે. ”

આ વરસે ગુજરાત વિદ્યાપીઠમાં મહાશ્વેતાદેવીનું પ્રવચન હતું. તે સાંભળવાની એક સોનેરી તક મને મળી હતી. એમના આ પ્રવચનની નોંધ 'ભૂમિપુત્ર'માં છાપવામાં આવી હતી. વિષય હતો 'સર્જકની સમાજ પ્રત્યે નિસબત.' ભારત પાસે એક વિશાળ ભાષાનો વૈભવ છે અને ભાષાની સમૃદ્ધિ, એ તો બહુ મોટી અદ્‌ભુત વાત છે. ભાષા મનુષ્ય માટે બહુ મોટી દેન છે. જેનાથી આપણે આપણી જાતને વ્યક્ત કરી શકીએ છીએ. મારા દીકરાની 'ભાષા બંધન' નામે એક પત્રિકા પ્રગટ થાય છે, આ નામ એટલે રાખ્યું છે કે અનુવાદ દ્વારા વિવિધ ભારતીય ભાષાનો પરિચય થાય. અનુવાદ એક શક્તિશાળી માધ્યમ છે. જેના કારણે એક બંગાળી કે ગુજરાતી કે મલયાલી બોલી નથી શકતો પરંતુ અનુવાદ દ્વારા લેખક, અનુવાદક અને વાંચક બધાને કંઇક પ્રાપ્ત થાય છે આ વિવિધ ભાષાનું સાહિત્ય માત્ર એ ભાષાનું સાહિત્ય નથી હોતું પણ આખરે તો એ ભારતીય સાહિત્ય છે, એ આપણું સાહિત્ય છે.

ગાંધીની આત્મકથા કે ગાંધીને લગતું જે સાહિત્ય છે તે હવે એમનું સાહિત્ય નથી રહ્યું પણ એ સાહિત્ય વિશ્વનું બની રહ્યું છે. મહાત્મા ગાંધી અને રવીન્દ્રનાથ બન્નેનું ચિંતન વિશ્વભારતીની દિશાનું રહ્યું પરંતુ ભારતની આજની પરિસ્થિતિ જોતાં વિશ્વભારતીનું આ સ્વપ્ન ચકનાચૂર થતું જોવા મળે છે. ગાંધીજીએ પણ 'મારા સ્વપ્નનું ભારત' એ શબ્દ પ્રયોગ

કર્યા હતો પણ ક્યાં છે એ ભારત?

આગળ જતાં મહાશ્વેતા દેવી ઉમેરે છે કે, ''મારી એક કથા 'બિખારી દુસાબ'માં લખ્યું હતું કે મનુષ્યનો મૂળભૂત અધિકાર સ્વપ્ન જોવાનો છે. સાહિત્યનાં ક્ષેત્રમાં દરેક સર્જક સપના જ જોતા હોય છે. પરંતુ સમાજથી અળગા કે અજાણ રહીને કરેલું લેખન ફક્ત દીવા સ્વપ્ન જ બની રહે છે. ગુજરાતના એક મહાન શિક્ષક ગીજુભાઇ બધેકાના પુસ્તક 'દીવા સ્વપ્ન'માં તેમણે એક શિક્ષક નાના ગામડાંમાં જઇને કેવી રીતે બાળકો સાથે શિક્ષણનો પ્રારંભ કરે છે, તેની વાત કરી છે. આજે ભારતનાં ૬ લાખ ગામોમાં જવા માટે કોઇ શિક્ષક તૈયાર નથી. ત્યાંનાં બાળકોને ભણવું છે પણ તેની માતૃભાષામાં ભણવાની કોઇ સગવડ નથી. ભારતનાં ગ્રામ્ય વિસ્તારમાં ભણતરના જ્ઞાનની જે ભૂખ છે, તેને જો સર્જક પૂરી ન કરી શકે તો શું એવા સાહિત્યને સાહિત્ય કહી શકીએ ખરા?

સાહિત્યમાં જે સૌંદર્ય છે તેનું શું? હું માનું છું કે જીવન સાથે જોડાયેલું સાહિત્ય જ સુંદર હોય છે. જે જે સાહિત્ય મૂળભૂત સ્રોતને પિછાણે છે તે સાહિત્ય જ સૌથી સમૃદ્ધ સાહિત્ય છે અને આ મૂળ સ્રોત સામાન્ય માણસનાં હાથમાં આસાનીથી ચડતું નથી. મને જ્યારે આનું ભાન થયું ત્યારે હાથમાં પેન લઇને મેં ફરવાનું, ઘુમવાનું શરૂ કર્યું.

ઝાંસીની રાણી વિશે લખવું હતું તો ચંબલના વિસ્તારમાં ગઇ. તે પછી ઝારખંડ, બિહાર, બંગાળનાં ગામોમાં ફરતી રહી. હું પલામો જિલ્લામાં ગઇ. ત્યાં મેં બંધવા મજૂરો વિશે જાણ્યું અને મારાથી રહેવાયું નહીં. મને લાગ્યું કે સાહિત્યથી પણ વધીને સંઘર્ષ છે, તે પછી સંઘર્ષ અને સંગઠન એ મારા સાહિત્યનું માધ્યમ બની ગયો અને મારું સાહિત્ય સંઘર્ષનું માધ્યમ બની ગયું. આ બંનેને હું અલગ માનતી નથી.

મેં જ્યારે જોયું કે દેશનાં આદિવાસીઓ ભૂખે મરી રહ્યા છે, જ્યારે બિરસા મુંડા વિશે લખવું એ મને મારું કર્તવ્ય લાગ્યું. જ્યારે મેં જોયું કે દેશમાં વિમુક્ત જનજાતિઓની સ્થિતિ આપણને શરમ આવે એટલી હદે ખરાબ છે, ત્યારે એમની સાથે જોડાઇને એમનાં વિશે લખવું તે મને મારું કર્તવ્ય લાગ્યું.

જ્યારે હું પુરૂલિયાના વિમુક્ત સાબર આદિવાસીઓ વચ્ચે ફરી રહી હતી ત્યારે એક આદિવાસી સ્ત્રીના અનુભવે મારી આંખો ઉઘાડી નાંખી. ૧૯૮૦ના એ દિવસોમાં સાબર લોકોને વર્ષમાં એક જ દિવસ ભાત ખાવા મળતો. બાકીના ૩૬૪ દિવસ એ શું કરતા હશે તેની મને ખબર નથી. હું બરાબર તે જ દિવસે એ સાબર ગામમાં પહોંચી અને એ એક માત્ર દિવસ મળતો ભાત તે સ્ત્રીએ મને મીઠું અને મરચું ભેળવીને ખાવા આપ્યો. સ્વાભાવિક રીતે મેં પૂછ્યું, **'આને શેની સાથે ખાઉં?' અને તે સાબર વૃદ્ધાએ મને કહ્યું, 'માં પેટની ભૂખ સાથે મેળવીને ખાઇ લો.'** મને લાગે છે - આ આદિવાસી માતાનું વાક્ય સૌથી શ્રેષ્ઠ સાહિત્ય વાક્ય છે. હું માનું છું કે જ્યાં સુધી આપણે લોકોની પાસે નથી જતાં, તેમની સાથે જીવન નથી જીવતાં, ત્યાં સુધી આપણે કંઇજ નથી જાણી શકતાં.

જીવન સાથે જોડાયેલી દરેક અભિવ્યક્તિ સાહિત્ય જ હોય છે. ચાહે તે મૌખિક હોય કે લેખિત. ભારત આવા સામાન્યજનોનો દેશ છે. અને ભારતનો આમ આદમી જે જાણે છે તે ખૂબજ અદ્ભુત છે. ગુજરાતનાં નરસિંહ મહેતા અને ગાંધીને અમે અમારા માનીએ છીએ. માનવતામાં શ્રદ્ધા એ એમના બન્ને વચ્ચેનો સમાન ગુણ હતો. મને લાગે છે કે સાહિત્ય માટે પણ એ જ સૌથી શ્રેષ્ઠ વિષય છે. તમે કલ્પના કરો કે તમે બધા પોતપોતાની રીતે પોતાની કવિતામાં વાર્તામાં કે નવલકથામાં અન્યાય સામે, હિંસા સામે, અસમાનતા સામે, અવાજ ઊઠાવો તો કઇ તાકાત તમને રોકી શકશે? મને લાગે છે કે આ આપણી સહિયારી જવાબદારી છે.''

*૧૬૦૫, શોભા સુમન બિલ્ડિંગ,*
*ટેલિફોન ભવનની સામે, મુલુંડ (વેસ્ટ)-૪૦૦ ૦૮૦.*
*મો. : ૦૯૮૨૧૧ ૮૫૨૯૩*

## કટાક્ષિકા

કબરમાંથી બહાર નીકળેલા શેતાને સંકલ્પ કર્યો કે આજે તો હાહાકાર મચી જાય તેવા કાળા કાળા કામો કરવા છે અને તે ય સારામાં સારા સ્થાનોમાં જઇને!

બહાર નીકળ્યા બાદ ૧૫-૨૦ ડગલાં ચાલ્યો ત્યાં તો એક મકાન પર **'કુટુંબ કલ્યાણ કેન્દ્ર'**નું પાટિયું વાંચ્યું. અંદર ગયો. પરંતુ ગર્ભની અંદરના કુમળા બાળકની હત્યા થતી જોઇને તે ત્યાંથી તુરંત ભાગ્યો.

જરાક આગળ ગયો તો **'સરસ્વતી મંદિર'**નું પાટિયું તેણે વાંચ્યું. પરંતુ ત્યાંય કોલેજિયન યુવકોના મુખમાંથી નીકળી રહેલી સરસ્વતી સાંભળી તે તો હેબતાઇ જ ગયો....

ત્યાંથી ભાગ્યો... પહોંચ્યો **'મરાઠા મંદિર'**માં! ત્યાં આગળ સામુહિક સેવાતા હજારો માણસોના માનસિક વ્યભિચારને જોઇને તે સ્તબ્ધ થઇ ગયો!

ત્યાંથી **'પ્રામાણિકતા એ જ અમારો મુદ્રાલેખ છે'** આવા લખાણવાળું પાટિયું જ્યાં લટકતું હતું તે દુકાનમાં ગયો.

ત્યાં આચરાતી ભયંકર અનીતિ જોઇને એ સીધો પાછો કબરમાં પેસી ગયો. 'ફરી ક્યારેય આ યુગમાં તો બહાર નથી જ નીકળવું' તેવો સંકલ્પ કરીને!

હાય! વિજ્ઞાનયુગના માનવોની વિકૃત માનસિકતા!

કબરનો શેતાન પણ સહી શક્યો નહિ...

*સાભાર : 'મુક્તિદૂત'*
*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ*
*(કે.ડી. શાહ) - અમદાવાદ*

*અજ્ઞાની ઊંઘમાં સપનાં ઉમેરે છે,*
*અને જ્ઞાની*
*સપનામાંથી ઊંઘની*
*બાદબાકી કરે છે...*
*— મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'*

શ્રી ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થી સમિતિના ઉપક્રમે યોજાયેલ યુવામેળાનું વિહંગાવલોકન

# છે કોઇ દીવો કરનાર?

• પન્નાલાલ ખીમજી છેડા •

સમાજની ત્રણ મુખ્ય સંસ્થાઓ, દેરાવાસી મહાજન, સ્થાનકવાસી મહાજન અને સેવા સમાજે સમાજમાં સગપણ અને લગ્નના પ્રસંગો હલ કરવા ઇન્ટરનેટ આધારિત www.kvoparichay.orgની વેબસાઇટ શરૂ કરી છે. આ વેબસાઇટમાં કોઇ પણ મધ્યસ્થીની જરૂર પડતી નથી.

બદલાતા સમયમાં જીવનસાથીની પસંદગી બાબતે યુવક અને યુવતીઓના અભિગમમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સામાજિક ઢાંચામાં રહેલી માતા પિતાની મહત્ત્વની ભૂમિકા, તેમની પસંદગી પરત્વે ઘણી બાંધછોડ કરવા લાગ્યા છે. **વાસ્તવમાં તેઓ વિવાહ બાબતે વધુ વ્યવહારુ અભિગમ અપનાવી રહ્યાં છે.**

દેખાવ, શિક્ષણ, વય, ઊંચાઇ, કુટુંબની ખાનદાની, કેરિયર, વ્યવસાય, નોકરી, આવક, જીવનશૈલી, રહેઠાણ, કૌટુંબિક પરિપક્વતા, ગૃહકાર્ય, સમજદારી, સંસ્કાર જ્ઞાતિ, જીવનસાથીની પસંદગી પરત્વેના પરંપરાગત અભિગમો તેમજ એકમેકના દૃષ્ટિકોણ પરત્વે મહત્ત્વના ફેરફારો આવી ગયા છે.

આ સંજોગોમાં સંતાનો પોતાને યોગ્ય જીવનસાથી જાતે જ શોધી કાઢે છે. લગ્નવિષયક સાઇટ પરથી પોતાને યોગ્ય લાગે અથવા પોતાની સાથે બંધ બેસે એવાં પાત્રો શોધી રહ્યાં છે, તે માટે લગ્નવિષયક (મેટ્રિમની) વેબસાઇટ પર પોતાના પ્રોફાઇલ પોસ્ટ કરે છે.

આપણા સમાજે પણ આ પદ્ધતિ અખત્યાર કરીને ઉપરોક્ત વેબસાઇટમાં રજિસ્ટર્ડ થયેલાં યુવક-યુવતીઓનો એક મેળાવડો શ્રી ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થીના ઉપક્રમે સંસ્થાના પ્રમુખશ્રી વશનજીભાઇ હરશી ગાલાની ઉપસ્થિતિમાં ચીંચપોકલી મહાજનવાડી ખાતે યોજેલ. આ યુવામેળામાં ૧૨૩ જેટલાં સ્નાતક અને અનુસ્નાતક થયેલી ૨૨ થી ૨૮ વર્ષની યુવતીઓ અને ૨૩ થી ૨૯ વર્ષની વયના યુવકોએ ભાગ લીધેલ.

આ નવતર પ્રયોગ અને પ્રક્રિયાને અંતે નિર્ણાયક તરીકેની જવાબદારી મારા પર અને શ્રી ધીરજભાઇ ધરોડ પર નાખવામાં આવી હતી. સમિતિ દ્વારા દરેક યુવક-યુવતીએ પાત્રની પસંદગીના પ્રશ્નો સ્વરૂપે જુદા જુદા ૧૯ જેટલાં વર્ગીકરણો આપવામાં આવેલ. જેમાં કેરિયર ઓરિએન્ટેડ, મુંબઇ ઓરિએન્ટેડ, NRI ઓરિએન્ટેડ, સર્વિસ ઓરિએન્ટેડ સંયુક્ત કુટુંબ, વિભક્ત કુટુંબ, ધાર્મિકતા, ગૃહિણી, દેખાવ, વ્યવહારિકતા, ભપકાદાર લગ્ન, સમૂહ લગ્ન, રજિસ્ટર્ડ લગ્ન, કુટુંબનો દરજ્જો, જન્મ કુંડળી વગેરેમાંથી ત્રણ વર્ગીકરણોની પસંદગી કરવાની છૂટ આપી હતી.

મેળામાં ઉપસ્થિત લગભગ તમામ મુરતિયાઓ અંગ્રેજી માધ્યમમાં ભણેલાં હતાં. એમાં ઘણાં સારા પ્રોફેસર્સ હતાં, બુદ્ધિ ચાતુર્યની રીતે પોતાની પસંદગીમાં મક્કમ અને નિર્ણાયક શક્તિ ધરાવનારા હતા.

ભપકાદાર લગ્નો, ઊંચો મોભો કે NRI મૂળ જેવા મુદ્દાઓને તેમના દ્વારા કોઇ જ મહત્ત્વ આપવામાં આવ્યું ન હતું. બીજે પક્ષે સમૂહલગ્ન જેવી વ્યવસ્થા પણ તેમને માન્ય ન હતી.

આજના સમયમાં સ્વાભાવિક છે તેવા કેરિયર ઓરિએન્ટેડ અને મુંબઇમાં રહેતાં પાત્રો માટે તેમની પહેલી પસંદગી હતી, **જ્યારે પસંદગીના ક્ષેત્રે કુંડળી મેળવવાના આગ્રહે મેળવેલું અગ્રતમ સ્થાન એ એક આશ્ચર્યજનક ઘટના હતી.**

આપણે આજે એક એવા સંક્રાન્તિ કાળમાં છીએ જ્યાં કુંડળી મેળવવાના ધખારામાં અનેક યુવક-યુવતીઓ લગ્ન જીવનનો સમય વટાવી ગયા છે. **ત્યારે આજના બુદ્ધિજીવી યુવાન વર્ગની કુંડળી મેળવવાની પસંદગી આપણાં સામાજિક જીવનના મૂલ્યોને કઇ દિશા ભણી લઇ જશે એ મહત્ત્વનો પ્રશ્ન અહીં ફલિત થતો હતો.**

આ ઘટનાનો ઉલ્લેખ કરતાં પગદંડીના તંત્રી અને આ મેળાવડાના કન્વીનર શ્રી અશ્વિનભાઇ માલદેએ યુવાનોને ચોટદાર પ્રશ્ન પૂછ્યો છે કે, પરંપરાગત ગાડરિયાં પ્રવાહમાં જોડાઇ જતાં યુવાનો મનોમંથન કરી પોતાની જાતને આ પ્રશ્ન પૂછશે ખરા?

આ વિશે ઘણું બધું લખી શકાય તેમ છે. મારી નમ્ર વિનંતી છે કે, સમાજના ચિંતકો, ડાહ્યા અને ઠરેલ અગ્રણીઓ પાસેથી વ્યવહારુ અભિપ્રાય માંગો. જે પેઢીએ ભૂતકાળમાં લગ્ન સંસ્કાર માટે કદીયે કુંડળીનો આશ્રય નથી લીધો અને છતાંય આજે એ પેઢી સુખેથી જીવી રહી છે ત્યારે વર્તમાનને ભૂલી ભવિષ્યને કોઇ શાસ્ત્રોક્ત આધાર પર છોડી આપણે ક્યાંક ભૂલા તો નથી પડ્યાને?

જ્યોતિષ શાસ્ત્ર એ વિજ્ઞાન નથી એવો દાવો આપણે ન કરી શકીએ. મુંબઇ હાઇકોર્ટમાં ચાલી રહેલા એક કેસના સંદર્ભમાં ખુદ સરકારે સોગંદનામું નોંધાવીને કબૂલાત કરી છે કે જ્યોતિષ શાસ્ત્ર ભારત દેશનું ૪૦૦૦ વર્ષ જૂનું વિજ્ઞાન છે. આ શાસ્ત્રને બિનપાયેદાર કે અંધશ્રદ્ધા જગાડનારું કહીને વગોવી શકાય નહિ. આદિ ઋષિમુનિઓએ લોકકલ્યાણની ભાવનાથી આ શાસ્ત્રોની રચના કરી છે. તેઓ એક અર્થમાં વૈજ્ઞાનિકો હતા. વર્ષોની તેમની તપસ્યા દ્વારા પ્રાપ્ત થયેલો આ જ્ઞાન વારસો છે.

ઇ.સ. ૨૦૦૧માં યુનિવર્સિટી ગ્રાન્ટ

*વિશ્વના સર્વોત્કૃષ્ટ વિચારો અને કથનોનું જ્ઞાન અને તેનું આચરણ જ સંસ્કૃતિ છે.*

કમિશન (UGC) એ યુનિવર્સિટીઓને વૈદિક જ્યોતિષ-જ્યોતિ વિજ્ઞાનના અભ્યાસક્રમો દાખલ કરવાની છૂટ આપી હતી. જ્યોતિષ વિદ્યાને દંભ માનનારાઓએ ઠેઠ સુપ્રીમ કોર્ટ સુધી લીવ પિટિશન કરી હતી પણ તેમની તરફેણમાં ચુકાદો નથી મળ્યો. શક્ય છે કે, UGCની ભલામણ, રાજ્યાશ્રય મળ્યેથી સંશોધનો મળ્યા પછી એ શાસ્ત્રમાં પણ સંશોધનો થાય. **હકીકતમાં કહેવાતા લેભાગુ જ્યોતિષો અને બાબાઓએ લોકોમાં અંધશ્રદ્ધા પ્રેરી આ શાસ્ત્રને બદનામ કર્યું છે.**

વૈજ્ઞાનિક જ્ઞાનની જેમ જ્યોતિષ શાસ્ત્રની ચકાસણી પ્રયોગશાળામાં નથી થઇ શકતી પણ જો એ માપદંડ બધાં વિજ્ઞાનની શાખાઓને લાગુ પાડીએ તો માનસ શાસ્ત્ર અને જીવશાસ્ત્રને પણ વિજ્ઞાન કહી શકાય નહિ. કોઇ ડોક્ટરની શસ્ત્રક્રિયા નિષ્ફળ જાય કે કરોડોના ખર્ચે તૈયાર થયેલ અવકાશયાન તૂટી પડે તો મેડિકલ સાયન્સ કે સ્પેસ સાયન્સને બદનામ ન કરી શકાય.

આ શાસ્ત્ર વિશે ઘણું બધું લખી શકાય તેમ છે પરંતુ આપણે આપણાં વિષય પર આવીએ કે અનેક હકીકતો, વિગતો, સંદર્ભો પર જેનો આધાર છે એવા સુખી લગ્નજીવન માટે માત્ર જ્યોતિષ શાસ્ત્ર પર આધાર રાખી યુવાનીના મહત્ત્વના સોનેરી દિવસોને વ્યર્થ જવા દઇ પરંપરાગત અભિગમ પકડી રાખશું તો આપણાં સમાજજીવનમાં-પરિવારોમાં એક તિરાડ પડતી જશે. સમય જતાં એ તિરાડ સાંધી નહિ શકાય. એમાંથી અસંતોષ પેદા થશે, જે વડીલોના પાછલા જીવનનો એક બોજ બની જશે. પરિસ્થિતિના નિરાકરણ માટેના ફાંફાં વ્યર્થ જશે. આવી પરિસ્થિતિ સત્વરે ટાળવી જોઇએ.

**વરસતા વરસાદને પડતો આપણે અટકાવી ન શકીએ પણ માથે છત્રી ધરીને વરસાદમાં ઊભા રહેવાની તાકાત જરૂર મેળવી શકીએ.** તેમ જ્યોતિષ શાસ્ત્રને સુખી લગ્ન જીવન માટેની અનેક જરૂરિયાતો પૈકી છત્રીની ગરજ સારે તેવો પર્યાય સમજી, તેટલા પૂરતો આધાર રાખી, બીજી અનેક વિગતો સાથે તાલમેલ મેળવવાનો પ્રયત્ન કરીએ જેનાથી મા-બાપ અને સંતાનોનું હિત જળવાશે.

આશા છે કે, જેમના સંતાનો મોટી ઉંમર સુધી અપરિણીત રહ્યાં છે તેમના વડીલો મધ્યમ માર્ગ અપનાવી સમાજ જીવનના પ્રવાહમાં ભળી જવા સફળ પ્રયત્ન કરે, અન્યથા પરિણામોનું વિષચક્ર આપણે જોઇ રહ્યા છીએ. જાગ્રત થઇએ, જાગતાઓને જગાડીએ, દીપમાંથી દીપ પ્રગટાવીએ. સમય ધર્મનો આ તકાજો છે.

*છેડા જ્વેલરી માર્ટ, ૪૦/૪૨ ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૩*

## માનવ સ્વભાવ - ઇર્ષ્યા

સમાન ગ્રૂપમાંથી સૌથી સફળ રહેનાર વ્યક્તિ પ્રત્યે ગ્રૂપના અન્ય કેટલાક લોકો નારાજ રહે છે. તેઓની માનસિકતા એવી હોય છે કે સફળ વ્યક્તિ નિષ્ફળ જાય. તેની પાછળ એકજ કારણ દેખાય છે-ઈર્ષ્યા. માનવામાં ન આવે છતાં આ માનવ સ્વભાવના દર્શન દરેક સ્થળે થાય છે.

*વિરોધીઓના વિચારોનું પણ સન્માન કરો.*

તંદુરસ્તી

# કફદોષ

• ડૉ. મયંક વોરા •

'કફ' શબ્દ સંસ્કૃત શબ્દ 'સ્લીષ' ઉપરથી આવ્યો છે. તેનો અર્થ થાય છે - બધી વસ્તુઓને એકરૂપ રાખવી. કફ શરીરના તમામ કોષોને આધાર આપે છે. વળી તે તાકાત, સ્થિરતા તથા મુશ્કેલ કાર્ય લાંબા સમય સુધી કરવાની શરીરને શક્તિ આપે છે. કફ શરીરમાં જઠર, છાતી, ગળું, માથું વગેરેમાં રહી લીંટ (Mucus) બનાવે છે.

કફ બે પંચમહાભૂત જળ તથા પૃથ્વી તત્ત્વના સંયોજનથી બને છે. કફ વજનમાં ભારે, ઠંડો, ભીનો, પોચો અને સ્થિર હોય છે. કફ પોતે હલનચલન કરી શકતો નથી. શરીરમાં તેના હલનચલનનું પ્રેરકબળ વાત છે. કફ શરીરમાં હોજરી, સ્વાદુપિંડ (પેન્ક્રિઅસ), ફેફસાં, સાઇનસ, પ્લાઝમા વગેરેમાં જોવા મળે છે.

- **શારીરિક લક્ષણો :**

કફપ્રધાન વ્યક્તિઓ વજનમાં ભારે, મજબૂત બાંધાની, ખડતલ શરીર, જાડી તૈલી ત્વચા ધરાવતી હોય છે. તેમના વાળ વધુ પ્રમાણમાં વાંકડિયા, તૈલી હોય છે. તેમનું નાક ટૂંકું, ગોળ અને બટન આકારનું હોય છે. આંખો મોટી, સુંદર અને બ્લુ રંગની, પ્રેમાળ હોય છે. હોઠ લિસ્સા, તૈલી, સફેદથી પીળાશ પડતા હોય છે. તેઓ ધીમેથી અને એકધારું બોલે છે.

- **સ્વભાવ :**

કફપ્રધાન વ્યક્તિઓ વાણી, વર્તન, વિચારોમાં સ્થિર હોય છે. તેઓ સ્વભાવે આનંદી અને બીજાને મદદ કરવાની ભાવનાવાળા હોય છે. તેઓ કામને વફાદાર હોય છે. તેમને ભેજવાળું વાતાવરણ પસંદ નથી. તેમનો સ્વભાવ થોડો જૂનવાણી અને તેઓ કામની શરૂઆત કરવામાં ઓછા ઉત્સાહી હોય છે. શાંત સ્વભાવ તેમજ પ્રેમપૂર્વક કામનો નિકાલ આ લોકોની લાક્ષણિકતા છે. આ જ કારણે વિશ્વમાં તેઓ સૌથી નીરોગી હોય છે. તેઓ પૈસાપાત્ર હોય છે અને સારી બચત કરી શકે છે. તેમના સારા સ્વભાવને કારણે તેઓ આ જગતમાં સૌથી તંદુરસ્ત હોય છે.

- **કફ તત્ત્વનાં કાર્ય :**

કફનું સૌથી અગત્યનું કાર્ય વ્યક્તિને રોગ સામે લડવાની તાકાત આપવાનું છે. કફની શક્તિથી જ શરીર પોતાની મેળે સમું થઈ સ્વયં રોગમુક્ત થઈ શકે છે. આમ, શરીરની પોતાની મેળે સમા થવાની શક્તિ કફને આભારી છે. કફ આપણી મોટાભાગની માંસપેશીઓને પોષણ તેમજ આધાર આપે છે, શરીરનો વિકાસ કરે છે. કફ વાતદોષથી થતો માંસપેશીઓનો ઘસારો રોકે છે. પ્રેમ, કરુણા, શાંતિ, માફ કરવાની ભાવના કફના ગુણ છે. કફ પાણી છે, જે પૃથ્વી તત્ત્વમાં રહેલું છે. આપણા શરીરમાં મુખ્યત્વે પાણી જ રહેલું છે. આ પાણી શરીરની ત્વચા તેમજ ચીકણી અંતઃત્વચા (Mucus membrane) થી રક્ષાયેલું હોય છે. આ બંને બાહ્ય આવરણોને 'પૃથ્વી તત્ત્વ' કહે છે.

શરીરની તંદુરસ્તી માટે ત્રિદોષનું સંતુલન તેમજ એકબીજા ઉપર આધારિતપણું જરૂરી છે. ત્રિદોષ અરસપરસ આધારિત છે. સામાન્ય રીતે વાત અને કફના ગુણો એકબીજાથી તદ્દન ભિન્ન હોય છે. એક ભારે છે, બીજો હલકો છે. જ્યારે પિત્ત બંનેનો મધ્યસ્થી છે, જે એક દોષને બીજામાં ફેરવે છે.

**કફદોષનાં લક્ષણો :**

(૧) ઝડપથી વજન વધે છે.
(૨) કશું કામ કર્યા વગર થાકી જવાય છે.
(૩) લાંબા સમયની ઊંઘ પછી પણ ઊઠવું મુશ્કેલ બને છે.
(૪) ભૂખ ઓછી લાગે છે. પાચન ધીમું થઈ જાય છે અને લાંબા સમય સુધી ભૂખ-તરસ સહન થઈ શકે છે.
(૫) વાળ તથા ત્વચા ચીકણાં રહે છે.
(૬) કોઈ કામ કરવાની ઇચ્છા થતી નથી.
(૭) જાતીય આવેગ મંદ પડે છે.
(૮) ભોજન પછી ભારે અને આળસુ થઈ જવાય છે.
(૯) કોઈ એક જગ્યાએ બેસી રહેવું ગમે છે.
(૧૦) સ્વભાવ ચીડિયો અને અસુરક્ષિતતાની ભાવનાવાળો હોય છે.
(૧૧) ડાયાબિટીસ અને કોલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે, શ્વાસ લેવામાં તકલીફ પડે છે.
(૧૨) ખંજવાળ આવે છે. નાક તેમજ શ્વસનતંત્રના રોગ થવાની સંભાવના હોય છે. કફ ચેનલ્સને બ્લોક કરે છે. તેથી, વાતપ્રકોપ થઈ શકે છે.
(૧૩) કડવા, તીખા, તૂરા સ્વાદવાળો આહાર ગમે છે.
(૧૪) પરિવર્તન ગમતું નથી.

જો તમારી મૂળ પ્રકૃતિ કફપ્રધાન હશે, તો અગાઉ દર્શાવેલમાંથી ઘણાં લક્ષણો તમારામાં હશે. જ્યારે વાતપ્રધાન અથવા પિત્તપ્રધાન વ્યક્તિઓમાં કફદોષનું પ્રમાણ વધી જાય, ત્યારે તેને નિયંત્રિત કરવો જરૂરી બને છે. આ સંજોગોમાં વ્યક્તિને કફશામક આહાર લેવો અને યોગ્ય જીવનશૈલી અપનાવવી જરૂરી બને છે. તેથી કફનું પ્રમાણ સંતુલિત થશે.

વ્યક્તિમાં કફદોષ કરનાર કારણોમાં તળેલો, ગળ્યો અને ભારે આહાર, ઠંડાં પીણાં કે આઇસક્રીમનો અતિરેક, ઠંડા વાતાવરણમાં રહેવું વગેરેનો સમાવેશ થાય છે.

**કફ વધારનાર પ્રવૃત્તિઓ :**

(૧) વધુ પડતા તથા વિવિધતા વગરના

*ઈશ્વરે કદી કીધું નથી કે તમને પીડા વગરના દિવસો આપીશ.*

આહારનું સેવન.

(૨) ઠંડા પીણાં, આઇસક્રીમ કોલેસ્ટેરોલવાળો આહાર લેવો.

(૩) શારીરિક કસરતોનો અભાવ.

(૪) ગળ્યો, ખારો અને ખાટો આહાર લેવો.

(૫) વધુ પડતી નિદ્રા, બપોરે સૂવું.

(૬) આળસુ, પ્રમાદી વ્યક્તિત્વ હોવું.

(૭) ઠંડા વાતાવરણમાં રહેવું.

**આટલું જરૂર કરો :**

(૧) ઘી ઓછી માત્રામાં વાપરો. ઘીને ગરમ કરી ઉપયોગમાં લો. (ઘીને ગરમ કરવાથી તેમાં રહેલાં પોષક તત્ત્વો નાશ પામતા નથી.)

(૨) તીખો, કડવો અને તૂરો - આ ત્રણ સ્વાદ ધરાવતો આહાર લો.

(૩) કોર્ન ફ્લેક્સ વગેરે સૂકા સીરિયલ્સ અને મીઠા વગરના ક્રેકર્સ કફના પ્રવાહી સ્વરૂપને બેલેન્સ કરે છે.

(૪) ગળપણમાં મધનો મર્યાદિત ઉપયોગ કરો.

(૫) હળદર, જીરું, ધાણા, કાળાં મરી, સૂંઠ, હિંગ, લવિંગ વગેરે આયુર્વેદિક મરી મસાલાનો ઉપયોગ કરવાથી આહારમાં સ્વાદ અને સુગંધ આવે છે તથા પાચનક્ષમતા સુધરે છે.

(૬) બહુ ધીમેથી ખાવું નહીં. એમ કરવાથી વધુ ખવાઇ જાય છે, જે કફની માત્રા વધારે છે.

(૭) ભૂખ લાગે ત્યારે જમવું. ભૂખ વગર જમવાથી શરીરમાં આમ ઉત્પન્ન થાય છે.

(૮) કાચાં શાકભાજી અને રેસાવાળો આહાર લો.

(૯) સવારનો નાસ્તો લેવાનું બંધ કરી દો.

(૧૦) અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કે એકટાણું કરવાથી ફાયદો થાય છે.

(૧૧) કફપ્રધાન વ્યક્તિઓની પાચનક્ષમતા ઓછી હોય છે. તેથી તેમણે ભારે આહાર ન લેવો.

(૧૨) દિવસ દરમિયાન પુષ્કળ ગરમ પાણી પીઓ.

(૧૩) ભોજનમાં બાજરી અને જૂના ચોખા લેવા.

**આટલું ન કરો :**

(૧) ફ્રોઝન, પ્રોસેસ કરેલાં ઠંડાં પીણાં ન લેશો.

(૨) આહારમાં મીઠાનો મર્યાદિત ઉપયોગ કરો.

(૩) ખારો, ગળ્યો, ખાટો આહાર ઓછી માત્રામાં લો.

(૪) બદામી ચોખા, જવ, ઘઉં ન ખાઓ.

(૫) તૈલી વાનગીઓ ન ખાઓ.

● **આહારથી કફદોષનું શમન :**

જે દોષનું પ્રમાણ વધ્યું હોય તેનાથી વિરુદ્ધ સ્વભાવવાળો આહાર લેવાની આયુર્વેદ ભલામણ કરે છે. કફ વજનમાં ભારે, પોચો, ચીકણો અને ઠંડો હોય છે. તેથી તેને સંતુલિત કરવા તેનાથી વિરુદ્ધ પ્રકૃતિનો આહાર લેવો જોઇએ. કફના તૈલી ગુણનું શમન કરવા થોડો સૂકો આહાર લેવો. આહાર વજનમાં હલકો અને ગરમ હોવો જોઇએ.

**કફદોષને સંતુલિત કરનાર આહાર :**

★ ધાન્ય : મકાઇ, બાજરી, જવ, ઓટ (સૂકું), બાસમતી ચોખા (થોડા પ્રમાણમાં)

★ શાકભાજી : બ્રોકોલી, બીટ, ભીંડા, ડુંગળી, બટાટા, કોબીજ, ફ્લેવર, લસણ, ગાજર, વટાણા, રીંગણ, લીલાં પાંદડાંવાળા શાકભાજી વગેરે

★ ફળ : સફરજન, બેરી, દાડમ, કેરી

★ ડેરી : ચરબી (ફેટ) વગરનું ગરમ દૂધ, માખણ, છાશ

★ કઠોળ : ચણા અને રાજમા સિવાયનાં તમામ કઠોળ (મગ, તુવેર, વટાણા વગેરે).

★ તેલ : સૂર્યમુખીનું તેલ, બદામનું તેલ અને સોયાબીનનું તેલ

★ સૂકો મેવો : સૂર્યમુખી તથા કોળાનાં બીજ સિવાય કોઇ સૂકો મેવો ન ખાઓ.

★ ગળપણ : મધ (જૂનું), બીજી કોઇ મીઠાઇ ન લેવી.

★ મરીમસાલા : તમામ તેજાના લઇ શકાય. આદું સર્વશ્રેષ્ઠ

★ રસાયણ : પીપળી, લસણ, ગુગળ, ભલ્લાટકા

**કફદોષ માટે જીવનશૈલી :**

(૧) હરતા-ફરતા રહો, રોજ નિયમિત કસરત કરો, નવું શીખો.

(૨) શિયાળામાં ગરમ સરસિયા અથવા દીવેલથી માલીશ કરો.

(૩) આહાર નિયમિત લેવો.

(૪) રમતગમતમાં ભાગ લો.

(૫) બેઠાડું જીવન જીવશો નહીં.

(૬) નવા મિત્રો બનાવો.

(૭) બપોરનું ભોજન લેવાનું અવશ્ય રાખો, ઉપવાસ ન કરો.

(૮) નિયમિત મળત્યાગ ખૂબ જરૂરી છે. ત્રિફળા ચૂર્ણ લઇ શકાય.

(૯) તમારી જાતને ઠંડા તેમજ ભેજવાળા વાતાવરણથી દૂર રાખો.

(૧૦) દિવસ દરમિયાન ગરમ પાણી પીઓ.

(૧૧) જીવનમાં ઉત્સાહ લાવો.

(૧૨) રોજ ૩૦ મિનિટ ધ્યાન કરો.

(૧૩) જમીને તરત સૂઈ જવું નહીં.

**કફદોષથી થતા રોગ :**

કફદોષ વસંત ઋતુમાં વધારે થાય છે. આ ઋતુમાં ઓછું ખાવું, સૂકો રેસાવાળો આહાર લેવો. જેમની કફજન્ય પ્રકૃતિ છે, તેમને શરદી, શ્વાસ, દમ વગેરે શ્વસનતંત્રના રોગો થઇ શકે છે. નાનાં બાળકોને કફદોષથી રોગ ઝડપથી થાય છે, જેના કારણે વધુ પડતી નિદ્રા, સ્થૂળતા, ગળામાં સોજો અને છાતીમાં કફનો ભરાવો થાય છે.

*ડૉ. મયંક વોરા, વડોદરા (મો. ૯૮૨૫૧ ૯૭૬૭૪)*

*પ્રેષક : શાંતિલાલ ગાલા*

# ચાળીસીના ઉંબરે

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

- **કેસ સ્ટડી :**

૪૬ વર્ષની ઇન્દિરાને ચારેક વર્ષથી તકલીફ થતી હતી. જમવામાં રુચિ ઓછી થઇ ગઇ હતી. ન છૂટકે જમવા બેસતી. નબળાઇ લાગતી હતી. થોડુંક કામ કરવાથી કે થોડુંક ચાલવાથી થાક લાગતો હતો. થોડુંક જ ખાવાથી પેટ ભરેલું લાગતું. કોઇક વાર પેટ ફૂલાઇ જતું હતું. શરીરમાં તથા સ્નાયુઓમાં કળતર રહેતી હતી. માથું ભારી ભારી રહેતું હતું. ઘણી વખત માથાનો દુઃખાવો રહેતો હતો. ચક્કર આવતા હતા તથા હમણાં પડી જશે એવું લાગતું હતું.

છાતીમાં તથા સ્તનમાં દુઃખાવો રહેતો હતો. છાતી પર તથા સ્તન પર દબાણ આવતાં પીડા થતી હતી. શરીર ગરમ રહેતું હતું. તાવ જેવું લાગતું હતું પરંતુ થર્મોમીટરમાં શરીરનું તાપમાન નોરમલ આવતું હતું. હાથપગ સૂઇ જતાં હતા. ઘણીવખત હાથપગમાં ઝણઝણાટી થતી હતી.

સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો. નજીવી બાબતમાં ગુસ્સો આવી જતો હતો. ગુસ્સો કર્યા બાદ પાછળથી પસ્તાવો થતો હતો. વારંવાર રડવું આવતું હતું.

શારીરિક વૈદ્યકીય તપાસ (ધબકારા, બ્લડ પ્રેશર, શ્વાસોશ્વાસ, છાતી, પેટ વગેરે) નોરમલ હતી. લોહીની તપાસ (ડાયાબિટીસ માટે, થાઇરોઇડ માટે, એનિમિયા માટે, વિટામિન બી૧૨ની માત્રા વગેરે) નોરમલ હતી. એક્સ-રે, પેટની સોનોગ્રાફી, માથાનો સી.ટી. સ્કેન પણ નોરમલ હતાં. ઘણા ડૉક્ટરોનો અભિપ્રાય લીધેલ.

સ્ત્રીમાં ચીળીસીની આસપાસની ઉંમરમાં થતાં લક્ષણો, બધી તપાસ (શારીરિક, લેબોરેટરી, એક્સ-રે, સોનોગ્રાફી વગેરે) નોરમલ આવતા 'મેનોપોઝ'નું નિદાન થયું. સારવાર શરૂ કરી. છ એક મહિનાની સારવાર બાદ થોડોક સુધારો થયો. લક્ષણોમાં વધઘટ થતી. સંપૂર્ણ કાબૂ આવ્યો નહતો. ચીડિયાપણું, થાક, નબળાઇ, રડવાનું વગેરેમાં નજીવો ફરક પડ્યો હતો.

એકાએક બારેક મહિનાની સારવાર બાદ ઉપરની તકલીફો વધી ગઇ તથા નવાં લક્ષણો શરૂ થયા. કામ કરવાની ધગશ ઓછી થઇ ગઇ. પડ્યા રહેવાનું મન થતું. પરાણે કામ કરતી. ગુસ્સાનું પ્રમાણ વધી ગયું. રડવાનું વધી ગયું. સતત માથાનો દુઃખાવો રહેતો હતો. 'હું આ બીમારીમાંથી સાજી નહીં થાઉં', 'હું કોઇ કામની નથી રહી.' 'હું બધા ઉપર બોજ છું, ભારરૂપ છું' 'આના કરતાં મરી જવું વધારે સારું' આ પ્રકારના વિચારો સતત આવવા લાગ્યા. પરિવારજનોના સમજાવ્યા છતાં આ વિચારો નિયમિત આવ્યા કરતા. ઇન્દિરા પોતાના આ વિચારો પર કાબૂ રાખી શકતી ન હતી એટલે ઇન્દિરાને વધારે દુઃખ થતું.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્નાની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

સતત મરવાના વિચારો આવવાને લીધે ફેમિલી ડૉક્ટરે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

ઊંડાણમાં જતાં ઇન્દિરાના કેસમાં નીચે પ્રમાણેના મનની બીમારીના લક્ષણો હતા.

ઇન્દિરાને પરિવારજનોની ખૂબ જ પણ ખોટી ચિંતા રહેતી હતી. સાંજના ઘરે દીકરી ૧૦-૧૫ મિનિટ મોડી આવે તો ખૂબ ચિંતા થઇ આવતી. નકારાત્મક વિચારો આવી જતા. વારંવાર મોબાઇલ પર દીકરીને ફોન કરતી. બીમારીના પહેલાં આ વર્તણૂક ન હતી. ટી.વી.ના કાર્યક્રમમાં રસ બિલકુલ ઓછો થઇ ગયો હતો. પહેલાં ટી.વી. કાર્યક્રમો જોવાનો ખૂબ શોખ હતો. કામમાં એકાગ્રતા ઓછી થઇ ગઇ હતી. અલગ અલગ વાનગીઓ બનાવવાનો રસ ઊડી ગયો હતો. સામાજિક પ્રસંગોએ જવાનું ટાળતી હતી. મનમાં અપરાધભાવ (guilty feeling) ઉત્પન્ન થયો હતો કે મારા લીધે પરિવારજનો દુઃખી થઇ રહ્યા છે. એક વખત આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો હતો. બિલ્ડિંગની અગાશી પરથી કૂદકો મારવા ગઇ હતી પણ હિંમત ન ચાલી એટલે ઘરે પાછી આવી ગઇ. ઘરમાં આ પ્રસંગની કોઇને જાણકારી ન હતી.

- **નિદાન :**

ઇન્દિરા છેલ્લા ચારેક વર્ષથી મનની બીમારીથી (હતાશાની બીમારીથી) પીડાતી હતી. શારીરિક લક્ષણોની સાથેના મનના લક્ષણોને ધ્યાનમાં લઇ નિદાન કરવું જરૂરી છે. મનની બીમારીના પરિબળો ઇન્દિરાના કેસમાં નીચે પ્રમાણેના હતા.

- **મનોવિશ્લેષણ (મનની તપાસ) :**

(૧) મનના લક્ષણો : મનની બીમારી વિશેના લક્ષણોની જાણકારી દર્દી તથા પરિવારજનો પાસેથી મેળવવી જોઇએ.

*ઈશ્વરે કહ્યું છે કે તમને પીડા સહન કરવાની તાકાત આપીશ, રડીને હળવા થવાની રાહત આપીશ.*

ઇન્દિરાના કેસમાં હતાશાની બીમારીના લક્ષણો છે. બીમારીનું પ્રમાણ ઊંચું છે કારણકે આત્મહત્યાનો પ્રયાસ કરેલ છે.

(૨) આંતરિક પરિબળો :

૨.૧ આનુવંશિકતા : ઇન્દિરાની મોટી બહેન મંજુલાને માનસિક હતાશાની બીમારી થઇ હતી. જેની સારવાર મનોચિકિત્સક પાસે કરાવેલ. હાલ મંજુલાની તબિયત નોરમલ છે. દવાઓ બંધ છે.

૨.૨ વ્યક્તિત્વ : ઇન્દિરાનો સ્વભાવ સંવેદનશીલ છે. કોઇને પણ 'ના' પાડવાની હિંમત નથી. બધા માટે બધું કરી છૂટે છે. નકારાત્મક લાગણીઓ દબાવી દે છે.

આને લીધે માનસિક તણાવ પેદા થાય છે. તથા તણાવના હોરમોન્સ (Stress hormones) પેદા થાય છે. આને કારણે હતાશાની બીમારી થવાની શક્યતા વધી જાય છે.

૩. બાહ્ય પરિબળો :

ઇન્દિરાના કેસમાં દબાણ લાવનારી/ વધારનાર ઘટનાઓ બની હતી.

૩.૧ પાંચેક વર્ષ પહેલાં (બીમારી શરૂ થઇ એના એકાદ વર્ષ પહેલાં) ઇન્દિરાના પતિ રમેશભાઇ ધંધાની ભાગીદારીમાંથી રાજીખુશીથી છૂટા થયા હતા તથા પોતાનો ધંધો એકલે હાથે શરૂ કર્યો હતો. શરૂઆતમાં થોડીક તકલીફો આવેલ. આની નકારાત્મક અસર ઇન્દિરાના સંવેદનશીલ મન પર થયેલ.

૩.૨ બીમારી શરૂ થઇ એના ચારેક મહિના પહેલાં, ઇન્દિરાના ભાઇનો જુવાનજોધ દીકરો કાર અકસ્માતમાં ગુજરી ગયો હતો. કુટુંબના સૌ સભ્યોને આઘાત લાગ્યો હતો. અત્યારે ચાર વર્ષ બાદ પણ ઇન્દિરા આ આઘાત પચાવી શકી નથી. કાઉન્સેલિંગના એક સેશન્સમાં આ વાત નીકળતાં ઇન્દિરા રડી પડી હતી.

આંતરિક પરિબળો તથા બાહ્ય પરિબળોનો સમન્વય થતાં જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રામાં ફેરફાર થાય છે. હતાશાની બીમારી થાય છે. ધીમે ધીમે ઇન્દિરાના કેસમાં ત્યારબાદ હતાશાની બીમારીના લક્ષણો જોવા મળ્યા.

૩.૩ બીમારીમાં વધારો :

એકાએક બીમારીના લક્ષણોમાં વધારો થયેલ. એના મહિના પહેલાં એક બીજો નકારાત્મક પ્રસંગ બન્યો. દિયરની દીકરીના લગ્ન વખતે વ્યવહાર તથા લેવડદેવડ બાબત મનદુઃખ થયેલ. વાદવિવાદ થયેલ. બોલાચાલી થયેલ. આ માટે સાસુ, દેરાણી તથા અન્ય પરિવારજનોએ ઇન્દિરાને દોષિત ઠરાવેલ. પોતાના પતિએ પણ ઇન્દિરાને સાથ ન આપ્યો. પાછળથી સૌને સમજાયું કે ઇન્દિરાએ જે અભિપ્રાય આપ્યો હતો એ જ યોગ્ય હતો. આ પ્રસંગની ઇન્દિરાના મન પર ઊંડી અસર થયેલ તથા તબિયત વધારે બગડી.

## • સારવાર :

દવાઓ : મનની બીમારીમાં (હતાશાની બીમારી) મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રામાં ફેરફાર થાય છે. એટલે યોગ્ય દવાઓ શરૂ કરી (antidepressant medication) આથી ધીમે ધીમે જ્ઞાનતંતુમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રા વધીને નોરમલ થાય છે.

બે અઠવાડિયામાં તો શારીરિક લક્ષણોમાં સુધારો થયો. જમવામાં રુચિ આવી. ખોરાકનું પ્રમાણ વધ્યું. નબળાઇમાં ફરક પડ્યો (ટોનિક ન આપવા છતાં).

મનના લક્ષણોમાં પણ ફાયદો થયો. રડવાનું લગભગ બંધ થઇ ગયું. કામમાં મન લાગવા માંડ્યું. એકાગ્રતામાં ફેરફાર થયો. મરવાના વિચારો ઓછા થયા. જીવવાની ઇચ્છા થઇ.

બે મહિનાની સારવારમાં શારીરિક તથા મનના લક્ષણો કાબૂમાં આવ્યા.

કાઉન્સેલિંગ : પ્રસંગો પ્રત્યેનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા નકારાત્મક લાગણીથી લેવાને બદલે તટસ્થ લાગણીથી જોવાની પદ્ધતિઓ વિશે ઇન્દિરા જોડે કાઉન્સેલિંગમાં ચર્ચા કરી. અભિગમ બદલાવવા વિશે ચર્ચા થઇ. પ્રસંગ કે હકીકતનો મનથી સ્વીકાર કરવા વિશે કાઉન્સેલિંગ કર્યું. પ્રસંગના કારણમાં જવાને બદલે એના નિરાકરણ પ્રત્યે ધ્યાન આપી અમલમાં લાવવાની પદ્ધતિઓ વિશે ચર્ચા કરી. ઇન્દિરાએ સમજણપૂર્વક પોતાના અભિગમમાં ફેરફારો કર્યા.

પતિ રમેશભાઇ સાથે પણ કાઉન્સેલિંગ કર્યું. મનના રોગ વિશેની જાણકારી આપી (psychoeducation) તથા મનના રોગ પણ શારીરિક રોગની જેમજ રોગ છે તથા આ રોગ પર દર્દીનો કાબૂ નથી હોતો એ બાબત ચર્ચા કરી.

દવાઓ દ્વારા આંતરિક પરિબળમાં ફેરફાર થતાં, મનની શક્તિ ઇન્દિરાના કેસમાં વધી. આને લીધે બાહ્ય પરિબળોની મન પર અસર ઓછી થઇ તથા કાઉન્સેલિંગ દ્વારા બાહ્ય પરિબળો પ્રત્યેનો અભિગમ બદલાતાં નકારાત્મક અસર નહિવત થઇ. આમ દવાઓ તથા કાઉન્સેલિંગથી રોગ કાબૂમાં આવ્યો.

## • ચાળીસીના ઉંબરે :

'ચાળીસીના ઉંબરે' સ્ત્રીના જીવનમાં કટોકટીનો સમય છે. આ સમયે મન તથા શરીરમાં અગત્યના ફેરફારો થાય છે. પતિને વ્યવસાયિક તથા કૌટુંબિક ક્ષેત્રે સાથ અને સહકાર, બાળકોની જવાબદારી (ભણતર, લગ્ન, વ્યવસાયિક કારકિર્દી)નું સફળતાપૂર્વક આયોજન કરવું પડે છે. કૌટુંબિક જવાબદારી, સામાજિક ક્ષેત્રે જવાબદારી સ્વીકારવી પડે છે. આ માટે સ્ત્રીનું વ્યક્તિત્વ (આંતરિક પરિબળ) મહત્ત્વનો ભાગ ભજવે છે.

સંશોધનના સર્વેક્ષણ મુજબ સ્ત્રીઓમાં ચાળીસીના ઉંબરે (ત્રીજા તથા ચોથા દાયકામાં) મનના રોગ થવાની શક્યતા વધારે હોય છે.

મનના લક્ષણો, આંતરિક પરિબળો (વ્યક્તિત્વ, આનુવંશિકતા) તથા બાહ્ય પરિબળો (મન પર નકારાત્મક દબાણ લાવનારા પ્રસંગો) પ્રત્યે સજાગ રહેવાથી યોગ્ય નિદાન કરી શકાય છે. સમયસરની યોગ્ય સારવાર કરવાથી અપેક્ષિત પરિણામો મળે છે. પ્રતિભાવ, પ્રતિક્રિયા, અભિગમમાં યોગ્ય ફેરફારો કરવાથી મનના રોગ થતા અટકાવી શકાય છે. ■

*મેળવજો નીતિથી, ભોગવજો રીતિથી, વાપરજો પ્રીતિથી.*

હાસ્ય

હળવાશની ક્ષણોમાં!

# પેપર વેઇટની પડતર કિંમત - રૂપિયા બે કરોડ પ્લસ!

• ચિત્રસેન શાહ •

પેપર વેઇટની કિંમત કેટલી હોય તેના સવાલ આપણને કોઇ પૂછે તો તેનો જવાબ હોય વીસ-પચ્ચીસ રૂપિયા. કે પછી કોઇ આર્ટિસ્ટિક હોય (કે ઐતિહાસિક હોય જેમ કે કોઇ ધારાસભામાં માનનીય ધારાસભ્ય દ્વારા વિરોધી જૂથ તરફ ફેંકાયેલ હોય!) તેની કિંમત બહુ બહુ તો રૂપિયા પાંચસોની ગણાય! પરંતુ **એક ન્યૂઝપેપરમાં વાંચેલ સમાચાર પ્રમાણે એક પેપર વેઇટ તેના માલિકને રૂપિયા 'બે કરોડ પ્લસ! માં પડ્યું છે!'**

એ સમાચાર હતા- 'રૂ. ૨૭૦ના પેપર વેઇટને કારણે લાગેલી આગને કારણે તેના માલિકને રૂ. બે કરોડનું નુકસાન થયું!' (પેપર વેઇટની પડતર કિંમત થઇને રૂપિયા બે કરોડ પ્લસ!)

ઘણીવાર સત્ય ઘટના કલ્પના કરતાં પણ રોમાંચક હોય છે! એ ઉક્તિને તદ્દન સાચી પાડતો આ એક બનાવ લંડનમાં બની ગયો. લંડનના પરા વિસ્તારના બે કરોડની કિંમતના એક આલીશાન મહાલયમાં સ્વીમિંગ પુલ ઉપર બનાવાયેલા અભ્યાસખંડની કાચની બારી પાસેના ટેબલ ઉપર મુકેલા કાચના પેપર વેઇટે ઘરમાં આગ લગાડી દીધી હતી! ગ્લોબલ વોર્મિંગના ઉનાળાની એક ધગધગતી બપોરે ઘરમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘરમાલિકો માર્ટિન અને ટૂથ તે સમયે ગરમીથી બચવા ઘરની પાછળના ભાગે આવેલ સ્વીમિંગ પુલમાં હતા. સ્વીમિંગ પુલની ઉપર આવેલ સ્ટડી રૂમની દીવાલો અને છત સળગીને નીચે સ્વીમિંગ પુલમાં પડતાં બંનેએ સ્વીમિંગ સૂટમાં જ ભાગી છૂટવું પડ્યું હતું કારણકે તેમનું ઘર બળીને રાખ થઇ ગયું હતું. આગ હોલવનાર નિષ્ણાતો અને તપાસ અધિકારીઓએ સમગ્ર પરિસ્થિતિનો અભ્યાસ કર્યા પછી અને ઘરમાલિક સાથે ચર્ચા કર્યા પછી તારણ આપ્યું હતું કે કાચની બારી પાસેના ટેબલ પર મૂકેલા કાચના સામાન્ય પેપર વેઇટ પર સૂર્યના કિરણો એવા ખૂણેથી પડતા હતા કે સૂર્યકિરણો જાણે બહિર્ગોળ કાચમાંથી પસાર થતા હોય તેમ એક બિંદુએ એકત્રિત થતા હતા. જ્યાં એ બિન્દુ બનતું હતું ત્યાં પુસ્તકોની થપ્પીઓ આખી દીવાલને અડીને ગોઠવેલી હતી.

સૂર્યકિરણો એક જગ્યાએ એકત્રિત થઇ બિન્દુ બનાવે તો તે કોઇ પણ વસ્તુને સળગાવી શકે તેટલી ગરમી ઉત્પન્ન કરે છે. મોટાભાગે

**આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના અભિયાન હેઠળ – વાંચે ગુજરાત અને હસે ગુજરાત!**

*રાજકોટના ભરાડ ફાઉન્ડેશને તેના 'જ્ઞાન તુલા' અભિયાન હેઠળ જુદા જુદા વિષયના (૩૬૫/૪૦૦ પુસ્તકોનો એક સેટ) પુસ્તકોના ૧૦૦૦ સેટ પોતાના ખર્ચે તૈયાર કરાવીને ગુજરાતના ૧૦૦૦ ગામડાંઓમાં ભેટ સ્વરૂપે આપેલ છે. આ ૩૬૫/૪૦૦ પુસ્તકોમાં 'મંગલ મંદિર'ના આ કટાર લેખકના બે પુસ્તકો પણ પસંદગી પામ્યા છે તે બદલ 'મંગલ મંદિર' ગૌરવ અનુભવે છે.*

ઘણા લોકોએ નાનપણમાં આ રીતે પેપર કે કચકડાની ફિલ્મ વગેરે સળગાવ્યા હશે! આ લખનારે પણ નાનપણમાં રાજકપુરના જૂના એક પિક્ચર 'બરસાત'ની એક ફિલ્મ પટ્ટીને આ જ રીતે સળગાવેલી! આનું નામ જ પાની મેં આગ! જાણે ગાંધીનગરના અક્ષરધામનો અદ્‌ભૂત 'સત ચિત આનંદ' વૉટર શૉ! (જૂનાગઢની અડીકડી વાવ અંગે કહેવત છે કે- 'અડીકડી વાવને નવઘણ કૂવો જે ન જુએ તે જીવતો મુવો!' તેવું જ કદાચ આ શૉ અંગે પણ કહી શકાય!) આપણી કથામાં પણ એવી ગરમીથી પુસ્તકો સળગી ઉઠ્યા હતા અને છેવટે ફેલાયેલી આગને કારણે આખું ઘર સ્વાહા થઇ ગયું હતું!

અમારા એક મિત્રની કલ્પના છે કે સળગેલાં પુસ્તકોની થપ્પીમાં એકાદ-બે પુસ્તકના ટાઇટલ આ પણ હોઇ શકે-

આગને કઇ રીતે ઓલવશો?

**આગ લાગી છે- અત્યારે કૂવો ખોદવાનો કોઇ અર્થ નથી!**

આ બનાવ પરથી એક બોધપાઠ લેવાનો રહે છે કે **કોઇ પણ પ્રકારની ગરમીને એકત્રિત થવા દો નહીં- એ ચોક્કસપણે આગ લગાડશે જ!**

જેમ કે ઉશ્કેરાયેલું તોફાની ટોળું!

તોફાની ટોળામાંથી દરેક વ્યક્તિ અલગ અલગ હશે ત્યારે 'જેન્ટલમેન' જ હશે! આગ લગાડવાની વાત તો દૂર રહી તમે દાઝ્યા હશો તો 'બરનોલ' પણ લગાવી દેશે! પરંતુ આવા ઘણા 'જેન્ટલમેન'નું જ્યારે ટોળું બને છે ત્યારે તેઓ બધા પોતાની સૂધબૂધ ગુમાવી દે છે અને તેમના ઉશ્કેરાટની ગરમીનો પારો જ્વલનબિંદુ પર પહોંચે છે અને ત્યારે સ્કૂટર, બસ, ટ્રક, ટ્રેઇન વગેરે બધું જ સળગીને રાખ થાય છે!

આપણી કથાના મકાનમાલિકો માર્ટીન અને જ્યારે જ્યાંથી પેપર વેઇટ ખરીદેલું તે શોપ કીપરને ઉપરોક્ત કરુણ બનાવની જાણ કરી ત્યારે તે શોપ કીપરે અફસોસ વ્યક્ત કરતાં બીજું પેપર વેઇટ ફ્રીમાં આપવાની ઉદારતા દેખાડી!

વળી તેણે તો ન્યૂઝપેપરમાં જાહેરાત પણ આપી દીધી- 'અમારા પેપર વેઇટ મલ્ટી પરપસ છે! તે પેપર વેઇટ તરીકે તો કામ આવશે જ પરંતુ તેનાથી આગ પણ લગાડી શકાશે!' આવા મલ્ટી પરપસ પેપર વેઇટનો

*અન્ન એ જ બ્રહ્મ છે.*

અર્થ સરકારી ઓફિસમાં જરા જુદી રીતે કરવામાં આવે છે!

કોઇ પણ કામ અંગેની એપ્લિકેશન કે ફાઇલ વગેરે જો 'પેપર વેઇટ' વગર મૂકવામાં આવે છે તો તે પેપર્સ પવન વગર પણ ઊડી જાય છે! જોકે બધા જ કિસ્સામાં કે બધી જ સરકારી ઓફિસોમાં એવું બને છે તેવું નથી પરંતુ મોટેભાગે એવું બનતું હોય છે તેવી મોટાભાગના લોકોની માન્યતા છે! તેવા કિસ્સામાં 'પેપર વેઇટ' પેપરની ઉપર જ નહીં પરંતુ પેપરની નીચે પણ મૂકી શકાય છે!

**પચ્ચીસ-છવ્વીસ વર્ષ પહેલાં બનેલ ભોપાલ ગેસ દુર્ઘટનામાં ગુનેગારોને દેશમાંથી પ્લેન મારફતે ઉડાડવામાં મદદ કરનારાઓને કોણ જાણે કેટલા 'પેપર વેઇટ (!)' મળ્યા હશે!**

અને છેલ્લે-

એક ઉદ્યોગ સાહસિકને એક ઔદ્યોગિક વસાહતમાં રૂ. બે કરોડ ઉપરાંતના ખર્ચે એક સોલાર એનર્જી ઉપકરણ બનાવવાનો એકમ સ્થાપવો હતો. (આપણા કિસ્સામાં પેપર વેઇટને પણ સોલર એનર્જી ઉપકરણ કહી શકાયને!) તે માટેની મંજૂરી માટેના પેપર્સ તેણે લાગતી વળગતી ઓફિસમાં સબમિટ કર્યા. પરંતુ તે ચુસ્ત ગાંધીવાદી હોવાને કારણે ફાઇલ પર પેપર વેઇટ મૂકવાનું ભૂલી ગયેલો! અને પરિણામે રાબેતા મુજબ તેની ફાઇલ- ડુંગરે ડુંગરે કાદુ તારા ડાયરા! ની માફક- ટેબલે ટેબલે ફંગોળાઇ! અને આમને આમ એકાદ વર્ષ વીતી ગયું!

તે દરમ્યાન તે વિસ્તારમાં જ્યોતિષીઓ અને હવામાનશાસ્ત્રીઓની આગાહી મુજબ જ ખૂબ વરસાદ પડ્યો! (અમારા એક મિત્રનું માનવું છે કે જ્યોતિષીઓએ એ આગાહી કરીને નક્કી કરેલું કે ગમે તે થાય- COME WHAT MAY! આ વખતે તો સાચા પડવું જ છે. તેથી તે લોકોએ જાતજાતની માનતા માનેલી! વળી કોઇ જ્યોતિષી તો ટીટોડીને ઊંચી જગ્યા પર પણ લઇ ગયા કે જેથી ત્યાં ઇંડાં મૂકે તો સારો વરસાદ આવે! પણ ટીટોડી 'વાંચે અભિયાન' હેઠળ આવતી ન હોવાને કારણે તેણે આવું બધું વાંચ્યું ન હોય! પરંતુ તેમ છતાં ઇંડાં તો મૂક્યા જ!)

ખૂબ વરસાદ પડવાને કારણે તે વિસ્તારમાં પૂર આવ્યા (આપણે ત્યાં કાં તો દુષ્કાળ સર્જાય અને દુષ્કાળ ન સર્જાય તો પુર આવે!) અને આખી ઔદ્યોગિક વસાહત પાણીમાં ડૂબી ગઇ! પણ આ કથાનો ઉદ્યોગ સાહસિક તરી ગયો! ફાઇલ પર 'પેપર વેઇટ' ન મૂકવાને કારણે! આ રીતે ન મૂકાયેલા 'પેપર વેઇટે' તેના રૂ. બે કરોડ પ્લસ બચાવી દીધા!

તો ન ખરીદાયેલા આ 'પેપર વેઇટ'ની કિંમત શું ગણાય?

રૂ. બે કરોડ પ્લસ જ ને!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦, રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## વર્ષાના વાદળ

*ઓ વર્ષાના પહેલા વાદળો, મારો સંદેશો લેતા જાજો*
*અષાઢની ગુંજન વર્ષાવી - અમદાવાદ નગરીમાં જાજો.*
*અમદાવાદ - કચ્છ - મધ્યપ્રદેશ થઈને આગળ વધશો,*
*આગ દુકાળની જ્યાં જ્યાં જુઓ, વરસી વરસીને તે બુઝાવશો.*

***- હરખચંદ સાવલા***



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા.

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટ કે સામે જુકો હરકુંવર શેઠાણી રેંતા સે બ પ્લેટ ભરેને ભીખારણ કે ભોજન સામગ્રી ડેલા વ્યા પણ પાછો કુલા ખણે આવ્યા? ને બબડાટ કુલા કઈયેંતાં સે જરા તપાસ તા કર કુરો ગાલ આય?

બચુડો : અધા આંઉ બાજુમેં ઊભા વા અન સમરત માં કે પૂછ્યો તડેં સમરતમાં ચ્યાં કે ભીખારણ ઈ ચેં ક આંજો ભોજન બહુ ઓઈલી અને ફેટી વેતો અતરે ઈ આંઉ ખાઈયાં તડેં આં જેડી જાડી થે વેના. અતરે પોયે કાનીયેજો પે મુંકે પસંદ ન કરે. અતરે આંજો હેડો ભારે ભોજન મુંકે ન ખપે... ઈ સુણેને હરકુંવર શેઠાણી બોય પ્લેટું પાછી ખણે આવ્યા ને બબડાટ ક્યાં તે હકડો ત મંગે ને ખાણું ને પાછો ધણીજી પસંદ જો પણ ખ્યાલ રખણું.

## ખિલજા મ ભલા

પ્રોફેસર : આજે મારી છત્રી ખોવાઈ ગઈ.

મિત્ર : અરેરે... પણ તમને ખ્યાલ ક્યારે આવ્યો કે છત્રી ખોવાઈ ગઈ છે?

પ્રોફેસર : મેં છત્રી બંધ કરવાનું વિચાર્યું ત્યારે.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક (ટેલિફોન ઉપર) : તમને યાદ હશે કે હું તમારી દુકાને મારો રેડિયો રિપેર કરાવવા માટે આવ્યો હતો. ત્યારે તમે મને એ ફેંકી દેવાની સલાહ આપી હતી.

દુકાનદાર : હા, પણ તેનું શું છે?

ગ્રાહક : મેં રેડિયો ખરેખર નીચે ફેંક્યો તો એ ચાલુ થઈ ગયો.

દુકાનદાર : સારું. તો આ બાજુ નીકળો ત્યારે રિપેરિંગના ૪૦ રૂપિયા આપતા જજો.

☺ ☺ ☺ ☺ ☺

મનન : યાદશક્તિ વધારવાનું પુસ્તક વાંચીને પંદર દિવસમાં પાછું આપવાનું હતું.

કાનન : તો પછી પંદર દિવસ થયા હોય તો પાછું આપી આવ.

મનન : પણ કોની પાસેથી લીધું હતું તે યાદ નથી આવતું.

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર પત્ની: આ એક દિવસની ક્રિકેટ મેચો શરૂ થઈ તે સારું થયું.

ડૉક્ટર : ધૂળ સારું થયું. મને તો નુકસાન થયું.

ડૉક્ટર પત્ની: એમાં વળી નુકસાન ક્યાં આવ્યું?

ડૉક્ટર : પહેલા પાંચ દિવસની મેચો હતી ત્યારે માંદગીના સર્ટિફિકેટના ૫૦ રૂા. મળતા હતા હવે એક દિવસની મેચ માટે ૧૦ રૂા. મળે છે.

☺ ☺ ☺ ☺ ☺

પતિ : ચા પત્તી ક્યાં મૂકી છે? ક્યાંય જડતી નથી.

પત્ની : તમારે શું કામ છે?

પતિ : આ તો તું ઊઠે એ પહેલાં ચા બનાવી તને પીવડાવવી હતી પણ ચા પત્તી જડી જ નહીં.

પત્ની : તમને ક્યારેય કંઈ મળતું જ નથી ને. આ સામે લોટના ડબ્બાની પાછળ જ 'મરી' લખેલા ડબ્બામાં તો છે.

☺ ☺ ☺ ☺ ☺

મનુભાઈ : હમણાં બજારમાં એક નવી દવા આવી છે.

કનુભાઈ : બધી દવા એકની એક જ હોય છે. માત્ર નામ બદલાય એટલું જ.

મનુભાઈ : ના... ના... આ ખરેખર નવી દવા છે. કારણકે હજી સુધી એના માટેનો રોગ પણ નથી શોધાયો.

☺ ☺ ☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : અરે બહેન, આ પાર્ક કરેલી ગાડી સાથે તમે ગાડી ભટકાડી... જરા ધ્યાન રાખી ચલાવો...

મહિલા : એમાં મારો કોઈ વાંક નથી.

ટ્રાફિક પોલીસ:તો શું ગાડીવાળાનો વાંક છે?

મહિલા : હા... જો આ ગાડી તેણે અહીં પાર્ક ન કરી હોત તો અકસ્માત થાત ખરો?

☺ ☺ ☺ ☺ ☺

મોહિત : મેં ઘણા ટુચકાઓ લખ્યા છે.

રોહિત : તો પછી મંગલ મંદિરમાં મોકલને....

મોહિત : એમાંથી જ તો ભેગા કર્યા છે.


☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : ભારે વરસાદથી પૂર આવે ત્યારે સરકાર શું કરે છે?

મોન્ટુ : બીજું કાંઈ નહીં, માત્ર હવાઈ નિરીક્ષણ કરે છે.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*તમે તમારી ફરજને સલામ કરશો તો બીજા કોઈને સલામ કરવાની જરૂર નહિ પડે પણ ફરજ ચૂકશો તો બધાને સલામ કરવી પડશે.*




## આપણે મૌન શા માટે છીએ?

અબોલ - મુંગા પ્રાણીઓની વેદનાભરી, દયનીય સ્થિતિ અંગે આપણે જીવદયા પ્રેમી જૈનો જ આંખ આડા કાન કરીએ છીએ. તેનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવા માટે સુશ્રી અલકાબહેનને (મં.મં. - જુલાઈ) ધન્યવાદ. તેમણે સૂચવેલા વિકલ્પો પણ ઘણા યોગ્ય, અપનાવવા જેવા છે. પણ બહેન, આ વાત તો જાગતાને જગાડવા જેવી અઘરી છે.

સજીધજીને, આપણે રંગેચંગે હાથીઘોડા પર, તેમને કલાકો સુધી ભૂખ્યા તરસ્યા રાખીને (આવા પ્રસંગોને ઉનાળો નડતો નથી) મજેથી મહાલીએ છીએ. સકળ વિશ્વના જીવોની સુખાકારી માટે સ્તવનો ગાતાં બહેનોની વીસેક જણાની મંડળી પાછી બેઠી હોય ઊંટ (ગાડી) પર! ખરા જીવદયાપ્રેમી! વળી પોસ્ટરો - આમંત્રણો એવા ભપકાદાર હોય કે અહીં હાથી - અંબાડી અને ઊંટ ઘોડાના વિશેષ અસબાબ વિના ચાલે જ નહિ. આ અટકવું જોઈએ. અલકાબહેને કહ્યું છે તેમ, પ્રાણીઓને બદલે ભક્તોએ જાતે પંડે, પ્રાણીઓનું કામ કરીને પુણ્ય કમાવું જોઈએ.

આવા તો કેટલાયે સુધારા કરવા જેવા છે પણ તેને માટે ઊંચે અવાજે બોલવાની શક્તિ આપણામાં છે? અને આપણો આ અવાજ? આપણો અવાજ પહોંચાડવા જૈન મહાજનો મારતે વિમાને દિલ્હી દોડી જાય છે. પણ અવાજ કરવો જોઈએ ત્યાં ચૂપ રહે છે! દાખલા તરીકે.....

**૧.** સાવ કાયદા વિરુદ્ધ અને ઉપરી અધિકારીઓની મનાઈ હોવા છતાં, શહેર આખામાં નાકેનાકે, બાળવામાં આવતા કચરા સાથે અસંખ્ય અનંતા જીવો ભડભડ આગમાં શેકાઈ મરે છે, રોજેરોજ, સતત, આપણી નજર સામે જ! પણ કોઈને દેખાય છે? ના. આપણે સૌ ચૂપ છીએ. મ્યુનિ. અધિકારીઓ કહે છે 'સફાઈ કામદારો (હવે 'નગર પૂજારીઓ!')ને કચરો બાળવાની મનાઈ છે. તમે ફરિયાદ કરો તો અમે પગલાં લઈશું.'

પણ ફરિયાદ કોણ કરે? આપણે તો ચૂપ છીએ. ખરેખર અહીં બોલવા જેવું છે. હિંસાનું નિર્ઘૃણ કૃત્ય અટકાવવું અઘરું નથી. પ્રયત્ન કરવા નમ્ર વિનંતી છે. તમે માનો છો તે કરતાં ઘણું સારું પરિણામ આવશે. હિંસાના આ તાંડવનૃત્યને ક્યાં સુધી જોયા કરીશું? ઝેરી ધુમાડાથી બીમાર પડીશું?

**૨.** તાજેતરમાં જ કેનેડા (અમેરિકા)ના નાગરિક જીવદયા પ્રેમી બહેન લીસા વૉર્ડનની બાબતે પણ આપણે મૌન સેવ્યું. સત્કર્મ કરવા જતાં તેમને થયેલો અન્યાય આપણે જોતાં રહ્યા.

કૂતરા પકડવામાં સુધરાઈ તરફથી આચરવામાં આવતી ક્રૂરતા અંગે સત્તાવાળાઓ સાથે ખાસ્સી લીખાપટ્ટી કર્યા પછી, હારીથાકીને લીસાબહેન સીધા ત્યાં જ પહોંચી ગયા અને જીવ લેતા રાક્ષસી સાણસાઓનો કબજો લીધો. આમ કરુણાને દયાનું અનુમોદનીય કામ તેમણે એકલે હાથે કર્યું. આપણે તેમને શાબાશી ન આપી. સાણસાથી પકડાયેલા અધમૂવા થઈ ગયેલા એ કૂતરાંઓને દૂરદૂરના ઊંડા ખાડાઓમાં (મુ. પિરાણા) મરવા માટે નાખી દેવાય છે. લીસાબહેન થકી આવી ઘૃણાત્મક બાબતોની આપણને જાણ થઈ. એ યાદ રાખવા જેવું છે કે આ મહિલા અમદાવાદનાં નથી, ગુજરાતના નથી, જૈન પણ નથી! હવે વિચારો : ગાંધીજીનું ગુજરાત છે? જૈનોનું છે? વાઈબ્રન્ટ ગુજરાત આવું હશે?

આ બનાવ બન્યા પછી પોલીસે લીસાબહેન પર કેસ કર્યો છે. ત્યાર પછી સુધરાઈએ તેમના પર રૂા. દસ કરોડનો બદનક્ષીનો દાવો ઠોક્યો છે. હવે પછીની વાત રસપ્રદ છે.

આ બનાવના થોડા દિવસો પછી, ANIMAL WELFARE BOARD (પ્રાણીઓની સુખાકારી માટેનું રાષ્ટ્રીય પંચ - AWBI)ના વડા આ મામલે અમદાવાદ આવ્યા. આપણા અમદાવાદના જવાબદાર અધિકારીઓએ આખી વાત આમ કબૂલી : 'હવેથી એવી ક્રૂરતા નહિં થાય. તેને માટે એક નવી એજન્સી બનાવીશું, જે પ્રાણીઓ પ્રત્યે માનવીય વહેવાર થાય તેની તકેદારી રાખશે.'

આવા એકરાર પછી થોડી પણ સમજ હોય તો એમણે લીસાબહેનની માફી માંગવી જોઈએ. કોર્ટના કેસ અને દાવા બિનશરતે પાછાં લેવા જોઈએ. પણ નીતિભ્રષ્ટ સરકારી બાબુઓ કોને કીધા? એમને ખાતરી છે કે આ એકલી મહિલાની મદદે કોઈ આવશે નહિ. પ્રજા તો ઊંઘે છે, આપો ત્રાસ.

સાણસા ન વાપરવાનો, ક્રૂરતાભર્યું વર્તન નહિ કરવાનો કોર્ટનો હુકમ છે. આ અધિકારીઓ ઉપર જ બેવડા ગુના માટે કેસ થઈ શકે : એક પ્રાણીઓ પરની ક્રૂરતા માટે અને બીજું કોર્ટના અનાદર માટે. આટલું જોયા જાણ્યા પછી પણ આપણે મૌન છીએ!

શિબિરોમાં ઉત્સાહભેર ભાગ લેતા સેંકડો યુવાનોએ, સવાયા જૈન જેવા આ અમેરિકન બહેનની ભૂરીભૂરી અનુમોદના કરીને તેમને સાથ આપવો જોઈએ. અને તેમના જંગમાં જોડાઈ જઈને અહીં 'જૈનમ્ જયતિ'નું શાસન પ્રવર્તે છે તેની સૌ લાગતા વળગતાઓને પ્રતીતિ કરાવવી જોઈએ. અન્યાયો સામે હવે આપણે મૌન નહીં રહીએ એવી આશા છે.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

● ● ● ● ●

## જુલાઈ-૨૦૧૦ના અંકના લેખનો પ્રતિભાવ

સૌપ્રથમ જુલાઈ અંકના તંત્રી લેખ માટે તંત્રીશ્રીને ખાસ ધન્યવાદ.

હું તો ઘણા વર્ષથી નિરાશાવાદી છું. ગાંધીની હયાતિમાં તેની

*પ્રાણીમાત્રની સેવા અને સહાય જ સાચી ભક્તિ છે.*

પીઠ પાછળ તથા ગાંધીના ગયા પછી જે ભોપાળા આચરવામાં આવ્યા ત્યારથી મારી માન્યતા છે કે આ દેશ પતનને રસ્તે છે - વિનાશને રસ્તે છે, હવે તેને કોઇ બચાવી શકે એમ નથી. આજે પણ મારી આજ માન્યતા છે.

જુલાઇ અંકમાં શ્રી મગનભાઇ સંઘવીએ સરસ વિષય છેડ્યો છે. એના અનુસંધાનમાં પણ જરા અલગ રીતે થોડું વિશેષ.

મગનભાઇના લેખમાં અપ્સરાઓ છે. પણ શાસ્ત્રકારોએજ અપ્સરાની વ્યાખ્યા આપીને દેવલોકમાં જવા ઇચ્છુકોને નિરાશ કર્યા છે. અપ્સરાની વ્યાખ્યા :

'અપ એવ સરતિસા અપ્સરા' એટલે કે પાણીની જેમ સરી જાય તે અપ્સરા.

અપ્સરા એટલે યુવાન, સુંદર દેહધારી સ્ત્રી નહીં એ વાત ખુદ શાસ્ત્રકારોએ જ સ્પષ્ટ કરી દીધી છે.

મગનભાઇએ કાલીદાસના વિક્રમોર્વશીયમની વાત કરી છે, જેમાં પુરુરવા અને ઉર્વશી છે. એની વાત પણ જાણવા જેવી છે.

ઋગ્વેદકાળમાં અગ્નિ ઉત્પન્ન કરવા માટેનાં સાધનો ન હતા. તે કાળે જંગલોમાં અરણીનાં ઝાડ ઘણા હતા. આ ઝાડના લાકડામાં એવો ગુણ હતો કે એના બે ટુકડાને અરસપરસ ઘસવામાં આવે તો તેમાં અગ્નિ પ્રગટે. આથી દરેક યજ્ઞ હોમ વખતે વેદના ઋષિ બન્ને હાથમાં અરણીકાષ્ટનો એક એક ટુકડો લઇને મંત્ર બોલતા. મંત્રનો અર્થ આ પ્રમાણે છે જમણા હાથમાં રહેલા ટુકડાને સંબોધીને ઋષિ મંત્ર વદતા કે 'હે અરણીકાષ્ટ, અમે તને પુરુષ રૂપે કલ્પીએ છીએ, આજથી તારું નામ પુરુરવા.'

અને ડાબા હાથમાં રાખેલા અરણીકાષ્ટને સંબોધીને મંત્ર વદતા કે 'હે અરણીકાષ્ટ, અમે તને સ્ત્રીરૂપે કલ્પીએ છીએ, આજથી તારું નામ ઉર્વશી'

બસ, આટલી જ ટૂંકી અને ટચ વાત લાકડાનો એક ટુકડો તે પુરુરવા અને બીજો ટુકડો તે ઉર્વશી. પછી બન્ને ટુકડાઓનું મંથન કરીને અગ્નિ પેટાવવામાં આવતો. આ આખીય વાત ઋગ્વેદમાં સ્પષ્ટ રીતે લખેલ છે.

પણ કાલીદાસ જેવા મહાકવિની નજરે આ વાત ચડી. પછી એવા પ્રતિભાવાન કવિ ઝાલ્યા રહે? એણે તો વિક્રમોર્વશીયમ નામે સરસ મજાની કૃતિ પુરુરવા અને ઉર્વશીના નામે રચી નાખી.

પણ પછી તો જે વાત હાલી, હાલી તે વાયરે ચાલી. વાત પહોંચી ઠેઠ મહાભારત સુધી. અર્જુન વનવાસ દરમ્યાન વિશેષ પ્રકારના અસ્ત્ર શસ્ત્રો મેળવવા માટે પોતાના પિતા ઇન્દ્ર પાસે સ્વર્ગમાં ગયો.

ત્યાં ઉર્વશીએ અર્જુન ઉપર મોહિત થઇને અર્જુન સાથે દેહ સંબંધ બાંધવા માંગણી કરી. જવાબમાં અર્જુને જણાવ્યું કે 'તું તો અમારા વડ દાદાના વડદાદાના વડદાદા પુરુરવાની પત્ની એટલે મારી વડદાદીની વડદાદીની વડદાદી! તને કેમ સ્વીકાર કરી શકું?' અર્જુને ના પાડી એટલે ઉર્વશીએ શ્રાપ આપ્યો (એ જમાનામાં લગભગ દરરોજ કોઇકને ને કોઇકને શ્રાપ અને વરદાન અપાતા) કે એક વર્ષ પૂરતો તું નપુંસક બની જઇશ.

કોઇ અપ્સરાએ કોઇને શ્રાપ આપ્યો હોય એવો શાસ્ત્રગ્રંથોમાં આ પહેલો અને છેલ્લો એકમાત્ર પ્રસંગ છે.

પણ પરિણામે પાંડવોના ગુપ્તવાસના વર્ષમાં અર્જુન બ્રુહન્નલા બનીને વિરાટ રાજાની કુંવરી ઉત્તરાનો નૃત્યસંગીતનો ગુરુ બનીને રહ્યો. આમ વ્યાસજીએ પણ ઉર્વશીનો ઉલ્લેખ કરી લીધો.

આપણા આચાર્યો ક્યારેય કોઇ ગહન તત્વવાળી વાતને સીધે સીધી ન કહેતા. પણ પ્રતીકની ભાષામાં, અલંકારિક ભાષામાં, રૂપકની ભાષામાં, કલ્પનાનો ભરપૂર ઉપયોગ કરીને તથા વાતમાં એકસાથે શૃંગાર, વીર, કરુણ, જેવા ઘણા રસો ઉમેરીને વાત કહેતા. પછી કોઇ પ્રજ્ઞાવાન, જિજ્ઞાસુ, મુમુક્ષુ વ્યક્તિ નીકળી આવે તો તે ચિંતન-મનન-સંત મહાત્મા એની મદદથી વાર્તામાં રહેલા ગૂઢ સત્યને સમજવા પ્રયત્નો કરતા. બાકીના લોકો વાર્તા સાંભળીને વાર્તાનો આનંદ માણતા તથા તેમાં રહેલો વ્યાવહારિક બોધ ગ્રહણ કરતા. આજ સુધી આમ જ ચાલે છે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

• • • • •

**અષાઢી બીજ વિશેષાંક – પ્રતિભાવ**

કચ્છી નૂતન વર્ષની આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ.

'મંગલ મંદિર'નો અષાઢી બીજ વિશેષાંક સુંદર બન્યો છે. મુખપૃષ્ઠનું ચિત્ર સરસ અને સૂચક હોવા સાથે અંકની અંદરની સામગ્રી પણ વિશેષ ઉપયોગિતા ધરાવે છે. ભુજને કેન્દ્રમાં રાખી રજૂ કરાયેલ વિવિધ સારણીઓ, પ્રવાસ, ટ્રેકિંગ વગેરે માહિતી રસિયાઓ માટે ખૂબ ઉપયોગી નીવડે તેવી છે. તેજ રીતે કચ્છ વિભાગના વિવિધ લેખો ઇતર વાચકોને માટે માહિતીપ્રદ છે. કચ્છનો અખાત, કચ્છના વિવિધ યાત્રાધામો અને પ્રવાસધામોની માહિતીથી જાણે ખરેખર આપણે સૌ કચ્છ મધ્યે હોઈએ તેવી પ્રતીતિ કરાવે છે.

'હેડાં-હૂડાં' અને 'હારૂન-અરુન' કથા સંક્ષેપ અને શ્રી વિનોદભાઈ ગણાત્રાનો પરિચય પ્રશસ્ય છે. જો કે શ્રી ગણાત્રાના વિગતસભર પરિચયની અપેક્ષા છે, પણ ફરી ક્યારેક. તે જ લેખમાંની ફિલ્મેતર વાત વધુ વિચારણીય છે. ખાસ કરીને નવી પેઢીને ફિલ્મોમાં ખૂબ રસ છે ત્યારે ફિલ્મ આધારિત કાર્યક્રમો દ્વારા જ્ઞાન સાથે ગમ્મત અને યુવાનોના આંતરિક કૌવતનું ઘડતર કરે તેવા પ્રયાસોમાં તેને પ્રયોજી શકાય.

શ્રી ગણાત્રાના ફિલ્મક્ષેત્રના મુંબઈ ખાતેના પ્રયાસોને અનુરૂપ ફિલ્મ સંગઠન ગુજરાતના કેન્દ્રિય શહેર અમદાવાદમાં પણ ઊભું કરી શકાય.

એકંદરે કચ્છી સંદર્ભમાં ઓતપ્રોત કરતો સભર અને સ—રસ અંક આપવા બદલ તંત્રીમંડળની સમગ્ર ટીમને સવિશેષ અભિનંદન.

***રક્ષા મ. વ્યાસ - અમદાવાદ***

• • • • •

*સંસારનાં કડવાં વૃક્ષોનું અમૃતફળ એટલે સજ્જન પુરુષોની સંગત.*

## મંગલ મંદિર એક્સપ્રેસ

સૌપ્રથમ તા. ૧૩ જુલાઈ, ૨૦૧૦ના કચ્છી નૂતન વર્ષના આપને, આપના પરિવારને તથા 'મંગલ મંદિર'ની આપની ટીમને મારા ખૂબ ખૂબ અભિનંદન. કચ્છી નવા વર્ષ પર્વે આપ સર્વેને હું મુબારકબાદી પાઠવું છું.

જુલાઈ મહિનાનો આપનો 'અષાઢી બીજ વિશેષાંક' મળ્યો. વિવિધ વિષયો પરનાં મનભાવન લેખોનો રસથાળ માણ્યો. જ્ઞાન પ્રાપ્તિમાં તૃપ્તિ ન હોય. એ પામવા - માણવા તો સતત તરસ્યા રહેવામાં જ લહેજત છે. અને એ કહેવાની જરૂરત નથી કે આપની જ્ઞાન પરબ તૃષા સંતોષવામાં સતત કાર્યરત છે. ગામ યાદ આવે, ગામ જવાનું મન થાય, જવું પણ છે પણ રિઝર્વેશન ન મળે કે બીજો પર્યાય ન મળે તો નારાજ થવાને બદલે 'મંગલ મંદિર એક્સપ્રેસ'માં બેસીએ તો કચ્છ દર્શન સાહજિક રીતે જ થઈ જાય.

સંસ્થાકીય તથા અન્ય સમાચારોની પૂર્તિ મનને તાજગી બક્ષે છે.

કવર પૃષ્ઠ તથા પ્રિન્ટીંગ તેમજ તેનાં ટાઈપની ગુણવત્તામાં તથા વિવિધ પ્રકારના લેખોની પસંદગીમાં 'મંગલ મંદિરે' ઉચ્ચ સાહિત્ય પીરસતાં ગણ્યાગાંઠ્યા માસિકોની પંગતમાં સહજતાથી સ્થાન મેળવેલ છે એ કહેવામાં અતિશયોક્તિ નથી.

આપનું 'મંગલ મંદિર' માસિક ઉત્તરોત્તર, ઉત્તમોત્તમ રીતે અસ્ખલિત જ્ઞાનપ્રવાહ વહેવડાવવામાં સક્ષમ રહે અને પ્રગતિની કેડી કંડારે એવી મારી શુભ કામના.

*વિશનજી માણેક શાહ - બોરીવલી (વેસ્ટ), મુંબઈ*

• • • • •

## Keep up the good work

મંગલ મંદિરના contents અને presentation style improve થતા જાય છે. તે બદલ આમાં સહયોગી સૌને અભિનંદન. જૂન-૧૦ના અંકનું કવરપેઈજ ખૂબ જ સુંદર હતું.

એક રીતે જોઈએ તો આ વાત (= improved contents etc.) શ્રી નાની પાલખીવાળાના પેલા પ્રખ્યાત વાક્ય "People get the Govt.... they deserve" સાથે ઠીક મેળ ખાય છે. મંગલ મંદિર + ક.જૈ.સેવા સમાજનાં અન્ય કાર્યો એ આપણા સમાજે સાધેલ પ્રગતિ (+ મનના ખૂલતા જતાં દ્વારો)નું પ્રેરક પ્રતિબિંબ છે.

જૂનના અંકમાં શ્રી શાંતિભાઈ સંઘવીનો લેખ 'સભાનું ઔચિત્ય' (પાના-૪૧) ખૂબ ગમ્યો. શાંતિભાઈ તેમજ પ્રવીણચંદ્ર શાહના લેખો sensitive વાચકને જરૂર વિચારતા તો કરી જ મૂકે છે!

Through in-depth details ની સંયમિત ઔચિત્યપૂર્વક રજૂઆતની તેમની માસ્ટરી ખરેખર પ્રશસ્ય છે.

મને મંગલ મંદિરની Complimentary Copies છેલ્લા ૬-૮ મહિનાથી મળી રહી છે.

એનો આભાર માનવા સાથે, થોડી સહયોગ રાશિ આ સાથે મોકલાવું છું. Keep up the good work. શુભ કામનાઓ સહ.

*વિજય શાહ - રાયણ (કચ્છ)*

• • • • •

## અમદાવાદ હેરિટેજ વૉક

જુલાઈ ૧૮ના રોજ 'સંકલ્પ' દ્વારા આયોજિત 'અમદાવાદ હેરિટેજ વૉક'ની રોમાંચક સફર ઘણી જ રમણીય રહી. 'મંદિરથી મસ્જિદ'ની યાત્રા જૂના અમદાવાદની પોળ અને ઓળ, તેનું સ્થાપત્ય, લોકોની રહેણીકરણીનો અનુભવ કરાવી ગઈ. કવિશ્રી દલપત રામની મૂર્તિની તેમજ તેમના રહેઠાણ ને બેસવા માટેનો ઓટલો, તેની સામે રહેલો ચબૂતરો, ત્યાં વસેલા લોકોની ભાવનાની યાદ કરાવી ગઈ. ઉપરાંત અંડરગ્રાઉન્ડ ગટરની યોજના તેમજ તેનું વહેણ કઈ દિશામાં છે તે જણાવતો થાંભલો અગાઉના સ્થાપકો દ્વારા કરાયેલી રચના, તેમની દૂરંદેશીની ને હોંશિયારી, કુશળતા દાદ દેવી પડે તેમ છે. એક જ પોળમાં જુદા જુદા સમયના બાંધકામ (જેવા કે મોગલ યુગ, મરાઠા યુગ, રાજાશાહી, અંગ્રેજ રાજ્ય) દરમ્યાન બંધાયેલા ઘરો જોવા મળ્યા. વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટેની મોટી મોટી ટાંકી, તેમજ જરૂરત પડે તો ગામ બહાર નીકળી જવાના છૂપા રસ્તા ને એક પોળમાંથી બીજી પોળમાં સંતાકૂકડીની રમત રમતા હોય તેમ ભાગવાના રસ્તાની રચના ખરેખર જોવી ને માણવી જોઈએ તેમ લાગ્યું. કહે છે કે બ્રિટિશ રાજ દરમ્યાન અંગ્રેજ અફસરને તેમના સહયોગી પર હુમલો કરીને જંગે આઝાદીના લડવૈયા તો એવા રફુચક્કર થઈ જતા કે તેમને પકડી પાડવા ખૂબ જ દોડધામ કરવી પડતી.

ઓળમાં નીચે વેપારીની દુકાનો ને ઉપર રહેવાની સગવડ પણ જોવામાં આવી. છેલ્લે જુમ્મા મસ્જિદની શાંતિમાં થાક ઉતાર્યો. નીરવ શાંતિ વચ્ચે તેના ચોકમાં બેસી મક્કાની દિશા તરફ જોયું તેમજ ઊંચા આસન પરથી મૌલવીના ઉપદેશને નમાજ પઢાવવાની જગ્યાઓ જોઈ. આ મસ્જિદમાંની કોતરણી હિંદુ, મુસ્લિમ તથા પર્શિયન એમ ત્રણેય સંસ્કૃતિથી આલેખાયેલી છે તે જાણવા મળ્યું.

આ ૨.૩૦ કલાકની યાત્રા કરાવવા માટે ને તેનું આયોજન કરનાર 'સંકલ્પ'ના હોદ્દેદારોને અમારા ખૂબ ખૂબ અભિનંદન. આવા જ ઉપયોગી ને જાણકારી વધારે એવા કાર્યક્રમો આપતા રહો તેવી અમારી વિનંતી છે. ખેદની વાત એટલી જ છે કે આટલો મોટો આપણો સમાજ છે પણ ભાગ લેનારાઓની સંખ્યા ઓછી હતી. આ સારું નથી લાગતું.

*મહેન્દ્ર શાહ, ચંદ્રા શાહ - અમદાવાદ*

• • • • •

## મંગલ મંદિર, જૂન-૨૦૧૦

જૂન-૨૦૧૦નો અંક મળ્યો.

તંત્રીલેખમાં શ્રી મુકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકેની નિમણૂકને આપે વધાવી છે, અમે પણ તેમાં સૂર પુરાવીએ છીએ. આશા રાખીએ કે નર્મદાના નીર વિશેનું કચ્છનું સ્વપ્નું જલદીથી સાકાર થાય.

પાના નં.-૯૩ ઉપર નૃત્યાંગના બીજલ હરિયાની સિદ્ધિના સમાચાર વાંચ્યા. બીજલબહેનને ખૂબ ખૂબ અભિનંદન. સમાચારમાં જણાવાયું છે કે તેણી ૬ વર્ષની હતી ત્યારથી તેને નૃત્યની તાલીમ

*ક્રોધનું રૂપાંતરણ કરી દુર્ગુણો પર જીત મેળવો.*

આપવાની શરૂઆત કરવામાં આવી હતી. આથી બીજલની નૃત્યાંગના તરીકેની સિદ્ધિમાં તેના માતા-પિતાનો ફાળો ઘણો મોટો કહેવાય. એટલે બીજલના પતિ-સસરાની સાથે સાથે મા-બાપના નામો પણ આપવા જોઈતા હતા. અને કચ્છના ગામના નામો હોય તો વધુ સારું લાગે.

પાના નં.-૭૮ ઉપર 'સારા સમાચાર'માં નોર્વેના વિદ્યાર્થી મિત્રોએ કોકાકોલા કંપનીને તેના ભારત પ્રત્યેના અનૈતિક વલણ બદલ સખત ઠપકો લખી મોકલાવ્યો છે તે બદલ નોર્વેના વિદ્યાર્થી મિત્રોનો આભાર. ભારતના લોકોએ કોકાકોલા કંપનીના પીણા પાવાના બંધ કરવા જોઈએ. આપણી વતન પ્રત્યેની વફાદારી ક્યારે જાગશે?

પાના નં.-૩૩ પરના લેખમાં હેડિંગ 'ભારતના'ને બદલે 'ભારતમાં ગુજરાતી સમાજ' વધુ યોગ્ય લાગે છે.

મંગલ મંદિરના સદાબહાર લેખકો પ્રવીણચંદ્ર શાહ, ઠાકરશી કંસારા, ડૉ. નીતા ઠાકર, મૂરજી ગડા વગેરે સૌને અભિનંદન.

*જેઠાલાલ ગંગર 'મંગલમ્' - મુંબઈ*

• • • • •

**'જિંદગીમાં ચડાવ-ઊતાર'**

જિંદગીમાં પગથિયે પગથિયે ચડાવ-ઊતાર ચાલ્યા જ કરે છે. એક સિક્કાની બે બાજુ છેઃ કાટ અને છાપ. તેમ જિંદગીમાં સુખ, દુઃખ, તડકા, છાયા આવ્યા જ કરે છે.

ગમે તે પરિસ્થિતિ આવે ત્યારે દરેક પરિસ્થિતિમાં ઈશ્વરનું વરદાન સમજીને કાર્ય કરે તો કાર્યમાં ગમગીનીની જગ્યાએ આશાની એક નવી ઊર્જા પ્રાપ્ત થાય છે. સૂર્યના કિરણો ચારેબાજુ ફેલાય છે તે માનવને સંદેશ આપે છે કે જે કાર્ય યોગ્ય છે તે કરતા જ રહેવું જોઈએ. હંમેશાં ઉચ્ચ વિચાર રાખવા. જ્યારે નીચ વિચાર આવે ત્યારે પ્રભુનું નામ સ્મરણ કરવું. પાણી, ઝરણાં કેમ પોતાનો માર્ગ વહેતો જ રાખે છે, તેમ હે માનવ, તું પણ સદ્‌કાર્યો તથા સદવિચારોને આગળ પ્રગટ કરતો જા. સમાજને સંદેશ દેતો જા.

સંતોની ફિલોસૂફી આપણે વાંચીએ ત્યારે તે લોકો કેવી રીતે આગળ આવ્યા. કેવી કપરી પરિસ્થિતિમાં સામનો કરી પોતાનું ધ્યેય જાળવી રાખ્યું વગેરે જેવી ઊંડી બાબતોનું જ્ઞાન તેમના પુસ્તકો વાંચવાથી મળે છે. તેનામાંથી આપણને અત્યંત આધ્યાત્મિક જ્ઞાનનો સંપૂર્ણ ખજાનો મળી રહે છે.

કુદરત પોતાનો નિયમ કદી છોડતી નથી. સૂર્ય એ પ્રકાશ આપે છે. વૃક્ષો પણ દરેકને છાંયડો આપે છે. એ બધા માનવને સંદેશ આપે છે કે માનવે પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ન જવું જોઈએ. માનવતા હંમેશાં રાખવી જોઈએ. કપરી પરિસ્થિતિમાં ધ્યેયને આગળ વધારવું જોઈએ અને સાથે સાથે સંતોના જીવનની શિક્ષા કેળવીને કંઈક અનોખું ઉત્તમ કાર્ય કરવું જોઈએ.

*દર્શના ચેતન શેઠ - ગાંધીધામ (કચ્છ)*

• • • • •

**MANGAL MANDIR JUNE-2010 ISSUE**

Once again I have to thank you for sending me your very beautiful journal. It is pleasure to peruse the articles. The contents provide very useful material. For instance you have in the present issue covered subjects like Kidney, Krodh (Anger) and Tulsi. Other articles are also of great interest.

***Mohan Patel - Goregaon (East), Mumbai***

• • • • •

**અષાઢી બીજ વિશેષાંક**

મને અંક ઘણા સમયથી આવે છે. છેલ્લા ૩ વર્ષના અંકોમાંથી સારી સારી વસ્તુ, નાની વાર્તા, બોધદાયક તથા ડૉક્ટરી વિભાગ, બાલુડેંજી ગાલિયું વગેરેની ઝેરોક્સ કરાવી ફાઈલ બનાવી છે તથા મિત્રોમાં દર રવિવારે ૪૦-૫૦ કોપી બનાવી વહેંચણી કરું છું.

૧. અષાઢી બીજ અંકમાં રેલવે સમય પત્રક જૂનું છાપેલ છે. ઘણાં સમય પહેલાંનું છે. હાલમાં ઘણા સમયથી કચ્છ એક્સપ્રેસ ભુજથી ૧૮.૩૦ના બદલે ૨૦.૦૦ વાગે ઉપડે છે. ભુજ આવવાનું ૯.૦૫ છે. સયાજી ભુજથી રાત્રે ૨૦.૩૦ના બદલે ૨૨.૧૫ અને પહોંચવાનું ૮.૧૫ના બદલે ૭.૦૫ છે. બીજી ટ્રેનોનાં પણ ફેરફાર છે. તો નવું સમય પત્રક જગ્યા રહેથી છાપશો.

૨. તેમજ બસોનું પણ. ભુજથી બસ ઉપડતાં તે કેટલા વાગે ત્યાં પહોંચે છે તે છાપશો તો બધાને ઉપયોગી થશે. તથા કઈ બસો — સાદી, લક્ઝરી, એ.સી. ૨ x ૨ તે સ્પષ્ટ જણાવશો. તો વધુ સારું... કચ્છના યાત્રાધામો, જોવાલાયક સ્થળો તેમજ પ્રવાસધામોની વિગતવાર માહિતી જાણી આનંદ થયો. અષાઢી બીજ નિમિત્તે અંક સંપૂર્ણ કચ્છની યશગાથા તથા હરેશ ધોળકિયા લિખિત સમગ્ર વંશની માતાનો લેખ વાંચતા આંખો ભીની થઈ ગઈ. પોતાના સગા ૬ છોકરાને મરવા દઈને પણ રાજકુંવરોને બચાવ્યા. કંઈ જ બદલાની આશા રાખ્યા વગર. ધન્ય છે!

વૃદ્ધાશ્રમ બનાવવા જોઈએ કે નહિ? ઝેરોક્ષ મોકલી છે. તમારા ૪-૬ મહિના પહેલાના અંકમાં કચ્છની બધી જ સેનેટોરિયમ, પર્યુષણ સિવાય ખાલી રહે છે તો તેમાં પાણી બદલ માટે ચાલુ કરી શકાય તે લેખ વાંચ્યો હતો. કચ્છ ગુંદાલામાં પણ હાલમાં ચાલુ છે... ૨ વર્ષ થયા.

બીજું શેતાનની ચાલબાજીની ઝેરોક્ષ છે. તેમાં જણાવેલ ૧૧ કારણો સાચા છે. છોકરા ૩ વર્ષથી ૧૫ વર્ષના - ટી.વી. મૂકતા નથી. આ બાબત વિચારીને ધીરે ધીરે મંગલ મંદિરમાં લેખો શરૂ કરી શકાય તો સારું. કોઈ જ સિરિયલ દિવસમાં કે અભ્યાસમાં કે જિંદગીમાં મદદ કરે એવી નથી. બીજું, સિરિયલોમાં લેડીઝને દિવસો દિવસ ઘણી જ હલકી કક્ષાએ કપડાં, ભાષા, હાવભાવ બતાવે છે. તે ઘરમાં જોયા પછી જોનાર બહેનો, પુત્રીઓ, સ્ત્રીઓ ઉપર સંસ્કાર છૂટછાટ વધતી જાય છે. ૨-૩ વાર લગ્ન, ૨૫-૫૦ કરોડ લેતીદેતીની સામાન્ય વાતો જરૂરતથી ખૂબ જ વધારે છે (હદબહાર) તો ઉપરોક્ત

*મૌન એ વ્યક્તિ પોતાની જાતને આપી શકે તેવી સર્વશ્રેષ્ઠ ભેટ છે.*

બાબતો માટે સાદા સાદા લેખો હંમેશાં લખો અને ફાયદા ગેરફાયદા જણાવશો તો જરૂર કોઈને લાભ થશે.

***લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી - મુંબઈ***

*__નોંધ__ : ઉપરના આપના પત્રમાં ફકરા-૧ અને ૨ માં જણાવેલ વિગતો શ્રી પ્રમોદ જેઠીના પુસ્તક 'કચ્છ અચીજા'માંથી લીધેલ છે. એટલે સ્વાભાવિક છે કે હકીકતમાં ફેરફાર હોઈ શકે.*

***– મુખ્યતંત્રી***

• • • • •

### માહિતીસભર અંક

માહે જુલાઈનો કચ્છી નવા વર્ષનો અષાઢી બીજ અંક મળ્યો. અનેક પ્રકારની વિવિધ માહિતીસભર અંક વાંચવાની ખૂબ જ મજા આવી. મંગલ મંદિર આવા સુદંર, માહિતીસભર લેખો આપી કચ્છી પ્રજાની અનન્ય સેવા બજાવી રહ્યું છે તેમ લખવામાં બિલકુલ અતિશયોક્તિ નથી જ.

દરેક કચ્છી કચ્છમાં રહેતો હોવા છતાં કચ્છ વિશે અને કચ્છની સાંસ્કૃતિક ઇતિહાસથી યાત્રા સ્થળોથી ઘણી રીતે અનજાન હોય છે. કચ્છમાં વિદ્વાન લેખકો, મંગલ મંદિરના માધ્યમથી ખૂબ જ ઉપયોગી અને જાણવાજોગ માહિતીનું પ્રદાન કરી કચ્છીઓની સેવા બજાવે છે. મંગલ મંદિરે આવા લેખો અંગે જે અભિગમ અપનાવેલ છે તે સરાહના માંગી લે તેવું છે.

અષાઢી અંકના લેખો પૈકી નીચેના કેટલાક લેખો રસપ્રદ અને માહિતીસભર છે.

ખાસ કરીને શ્રી હંસરાજ કંસારાએ મોટેરાંઓએ પણ માણવા અને જાણવા જેવી બે બાળ ફિલ્મો 'હેડાં-હૂડાં' અને 'હારૂન-અરુણ' આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતી ફિલ્મો છે અને ઘણા બધા ઈનામો જીતી ચૂકી છે. તેની માહિતી બહુ ઓછા કચ્છીઓની જાણમાં હશે.

'હારૂન-અરુન' શિકાગો ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં ૨૦૦૯માં પ્રતિષ્ઠિત ઉલ્મ શાંતિ પુરસ્કાર, જીતી એ કચ્છ માટે ગૌરવની બીના છે. અન્ય કેટલાક લેખો પૈકી, કચ્છમાં એક રોજગારી રૂા. ૧.૨૦ કરોડ રૂપિયામાં, કચ્છનો અખાત, કચ્છનાં મુખ્ય છ શહેરોનો ઇતિહાસ, કચ્છનાં અણજાણ્યા પ્રવાસધામો, કચ્છનો પંદરમી સદીનો ટૂંક ઇતિહાસ, આ બધા માહિતીપ્રદ લેખો જાણવા-માણવા સમાન છે.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર (કચ્છ)***

• • • • •

### હાર્દિક ધન્યવાદ

આજે હમણાં એક વાગે અષાઢી બીજ જુલાઈ માસનો 'મંગલ મંદિર'નો અંક મળ્યો છે. તેનું કવરપેઈજ સારું છે. 'મંગલ મંદિર' વધુ સુંદર અને સારા લેખોથી / માહિતીથી પ્રસિદ્ધ કરો છો તે માટે તંત્રીશ્રીઓને મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું.

સમાજની પ્રવૃત્તિ કરતા તમારી પ્રવૃત્તિ પણ વધુને વધુ સારી છે, તે મંગલ મંદિર વાંચવાથી જાણવા મળે છે.

***મણિલાલ કે. છેડા - ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ***

• • • • •

## શ્રેષ્ઠ આંજો કાગર (વર્ષ ૨૦૦૯-૨૦૧૦)

મંગલ મંદિરના મે-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવ્યા પ્રમાણે ૨૦૦૯-૨૦૧૦ના વર્ષ દરમ્યાન "શ્રેષ્ઠ આંજો કાગર" તરીકે, નિર્ણાયક સમિતિએ શ્રી કાંતિસેન શ્રોફના 'કચ્છનું પોતાનું પાણી'ના નેજા હેઠળ ડિસેમ્બર-૨૦૦૯ના અંકમાં પ્રસારિત થયેલ પત્ર પર પસંદગી ઉતારેલ હતી.

ખરેખર તો આ વિભાગમાં પ્રથમ ત્રણ ક્રમાંકના પત્રોની જાહેરાત કરવાની હોવાથી અને તે અંગે નિષ્ણાત સમિતિને વિનંતી કરવામાં આવતાં, તેઓએ નીચે મુજબના પત્રોની પ્રથમ, દ્વિતીય તથા તૃતીય "શ્રેષ્ઠ પત્ર" તરીકે પસંદગી જાહેર કરેલ છે.

| *ક્રમાંક* | *પત્રનો વિષય* | *લેખકશ્રીનું નામ* | *મંગલ મંદિર અંક* |
|---|---|---|---|
| ૧. | કચ્છનું પોતાનું પાણી | શ્રી કાંતિસેન શ્રોફ - ભુજ | ડિસેમ્બર-૨૦૦૯ |
| ૨. | વિશ્વ કચ્છી સમાજ | શ્રી ગોવિંદભાઈ ખોખાણી - ભુજ | સપ્ટેમ્બર-૨૦૦૯ |
| ૩. | ભારતીય સંગીત પરંપરા તથા અન્ય બાબતે | શ્રી મયૂર દેઢિયા - મુંબઈ | જાન્યુઆરી-૨૦૧૦ |

ઉપરોક્ત ત્રણે લેખકશ્રીઓને 'મંગલ મંદિર' તથા 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ના ખૂબ ખૂબ અભિનંદન.

તેઓશ્રી મંગલ મંદિરના વાંચનમાં રસ લઈ ખૂબ જ ઊંડો અભિગમ દાખવે છે તેનાથી આનંદ થયો.

ત્રણે લેખકશ્રીઓનું રવિવાર તા. ૨૬-૯-૨૦૧૦ના સવારના ૯.૩૦થી ૧૨.૩૦ દરમ્યાનના વાર્ષિક સ્નેહ મિલન સમારંભના સમયે સન્માન કરવાનું હોવાથી એ સમયે શક્ય હોય તો જાતે ઉપસ્થિત રહીને અથવા તો કોઈ પ્રતિનિધિને મોકલીને સન્માન સ્વીકારવા વિનંતી.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જિંદગીની સાદી સીધી બાબતોમાંથી આનંદ મેળવતા શીખવું જોઈએ.*

## કનૈયાલાલ ડી. ધોળકિયા

મંગલ મંદિરમાં 'આવકવેરા કમિશનર કે. ડી. ધોળકિયા' એ શીર્ષક હેઠળ આવકવેરા અમલદાર તરીકે દેશભરમાં નવ જેટલા સ્થળોએ કામગીરી બજાવનાર અને મૂળ કચ્છના વડનગરા નાગર કનૈયાલાલ દેવશંકર ધોળકિયાની જન્મ શતાબ્દી હોતાં તેનો વિસ્તૃત પરિચય, લેખક ભરત'કુમાર' પ્રા. ઠાકરે આપ્યો. મારી જય કચ્છની કામગીરી દરમ્યાન તેમના વડીલબંધુ ડાહ્યાભાઈ નિવૃત્તિ બાદ ફૂલશંકર પટ્ટણીના માસીઆઈ ભાઈ થાય એટલે કાર્યાલયમાં રોકાણ થતું.

કનૈયાલાલભાઈએ માંડવીમાં ફાનસ યુગમાં ફાનસના પ્રકાશમાં લેસન કરતા. તેઓ નિવૃત્તિના આરે ભાવનગરમાં કૃષ્ણનગર વિસ્તારમાં બંગલામાં રહેતા. મારા પુત્રને અમારી ભાવનગરની સુખડિયા બોર્ડિંગમાં દાખલ કરવો હતો. પહેલીવાર ત્યાં જવાનું હોતા હું મૂંઝવણ અનુભવતો. ફુલશંકરભાઈએ મને કનૈયાલાલભાઈ પર ચિઠ્ઠી લખી આપી તેથી થોડીક મૂંઝવણ દૂર થઈ.

જયકચ્છ કાર્યાલયમાં તહેવાર અને રવિવારની રજા હોતાં મને બે દિવસનો લાભ મળતાં હું ભાવનગર જવા તૈયાર થયો. ફુલશંકરભાઈએ મને કનૈયાલાલભાઈના સરનામે ચિઠ્ઠી લખી આપી. હું વહેલી સવારે એસ.ટી. બસમાં ભાવનગર જવા પુત્રને લઈ રવાના થયો. ભાવનગરમાં પહેલાં અમારી જ્ઞાતિની બોર્ડિંગની મુલાકાત લઈ પુત્રને દાખલ કરી હું સવારે સિટી બસમાં કૃષ્ણનગર વિસ્તારમાં પહોંચ્યો. ફુલશંકરભાઈએ આપેલ સરનામાંથી બંગલો જલદી મળી ગયો. બંગલામાં પ્રવેશ કરતાં કનૈયાલાલભાઈ સોફાસેટમાં બેઠા હતા. તેમને ચિઠ્ઠી બતાવતા મને 'આવો... આવો...'થી આવકાર આપ્યો. ઠંડા પીણાથી બપોરના ભોજન લેવાની વ્યવસ્થા કરી આપી. મારા જેવા સામાન્ય કમ્પોઝીટરની સરભરા કરવા બદલ મેં તેમનો ખૂબ આભાર માન્યો. તેઓએ અખબારી કામગીરીની પણ ચર્ચા કરી હતી.

હું બોર્ડિંગથી રાત્રે ટ્રેન દ્વારા રાજકોટ પહોંચ્યો. ત્યાં વહેલી સવારની એસ.ટી. બસમાં હું ભુજ ભેગો થયો.

કનૈયાલાલભાઈ કોઈ પ્રસંગે ભુજ આવ્યા ત્યારે મારી પૂછપરછ કરવા કાર્યાલયમાં ખાસ આવતા. કચ્છના પ્રથમ મહિલા ધારાસભ્ય ત્રિલોચનાબહેન ધોળકિયા તેમના ભાણેજી થતા. ફુલશંકરભાઈને પણ મામા તરીકે સંબોધતા. તેમના ભાણેજ સત્યેન્દ્ર પટ્ટણી પણ ભુજ તાલુકા વિકાસ અધિકારી પદે રહી ચૂક્યા હતા અને ફુલશંકરભાઈને ત્યાં રોકાતા. આજે નિવૃત્ત છે. તેના લેખો મંગલ મંદિરમાં વાંચું છું. કનૈયાલાલભાઈની જન્મ શતાબ્દીએ કોટી કોટી વંદન અને લેખકશ્રીને અભિનંદન.

*તુલસીદાસ જે. શાહ - ભુજ*

● ● ● ● ●

## મંગલ મંદિર સારું સામયિક છે

"કચ્છી નયેં વરેજી જજિયું જજિયું વધાઈયું."

કચ્છી નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું. મંગલ મંદિર સારું સામયિક છે. તે માટે તમોને મારા હાર્દિક ધન્યવાદ પાઠવું છું. તે કચ્છી નવા વર્ષ નિમિત્તે સ્પે. અંક પ્રસિદ્ધ કર્યો છે તે અંક માહિતીસભર છે.

*મણિલાલ કે. છેડા - ડોંબીવલી (ઈસ્ટ)*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદનો માસિક અહેવાલ

### જૂન / જુલાઈ - ૨૦૧૦

- **રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ મિત્ર પ્રેસ, ભુજ ખાતે પરામર્શ સમિતિની પેટા સમિતિની એક મિટિંગમાં ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી હરેશ ધોળકિયા, શ્રી દિનકર મહેતા તથા શ્રી નરેશભાઈ અંતાણી એકત્રિત થયા હતા. તેઓએ નીચે મુજબની કાર્યવાહી કરેલ હતી.

શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી દિનકર મહેતા તથા શ્રી નરેશ અંતાણી લિખિત ‘કચ્છનો સામાજિક તથા રાજકીય ઈતિહાસ’ તથા ‘કચ્છના પુરાતત્ત્વ’ વિશેના લેખોને અંતિમ સ્વરુપ આપી દેવામાં આવેલ હતું. શ્રી હસમુખ અબોટીના લેખ ‘કચ્છનો બંદરીય વિકાસ અને વહાણવટા ઉદ્યોગ’ વિશે ચર્ચા કરી, તેને પણ અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવેલ હતું. **ડો. દિનેશ જોશીના લેખ ‘કચ્છની લોકસંસ્કૃતિ’ તથા ડો. પુલીન વસાનો લેખ ‘કચ્છનું પુરાતત્ત્વ’ બાકી રહેવા પામેલ હતા.**

- **રવિવાર, તા. ૪-૭-૨૦૧૦**

☆ કચ્છ મિત્ર પ્રિન્ટીંગ પ્રેસ - ભુજ ખાતે આજે પરામર્શ સમિતિની પેટા સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી હરેશ ધોળકિયા, શ્રી દિનકર મહેતા તથા શ્રી નરેશ અંતાણી એકત્રિત થયેલ હતા. તેઓએ નીચે મુજબની કાર્યવાહી કરેલ હતી.

શ્રી ફતુભા જાડેજાના લેખ ‘કચ્છમાં પ્રવર્તમાન ધર્મનો વિકાસ અને સામાજિક જીવન પર તેનો પ્રભાવ’ને શ્રી ફતુભા જાડેજા સાથે ચર્ચા કરી તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતું. **શ્રી બાપાલાલ જાડેજાના લેખ ‘કચ્છનો રાજકીય ઇતિહાસ’ને ચર્ચા વિચારણાને અંતે બાકી રાખવામાં આવેલ હતો.**

- **બુધવાર, તા. ૭-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા અને નાઈરોબીથી પધારેલ શ્રી લક્ષ્મણભાઈ પટેલ કચ્છના ફાળવાયેલ ૧.૦ એમ.એ.એફ. વધારાના પાણીના આયોજન અંગેની વિગત જાણવા જળસિંચાઈ વિભાગ, ગાંધીનગરની મુલાકાત લીધેલ હતી. ચીફ એન્જિનિયર શ્રી ગુલાટીએ જણાવેલ કે કન્સલ્ટન્ટ કંપની નીમવા અંગેના ટેન્ડર તૈયાર કરી તેની મંજૂરી અર્થે સરકારશ્રી પર મોકલી આપવામાં આવેલ છે. ટેન્ડર મંજૂર થઈ આવી ગયે તેને તરતમાં બહાર પાડવામાં આવશે. ત્યારબાદ આ કન્સલ્ટન્ટ કંપની દરેક પ્રકારે તપાસ કરી, તેનો રિપોર્ટ આપશે અને ત્યારબાદ બાંધકામની કાર્યવાહી આગળ વધી શકશે. આ પ્રકારની પ્રક્રિયા શક્ય જલદી પૂરી કરવામાં આવશે.

ત્યારબાદ શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી લક્ષ્મણભાઈ પટેલે શ્રી સુરેશચંદ્ર મહેતાની મુલાકાત લીધેલ હતી અને ઉપરોક્ત વિલંબિત કાર્યવાહી અંગે વિગતવાર ચર્ચા કરી, જરૂરી પગલાં ભરવાની વિચારણા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૧૧-૭-૨૦૧૦**

☆ કચ્છ મિત્ર પ્રિન્ટિંગ પ્રેસ - ભુજ ખાતે પરામર્શ સમિતિની પેટા સમિતિની એક મિટિંગ ‘કચ્છના ઇતિહાસ આલેખન’ અંગેના લેખોને અંતિમ સ્વરૂપ આપવા આજરોજ મળેલ હતી. જેમાં આ સમિતિના બધા જ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. શ્રી જયવીરસિંહ સોઢા લિખિત ‘કચ્છના સંતો, મહાત્માઓ અને પાળિયાઓ’ વિશેના લેખને તેમની સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતું. શ્રી ધનજી ભાનુશાળી લિખિત ‘કચ્છમાં વાહન વ્યવહાર સુવિધાઓનો વિકાસ’ તથા ‘કચ્છી ચલણ’ વિશેના લેખોને તેમની સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ તે લેખોને અંતિમ સ્વરૂપ આપવામાં આવેલ હતા.

- **શનિવાર, તા. ૧૭-૭-૨૦૧૦**

☆ આજરોજ કચ્છને ફાળવવામાં આવેલ વધારાના પાણી તથા ભુજના માર્કેટ યાર્ડના વેપારીઓના પ્રશ્ન બાબત શ્રી સુરેશચંદ્ર મહેતા સાથે વિગતવાર ચર્ચા થયેલ હતી. શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી રજનીભાઈ પારેખ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

- **સોમવાર, તા. ૧૯-૭-૨૦૧૦**

☆ આજે એક કન્સલ્ટન્ટ આર્કિટેક્ટ સાથે ટૂરિઝમની ગણનાએ માંડવી બંદરના વિકાસ અંગે વિવિધ શક્યતાસભર ચર્ચાઓ કરવામાં આવેલ હતી. આ ચર્ચા શ્રી સુરેશચંદ્ર મહેતાને ત્યાં કરવામાં આવેલ હતી. આર્કિટેક્ટ સાથે શ્રી અશોક મહેતા પણ ઉપસ્થિત રહેલ હતા. અગર આ પ્રોજેક્ટ ગુજરાત સરકારશ્રીના ટૂરિઝમ વિભાગ તરફથી હાથ પર લેવામાં આવે તો તે રૂપિયા ૨૫૦ કરોડથી પણ વધુ કિંમતનો થઈ જવાની શક્યતા રહેલ છે. ■

*આપણે આપણી જિંદગીને જેટલી વધારે જટિલ બનાવીશું એટલા આપણે અસંતુષ્ટ રહીશું. – અભિનવ બિંદ્રા*

## સુરતમાં કચ્છી જૈન અગ્રણીઓની સંયુક્ત મિટિંગના સમયની તસવીરો (રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦)



મિટિંગમાં ઉપસ્થિત મહાનુભાવો



મિટિંગનું સંચાલન કરતા શ્રી જયેશ વિસરિયા



વક્તવ્ય આપતા શ્રી જગદીશ શાહ. પશ્ચાદભૂમાં ડાબેથી શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા.



ડાયસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કિરણભાઈ પારેખ, શ્રી ગિરીશભાઈ ગાંધી, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મનુભાઈ છેડા તથા શ્રી ચંદુભાઈ સંઘવી.



"શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારી"ની રચના થયા બાદ તેના પ્રથમ વરાયેલ પ્રમુખ શ્રી લહેરચંદ નેમચંદ મહેતાનું અભિવાદન કરતા ડાબેથી ડૉ. ચંદ્રકાંત દેઢિયા, (શ્રી લહેરચંદ મહેતા પોતે), શ્રી કિરણભાઈ પારેખ, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી અશોક મહેતા.



નવા વરાયેલા અધિકારીશ્રીઓ સાથે ડાયસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી મનુભાઈ શાહ, શ્રી પ્રતાપ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કિરણભાઈ પારેખ, શ્રી નેમચંદ મહેતા, શ્રી ભરત વોરા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી જયંતીભાઈ નીસર, શ્રી કૌશિક શાહ તથા શ્રી રાજેશ મહેતા.

ખાંભી હંમેશાં ખપી જનારની જ રચાય છે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારીની સ્થાપના

જેઓએ સુરતને પોતાની કર્મભૂમિ બનાવી છે એવા કચ્છી જૈન પરિવારોના પ્રતિનિધિશ્રીઓની એક સંયુક્ત મિટિંગ રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ના કતારગામ વિસ્તારના આરાધના ભવન (શ્રી વાગડ સાત ચોવીસી જૈન સમાજ નિર્મિત તથા સંચાલિત) ખાતે મળેલ હતી કે જે સમયે સુરત સ્થિત વિવિધ કચ્છી જૈન સંગઠનોના અંદાજિત ૧૦૦ જેટલા પ્રતિનિધિશ્રીઓની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી.

આ મિટિંગનું આયોજન સુરત સ્થિત કચ્છી જૈન ગૂર્જર સમાજે ગોઠવેલ હતું અને તેઓએ વિવિધ સંગઠનોના આગેવાનશ્રીઓને આ મિટિંગમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવેલ હતું.

આ પ્રસંગે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રતિનિધિશ્રીઓ અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ તથા શ્રી રસિકલાલ ખીમજી મહેતા ઉપસ્થિત રહેલ હતા.

સુરત સ્થિત કચ્છી જૈનો હાલે વિવિધ ૬ ફિરકાઓમાં પોતાની સામાજિક તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહે છે. તેમાંથી (૧) શ્રી વાગડ સાત ચોવીસી સમાજમાંથી શ્રી ગિરીશ કેવળદાસ ગાંધી, શ્રી લહેરચંદ નેમચંદ મહેતા, શ્રી સતીષ સૌભાગ્યચંદ વોરા વગેરે; (૨) શ્રી વાગડ બે ચોવીસી સમાજમાંથી શ્રી મોહનભાઈ નેમજી મહેતા, શ્રી ચંદુભાઈ સંઘવી, શ્રી જયસુખલાલભાઈ મહેતા વગેરે, (૩) વાગડ વીસા ઓસવાળ સમાજમાંથી શ્રી પ્રવીણભાઈ વધાણ, શ્રી જયંતીભાઈ નીસર વગેરે, (૪) શ્રી ક.વી.ઓ જૈન સમાજમાંથી શ્રી મનસુખભાઈ છેડા, શ્રી મનુભાઈ છેડા, શ્રી જયેશભાઈ વિસારિયા વગેરે, (૫) શ્રી ક.દ.ઓ. જૈન સમાજમાંથી શ્રી પ્રવીણચંદ્ર ધરમશી વગેરે તથા (૬) શ્રી ક.જૈ. ગૂર્જર સમાજમાંથી શ્રી જગદીશ શાહ, શ્રી કિરણભાઈ પારેખ, શ્રી કૌશિકભાઈ શાહ વગેરે આગેવાનશ્રીઓ ઉપરાંત અન્ય અનેક લોકો ઉપસ્થિત રહેલ હતા.

આ મિટિંગના અધ્યક્ષ સ્થાને યજમાન એવા શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજના પ્રમુખ શ્રી કિરણભાઈ પારેખ બિરાજમાન હતા. સભાનું સંચાલન શ્રી જયેશભાઈ વિસારિયાએ કરેલ હતું.

મંચ પરથી જે આગેવાનશ્રીઓએ પ્રવચન કરેલ તે બધાનો સૂર એક જ પ્રકારનો રહેવા પામેલ કે આપણે સુરતમાં બધા જ સમાજોનું એક સંગઠન બનાવી, કર્મભૂમિ સુરત અને માતૃભૂમિ કચ્છ માટે નોંધપાત્ર કાર્યો કરી આવતા દિવસોના વિકાસમાં આપણું પ્રદાન અર્પણ કરીએ.

ગુજરાતનું 'નવસારી' શહેર પણ સુરતની ખૂબ જ નજદીક હોવાથી ત્યાં વસવાટ કરતા કચ્છી જૈનોને પણ આપણા સંગઠનમાં સામેલ કરીએ અને "સુરત-નવસારી"નું એક સંયુક્ત સંગઠન ઊભું કરીએ.

ત્યારબાદ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારી"ની રચના થયાની જાહેરાત કરવામાં આવેલ હતી કે જેને ઉપસ્થિત સહુ સભ્યોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતી અને લેવામાં આવેલ આ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતો.

ત્યારબાદ એક "પ્રમોટર ટ્રસ્ટ મંડળ"ની રચના કરવાનું સૂચન કરવામાં આવેલ હતું. કે જેની ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબના એક ટ્રસ્ટ મંડળની રચના કરવામાં આવેલ હતી.

**પ્રમોટર ટ્રસ્ટ મંડળ**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી લહેરચંદભાઈ નેમચંદ મહેતા | - મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખશ્રી |
| ૨. | શ્રી જયંતીભાઈ ભીમશી નીસર | - ઉપપ્રમુખ |
| ૩. | શ્રી જયેશભાઈ દામજી વિસરિયા | - ઉપપ્રમુખ |
| ૪. | શ્રી શરદભાઈ વીરચંદ દંડ | - ઉપપ્રમુખ |
| ૫. | શ્રી ચંદુભાઈ મહાદેવભાઈ સંઘવી | - માનદ્ મંત્રી |
| ૬. | શ્રી સતીષભાઈ સૌભાગ્યચંદ વોરા | - માનદ્ મંત્રી |
| ૭. | શ્રી ભરતભાઈ ધનજી વોરા | - માનદ્ મંત્રી |
| ૮. | શ્રી કૌશિકભાઈ મોહનલાલ શાહ | - કોષાધ્યક્ષ |
| ૯. | શ્રી રાજેશ નાનાલાલ મહેતા | - કોષાધ્યક્ષ |
| ૧૦. | શ્રી મોહનભાઈ નેમજી મહેતા | - સભ્ય |
| ૧૧. | શ્રી જયસુખલાલ મગનલાલ મહેતા | - સભ્ય |
| ૧૨. | શ્રી અમૃતલાલ રાયચંદ મહેતા | - સભ્ય |
| ૧૩. | શ્રી અશોકભાઈ હીરાચંદ સંઘવી | - સભ્ય |
| ૧૪. | શ્રી ગિરીશભાઈ કેવળદાસ ગાંધી | - સભ્ય |
| ૧૫. | શ્રી ભરતભાઈ ગોરધનભાઈ પટવા | - સભ્ય |
| ૧૬. | શ્રી પ્રવીણભાઈ ભીમશી વધાણ | - સભ્ય |
| ૧૭. | શ્રી પ્રવીણભાઈ શામજી શાહ (ધરમશી) | - સભ્ય |
| ૧૮. | શ્રી જગદીશભાઈ રવિલાલ શાહ | - સભ્ય |
| ૧૯. | શ્રી કિરણભાઈ ધરમશી પારેખ | - સભ્ય |
| ૨૦. | શ્રી મહેન્દ્રભાઈ વલ્લભજી ગાલા | - સભ્ય |
| ૨૧. | શ્રી ભરતભાઈ ખીમજી ગાલા | - સભ્ય |
| ૨૨. | શ્રી મનસુખભાઈ ગાંગજી છેડા | - સભ્ય |
| ૨૩. | શ્રી મનુભાઈ શામજી છેડા | - સભ્ય |
| ૨૪. | શ્રી પોપટભાઈ રવજી શાહ (ગડા) | - સભ્ય |
| ૨૫. | શ્રી મણિલાલ વશનજી વીરા (નવસારી) | - સભ્ય |
| ૨૬. | શ્રી રાજેશભાઈ ગાંધી (નવસારી) | - સભ્ય |

*જગતના ન્યાયાધીશ ક્યારેય પણ બનવું નહીં.*

ઉપરોક્ત ''પ્રમોટર ટ્રસ્ટ મંડળ''ને સહુએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ હતું અને સર્વાનુમતે આ ટ્રસ્ટ મંડળને બહાલ રાખવામાં આવેલ હતું.

ત્યારબાદ નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા.

૧. સંસ્થાનું બંધારણ બનાવવા એક સમિતિની રચના કરી, આ સમિતિ બંધારણ રચી, તેની બહાલી માટે ટ્રસ્ટ મંડળ સમક્ષ રજૂ કરે.
૨. શક્ય ત્વરાએ સંસ્થાના માસિક મુખપત્રની શરૂઆત કરવી.
૩. શક્ય જલદી સ્નેહમિલન સમારંભ યોજવો.

આભારવિધિ બાદ આ સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવેલ હતી.

અલ્પાહારને ન્યાય આપી ઉપસ્થિત સહુ ખુશાલીના વાતાવરણમાં છૂટા પડ્યા હતા.

નોંધ : છૂટા પડતી વખતે સહુના મનમાં એ વાત રમી રહેલ હતી કે સુરત સ્થિત કચ્છી જૈનોનો દાખલો લઈ આવતા દિવસોમાં આ પ્રકારના પરિણામો વડોદરા, વાપી, વલસાડ, રાજકોટ જેવા શહેરોના કચ્છી જૈનોમાં આવી શકશે અને એ રીતે ગુજરાતના વિવિધ શહેરોમાં વસવાટ કરતા કચ્છી જૈનો સંયુક્તપણે પ્રયાસો કરી ગુજરાતની પોતાની કર્મભૂમિ અને સાથે સાથે માતૃભૂમિ કચ્છ માટે પણ વિકાસમાં નોંધપાત્ર પ્રદાન આપી શકશે. ■

# વડોદરા કચ્છી જૈન દર્શન




*વિમોચન સમયે મંચસ્થ મહાનુભાવો. ડાબેથી શ્રી સંજયભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી રાજેશભાઈ મોતા, શ્રી ચેતનભાઈ દેઢિયા તથા શ્રી પ્રફુલ્લભાઈ સાવલા.*




*પ્રવચન આપતા શ્રી અશોક મહેતા. ડાબેથી શ્રી સંજયભાઈ શાહ, શ્રી રાજેશભાઈ મોતા, શ્રી ચેતનભાઈ દેઢિયા તથા શ્રી પ્રફુલ્લભાઈ સાવલા.*

વડોદરા શહેરમાં વસતા સમસ્ત કચ્છી જૈન કુટુંબોના ઘરનાં સરનામા, ટેલિફોન તથા મોબાઈલ નંબરો, ધંધાકીય સરનામા, ફોન નંબરો, ઈ-મેઈલ આઈ.ડી., બ્લડ ગ્રૂપ વગેરેની માહિતી દર્શાવતી પુસ્તિકા ''વડોદરા કચ્છી જૈન દર્શન''નું વિમોચન ગત રવિવાર તા. ૪-૭-૨૦૧૦ના રોજ યુવરાજ હોટલ, વડોદરા ખાતે કરવામાં આવેલ. વિમોચનનાં આ કાર્યક્રમમાં સર્વશ્રી રાજેશભાઈ કાંતિલાલ મોતા, ચેતનભાઈ કેશવજી દેઢિયા, સંજયભાઈ છોટાલાલ શાહ તથા પ્રફુલ્લભાઈ પ્રવીણચંદ્ર સાવલાએ વડોદરામાં વસતા શ્રી કચ્છી વીસા ઓસવાલ, શ્રી કચ્છી દશા ઓસવાલ, શ્રી કચ્છી ગૂર્જર ઓસવાલ તથા શ્રી કચ્છી વાગડ વીસા ઓસવાલ જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ કરતાં મંચને શોભાવ્યું હતું. અમદાવાદથી પધારેલ વિશેષ અતિથિ અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ આ માનવંતા મહેમાનોની સાથે પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆત નવકાર મહામંત્રના સ્મરણ સાથે કરવામાં આવેલ. ત્યારબાદ વડોદરાનાં કચ્છી જૈન કુટુંબો વિશે તથા એમનાં વેપાર ધંધાઓ વિશે થોડી માહિતી આપવામાં આવેલ. ત્યારબાદ દરેક વિમોચનકર્તાને મંચ પર બોલાવવામાં આવેલ. સાથે એમનો પરિચય પણ આપવામાં આવેલ.

બધાના હસ્તે દીપ પ્રાગટ્ય થયા બાદ પુસ્તિકાનાં સંકલનકર્તા નવીન હીરાચંદ પટેલ (નાગડા)એ પુસ્તિકાના સંદર્ભમાં વિશેષ માહિતી આપેલ. તેમના વક્તવ્યમાં નવીનભાઈએ વડોદરાનાં કચ્છી જૈનોનાં સંગઠનની અગત્યતા પર ખાસ ભાર આપેલ. ત્યારબાદ મહેમાનોનું અભિવાદન પુષ્પગુચ્છોથી કરવામાં આવેલ.

મંચસ્થ મહેમાનોએ ત્યારબાદ આપેલ પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી રાજેશભાઈએ આ કાર્યની સરાહના કરતાં હજી વધુ માહિતી આપતી પુસ્તિકા બનાવવાનું સૂચન કરેલ. શ્રી ચેતનભાઈએ જણાવ્યું હતું કે તેઓ સમાજના કાર્યોથી થોડાં દૂર રહ્યા છે છતાં પણ આટલી ઉપયોગી પુસ્તિકાના આયોજનમાં પોતે ભાગ બનેલ છે તે ખુશીની વાત છે.

*ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે, ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારુ ગણી લેજે.*

આવા કાર્યો બધાને નજદીક લાવવા કામ લાગશે એમ તેમણે આશાવાદ વ્યક્ત કર્યો હતો. શ્રી સંજયભાઈએ જણાવેલ કે આ પુસ્તિકા વડોદરાનાં જૈનોને નજીક લાવશે. આજનાં વિશ્વમાં સંગઠનનું ખૂબ જ મહત્ત્વ છે. સંગઠનને કારણે આપણને વેપારધંધામાં પણ ઘણા ફાયદા થાય છે. આજે આમાંના ઘણા નામો સાથે હું સંકળાયેલ છું છતાં તેઓ કચ્છી જૈન છે તેનો ખ્યાલ આજે આવ્યો. શ્રી પ્રફુલ્લભાઈએ આ પ્રયાસને બિરદાવ્યો હતો તેમજ આ બધી માહિતીને જો વેબસાઈટ બનાવી ઈન્ટરનેટ પર મૂકાય તો વધુ ઉપયોગી થાય તેમ જણાવ્યું હતું. તેમણે યુવાનોને જ્ઞાતિના કાર્યોમાં સક્રિય રહેવા જણાવ્યું હતું.

શ્રી અશોકભાઈ મહેતાએ તેમના પ્રવચનમાં આવી માહિતીસભર પુસ્તિકા બહાર પાડવા માટે નવીનભાઈ તથા હીરજીભાઈને ધન્યવાદ આપેલ. કચ્છી જૈનોનાં સંગઠનની અગત્યતા વિશે જણાવતાં તેમણે જણાવ્યું હતું કે આજે એમની સાથે મંચસ્થ થયેલા મહાનુભાવો એવી હસ્તિઓ છે જે ધારે તો બીજાં બધાં સંગઠનોથી વિશેષ કાર્ય કરી શકે. ફક્ત પ્રશ્ન છે શરૂઆત કરવાનો. કચ્છી જૈનો સંગઠિત બનીને ઘણા સામાજિક કાર્યો કરી શકે તેમ છે. આ પ્રસંગે અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજના કાર્યોની માહિતી તેમણે આપી હતી. તેવી જ રીતે કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના સુરતમાં ગત મહિનામાં કરવામાં આવેલ તેની માહિતી પણ તેમણે આપેલ.

ત્યારબાદ શ્રી હીરજીભાઈ શાહ (નાગડા)એ આભારવિધિ કરેલ. બધાએ અલ્પાહાર તથા ચા-કોફીને ન્યાય આપેલ. હાજર રહેલ બધાને આ પુસ્તિકાની નકલ આપવામાં આવેલ. કાર્યક્રમનું સંચાલન કુ. ઝલક નવીન પટેલે કરેલ. આ પુસ્તિકા વડોદરામાં રહેતા દરેક કચ્છી કુટુંબોને નિઃશુલ્ક પહોંચાડવામાં આવશે તથા ગુજરાત તથા અન્ય સ્થળોએ સંસ્થાઓને પણ મોકલાવવામાં આવશે. પુસ્તિકાની વધારાની નકલ માટે નવીન પટેલ (મો. ૦૯૩૭૭૧ ૨૪૫૮૨)નો સંપર્ક કરવો.■

## સ્પંદન : ગૌરવ ઉપજે તેવી સાંસ્કૃતિક સંસ્થા

અષાઢ જે રીતે બારે મેઘ ખાંગા કરીને વરસી પડે એ રીતે "સ્પંદને" પણ આ વર્ષે અમદાવાદના કચ્છી પરિવારો પર અનરાધાર સાંસ્કૃતિક વર્ષા વરસાવીને લોકોને ભરપૂર ભીંજવી દીધેલ, તરબોળ કરી દીધેલ. સ્પંદનના મેઘો ખાંગા કરીને વરસ્યા તેનું કારણ કદાચ એ પણ હોય કે દુનિયામાં ભમતા ભમતા કદાચ દસ વર્ષ બાદ આ પરિવારોનો નંબર ફરી આવ્યો હોય! અને જ્યારે નંબર આવ્યો ત્યારે સ્પંદને વર્ષા વરસાવવામાં પાછું વાળીને જોયું નહીં! માત્ર આ વર્ષામાં લોકો ભીંજાયા એવું નહીં, ક્યારેક તો આંખોમાંથી પણ આંસુની અઢળક વર્ષા વરસી રહી!



*અષાઢી બીજનો આનંદ*



*વ્રજવાણીના ઢોલ પર ઝુમતી આહીરાણીઓ*

કલ્ચરલ સેક્રેટરી શ્રી ભાગ્યેશ ઝાને તો મજા પડી ગઈ! તેઓની કાવ્ય પંક્તિ આધારિત કૃતિ રજૂ થયેલ હોવાથી તેઓએ બાકી રહેતી કાવ્ય પંક્તિ ખૂબ જ ભાવથી ગાઈ બતાવી! લોકકલા ફાઉન્ડેશનના શ્રી જોરાવરસિંહ જાદવે જણાવ્યું કે અમે તો સંસ્કૃતિ બચાવોના પાઠો પઠન કરતા રહ્યા! તેને કઈ રીતે બચાવવી તે ચિ. ફાલ્ગુનીએ તાદશ પાત્રો રજૂ કરીને અમને સમજાવ્યું તો ખરું પરંતુ તેને અમલમાં પણ મૂકી બતાવ્યું. તે અમારાથી એક ડગ આગળ નીકળી ગઈ! 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના સાહિત્યપ્રેમી કોલમિસ્ટ શ્રી એસ.ડી. દેસાઈએ તો આ બાબતને ટાઈમ્સમાં ખૂબ જ સારી રીતે પ્રસારિત કરી પોતે પણ ન્યોચ્છાવર થઈ ગયા! લેખક, સાહિત્યકાર અને ખૂબ જ મોટા ગજાના નાટ્યકાર શ્રી જનકભાઈ દવેએ જ્યારે જોયું કે એક વખતની પોતાની બાળકી શિષ્યાએ જ્યારે કલાના ક્ષેત્રે આસમાનને ચૂમવાની શક્તિ પ્રાપ્ત કરી લીધેલ છે ત્યારે કયા કલાગુરુની છાતી ગદ્‌ગદ્ ના ફૂલી ઊઠે! કયા કલાગુરુની આંખો હર્ષના આંસુ ના વરસાવી શકે! અને

*નિયમોના પાલનમાં વિશેષાધિકાર બાજુ પર મૂકવો જોઈએ.*

તેમણે ચિ. ફાલ્ગુનીની પેટ ભરીને સૌ સન્મુખ પ્રસંશા કરી.

ચિ. ફાલ્ગુનીના મગજમાં કલારસિક જનતા માટે કંઈને કંઈ વિચાર ઘોળાયા કરતા હોય છે. એ વિચાર મંથનમાંથી કોઈ નવતર પ્રક્રિયા જન્મી ઊઠે. એ પ્રક્રિયાને કઈ રીતે લોકો સમક્ષ રજૂ કરવી તેના મનોમંથન શરૂ થાય અને તેમાંથી લોકો સમક્ષ પેશ થવા આવે એક નવી કૃતિ!

- પુરાતનકાળથી આઝાદી સુધીનો ઈતિહાસ આપણે તક્તા પર ભજવાતા ક્યાં નથી જોયો!
- જેસલ-તોરલ નાટિકા જ્યારે તક્તા પર નિહાળી ત્યારે એવું જ લાગે કે આ ઈતિહાસ આપણી નજર સમક્ષ રચાઈ રહેલ છે!
- રણોત્સવની કૃતિ ફરી ભજવવાનું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી તરફથી ફરમાન આવ્યું તે અજાયબ ઘટના પણ એ કલ્પના શક્તિની નીપજ છે!
- અને આ અષાઢી બીજે કચ્છી પરિવારો પર જે સાંસ્કૃતિક વર્ષાની હેલી આવી તે પણ આ કલ્પના શક્તિને આભારી છે!

અષાઢની વર્ષામાં ભીંજાવા સ્પંદન પરિવાર તરફથી એક સાંસ્કૃતિક કાર્યક્રમ રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ના રાત્રે ૯.૦૦ વાગે એચ.કે. કૉલેજના હોલમાં યોજવામાં આવેલ હતો.

આ કાર્યક્રમના પ્રથમ ભાગમાં અષાઢના આગમનને વધાવવા અલગ અલગ પ્રકારની તદ્દન મૌલિક એવી ત્રણ કૃતિઓ રજૂ કરવામાં આવી.

તેના બીજા ભાગમાં, પ્રવર્તમાન સંજોગોમાં જૂના સંસ્કાર અને ભાષા ભૂલાતા આવેલ છે અને તેના પર પાશ્ચાત્યની અસર જે હાવી થઈ રહેલ છે તેની રજૂઆત અને તેમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવતી કૃતિ રજૂ કરવામાં આવી. એક તરફ ખૂબ જ નાના બાળકો, શાળાએ જતા બાળકો, ટીન એજર્સ, કૉલેજ જતા બાળકો અને છેલ્લે નવી લગ્નપ્રથા અલગ અલગ ઉંમરના બાળકોએ પાશ્ચાત્ય સંસ્કૃતિના દેન સ્વરૂપે ભજવતા હતા જ્યારે અન્ય તરફ એક કલાકારે 'ગુજરાતી ભાષા'નો વેશ લઈ જૂના હાલરડાં, ગામડાંની રમતો, દુહા, છંદ, લગ્નગીત વગેરે પ્રકારની આપણી સંસ્કૃતિ રજૂ કરી રહેલ હતી. જૂની સંસ્કૃતિની સામે પાશ્ચાત્ય સંસ્કૃતિને હાવી થઈ જતી રોકવા અંતે તેનો ઉપચાર પણ નાના બાળકો પર ફરી પ્રભાવ પાડી તેના સુલઝાવ સ્વરુપે રજૂ કરેલ ત્યારે સમગ્ર પ્રેક્ષકગણે આ કૃતિને અને તેને રજૂ કરવાની શૈલીને તાળીઓના ગડગડાટ વડે વધાવી લીધી.

કાર્યક્રમના અંતિમ ચરણમાં કચ્છની પ્રખ્યાત કથા 'વ્રજવાણીનો ઢોલ' રજૂ કરવામાં આવેલ. મથુરાથી દ્વારકા જતા કૃષ્ણ અને સમગ્ર યાદવોનો રસ્તો કચ્છના એ પ્રદેશમાંથી પસાર થઈ રહ્યો હતો. કેટલાક યદુવંશીઓ વાગડના રાપર વિસ્તારના વ્રજ ગામનો વિસ્તાર યોગ્ય જણાતા અહીં જ રોકાઈ ગયા. આ યાદવો કલા રસિક હતા. નૃત્ય પ્રિય હતા.

ઈ.સ. ૧૪૫૫ની આસપાસની અષાઢી બીજે એક ઢોલી આ ગામમાં આવ્યો. ઢોલી ઢોલ વગાડવામાં ખૂબ જ પારંગત હતો. તેણે ઢોલ પર દાવ લગાવ્યો અને તેના તાલે આહીરાણીઓ ભાન ભૂલી રાસ રમવા લાગી. એક દિવસે સાંજે શરૂ થયેલ રાસ, રાત પૂરી થયા પછી અને બીજો આખો દિવસ દરમ્યાન સુધી પણ ન ઢોલી થાક્યો, ન આહીરાણીઓ. ન ઢોલના તાલ બંધ થયા, ન રાસ રોકાય. આહીરો ભડકી ઊઠ્યા. તેઓએ ઢોલીને ઢોલ બંધ કરાવવા અનેક પ્રયત્નો કર્યા. શક્ય ના બન્યું. છેવટે આહીરોના હાથે ઢોલી મરાયો. રાસ થંભી ગયા. આહીરાણીઓને લાગ્યું કે આ તો કલાનું અપમાન કહેવાય. બધી જ ૧૪૦ આહિરાણીઓથી કલાનું અપમાન સહન ના થતા પોતાના બલોયા માથા પર પછાડી મરણને શરણ થઈ. આજે ૫૦૦ વર્ષ પછી પણ વ્રજવાણી ગામમાં એ ઘટનાની સાક્ષી દેતી ૧૪૦ ખાંભીઓ ઊભી છે. પાછળથી આહીરોને પોતાની ભૂલનો અહેસાસ થયો. એ દિવસથી આહીરોએ એ ગામ છોડ્યું. એ ગામનું પાણી પણ ન પીવાના સોગંદ લીધા કે જે આહીર સમુદાયમાં આજે પણ પળાય છે!

આ કૃતિના અંતે સભાગૃહ એટલું લાગણીસભર બની ગયું કે સહુએ ઊભા થઈ કલાકારોની આ કૃતિને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી. માત્ર ચિ. ફાલ્ગુનીના નહીં પરંતુ તેના દરેક સંબંધીની આંખોમાંથી હર્ષના આંસુ વહેવા લાગ્યા!

અને એટલે જ તો ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ રણોત્સવના સમયે આ કૃતિ ફરી રજૂ કરવા ચિ. ફાલ્ગુનીને આગ્રહભરી અપીલ કરેલ હતી.

આશા છે કે હવે પછી સ્પંદન પરિવાર દરેક વર્ષે આવા જ સુંદર કાર્યક્રમ અમદાવાદ પરિવાર સમક્ષ પ્રસ્તુત કરતું રહે. ■

## સમાજસેવા

સર્વોદય આશ્રમ, પીંડવળમાં રહેતા શ્રી હરવિલાસબહેનનું નામ તમામ ગાંધીમાર્ગીઓ તથા સર્વોદય માર્ગીઓમાં અત્યંત જાણીતું છે. તેઓ ૧૯૩૧માં જૈન પરિવારમાં જનમ્યા હતા. નાનપણથી જ જૈન સંસ્કારોમાં ઉછર્યા હોવાથી દીક્ષા લઇ આત્મોદ્ધાર કરવાની તીવ્ર ઇચ્છા ધરાવતા હતા. B.A. અને પછી B.Ed. થઇ શિક્ષિકાની નોકરી સ્વીકારી. ત્યાં કાંતાબહેન સાથે સખીપણા થયા. ૧૯૫૭માં વિનોબાજીનો સાદ સાંભળી બન્ને સખીઓ વિનોબાજી પાસે પહોંચી.

વાત વાતમાં હરવિલાસબહેને પોતાની દીક્ષા લેવાની ઇચ્છા વિનોબાજી આગળ વ્યક્ત કરી.

વિનોબાજી : "દીક્ષા લઇને શું કરવું છે?"

હરવિલાસબહેનઃ 'ઇશ્વર સ્મરણ અને આત્માની ઉન્નતિ'

વિનોબાજી : 'તો સતત મહાવીર સ્વામીનું સ્મરણ કરતા રહેવું અને ભગવાને પોતાને જે બુદ્ધિ, સમજણ અને શક્તિ આપી છે તેનાથી સમાજસેવા કરવી એમાં દીક્ષા સમાઇ જાય છે.'

ત્યારથી હરવિલાસબહેને ગાંધીનો રસ્તો પકડી લીધો. તા ૨-૪-૧૦ ના રોજ તેઓ અરિહંતશરણમાં પહોંચી ગયા.

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*જે રીતે પાણી વગર અનાજ નથી ઊગતું તે રીતે વિનય વગર મેળવેલી વિદ્યા ફળદાયી નથી હોતી.*

# જૈન સોશિયલ ગ્રૂપ - અમદાવાદ એ'લીટને ચાર્ટર એનાયત

## ફેડરેશનના ૩૦ વર્ષના ઇતિહાસમાં સહુ પ્રથમવાર ભારતભરમાંથી ૭૧ પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતિ




*દેશ-વિદેશમાં પથરાયેલાં ૩૨૫ જૈન સોશિયલ ગ્રૂપ્સ અને તેના ૫૦,૦૦૦થી પણ વધુ સભ્યોના સન્માનનીય આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી શરદ શાહ નવોદિત જૈન સોશિયલ ગ્રૂપ - અમદાવાદ એ'લીટના નવા વરાયેલા પ્રમુખ શ્રી સંજય પારેખને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ અર્પતું ચાર્ટર એનાયત કરી રહ્યા છે. બાજુમાં રત્નમણિ ગ્રૂપના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જયંતીભાઈ સંઘવી ઉપરાંત એ'લીટ ગ્રૂપના પ્રથમ સન્નારી શ્રીમતી દર્શના પારેખ, ચીફ મેન્ટર અને ફેડરેશનના પૂર્વ આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી સુરેશ કોઠારી તથા માનદ્ મંત્રી શ્રી હિતેન ઉદાણી.*

જૈનોના વિવિધ ફિરકાઓની અનેકતાને એકતામાં પરિવર્તિત કરનાર જૈનોની વિશ્વની સહુથી મોટી સંસ્થા જૈન સોશિયલ ગ્રૂપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનના આંતરરાષ્ટ્રીય પ્રમુખ શ્રી શરદ શાહે અમદાવાદના નવોદિત જૈન સોશિયલ ગ્રૂપ્સ અમદાવાદ એ'લીટને ચાર્ટર એનાયત કરતાં ગૌરવપૂર્વક જણાવેલ કે ફેડરેશનના ૩૦ વર્ષના ઇતિહાસમાં અંદાજે ૩૦૦ નવા ગ્રૂપ્સને આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ આપતાં ચાર્ટર એનાયત થયાં હશે પણ અમદાવાદનું એ'લીટ ગ્રૂપ એકમાત્ર એવું શિષ્ટ-વિશિષ્ટ ગ્રૂપ છે કે જેના ચાર્ટર એનાયત અવસરે ફેડરેશનના ૧૧ આંતરરાષ્ટ્રીય પદાધિકારીશ્રીઓ સહિત ભારતભરમાંથી ૭૧ પદાધિકારીશ્રીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ છે એમ જણાવી આ પ્રકારના ઉત્કૃષ્ટ આયોજન માટે જૈન સોશિયલ ગ્રૂપ અમદાવાદ એ'લીટના સ્વપ્નદ્રષ્ટા અને ફેડરેશનના દૃષ્ટિવંત પૂર્વપ્રમુખ શ્રી સુરેશ કોઠારી અને એ'લીટ ગ્રૂપના નવા વરાયેલા પ્રમુખ શ્રી સંજય પારેખને દેશ-વિદેશમાં પથરાયેલા ૩૨૫ ગ્રૂપ્સ અને તેનાં ૫૦ હજાર સભ્યો વતી અભિનંદન પાઠવ્યા હતા.

આ અવસરે ફેડરેશન પ્રમુખ શ્રી શરદ શાહે સભ્યોના બિઝનેસના ઉત્કર્ષ માટે જે.એસ.જી. પ્રીવિલેજ કાર્ડ તેમજ ઈ-ડિરેક્ટરીના આયોજનની માહિતી આપી ૧૫થી ૨૨ ઓગસ્ટ દરમ્યાન ફેડરેશનના ૩૦ વર્ષના અસ્તિત્વના અનેરા ઉત્સવમાં જોડાવા સહુ સભ્યોને અનુરોધ કર્યો હતો.

આ અવસરે જૈન સોશિયલ ગ્રૂપ અમદાવાદ એ'લીટના સંસ્થાપક શ્રી સુરેશ કોઠારીએ તેમના હૃદયસ્પર્શી ઉદ્‌બોધનમાં જૈન સોશિયલ ગ્રૂપના ઉપક્રમે પરિવારનાં સર્વાંગી વિકાસ માટે નજીકના ભવિષ્યમાં હાથ ધરાનાર કાર્યક્રમોની સંક્ષિપ્ત માહિતી આપી હતી.

આ પ્રસંગે અતિથિવિશેષ પદે ઉપસ્થિત રહેલાં રત્નમણિ ગ્રૂપના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી જયંતીભાઈ સંઘવીએ ભગવાન મહાવીરના આદર્શને મૂર્તિમંત કરવા સભ્યોને અનુરોધ કર્યો હતો. જ્યારે ડૉ. શૈલેષ ઠાકરે 'લીડર મોર અને મેનેજ લેસ' વિષય પર રસપ્રદ વાર્તાલાપ આપી ઉપસ્થિત સહુ કોઈને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ અવસરે નવનીત પબ્લિકેશન લિમિટેડ તેના સોનેરી અસ્તિત્વની સુવર્ણ જયંતી ઉજવી રહી છે ત્યારે નવનીત પબ્લિકેશનના ડાયરેક્ટર અને એ'લીટ ગ્રૂપની કારોબારીના કાર્યદક્ષ સભ્ય શ્રી રાજુભાઈ અને સંગીતાબહેન ગાલાનું ઉષ્માસભર અભિવાદન કરવામાં આવ્યું હતું.

અવસરના આરંભમાં એ'લીટ ગ્રૂપના પ્રમુખ શ્રી સંજય પારેખે તેમની આગવી શૈલીમાં સ્વાગત કર્યું હતું. જ્યારે માનદ્ મંત્રી શ્રી હિતેનભાઈ ઉદાણીએ કાવ્યાત્મક રીતે ઋણ સ્વીકારની લાગણી અભિવ્યક્ત કરી હતી.

આ અવસરે અમદાવાદની પ્રતિષ્ઠિત જૈન સંસ્થા — જીતો, મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ, જૈન સોશિયલ ગ્રૂપ - અમદાવાદ મેઈન, સેન્ટ્રલ, કૃષ્ણનગર, ગાંધીનગર, જૈન જાગૃતિ સેન્ટર, લોટસ ગ્રૂપ ઉપરાંત કચ્છી જૈન સમાજના સંસ્થાપક ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, ટ્રસ્ટી શ્રી શાંતિભાઈ સાવલા સહિત અનેક શ્રેષ્ઠીઓ તેમજ પદાધિકારીશ્રીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ■

## વિચારવા જેવું

★ થોડાંક શબ્દો ઉચ્ચારવાથી અગ્નિની સાક્ષીએ લગ્ન થાય છે... અને થોડાંક વધુ શબ્દો ઉચ્ચારવાથી ઘરમાં અગ્નિનો સાક્ષાત્કાર થાય છે!!

★ સંતાનને સારા સંસ્કાર આપવા ગમે તેટલા પ્રયાસ કરો... આખરે તો એ મા-બાપને જ અનુસરશે!!

★ બરફ જેવી છે આ જિંદગી... જેનો ભૂતકાળ પણ પાણી અને ભવિષ્યકાળ પણ પાણી....

★ પ્રશ્નો તો રહેવાના જ. સુખી લોકોને પ્રશ્ન થાય કે શું કરીએ તો ભૂખ લાગે અને દુઃખી લોકોને પ્રશ્ન છે કે ભૂખ તો લાગે છે, પણ શું કરીએ?!!!

★ ઈશ્વરનું બેલેન્સ કેવું અદ્‌ભુત છે... પાંચ મણ ઘઉંની બોરી ઉપાડી શકે તે મજુર એકી સાથે ખરીદી ના શકે અને જે ખરીદી શકે છે તે શેઠ તેને ઉપાડી ના શકે.

★ શ્વાસ ખૂટી જાય અને ઈચ્છાઓ બાકી રહી જાય.... તે મોત ઈચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહે... તે મોક્ષ!!

*પ્રેષક : કેતન શાહ*

*કોઈપણ ધર્મ ભેદભાવ શીખવતો નથી.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## કચ્છી નૂતન વર્ષ – અષાઢી બીજની ભવ્ય ઉજવણી
## કચ્છી પરિવારોએ નિહાળી બે ફિલ્મો – 'હારૂન-અરૂણ' તથા 'હેડાં-હુડાં'




*પત્રકાર પરિષદ સમયે ડાબેથી ફિલ્મ અભિનેત્રી રાગિણી, શ્રી વિનોદ ગણાત્રા, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી કરશનભાઈ પટેલ તથા શ્રી અતુલ સોની*



*કાંકરીયા પરના અપ્સરા સિનેમા પર બાળ ચલચિત્ર જોવા પધારેલ ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટ. સાથે કચ્છી અગ્રણીઓ.*

અષાઢ માસની સુદ બીજ – અષાઢી બીજ, કચ્છી નૂતન વર્ષનો દિન નજદીક આવે ત્યારે કચ્છીજનોના દિલમાં વતન પ્રેમનો ઉમંગ ઉત્સાહભેર પ્રગટ થાય. વિશ્વભરમાં વસતાં કચ્છી પરિવારો માટે અષાઢી બીજનું મહત્વ અનેરું હોય છે. અમદાવાદમાં વસતા અંદાજે પાંચ હજાર પરિવારો દર વર્ષ કચ્છી નૂતન વર્ષની પરંપરાગત રીતે ઉજવણી કરે છે.

અમદાવાદમાં વસતા કચ્છી પરિવારોની પ્રતિનિધિ સંસ્થા શ્રી કચ્છી સમાજ-અમદાવાદ 'અષાઢી બીજ' ઉજવણીના કાર્યક્રમોનું આયોજન કરે છે. દર વર્ષ અષાઢી બીજ નિમિત્તે હજારથી વધારે સંખ્યામાં કચ્છીજનો સાથે મળી સાંસ્કૃતિક કાર્યક્રમો, મ્યુઝિકલ નાઈટ જેવા કાર્યક્રમો માણી એકબીજાને નૂતન વર્ષની શુભકામના પાઠવે છે.

આ વર્ષે શ્રી કચ્છી સમાજ દ્વારા એક નવતર પહેલ રૂપે કચ્છી નૂતન વર્ષની ઉજવણીના ભાગરૂપે એક ફિલ્મ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

આ મહોત્સવમાં દર્શાવવામાં આવેલ બે ફિલ્મો 'હારૂન અરૂણ' તથા 'હેડાં હુડાં' ખૂબ વિશિષ્ટ હતી.

આ બન્ને ફિલ્મોએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક એવોર્ડ મેળવેલ છે. કચ્છી નિર્માતા-નિર્દેશક શ્રી વિનોદભાઇ ગણાત્રાની આ બન્ને ફિલ્મોની કથાવસ્તુ, લોકેશન, પરંપરાગત પહેરવેશ વગેરે સઘળું કચ્છની ધરતી સાથે સંકળાયેલ છે.

તા. ૧૧-૭-૨૦૧૦ના રવિવારના સવારે ૯.૦૦ વાગે અપ્સરા થિયેટર, પ્રેક્ષકોથી ભરચક હતો. આ પ્રસંગનો લાભ લઇ અમદાવાદના કચ્છી પરિવારોએ અરસપરસ મળી નવા વર્ષની શુભકામના પાઠવી. ત્યારબાદ સૌએ સાથે મળી બે અદ્ભુત ફિલ્મોને માણી.

**ફિલ્મ 'હારૂન-અરૂન'ના મુખ્ય બાળ કલાકાર હેમાંગ ગોર (મસ્કા-માંડવીના વતની), મુખ્ય અભિનેત્રી રાગીણી અને સહ અભિનેત્રી સ્વાતિબેન દવે તથા ફિલ્મના નિર્માતા નિર્દેશક શ્રી વિનોદભાઇ ગણાત્રા આ પ્રસંગે સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા.**

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ માનનીય શ્રી અશોકભાઇ ભટ્ટ તથા કચ્છ અબડાસાના ધારાસભ્ય શ્રી જયંતીભાઇ ભાનુશાળી, ગુજરાતી સાહિત્ય એકેડેમીના પૂર્વ મહામાત્ર ડૉ. હસુ યાજ્ઞિક, ગુજરાતી ફિલ્મોના અભિનય સમ્રાટ શ્રી ઉપેન્દ્રભાઇ ત્રિવેદી અને શ્રી બાબુભાઇ સોની વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને એમણે કચ્છી પરિવારોને નવા વર્ષની શુભકામના પાઠવી હતી તથા સુંદર બાળ ફિલ્મોના નિર્માણ સાથે સંકળાયેલ સર્વે કલાકારોને અભિનંદન પાઠવેલ હતા.

ફિલ્મ શોના મધ્યાંતરમાં કચ્છી સમાજના હોદ્દેદારો દ્વારા માનનીય શ્રી જયંતીભાઇ ભાનુશાલી, શ્રી વિનોદભાઇ ગણાત્રા, રાગિણીબહેન, સ્વાતિબહેન દવે, બાળ કલાકાર હેમાંગ – સર્વેનું ફૂલોના બુકેથી સ્વાગત કરવામાં આવેલ. પોતાના માનીતા ફિલ્મ કલાકારોને રૂબરૂ નિહાળવા-મળવાની તક મળતા પ્રેક્ષકો ભાવવિભોર થઇ ગયેલ. શ્રી જયંતીભાઇ ભાનુશાલીએ તેમના મત વિસ્તાર અબડાસાના લખપત વિસ્તાર ફિલ્મમાં બખૂબી દર્શાવવા બદલ ફિલ્મ નિર્માતાશ્રી વિનોદભાઇ ગણાત્રાને અભિનંદન પાઠવેલ. તેઓએ સૌને કચ્છના અબડાસા લખપત વિસ્તારની મુલાકાત લેવા આમંત્રણ પાઠવેલ.

આ પૂર્વે તા. ૧૦-૭-૨૦૧૦ના રોજ ફિલ્મના નિર્માતા

*જે લોકો સંગીત સાંભળી શકતા નથી તેઓ નૃત્ય કરનારાને પાગલ માને છે.*

વિનોદભાઇ ગણાત્રા તથા અભિનેત્રી રાગિણી અમદાવાદ આવતા, વિમાન મથકે કચ્છી સમાજના અગ્રણીઓએ મહેમાનોનું સ્વાગત કરેલ. એ દિવસે સાંજે ૪.૦૦ વાગ્યે વિશેષ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવેલ. જેમાં પ્રેસ અને ઇલેક્ટ્રોનીક્સ મિડીયાના ૬૦ જેટલા પ્રતિનિધિઓએ હાજરી આપેલ.

પ્રેસ કોન્ફરન્સના પ્રારંભમાં શ્રી અતુલ સોનીએ સર્વેને આવકારી કચ્છી સમાજ દ્વારા થતા આયોજનની માહિતી આપેલ. સમાજના પ્રમુખ શ્રી મનસુખભાઇ પટેલે જણાવેલ કે કચ્છી સમાજ અમદાવાદ, અમદાવાદ-ગાંધીનગર વિસ્તારમાં વસતાં કચ્છી પરિવારો સાથે રહી વિવિધ પ્રવૃત્તિઓનું સફળતાપૂર્વક આયોજન કરે છે. કુદરતી આપત્તિ તથા કચ્છના અન્ય પ્રશ્નોના ઉકેલ માટે કચ્છી સમાજ સદા તત્પર રહી કાર્ય કરે છે. કચ્છી ભાષા, કચ્છની લોક સંસ્કૃતિને ઉજાગર કરવા માટે સાંસ્કૃતિક સાહિત્યિક પ્રવૃત્તિઓ યોજાય છે. આજ હેતુસર કચ્છની ધીંગી ધરાના ધબકાર ઝીલતી બે આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા ફિલ્મો 'હારૂન-અરૂન' તથા 'હેડાં હુડાં'નું આયોજન કરવામાં આવેલ છે.

પત્રકારોને સંબોધન કરતાં શ્રી વિનોદભાઇ ગણાત્રાએ હાલના સમયમાં ચિલ્ડ્રન ફિલ્મ તથા સારી કક્ષાની ગુજરાતી ફિલ્મોના નિર્માણનું કાર્ય પડકારજનક હોવાનું જણાવેલ. તેઓએ અફસોસ વ્યક્ત કરેલ કે આપણા દેશમાં નિર્મિત બાળ ફિલ્મોને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખૂબ માન-સન્માન તથા એવોર્ડસ મળે છે પરંતુ દેશમાં તેનું યોગ્ય સન્માન થતું નથી. આ માટે ફિલ્મ ઉદ્યોગમાં વધારે પડતા કોમર્શિયલાઇઝેશનને કંઇક અંશે જવાબદાર જણાવેલ. કેન્દ્ર અને રાજય સરકારો બાળકો માટે શુધ્ધ સાત્વિક મનોરંજન પૂરું પાડતી બાળ ફિલ્મોને પ્રોત્સાહિત કરશે તેવી આશા વ્યક્ત કરેલ.

ગુજરાતી ફિલ્મો અને રંગમંચના ખૂબ જાણીતા અને માનીતા અભિનેત્રી રાગિણીએ ફિલ્મ નિર્માણ દરમ્યાનના તેમના અનુભવો વર્ણવેલ. શુટિંગ દરમ્યાન કચ્છના લોકોના પ્રેમ અને લાગણી જોવા મળેલ, તેનો ખાસ ઉલ્લેખ કરેલ.

કચ્છ માંડવીના મસ્કા ગામના વતની બાળ કલાકાર હેમાંગે સર્વે પત્રકારોના પ્રશ્નોના જવાબો ખૂબ આત્મવિશ્વાસપૂર્વક આપી સૌને પ્રભાવિત કરેલ. તેઓએ પોતાની સફળતા માટે તેમના પિતાશ્રી, કુળદેવી તથા તેમના શિક્ષિકાને પ્રેરણારૂપ ગણાવેલ.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સમાજના સર્વે ટ્રસ્ટીઓ તથા અગ્રણીઓ શ્રી હરીશભાઇ રંગવાલા, શ્રી જગદીશભાઇ ઠક્કર, શ્રી લખમશીભાઇ ઠક્કર, શ્રી કાંતિભાઇ સાવલા, શ્રી અશોકભાઇ મહેતા, શ્રી હંસરાજ કંસારા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

***અહેવાલ : અતુલ સોની***

## કચ્છ શક્તિ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી

કચ્છી નવા વર્ષ અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ કચ્છ શક્તિ યોજિત એવૉર્ડ વિતરણ સમારંભમાં અતિથિ વિશેષ સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી દામજીભાઇ એન્કરવાલાએ કચ્છ શક્તિની પ્રવૃત્તિને બિરદાવી હતી. તેમણે કહ્યું કે ૩૦-૩૦ વર્ષથી સાતત્ય જાળવવું એ મુશ્કેલ કાર્ય છે, 'કચ્છ શક્તિ' જ આવું કાર્ય કરી શકે.

સંગીતકાર આણંદજીભાઈએ દામજીભાઈનો દાખલો ટાંકીને કહ્યું કે, કચ્છીઓ મોટાં મોટાં કાર્યો કરે અને દેખાડો ન કરે. પચાવી જાણે છે.

સંસ્થાના પ્રમુખ શ્રી હેમરાજભાઈ શાહે સ્વાગત પ્રવચન કરતાં સૌને ઉમળકાથી આવકાર્યા અને કહ્યું કે આ વખતે ૨૩ વિશેષ વ્યક્તિને સન્માનિત કરવાની છે. ખરેખર તો આજે ઓજસના ઓવારણાનો અવસર છે.

એન.સી.પી.ના અગ્રણી અરુણભાઈ ગુજરાતીએ, 'માતૃભાષામાં શિક્ષણ શા માટે જરૂરી?' એ વિષયના ૩૮ નિબંધોના પુસ્તકોનું વિમોચન કર્યું હતું. રાપર વિભાગના ધારાસભ્ય બાબુભાઈ મેઘજી શાહ પણ હાજર રહ્યા હતા.

## પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન

### કચ્છી કાવ્ય સ્પર્ધા - ૨૦૧૦

સ્વર્ણિમ ગુજરાત વર્ષ દરમ્યાન ફાઉન્ડેશને કચ્છી ભાષામાં કાવ્ય સ્પર્ધાનું આયોજન કરેલ છે. સર્વેને વિનંતી કે કાગળની એક બાજુએ સ્વચ્છ અક્ષરે કચ્છી કાવ્ય લખીને મોકલવું. સાથે નામ-સરનામા, ફોન, મોબાઈલ તથા ઈ-મેઈલ અને ઉંમર તેમજ વ્યવસાય - અભ્યાસ કરતા હોય તો તે લખીને મોકલાવવાનું રહેશે. તમારા કાવ્યો ૧૫મી ઓગસ્ટ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો. ત્યારબાદ આવેલી એન્ટ્રીઓ સ્વીકારવામાં નહીં આવે.

તમામ કાવ્યો મૌલિક હોવા જોઈએ તેમજ પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. એક વ્યક્તિ એક જ કાવ્ય મોકલી શકશે. વિજેતાઓને પારિતોષિક અને ઈનામો રોકડ તેમજ ભેટ સ્વરૂપ મોકલવામાં આવશે. મોડી પડેલ કે ગૂમ થયેલ એન્ટ્રીઓની જવાબદારી સંસ્થાની કે આયોજકની રહેશે નહીં.

***સ્પર્ધા માટે કાવ્ય મોકલવાનું સરનામું :***

પ્રમીલા કુરુવા ફાઉન્ડેશન<br>
એમ-૩/૧૫, પ્રગતિ નગર, જૈન દેરાસર લેનમાં,<br>
અમદાવાદ-૧૩. ફોન : ૯૩૨૭૦ ૭૫૪૮૮, ૯૭૨૭૭ ૨૩૯૧૮

# મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*વહાલા વાંચકો,*

મંગલ મંદિરના પ્રશ્નોત્તર વિભાગને જૂન-૨૦૧૦ના ત્રણ વર્ષ પૂરા થયા. જુલાઈ-૨૦૧૦ના અંકના પ્રશ્નોથી નવું વર્ષ શરૂ થશે. મારા ઘણા વાચક મિત્રો સતત ત્રણ વર્ષથી જવાબો આપે છે. તેઓ આખો અંક રસપૂર્વક વાંચે છે અને મહેનત લઈને જવાબો શોધે છે. જવાબો આપનારની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. ઘણા લોકો રેગ્યુલર જવાબો નથી મોકલતા છતાં પણ અમારા ચોપડામાં એમનું નામ લખાઈ જાય છે. એ બધા લોકોને ખૂબ ખૂબ ધન્યવાદ. જુલાઈ-૨૦૦૯થી જૂન-૨૦૧૦ સુધી જેમણે જવાબો આપ્યા છે તેમાંથી ઈનામને પાત્ર થયેલ વ્યક્તિઓના નામો સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં જાહેર કરવામાં આવશે, તે આપની જાણ ખાતર.

ફરીથી બધા વાચકોને નમ્ર વિનંતી કે મંગલ મંદિર આખું વાંચો અને જવાબો આપો. આ તમારું જ મેગેઝીન છે. એ ચલાવવા પાછળ ખૂબ જ મહેનત લેવાય છે. તમારા સાથથી તંત્રી મંડળને ખૂબ સંતોષ થશે. તો ચાલો, થઈ જાવ તૈયાર. નીચે જુલાઈ-૨૦૧૦ના અંકના સવાલો પૂછ્યા છે. તેના સાચા ઉત્તરો આપનાર વાચકોના નામ મંગલ મંદિરના સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં આપવામાં આવશે. આપના ઉત્તરો તા. ૨૦-૮-૨૦૧૦ સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલી આપવા અપીલ કરવામાં આવે છે. ઘણા વાચકોને અંકો મોડા મળવાની ફરિયાદ રહે છે. તો એમના પ્રત્યુત્તર મોડા મળશે તો એ પછીના અંકમાં તેમના ઉત્તરો ખરા હશે તો નામ આવી જશે. વાચકો જવાબો સાથે પોતાના કોન્ટેક્ટ નંબર આપશે તો ક્યારેક કાંઈ વિવાદ થાય તો તમારો તરત સંપર્ક કરી શકાય. ફરી રિપીટ કરું છું, જુલાઈ-૨૦૧૦ના અંકમાં લેખોમાંથી ચૂંટી કાઢેલા સવાલોથી નવું વર્ષ (પ્રશ્નોત્તરનું) શરૂ થાય છે. આશા છે, ખૂબ બધા વાચકો પ્રયત્ન કરશે. ALL THE BEST.

***માસ જૂન-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામઃ***

| | | |
|---|---|---|
| ૧. | ભરતસિંહ ઝાલા, વિનોદ પંડ્યા. | પાના-૧૫ |
| ૨. | ૧ લાખ કિ.મી., નવમું દસક. અહિંસાનો પયગામ. | પાના-૩૦ |
| ૩. | શ્રીમતી મધુરીબહેન દેસાઈ | પાના-૩૫ |
| ૪. | સ્વ. શ્રી કનુભાઈ મહેતા | પાના-૪૮ |
| ૫. | બન્ની અને પાવરપટ્ટી | પાના-૮૯ |
| ૬. | સિંગાપોર | પાના-૮૨ |
| ૭. | રાગ ગાંધી મલ્હાર | પાના-૩૧ |

★

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી વર્ષાબહેન રવિલાલ પારેખ | - અમદાવાદ |
| ૨. | શ્રીમતી દક્ષાબહેન ધનસુખભાઈ શાહ | - અમદાવાદ |
| ૩. | શ્રીમતી કલ્પના એસ. ગાલા | - અમદાવાદ |
| ૪. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૫. | કામિનીબહેન સ્નેહલ શેઠ | - અમદાવાદ |
| ૬. | શ્રીમતી જ્યોત્સનાબહેન શાહ | - અમદાવાદ |
| ૭. | જાગૃતિ અરુણકુમાર જૈની | - અમદાવાદ |
| ૮. | ભારતીબહેન સુરેન્દ્રભાઈ જૈની | - અમદાવાદ |
| ૯. | વિનોદભાઈ કે. મોરબિયા | - મુંદ્રા (કચ્છ) |
| ૧૦. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ |
| ૧૧. | નયનાબહેન અલ્પેશ ગાલા | - અમદાવાદ |
| ૧૨. | શ્રી રમણિકલાલ ગોસર | - અમદાવાદ |
| ૧૩. | શ્રીમતી મધુરી આર. ગોસર | - અમદાવાદ |
| ૧૪. | શ્રીમતી દીપલ તુષાર શાહ | - અમદાવાદ |
| ૧૫. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ |
| ૧૬. | કૃપાલી બી. શાહ | - અમદાવાદ |
| ૧૭. | જયશ્રીબહેન ભરતભાઈ શાહ | - અમદાવાદ |
| ૧૮. | મૈત્રી જયેશ શાહ | - અમદાવાદ |
| ૧૯. | નીકી પુનિત શાહ | - અમદાવાદ |
| ૨૦. | અમર ઉમરશી રાંભિયા | - નડિયાદ |
| ૨૧. | જિતેન્દ્ર ચંદુલાલ શાહ | - અમદાવાદ |
| ૨૨. | દીપલ તુષાર શાહ | - અમદાવાદ |
| ૨૩. | અલ્પા એ. સંઘવી | - અમદાવાદ |
| ૨૪. | મીરા રાહુલ નાગડા | - અમદાવાદ |
| ૨૫. | જયચંદ માણેકજી લોડાયા | - ગદગ |

★

માસ મે-૨૦૧૦ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

પદમણી મહેન્દ્ર ભવાનજી ગોસર - વડોદરા

મૈત્રી જયેશભાઈ શાહ - અમદાવાદ

**★ માસ જુલાઈ-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. કચ્છી નૂતન વર્ષે આપણે કેવા શપથ લેવાના છે? મુખ્યતંત્રી શ્રીના વિચારોનો ટૂંકમાં જવાબ લખો.

૨. રાઓશ્રી ભારમલજી પહેલા ગાદીએ બેઠા ત્યારે કઈ કચ્છી કહેવત પ્રચલિત થઈ?

૩. મહિલા સશક્તીકરણની પ્રવૃત્તિના કારણે ૧૯૯૫નો ‘ચંપાબહેન ગોંધિયા ઍવૉર્ડ’ કઈ મહિલાને એનાયત થયો?

૪. પંક્તિ પૂરી કરો : ‘હે કાળ .... અમારા દિલમાં છે.’
આ પંક્તિઓ કયા લેખમાં છે? લેખનું અને લેખકનું નામ આપો.

૫. ધર્મના પવિત્ર શાસ્ત્રોનું પ્રકાશન કરનાર ગુજરાતના પ્રથમ વ્યક્તિ કોણ હતા? એમણે જે પુસ્તક પ્રકાશન કર્યું તેનું નામ શું હતું?

૬. “ક્રોધનો અભાવ તેનું નામ ક્ષમા” — આ સૂત્ર મંગલ મંદિરના જુલાઈ-૨૦૧૦ના અંકના કયા નંબરના પાના નીચે છે?

***નોંધ : જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૮-૨૦૧૦ છે. ઉપરના બધા પ્રશ્નોના જવાબો ફરજિયાત છે. પ્રશ્નોત્તર આપનારે તેમના કોન્ટેક્ટ નંબર લખવા વિનંતી છે.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : (૦૭૯) ૨૬૭૬૦૨૬૬)***

*આપણા સુખમાં સમાજનો ભાગ છે એમ સમજી માલિકી હક્ક છોડતા જવું એનું નામ દાન — વિનોબાજી.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*જૂન તથા જુલાઈ -૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **કેતન ઠાકરશી ગોસર**
  ૧૦૪/૧૦, અગ્રવાલ નગર,
  માલેગાંવ રોડ,
  ધુલે (મહારાષ્ટ્ર)-૪૨૪ ૦૦૧.
- **રમેશ એચ. ગઢવી**
  પ્લોટ નં. ૧૨૦, વોર્ડ ૧૦/એ,
  ઈફ્કો ગેટની સામે,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૩.
- **ખીમજી ચત્રભુજ લાલકા**
  પ્લોટ નં.-૫૦, સેક્ટર-૩/એ,
  આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫.
- **એ.બી. જેઠવા**
  પાવર હાઉસ પાસે,
  ધવલનગર-૧,
  માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.
- **જયચંદ માણેકજી લોડાયા**
  એસ.એલ. દેસાઈ રોડ,
  કે.ઈ.બી. ઓફિસ પાસે,
  ગદગ-૫૮૨ ૧૦૧.
- **લક્ષ્મીચંદ વી. ધરમશી**
  "આર્ણિક", મુકુંદ નગર,
  એલ.આઈ.સી. ઓફિસ પાસે,
  બીરજાપુર, કર્ણાટક-૫૮૬ ૧૦૪.
- **નીરવભાઈ ગાલા**
  ૩૦૪, મુશ્રી હા.સોસાયટી,
  નંદનવન કોમ્પ્લેક્સ,
  એસ.વી. રોડ, દહીંસર (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૮.

### ૩ વર્ષનું લવાજમ

- **વિક્રમભાઈ એચ. મહેતા**
  સહજ રેસીડન્સી,
  ૮, ગીતાબાગ સોસાયટી,
  પરિમલ ચાર રસ્તા પાસે,
  રેડક્રોસ સોસાયટી પાછળ,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- **શંભુલાલ ચત્રભુજ ભાનુશાલી**
  ૫૩, હરિવલ્લભ સોસાયટી,
  નરોડા, અમદાવાદ-૩૮૨ ૫૨૩.
- **હેત આઈ. શાહ**
  ડી-૧૦૩, ઓકવુડ્સ,
  ગંગા હેમલેટ પાસે,
  વિમલનગર, પૂણે, મહારાષ્ટ્ર-૪૧૧ ૦૧૪.

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **કીર્તિભાઈ ખેતશી ધરમશી**
  આચાર્યશ્રી, તેરા પ્રાથમિક શાળા,
  તેરા, તા. અબડાસા,
  કચ્છ-૩૭૦ ૬૬૦.
- **રવિ કિરણ ગડા**
  વેરશી માણેક એન્ડ કું.
  દુકાન નં.-૧, ૯૫૬,
  કત્રાક રોડ, નિત્યાનંદ મેડિકલ સામે,
  વડાલા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૩૧.
- **વિપુલ રસિકલાલ મહેતા**
  મહેતા એન્ટરપ્રાઈઝ,
  હાર્ડવેરના વહેપારી,
  શિવ શેરીની બાજુમાં,
  દેના બેંક સામે, રાપર, કચ્છ-૩૭૦ ૧૬૫.

### ૩ વર્ષનું લવાજમ

- **ભાવેશ એન. શાહ**
  બી-૧૧, સુપ્રભાત એપાર્ટમેન્ટ,
  ધ્યાન મંદિર રોડ, એસ.કે. બોલે રોડ,
  દાદર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૨૮.
- **શ્યામ આશાભાઈ શાખરા**
  ન્યુ વર્કમેન ક્વાર્ટર નં.-૩૦૦,
  ટાટા કેની, પોસ્ટ : મીઠાપુર, તા. દ્વારકા,
  જિ. જામનગર-૩૬૧ ૩૪૫.

### ૫ વર્ષનું લવાજમ

- **પંકજ વી. છેડા**
  ૧૩૪, એસ.વી. રોડ,
  સી-૧, પેરેડાઈઝ,
  વિષ્ણુબાગ સોસાયટી,
  અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૮.
- **ડૉ. પ્રીતિ એન. શાહ**
  C/o. શ્રી એલ. વી. ગંગર,
  ૩, દેવછાયા એપાર્ટમેન્ટ,
  તીથલ રોડ, વલસાડ-૩૯૬ ૦૦૧.

## યુદ્ધકેદી

પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૯)માં બ્રિટન વતીથી લડતો ભારતની ગોરખા રેજિમેન્ટનો એક સૈનિક ઘવાયો અને યુદ્ધકેદી તરીકે જર્મનોના હાથમાં પડ્યો. તેના બંને પગ સખત ઘવાયા હતા. એક પગ કાપી નાખવામાં આવે તો જ તેનો જીવ બચે એમ હતો. તેનો એક પગ કાપવા માટે જર્મન ડૉક્ટરને તેની સંમતિ જોઈતી હતી. સૈનિક ઘણો ગભરાયેલો હતો કારણકે તેણે યુદ્ધકેદીઓ પર જર્મનોના ક્રૂર જુલમોની વાતો સાંભળી હતી. જર્મન ડૉક્ટર વિમાસણમાં હતા કે સૈનિકની સંમતિ લેવી કેવી રીતે? કારણકે ડૉક્ટર અંગ્રેજી જાણતા ન હતા ને સૈનિક જર્મન ભાષા જાણતો ન હતો.

જર્મન ડૉક્ટરે ઘણો વિચાર કર્યો કે એવો કયો શબ્દ બોલું જેથી સૈનિકના મનમાં વિશ્વાસ બેસે અને ડોકું હલાવીને પગ કાપવા સંમતિ આપે?

ત્યાંજ ડૉક્ટરે સૈનિકના કાન પાસે ત્રણવાર મોટેથી શબ્દોચ્ચાર કર્યો, 'રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર, રવીન્દ્રનાથ ટાગોર.'

સૈનિકના મોં પર ચમક આવી. તેણે હકારમાં ડોકું હલાવી સંમતિ આપી.

*મહેશ દવે કૃત 'કવિતાનો સૂર્ય'માંથી*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

## બીભત્સ ખર્ચા

નક્સલવાદ આપણને પજવે છે પણ આસપાસ ટળવળતી ગરીબી કનડતી નથી. જો કનડતી હોત તો લગ્નના વરઘોડા સાથે અને પાર્ટી પ્લોટ સાથે જોડાયેલા રિસેપ્શનમાં અથવા તો ધાર્મિક સંસ્થાનો દ્વારા ઉજવાતા મહામહોત્સવોમાં જે બીભત્સ ખર્ચા થાય છે તે શક્ય ના બનત. *– ગુણવંત શાહ*

*ધર્મ એટલે અંતઃકરણનું કાવ્ય.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રી હેમેન્દ્રભાઈ સત્યેન્દ્ર શાહ તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો** | |
| ૧. | આત્મકથા ઈંદુલાલ યાજ્ઞિક | ધનવંત ઓઝા |
| ૨. | અધરામૃત | ધૈર્યચંદ્ર ર. બુદ્ધ |
| ૩. | મુંજી માતૃભૂમિ કે નમન | મધુભાઈ પ્રા. ભટ્ટ |
| ૪. | રંગ જાય ના જુવાન | બ્રહ્મકુમાર ભટ્ટ |
| ૫. | નમીએ ગરવા ગુરુને | વજુભાઈ દવે |
| ૬. | અતીતનો આનંદ | હરિલાલ સોમાજી છાયા |
| ૭. | મન મારું પંખીનું | સુશીલા પાઠક |
| ૮. | આરોગ્યબંધુ | પ્રકૃતિ પ્રેમી પરિવાર |
| ૯. | તલાટી - મંત્રી | પીતાંબર પટેલ |
| ૧૦. | Arthritis & Rheumatism | Dr. Luke Fernandes |
| ૧૧. | Back Pain | Pustak Mahal |
| ૧૨. | Sardar Patel | V. N. Dhebar |
| ૧૩. | ડૉ. રાજા રામન્ના | ઉષા જોશી |
| ૧૪. | જિતેન્દ્ર જ્યોતિ | પ.પૂ. ભટ્ટારક |
| ૧૫. | વ્યાયામ અને સૂર્ય નમસ્કાર | જીવનબંધુ પી. ચોક્સી |
| ૧૬. | U.N. Dbehar – A Profile | V. R. Mehta |
| **(૨)** | **શ્રી પૃથ્વી શાહ - ગાંધીનગર તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો** | |
| ૧૭. | લજ્જા | તસલિમા નસરિન |
| ૧૮. | તણખા મંડળ - ૧ | ધૂમકેતુ |
| ૧૯. | તણખા મંડળ - ૨ | ધૂમકેતુ |
| ૨૦. | તણખા મંડળ - ૩ | ધૂમકેતુ |
| ૨૧. | તણખા મંડળ - ૪ | ધૂમકેતુ |
| ૨૨. | શ્રેષ્ઠ વાર્તાઓ | ચંદ્રકાંત બક્ષી |
| ૨૩. | નજર : લાંબી અને ટૂંકી | જ્યોતિન્દ્ર દવે |
| ૨૪. | Etcetra | વિનોદ ભટ્ટ |
| ૨૫. | પ્રાર્થના | મોહમ્મદ માંકડ |
| ૨૬. | ધ બિલિયન ડોલર બુક | સોનલ મોદી |
| ૨૭. | સુખને એક અવસર તો આપો | રમેશ પુરોહિત |
| **(3)** | **ગૂર્જર સાહિત્ય ભવન તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો** | |
| ૨૮. | મહાભારતની જીવન કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ |
| **(૪)** | **શ્રી જગદીશ આર. શાહ - સુરત તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો** | |
| ૨૯. | શ્રુતિ અને સ્મૃતિ કચ્છ | કુંદનલાલ જે. ધોળકિયા |
| ૩૦. | કચ્છી લોક સાહિત્ય - એક અધ્યયન | ડૉ. ગોવર્ધન શર્મા |
| ૩૧. | ટ્રેડલ પ્રિન્ટીંગ | હીરાલાલ ઠાકોરલાલ |

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૫)** | **શ્રી નવીન હીરાચંદ પટેલ (નાગડા) - વડોદરા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | |
| ૩૨. | વડોદરા - કચ્છી જૈન દર્શન<br>૨૦૦૯-૧૦ સરનામા ટેલિ. ડિરેક્ટરી | સંકલન : નવીન પટેલ,<br>હીરજી કેશવજી શાહ |
| **(૬)** | **શ્રી ચિત્રસેન શાહ - ગાંધીનગર તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | |
| ૩૩. | યુરોપની અટારીએથી | સ્વામી સચ્ચિદાનંદ |
| **(૭)** | **શ્રીમતી લતાબહેન સોની તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક** | |
| ૩૪. | લખી રાખો આરસની તક્તી પર | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| **(૮)** | **એક સદ્‌ગૃહસ્થ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | |
| ૩૫. | મોતનો પડકાર | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૩૬. | ઊગતા સૂરજને પ્રણામ | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૩૭. | નજર | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૩૮. | દેવાળું | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| **(૯)** | **આનંદભાઈ સી. વોરા - ગાંધીધામ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | |
| ૩૯. | જંગ ખરાખરીનો | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| ૪૦. | હૈયાની વાત | આ.વિજયરત્નસુંદર સૂરિ |
| **(૧૦)** | **ગુલાબચંદ ધારશી રાંભિયા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો** | |
| ૪૧. | દૃષ્ટાંત દર્પણ | મુનિશ્રી ભુવનચંદ્રજી |
| ૪૨. | અમાસ અને પૂનમ | મુનિશ્રી વાત્સલ્યદીપ |
| ૪૩. | અમર ગુલાબ | શ્રી એમ. પી. પંડિત |
| ૪૪. | શ્રીમદ્ રાજચંદ્ર | સંકલન : તરુબહેન આચાર્ય |
| ૪૫. | બોધસાર | પૂ.શ્રી આત્માનંદજી |
| ૪૬. | જીવન જીવવાની કળા | શ્રી મુકુંદ શાહ |
| ૪૭. | શ્રીમદ્ રાજચંદ્ર પ્રેરક પ્રસંગો | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ |
| ૪૮. | જીવન અને દર્શન | મુનિરાજ ચિત્રભાનુ |
| ૪૯. | સાધનાપથ | આચાર્ય રજનીશ |
| ૫૦. | કલ્યાણપથ | શ્રી સ્વામી ચિદાનંદજી |
| ૫૧. | જો મન ખૂલ્લું હોય તો | જયંત કોઠારી |
| ૫૨. | સનાતન સુખની ગુરુ ચાવી | દાદા ભગવાન |
| ૫૩. | સમાજવાદ | ડૉ. અધીય દેસાઈ |
| ૫૪. | મહાવીર બાવની | શ્રી હેમરાય કારાણી |
| ૫૫. | જ્ઞાનામૃત | શ્રી શશીકાંત શેઠ |
| ૫૬. | જીવન જીવવાની કળા | પૂ.શ્રીકાંતિઋષિજી મહારાજ |
| ૫૭. | શ્રી રાજ હૃદય પ્રવેશિકા | હરશી મેઘજી દેઢિયા |
| ૫૮. | તત્ત્વાનુંશીલન | શ્રી શશીકાંત શેઠ |

*લાગણીનો ગુલામ પોતાના આત્મા અને અસ્તિત્વનો દ્રોહી છે.*

| | | |
|---|---|---|
| ૫૯. | સુખ - શાંતિ સમૃદ્ધિના પંથો | પ્ર.શ્રી એમ.પી. પટેલ ફાઉન્ડેશન - મુકુંદ શાહ |
| ૬૦. | ઉપદેશ છાયા | શ્રીમદ્ રાજચંદ્ર |
| ૬૧. | સરવાણી | કમલા ઠક્કર |
| ૬૨. | વિનોબા બાવની | કવિ દુલાકાગ |
| ૬૩. | દરવાજો ખોલો | શ્રી આર.ડી. દેસાઈ |
| ૬૪. | આધ્યાત્મિક અનુભવો | શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી |
| ૬૫. | કાં પવન બંધ | પં.ચંદ્રશેખર વિજયજી |
| ૬૬. | સપ્તસૂર સપ્તરંગ | રમેશચંદ્ર શિલ્પી |

## (૧૧) કલ્પના નીતિન વેલજી પાલાણી તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો

| | | |
|---|---|---|
| ૬૭. | ઉદ્ધારોહણ | ચંદ્રજિત વિજય |
| ૬૮. | વિશ્વ વિપશ્યના સ્તુપના સ્નેહ | આચાર્ય સત્યનારાયણ |
| ૬૯. | જીવનનું ભાતું | |
| ૭૦. | યોગાસન દ્વારા જીવન નિયમન | દિલીપ સી. વૈદ્ય |
| ૭૧. | શાંતિપથની યાત્રી | હસમુખ શેઠ |
| ૭૨. | ધર્મ જીવે જીવવાની કલા | સત્યનારાયણ ગોયન્કા |
| ૭૩. | હું કોણ છું? | ડૉ. નીરુબહેન અમીન |
| ૭૪. | બન્યું તેજ ન્યાય | ડૉ. નીરુબહેન અમીન |
| ૭૫. | એડજસ્ટ એવરીવ્હેર | ડૉ. નીરુબહેન અમીન |
| ૭૬. | સાથ દમન તણો | ડૉ. નીરુબહેન અમીન |
| ૭૭. | પાનું ફરે પંથ મળે | આચાર્ય ભદ્રંકરવિજયજી |
| ૭૮. | તારે તે તીર્થ | જિતેન્દ્ર દેઢિયા |
| ૭૯. | ભાવના સુધરે ભવોભવ | ડૉ. નીરુબહેન અમીન |
| ૮૦. | ચિંતા | ડૉ. નીરુબહેન અમીન |
| ૮૧. | ક્રોધ દાદા ભગવાન | ડૉ. નીરુબહેન અમીન |
| ૮૨. | ભોગવે એની ભૂલ | ડૉ. નીરુબહેન અમીન |
| ૮૩. | Mathamatics & Statistics (Part-3) Foundation Course | The I.O.C.A. of India |
| ૮૪. | Fundamentals of Accounting (Part-1) Foundation Course | The I.O.C.A. of India |
| ૮૫. | Economics (Part-4) Foundation Course | The I.O.C.A. of India |
| ૮૬. | Supervision and Managing Work Tan Kwank How | Sterling Management |
| ૮૭. | The New CEO Dynamics of Changing Corporate | V.M. Badhiraja |
| ૮૮. | Human Resource Development | Brahma Kumaries |
| ૮૯. | Housing Finance Portfolio Scheduled Commercial Bank a Trend Analysis 2000-05 | National Hou. Bank |
| ૯૦. | The Poet of Imagination | Dr. C.K. Prahlad |
| ૯૧. | Composite Credit Mechanism for the Urbanpoor | International Labour Organisation |
| ૯૨. | New Direction in Asian Housing Finance | International Finance Corp. |
| ૯૩. | India 2008, Business Standard | |
| ૯૪. | Invoding the Inner Potential | B.V. Reddy |
| ૯૫. | Delotite & Touche Tax and Business Guide | Private Circulation |
| ૯૬. | Beyond Forgetting | Rolando A. Carbonell |
| ૯૭. | Memorial Lecture | Nani Palkhivala |
| ૯૮. | Live Today Leave Tomorrow | Swami Anubhavananda |
| ૯૯. | Self Effectiveness | V. Ramachandran |
| ૧૦૦. | Noble Leader | A.M.A. |
| ૧૦૧. | Alberuni's India | Dr. Edward C. Sachau |
| ૧૦૨. | Practical Tips for Purposeful Living | A.M.A. |
| ૧૦૩. | Flowering Within | Akshara |
| ૧૦૪. | Baiding A Symbiotics Future: Exploration in Innovation | A.M.A. |
| ૧૦૫. | Harmony & Disharmony | A.M.A. |
| ૧૦૬. | Management in Daily Life | A.M.A. |
| ૧૦૭. | Khushwant Singh's | |
| ૧૦૮. | Rules of Prakruti | Swami Prabhupad |
| ૧૦૯. | Tattvaloka | S. Subramanian |
| ૧૧૦. | Chinmaya Publications | Chinmaya Mission |
| ૧૧૧. | Lease Financing & Hire Purchase Business | Anabhi Publication |
| ૧૧૨. | Frontiers in Finance | Brendan Nelson |
| ૧૧૩. | Windows & Thoughes | |
| ૧૧૪. | Windows & Thoughes - Maturity | |
| ૧૧૫. | Life Positive | Swami Ramdev |
| ૧૧૬. | Global Ayurveda | |

## (૧૨) ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય તરફથી પ્રાપ્ત થયેલા પુસ્તકો

| | | |
|---|---|---|
| ૧૧૭. | શહીદોની કાંતિગાથાઓ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૧૧૮. | સેવાના ચાંદ | લીના પટેલ |
| ૧૧૯. | મીરજા મહારાવ રાયધણજી બીજાના સમયનું કચ્છ | ડૉ. ઈશ્વરલાલ ગિ. ઓઝા |
| ૧૨૦. | સંશોધનની કેડીએ કચ્છ | નરેશ અંતાણી |
| ૧૨૧. | ઇતિહાસની આરસીમાં કચ્છ | નેણશીભાઈ આર. મીઠિયા |
| ૧૨૨. | કચ્છનાં જૈન તીર્થધામો | પ્રકાશગીરી ગોસ્વામી |
| ૧૨૩. | કચ્છનાં યાત્રાધામો | પ્રકાશગીરી ગોસ્વામી |
| ૧૨૪. | Kutch | Gujarat Tourism |

*લાગણી આપણા જીવનમાં ઉલ્લાસપૂર્ણ સ્વર્ગ સર્જી શકે છે અને અત્યંત દુઃખભર્યું નરક પણ સર્જી શકે છે.*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. ઓસ્ટ્રેલિયા, બેલ્જિયમ, ફિનલેન્ડ, ફ્રાન્સ, જર્મની, આયર્લેન્ડ, ઇટાલી, લક્ઝમબર્ગ, નેધરલેન્ડ, પોર્ટુગલ અને સ્પેઈનમાં તા. ૪-૧-૧૯૯૯નાં રોજથી એકસૂત્ર થવાના હેતુથી "યુરો" નામનું ચલણ શરૂ કર્યું હતું.

૨. ઉત્તરાખંડના દ્રોણાગીરી નામના ગામમાં હનુમાનજીની પૂજા થતી નથી કારણકે હનુમાને સંજીવની માટે દ્રોણાગીરી પર્વત ઉપાડ્યો હતો તેથી લોકો નારાજ હતા.

૩. હાલ વિશ્વના સૌથી ઊંચા બિલ્ડિંગ "બુર્જ દુબઈ"નું તા. ૪-૧-૨૦૧૦ના રોજ ઉદ્‌ઘાટન થયું. એની પાછળ દોઢ અબજ અમેરિકી ડોલરનો ખર્ચ થયો છે. બુર્જની ઊંચાઈ ૮૨૪ મીટર એટલે કે ૨૬૮૪ ફૂટ છે. આ બુર્જ ૧૬૪ માળનું છે. બુર્જનું શિખર ૯૫ કિલોમીટર દૂરથી જોઈ શકાય છે. આ બુર્જમાં ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપવાળી ૫૪ લિફ્ટ આવેલી છે. "બુર્જ દુબઈ"નું બાંધકામ ૨૦૦૪ની સાલમાં શરૂ કર્યું હતું જે ૨૦૦૯ની સાલમાં પૂર્ણ થયું. આ બુર્જ હવે "બુર્જ ખલિફા"ના નામથી ઓળખાશે.

૪. ૨૦૦૮-૨૦૦૯ દરમિયાન કુલ ૨૨૩૦ બાળકો ગુમ થયા હતા. જેમાં ૯૧૫ છોકરા અને ૧૩૧૬ છોકરીઓ હતી. જેમાંથી ૧૩૨૬ બાળકોનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. આની સામે ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન કુલ ૧૭૯૩ બાળકો ગુમ થયા હતા. જેમાંથી માત્ર ૨૧૪નો જ પત્તો લાગ્યો ન હતો. પરંતુ ઘણા કિસ્સામાં બાળકો પાછા પોતાના ઘરે આવી જાય છે, પણ તેની જાણ પોલીસને કરવામાં આવતી ન હોય તેવું બને છે.

૫. દુનિયામાં અંદાજે ૭૫૦ લાખ ઘોડા જોવા મળે છે. તમને જાણીને નવાઈ લાગશે કે ઘોડાની જુદી જુદી ત્રણ ચાલ હોય છે. આ ત્રણ ચાલ એટલે એક સાધારણ, બે રેવાલ અને ત્રીજી છતરાલ ચાલ. એમાં રેવાલ ચાલનો ઘોડો ઉત્તમ ગણાય છે.

૬. દેશમાં ૨૦૦૯ સુધી ૨૦ સેન્ટ્રલ યુનિવર્સિટી, ૩૦૦થી વધુ યુનિવર્સિટી અને અંદાજે ૩૦,૦૦૦ કરતાં વધુ કૉલેજો હતી.

૭. સો ટકા સાક્ષરતા (એટલે અક્ષરજ્ઞાન) ૨૦૨૦માં એટલે દાયકા પછી થઈ જશે. ૧૯૪૭ની આઝાદી સમયે આ પ્રમાણ માત્ર ૧૨ ટકા હતું જે વધીને ૨૦૦૯માં ૬૬ ટકા થયું છે.

૮. ૨૦૨૦ સુધીમાં દેશની ૯૩ ટકા વસતિ લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોમાં વ્યસ્ત હશે તેવી આશા છે.

૯. ભારતમાં બે પ્રખ્યાત ગેટ આવેલા છે જેમાં "ઈન્ડિયા ગેટ" દિલ્હીમાં આવેલો છે અને તેની ઊંચાઈ ૪૨ મીટરની છે. પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન શહીદ થયેલા ભારતીય જવાનોની યાદમાં ૧૯૩૧માં તૈયાર કરીને તેના ઉપર શહીદ થનાર જવાનોના નામ કોતરવામાં આવ્યા છે. જ્યારે "ગેટ વે ઑફ ઈન્ડિયા" મુંબઈમાં સમુદ્ર કિનારે ૧૯૨૪માં બ્રિટનના રાજા જ્યોર્જ પંચમની ભારતયાત્રાની યાદમાં બનાવાયો હતો. તેની ઊંચાઈ ૨૬ મીટર છે. ભારતને આઝાદી મળ્યા પછી અંતિમ બ્રિટિશ સેના આ દરવાજેથી સમુદ્ર રસ્તે ઇંગ્લેન્ડ ગઈ હતી.

૧૦. આઝાદી બાદના થયેલા યુદ્ધોમાં મોરચા ઉપર શહીદ થયેલા લગભગ ૫૦ હજાર શહીદ સૈનિકોનું એક પણ સ્મારક નથી. ■

## રસ્તા હજાર - બહાના હજાર

હું એક ગરીબ મા બાપનો દીકરો. મેં ખાદી પહેરવાનું નક્કી કર્યું ત્યારે જુદા જુદા મિત્રો મને ભડકાવવા લાગ્યા કે ખાદી મોંઘી હોવાથી તને પરવડશે નહીં.

મેં તેઓને જણાવ્યું કે :-

ખાદી પહેરવી નહીં પરવડે તો હું ખાંડ ખાવાનું છોડી દઈશ.
છતાં નહીં પરવડે તો હું ચા પીવાનું છોડી દઈશ
છતાં નહીં પરવડે તો ડગલો પહેરવાનું છોડી ખમીશથી ચલાવી લઈશ
છતાં મોંઘી પડશે તો હું લાંબાની જગાએ ટૂંકું ધોતિયું પહેરીશ.
છતાં મોંઘી પડશે તો કપડાંને સાંધી સમારીને વધુ સમય ચલાવીશ
જો મારે ખાદી પહેરવી જ હોય તો ન કેમ પરવડે?

***માવજીભાઇ વેદ***

***'લોક સ્વરાજ' જૂન ૨૦૧૦ અંકમાંથી***

*જો કરવું જ હોય તો રસ્તા હજાર,*
*જો ન કરવું હોય તો બહાના હજાર...*

***શાંતિલાલ સંઘવી***

## શબ્દ રમત-૫૦નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | થ | સિ | લ | ક | | ભ | | મ | યૂ | રા | સ | ન | | બ |
| કે | | દ્ધિ | | પિ | | ર | તા | શ | | ઝ | | મા | | ર |
| મ | તા | | એ | | વિ | ત | | રૂ | ડું | | પ | જ | વ | ણી |
| ર | વ | | ક | પિ | લા | | ધા | | ગ | લ | ત | | હે | |
| સ | દા | | તા | | પ | ત | રા | વ | ળી | | રા | | મ | ય |
| | ન | વ | રો | જ | | લા | | રા | | વ | જી | ર | | શ |
| પ | | સુ | | લ | ચ | ક | | પ | લં | ગ | | મા | ન | ક |
| ત | ક | | કો | ક | મ | | વં | | | વ | રુ | | ગ | મ |
| | જા | લ | | મ | ન | ખા | દે | હ | | સી | | વા | | લ |
| બ | | ક | પા | ળ | | ત | | વ | | લો | ક | સ | ભા | |
| લા | ખ | | ને | | વી | ર | પ | સ | લી | | લ | | દ | શા |
| | ર | | ત | ત્પ | ર | | થ | | મ | યૂ | ર | | ર | |
| પ | ડ | ત | ર | | તા | ર | | વા | ડી | | વ | | વો | ટ |
| સ્તા | | રા | | મો | | બ | ચા | વ | | શ | | હે | | ન |
| વો | | પ | ના | હ | ગી | ર | | ડી | | ગ | ડ | મ | થ | લ |

જુલાઈ-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૦ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | ચંદ્રા મહેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | સરલા ચંદ્રકાંત શાહ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | ૩ ભૂલ |
| ૬. | ઈન્દ્રવદન મણિલાલ શાહ | - અમદાવાદ | ૩ ભૂલ |
| ૭. | હેમાબહેન આર. દેઢિયા | - | ૪ ભૂલ |

***લાગણી જેટલી ઉલ્લાસ આપતી હોય છે, એવી રીતે વિષાદ પણ મળતો હોય છે. લાગણીને યોગ્ય સંદર્ભમાં સમજવી જોઈએ.***

## શબ્દ રમત-૫૧

*સંકલન : સૂરજલાલ મહેતા*

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | ■ | ૫ | | ૬ | | ■ | ૭ | ૮ |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | ૧૧ | | ■ | | ■ | ૧૨ | ■ | |
| | ■ | ૧૩ | | ૧૪ | ■ | ■ | | ■ | ૧૫ | | ૧૬ | ■ | ૧૭ | |
| ૧૮ | ૧૯ | | ■ | ૨૦ | ૨૧ | | | ■ | | ■ | ૨૨ | ૨૩ | | ■ |
| ■ | | ■ | ૨૪ | ■ | | ■ | ■ | ૨૫ | | ■ | ૨૬ | | | ૨૭ |
| ૨૮ | | ૨૯ | ■ | ૩૦ | | | ૩૧ | ■ | ૩૨ | | | ■ | ■ | |
| | ■ | ૩૩ | | | ■ | ■ | ૩૪ | ૩૫ | ■ | ■ | ૩૬ | ૩૭ | ૩૮ | |
| ૩૯ | | | ■ | ૪૦ | | ૪૧ | ■ | ૪૨ | | ૪૩ | ■ | ૪૪ | | |
| | ■ | ૪૫ | ૪૬ | ■ | ■ | ૪૭ | ૪૮ | ■ | ■ | ૪૯ | | | ■ | |
| | ■ | ■ | ૫૦ | ૫૧ | ૫૨ | ■ | ૫૩ | | ૫૪ | | ■ | ૫૫ | ૫૬ | |
| ૫૭ | ૫૮ | ■ | ૫૯ | | | | ■ | ■ | | ■ | ૬૦ | ■ | | ■ |
| ■ | ૬૧ | | | ■ | | ■ | ૬૨ | | | ૬૩ | ■ | ૬૪ | | ૬૫ |
| ૬૬ | | ■ | ૬૭ | ૬૮ | | ■ | | ■ | ■ | ૬૯ | ૭૦ | | ■ | |
| | ■ | ૭૧ | ■ | | ■ | ૭૨ | | ૭૩ | | ■ | | ■ | ૭૪ | |
| ૭૫ | | ■ | ૭૬ | | | | ■ | | ■ | ૭૭ | | | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૪-૮-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. હૈદરાબાદમાં આવેલું પ્રખ્યાત મ્યુઝિયમ (૫)
૫. એક છોડ – અડવાથી પાન સંકોચાય (૪)
૭. મહેંદી (૨)
૯. ધાબળો, નસ (૨)
૧૦. ફળના રસનું બનાવેલું પીણું (૪)
૧૨. સદી, સૈકો (૧)
૧૩. ઠીંગણું (૩)
૧૫. દાસ, સેવક (૩)
૧૭. તફાવત, રહસ્ય (૨)
૧૮. જાડો પ્રવાહી પદાર્થ (૩)
૨૦. તપાસ કરવી, ભાળ કાઢવી (૪)
૨૨. નરમ સ્વભાવનું, ભલું (૩)
૨૪. ગાય (૧)
૨૫. કાપડની પહોળાઈ, ગજું (૨)
૨૬. સુરેન્દ્રનગર જિલ્લાનું એક ગામ (૪)
૨૮. ... માત્ર ભૂલને પાત્ર (૩)
૩૦. મેઘ, વાદળ (૪)
૩૨. હદ, લાજશરમ (૩)
૩૩. રૂપું, ચાંદી (૩)
૩૪. પ્યાલો (૨)
૩૬. રમી રહેલું, આનંદ માનતું (૪)
૩૯. પરશુરામની માતા (૩)
૪૦. મૂળ ઉપરથી ઉતારેલું બીજું લખાણ (૩)
૪૨. કૃતઘ્ન, દેશદ્રોહી (૩)
૪૪. ગધેડો (૩)
૪૫. પરમેશ્વર (૨)
૪૭. ત્રણ પૈસા, સાવ બોડું (૨)
૪૯. પખવાડિયાની સાતમી તિથિ (૩)
૫૦. ચાલવું, ચાલ-ગતિ (૩)
૫૩. ઘરનો આગલો ખંડ (૪)
૫૫. જુવાન પુરુષ (૩)
૫૭. રગ (૨)
૫૯. ભાંગેલું હૃદય-મન (૪)
૬૦. ભય (૧)
૬૧. દીવો, બત્તી (૩)
૬૨. અંતરપટ, જુદાઈ (૪)
૬૪. ઝૂંપડી (૩)
૬૬. પગથિયાવાળો કૂવો (૨)
૬૭. એકદમ, ઝટ (૩)
૬૯. એક દિવસની મુસાફરી જેટલું અંતર (૩)
૭૧. બી કાઢી લીધેલો કપાસ (૧)
૭૨. રાવણની પત્ની (૪)
૭૪. આફત, હાણ (૨)
૭૫. કામદેવની પત્ની (૨)
૭૬. હદ, સીમા (૪)
૭૭. અતિપ્રિય, વિશ્વાસુ, જીવજાન (૫)

### ઊભી ચાવીઓ

૧. સેવા ચાકરી (૪)
૨. તાકડો, દાવ (૨)
૩. સ્થાવર... મિલકત (૩)
૪. પુરોહિત (૨)
૫. વ્યસન, ટેવ (૨)
૬. ચંદ્ર (૩)
૮. બ્રહ્માના એક માનસપુત્ર (૩)
૧૧. પેટને ડાબે પડખે આવેલ અવયવ (૩)
૧૩. ઘર પછવાડે આંતરેલી જગ્યા (૨)
૧૪. કેફી ચીજથી ચડતો કેફ (૨)
૧૫. શ્રાવણ સુદ નોમ (૪)
૧૬. ઘોડેસવાર ટુકડીનો નાયક (૫)
૧૭. બીક, દહેશત (૩)
૧૯. ઢોરના નીરણ માટેની જગ્યા (૩)
૨૧. ધાંધલ, ધમાચકડી (૩)
૨૩. .... ચોરાશીના ફેરા (૨)
૨૭. અસ્તવ્યસ્ત, વેરણખેરણ (૬)
૨૮. માતૃભૂમિ, જન્મભૂમિ (૬)
૨૯. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૩૦. સંભાળ, સાચવણી (૩)
૩૧. પરવાનગી, છુટ્ટી (૨)
૩૫. એક કઠોળ, બાજુ (૨)
૩૭. સમારકામ, જીર્ણોદ્ધાર (૪)
૩૮. મહિનો (૨)
૪૧. થોડા વાળની સેર (૨)
૪૩. સ્વાદવર્ધક ચીજ, ફળદ્રુપ (૩)
૪૬. બગલા જેવો ઠગારો ભગત (૫)
૪૮. ક્રોધ, રોષ (૨)
૫૧. તલ્લીન, ગરક (૨)
૫૨. યમરાજ પાસેથી બ્રહ્મવિદ્યા શીખી લાવનાર બ્રાહ્મણકુમાર (૪)
૫૪. વીર યોદ્ધો, ખંડિયો રાજા (૩)
૫૬. કુમળા અને ઝીણા વાળ (૩)
૫૮. વજીર, મંત્રી (૩)
૬૨. આંતરો, ઓઝલ (૩)
૬૩. રુવાંટું, શરીર પરના વાળ (૨)
૬૪. એકંદર, તમામ (૨)
૬૫. મુસ્લિમોનો પવિત્ર માસ (૪)
૬૬. કપિ (૩)
૬૮. લખાણ ભૂંસવાનું સાધન (૩)
૭૦. ઉત્સવ - આનંદનો દિવસ (૩)
૭૨. ધીમું, ધીરું (૨)
૭૩. ઓસડ, ઔષધ (૨)
૭૪. શરીરની ઊંચાઈ કે જાડાઈ (૨)

*પૃથ્વી એક કાવ્ય છે. એવું કાવ્ય જેનો કદી અંત નથી.*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૦૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૮-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ સપ્ટેમ્બર-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

## ક્રમાંક - ૧૦૦૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | | ૯ | | ૫ | | ૭ |
| ૩ | ૮ | | ૬ | | | | | |
| | ૨ | | | | | | | ૬ |
| ૭ | | | ૧ | ૫ | | | ૨ | |
| | | ૨ | | ૭ | | ૩ | | |
| | ૯ | | | ૬ | ૨ | | | ૫ |
| ૯ | | | | | | | ૪ | |
| | | | | | ૩ | | ૧ | ૯ |
| ૧ | | ૩ | | ૪ | | | | ૨ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | | | | | | ૭ | ૨ |
| ૫ | ૩ | | | | | | ૧ | ૬ |
| | | ૪ | | ૭ | | ૯ | | |
| | | ૨ | ૪ | | ૭ | ૮ | | |
| | | | ૧ | | ૯ | | | |
| | | ૮ | ૬ | | ૫ | ૭ | | |
| | | ૫ | | ૪ | | ૩ | | |
| ૩ | ૭ | | | | | | ૫ | ૪ |
| ૪ | ૨ | | | | | | ૮ | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | | ૮ | | ૯ | ૭ | | |
| | ૭ | | | | | | ૮ | ૪ |
| ૬ | | | | ૩ | | | | |
| ૮ | | | ૪ | | ૬ | | | ૨ |
| | | ૩ | | | | ૪ | | |
| ૪ | | | ૨ | | ૩ | | | ૭ |
| | | | | ૯ | | | | ૧ |
| ૧ | ૬ | | | | | | ૫ | |
| | | ૮ | ૩ | | ૧ | | ૭ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | ૩ | | | ૮ | ૨ | | |
| ૯ | | | | | ૩ | ૧ | ૬ | |
| | | | | | ૭ | ૯ | | ૮ |
| ૪ | | | | | | ૬ | ૭ | |
| | | | | ૭ | | | | |
| | ૬ | ૧ | | | | | | ૨ |
| ૧ | | ૬ | ૫ | | | | | |
| | ૮ | ૭ | ૪ | | | | | ૯ |
| | | ૯ | ૭ | | | ૫ | ૧ | |

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૪ |
| ૨ | ૭ | ૪ | ૩ | ૮ | ૬ | ૧ | ૫ | ૯ |
| ૧ | ૬ | ૯ | ૪ | ૫ | ૨ | ૩ | ૮ | ૭ |
| ૩ | ૨ | ૧ | ૮ | ૪ | ૯ | ૬ | ૭ | ૫ |
| ૬ | ૯ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ | ૩ | ૮ |
| ૪ | ૫ | ૮ | ૭ | ૬ | ૩ | ૯ | ૧ | ૨ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૫ | ૯ | ૬ |
| ૯ | ૮ | ૨ | ૬ | ૩ | ૫ | ૭ | ૪ | ૧ |
| ૫ | ૧ | ૬ | ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૩ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૨ | ૫ | ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૧ |
| ૪ | ૮ | ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ |
| ૧ | ૭ | ૬ | ૯ | ૨ | ૪ | ૩ | ૫ | ૮ |
| ૭ | ૫ | ૪ | ૮ | ૯ | ૧ | ૬ | ૨ | ૩ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૩ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૨ | ૭ | ૧ | ૫ |
| ૨ | ૬ | ૭ | ૩ | ૫ | ૮ | ૧ | ૪ | ૯ |
| ૫ | ૯ | ૮ | ૧ | ૪ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૪ | ૧ | ૨ | ૭ | ૯ | ૫ | ૮ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૫ | ૯ | ૧ | ૬ | ૩ | ૨ | ૭ |
| ૬ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૧ | ૮ | ૪ |
| ૩ | ૧ | ૨ | ૭ | ૮ | ૪ | ૬ | ૫ | ૯ |
| ૫ | ૩ | ૬ | ૨ | ૪ | ૮ | ૯ | ૭ | ૧ |
| ૭ | ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૪ | ૬ |
| ૪ | ૨ | ૧ | ૬ | ૭ | ૯ | ૮ | ૩ | ૫ |
| ૨ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૧ | ૩ |
| ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૨ |
| ૯ | ૫ | ૭ | ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૬ | ૭ | ૮ | ૨ | ૯ | ૫ | ૩ |
| ૭ | ૫ | ૨ | ૯ | ૬ | ૩ | ૪ | ૧ | ૮ |
| ૮ | ૩ | ૯ | ૧ | ૫ | ૪ | ૬ | ૭ | ૨ |
| ૫ | ૬ | ૪ | ૩ | ૯ | ૭ | ૮ | ૨ | ૧ |
| ૯ | ૭ | ૧ | ૮ | ૨ | ૫ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૮ | ૩ | ૪ | ૧ | ૬ | ૫ | ૯ | ૭ |
| ૪ | ૨ | ૮ | ૬ | ૭ | ૯ | ૧ | ૩ | ૫ |
| ૬ | ૧ | ૫ | ૨ | ૩ | ૮ | ૭ | ૪ | ૯ |
| ૩ | ૯ | ૭ | ૫ | ૪ | ૧ | ૨ | ૮ | ૬ |

સુડોકુ-૧૦૦૭ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં. -૧૦૫

ચંદ્ર પોતાના પ્રકાશને સમસ્ત આકાશમાં ફેલાવે છે. પણ પોતાના કલંકને પોતાની પાસે રાખે છે. – રવીન્દ્રનાથ

## સુડોકુ-૧૦૦૭

*જુલાઈ-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૭નો ઉકેલ મોકલનારની નામાવલિ*

| | | | |
|---|---|---|---|
| ૧. | કરણ લક્ષ્મીચંદ મહેશ્વરી | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | મિતેશ જે. દેઢિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | પંકજ લક્ષ્મીચંદ મોતા | - અમદાવાદ | બધા સાચા |
| ૫. | ભરત આણંદજી રાંભિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૬. | નીરાલી દિનેશ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૮. | યોગિની ચેતન શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | સરલાબહેન ચંદ્રકાંત શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | ભક્તિ કિરણ ત્રેવાડિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | કાર્તિક કમલેશ લાલન | - અમદાવાદ | બધા સાચા |
| ૧૨. | લીના મણિલાલ શાહ | - વડોદરા | બધા સાચા |
| ૧૩. | રૂપલ કેયૂર લોડાયા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૪. | મીના પુંકેશ નાગડા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૫. | કામિની સ્નેહલ શેઠ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૬. | બકુલ એચ. શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૭. | મૈત્રી જયેશ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૮. | ભારતી મનીષ વોરા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૯. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૨૦. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ | બધા સાચા |
| ૨૧. | નીના અશોક ગોરજી | - અમદાવાદ | બધા સાચા |
| ૨૨. | રીંકલ દેવેન્દ્રકુમાર ત્રેવાડિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૨૩. | ઉષા નીતિન હરિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૨૪. | ઉષ્મા શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨૫. | સ્મિતા શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨૬. | કિરણકુમાર ઉમરશી રાંભિયા | - અમદાવાદ | બધા સાચા |
| ૨૭. | જ્યોતિબહેન લક્ષ્મીચંદ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨૮. | દ્રવ્યા ખુશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૨૯. | મમતા જિતેન્દ્ર શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩૦. | મૂલચંદ હીરજી ધુલ્લા | - મુંબઈ | બધા સાચા |
| ૩૧. | હર્ષા વિનોદ મોરબિયા | - મુંદ્રા | બધા સાચા |
| ૩૨. | વર્ષા પારેખ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૩૩. | લક્ષ્મીચંદ વિશનજી ધરમશી | - બીજાપુર | ૨ ભૂલ |

## ગામડું, નગર અને મહાનગર

વૃક્ષોની ભરચક વસતિમાં થોડાંક મનુષ્યો જોવા મળે તેવી જગ્યાને ગામડું કહેવાય. મનુષ્યોની ભરચક વસતિમાં થોડાં વૃક્ષો જોવા મળે તેવી જગ્યાને નગર કહેવાય અને જે સ્થળે વૃક્ષોનાં થડની સંખ્યા કરતાં બત્તીના થાંભલાની સંખ્યા વધી જાય તેને મહાનગર કહેવાય.

**— *ગુણવંત શાહ***

# સુડોકુ શા માટે?

• હરખચંદ સાવલા •

સુડોકની રમત, સફળ જીવનની રમત સાથે ખૂબ સામ્ય ધરાવે છે. સુડોકુના નિયમો ખૂબ સરળ છે. કોઈ સરવાળા - બાદબાકી - ગુણાકાર કે કોઈ ભાષા - શબ્દજ્ઞાન જરૂરી નથી. સુડોકુ રમત ખૂબ સરળ પણ હોય, ખૂબ અઘરી પણ થઈ શકે.

સુડોકુમાં ૯ ખાનાવાળા ૯ ચોકઠા હોય છે. તેમ સફળ જીવનમાં ૯ વર્ષવાળા ૯ ભાગ હોય છે.

૧. **૧થી ૯ વર્ષ :** બાળપણના. ચાલવા-દોડવાનું. શબ્દો - ગણિતનું શિક્ષણ લેવું, વિવિધ રમતો રમવી.

૨. **૧૦થી ૧૮ વર્ષ :** યુવાવસ્થાની શરૂઆત. સ્કૂલ-કૉલેજ યુનિ.માં જ્ઞાન મેળવવું. સ્વતંત્ર જીવનની તૈયારી કરવી.

૩. **૧૯થી ૨૭ વર્ષ :** ખૂબ અગત્યનો સમય છે આ. ભણતર પૂરું કરી, કારકિર્દીની શરૂઆત કરવી. જીવનસાથીની પસંદગી કરી કુટુંબ જીવનની શરૂઆત કરવી.

૪. **૨૮થી ૩૬ વર્ષ :** સંતાનોને સારી રીતે ઉછેરવા. વડીલો હવે રિટાયર થશે. તેમની સાર-સંભાળ કરવી અને સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેવો.

૫. **૩૭થી ૪૫ વર્ષ :** જીવનનું મધ્યાહ્ન છે. આ વર્ષોમાં ઘરની અને સમાજની જવાબદારીઓ સૌથી વધારે રહેશે. પોતાના શરીરની પૂરી કાળજી લેવી. CAQ-10 લેવાનું શરૂ કરવું. વીતી ગયેલા વર્ષો કરતાં આગળ વર્ષો ઓછા રહેશે.

૬. **૪૬થી ૫૪ વર્ષ :** જીવનમાં જે મળ્યું હોય કે મેળવ્યું હોય તેનો પૂરો સદુપયોગ કરી તમારી આવતી પેઢીને પગભર કરવા. વડીલોને સુખ-શાંતિ મળે તેના પ્રયાસ કરવા.

૭. **૫૫થી ૬૩ વર્ષ :** વૃદ્ધાવસ્થાની તૈયારી કરી, આદરેલા કાર્યો પૂરા કરવા. જવાબદારીઓ નવી પેઢીને સોંપતા જવું.

૮. **૬૪થી ૭૨ વર્ષ :** આટલા વર્ષો સફળતાથી જીવ્યા, તે બદલ કુટુંબ - સમાજ - દેશનો આભાર માનવો. સંસારના દરેક પાસામાંથી મુક્તિ મેળવવી.

૯. **૭૩થી ૮૧ વર્ષ :** હવે તમારું જીવન - સુડોકુ સફળ જાણવું. આપણા દેશની એવરેજ આવરદા કરતાં તમે આગળ છો તે જાણી બધાનો આભાર માનવો.

૮૧થી આગળના વર્ષો, પ્રભુએ આપેલા ઈનામ કે બોનસ જાણવા.

સુડોકુ રમવા મગજમાં જે પ્રક્રિયા થાય છે, તે જ પ્રક્રિયા સફળ જીવનના નિર્ણયો લેવામાં જરૂરી છે.

સુડોકુ રમવા પેન્સિલ વાપરવી જેમાં બીજા છેડે રબ્બર હોય. ભૂલો સુધારવા તેમજ સફળ જીવનમાં ભૂલો સુધારવાની તૈયારી સાથે રાખવી.

સફળ જીવન માટે કોઈ મોટી સંપત્તિ, ભણતર કે ફિલોસોફીની જરૂર નથી. જરૂર છે ફક્ત પાયાના નિયમો પાળવાની.

આ પાયાના નિયમો શું હોઈ શકે, તે સમાજને જણાવવા, આપણા જ્ઞાની - અનુભવી મહાનુભાવોને વિનંતી.

**કેટલાક દેશોની સરેરાશ જીવન આવરદા :** જાપાન-૮૨, સીંગાપોર-૮૨, સ્વિટ્ઝરલેન્ડ-૮૧, ઇંગ્લેન્ડ-૭૨, યુ.એસ.એ.-૭૬, શ્રીલંકા-૭૫, ઇજિપ્ત-૭૨, ભારત-૬૮, નેપાળ-૬૫, પાકિસ્તાન-૬૪, બાંગ્લાદેશ-૬૦.

## ઘરનું બજેટ કેવી રીતે નક્કી કરશો

૧. **ઘરખર્ચ માટે ૨૫ ટકા રકમ ફાળવો જ ફાળવો :** ઘરખર્ચ જેવા કે અનાજ, શાકભાજી, કરિયાણું, મનોરંજન, યાત્રાપ્રવાસ, નાની-નાની ખરીદી માટે આવકની ૨૫ ટકા રકમ ફાળવવી જોઇએ. આ એક એવો ખર્ચ છે કે જેમાં ક્યારેય કાપ મૂકી શકાય નહીં.

૨. **આવકના ૧૦ ટકા રકમ બચતમાં રોકો :** નિવૃત્તિમાં કામ લાગે તેમજ મોટી બીમારી, બાળકોનાં ઉચ્ચ શિક્ષણ અને આકસ્મિક ખર્ચને પહોંચી વળવા માટે કમાણીની શરૂઆતથી જ ૧૦ ટકા રકમ લાંબાગાળાની બચત યોજનાઓમાં રોકવી જોઇએ, પછી જ હોમલોનથી માંડીને અન્ય દેવાં માટે વિચારી શકાય.

૩. **હોમલોનનો હપ્તો આવકના ૩૫ ટકા જ રાખો :** હાઉસિંગ લોનનો હપ્તો તમારી આવકના ૩૫ ટકા સુધી જ હોવો જોઇએ, પરંતુ ૪૦-૬૦ ના રેશિયોના કારણે હાથ ઉપરની મર્યાદિત કેશના પ્રશ્નને સોલ્વ કરવા માટે ઘણાં લોકો ઊંચી આવક દર્શાવીને વધુ હોમલોન લઇને ગજા બહારનો હપ્તો ભરતાં હોય છે.

૪. **અન્ય દેવાનું પ્રમાણ ૧૫ ટકા જ રાખો :** મ્યુઝિક સિસ્ટમ, વોશિંગ મશીન, ટીવીથી માંડીને કોઇ પણ ચીજવસ્તુ લોનથી ખરીદવી હોય તો તેનો હપ્તો આવકના ૧૫ ટકાથી વધી જાય નહિ તેનો ખાસ ખ્યાલ રાખો. કારણકે વગર વ્યાજની કહેવાતી આવી ખરીદીના હપ્તામાં કંપનીઓ, બેન્કો પ્રોસેસ ચાર્જથી માંડીને અન્ય છુપા ખર્ચ હેઠળ ૨૪-૩૦ ટકા સુધીનું વ્યાજ પડાવી લેતી હોય છે.

૫. **શિક્ષણ માટે ૧૫ ટકા ફાળવો :** બાળકોનાં શિક્ષણ પાછળ ૧૫ ટકા રકમ અલગ ફાળવો અથવા જમા કરી નાખો. જેથી બાળકો મોટાં થાય ત્યારે તેમના ઉચ્ચ શિક્ષણની ફીથી માંડીને સ્ટેશનરી સુધીની તમામ જરૂરિયાતો પૂર્ણ થઇ શકે.

*'દિવ્ય ભાસ્કર' દૈનિકમાંથી*

*મોટા બનવું હોય તો પહેલાં નાના બનો.*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ મહિલાઓને પગભર કરતા પ્રકલ્પના ભાગ તરીકે નલિયા (તા. અબડાસા) ખાતે ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થા દ્વારા રેક્ઝીન બેગ બનાવવા અંગેની તાલીમનો આરંભ કરાયો હતો. તાલીમ લેનારી બહેનોને માસિક રૂા. ૧,૦૦૦/- સ્ટાઈપેન્ડ અપાશે અને તાલીમ પૂર્ણ થયા બાદ બી.પી.એલ. બહેનોને સાધન કીટ અપાશે.

★ મૂળ કચ્છના તબીબ ડૉ. નવીન ઠક્કરનું ૨૦૦૯-૧૦ દરમ્યાન પોલિયો નાબૂદી ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન બદલ રોટરી ફાઉન્ડેશન દ્વારા મહેસાણામાં સન્માન કરવામાં આવ્યું હતું. દક્ષિણ-પૂર્વ એશિયામાં પોલિયો નાબૂદીની શ્રેષ્ઠ કામગીરી તેમણે બજાવી હતી. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી પોલિયો નાબૂદી ક્ષેત્રે કામગીરી કરી રહ્યા છે અને પોલિયો પર ૧૫થી વધુ પુસ્તકો લખ્યા છે.

★ ગાંધીધામથી રવાના થયેલી ગાંધીધામ - દાદર મિડ ટાઉન ટર્મિનસ સાપ્તાહિક ટ્રેનનું દાદર ખાતે કચ્છી ભાઈ-બહેનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ટ્રેન કાયમ માટે મહિનામાં ચાર વખત મુંબઈ સુધી દોડાવવાની માંગણી અગ્રણીઓ તરફથી કરવામાં આવી હતી.

★ કચ્છને લીલુંછમ અને હરિયાળું બનાવવા મોટા પાયે લીંબોડીનું વાવેતર કરવામાં આવશે. જમીન પર પથરાયેલા ગાંડા બાવળમાં વચ્ચે લીંબોડી નાખવાથી વરસાદમાં તે ઊગી નીકળે છે અને બાવળનું તેને રક્ષણ મળે છે.

★ કચ્છમાં નિર્માણ પામેલી ફિલ્મ 'હારૂન-અરુન'ને શ્રીલંકાના બુદ્ધિસ્ટ ફિલ્મ ફેસ્ટીવલની જ્યુરી દ્વારા 'સ્પેશિયલ જ્યુરી ઍવૉર્ડ' જાહેર કરાયો હતો. આ ફિલ્મમાં નાયક તરીકે મસ્કા (તા. માંડવી) ગામના રિક્ષા ચાલકનો પુત્ર હેમાંગ છે અને દિગ્દર્શન પણ કચ્છના વિનોદ ગણાત્રાનું છે. આ ફિલ્મને આ ચોથો ઍવૉર્ડ મળ્યો હતો.

★ શિરડી સાંઈબાબાના દર્શને નીકળેલા મૂળ ગજોડ (તા. મુંદ્રા)ના અને મુંબઈમાં વિલેપાર્લે રહેતા અને હિંદમાતા ખાતે દુકાન ધરાવતા કચ્છી વેપારીનું શિરડી નજીક થયેલા અકસ્માતમાં તેમનું, તેમના પત્ની અને પુત્રનું અવસાન થયું હતું.

★ કચ્છમાં ગીધની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. તાજેતરની ગીધ પક્ષીની વસતિ ગણતરીમાં કચ્છમાં તેમની સંખ્યા ૨૩૨ની નોંધાઈ હતી જે ૨૦૦૫ની ગણતરી દરમ્યાન ૯૦૦ની હતી.

★ દાયકાઓ ઉપરાંતના સમયથી મુંદ્રાની શાક માર્કેટનું નિર્માણ થયેલું છે. ટ્રાફિકથી ધમધમતા બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલી આ શાક માર્કેટ વર્ષ ૨૦૦૧ના ભૂકંપથી ખખડી ગયેલી છે અને ઈમારત જોખમી બની છે. કોઈ દુર્ઘટના સર્જાય તે પહેલાં સંબંધિત સ્તરેથી પગલાં લેવાય તે જરૂરી છે.

★ નખત્રાણાનું સામૂહિક આરોગ્ય કેન્દ્ર તબીબો ટેક્નિશિયનો, કર્મચારીઓ ઉપરાંત સાધનો અને સુવિધાની ઘટ ધરાવે છે. આથી તાલુકાની જનતાને સારવાર લેવા તકલીફ પડે છે અને ખાનગી દવાખાનાનો આશરો લેવો પડે છે.

★ કોટેશ્વર - નારાયણ સરોવરથી આડેસર - સૂરજબારી રસ્તા વચ્ચે આવેલા બમ્પર ઉપર સફેદ પટ્ટા કે રિફ્લેક્ટર લગાડવાની રજૂઆત થઈ છે. જેથી આ રોડ પર થતા અકસ્માતો નિવારી શકાય.

★ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગો દૈનિક ૫ કરોડ ૭૦ લાખ લિટર પાણી નર્મદા યોજનાનું વાપરે છે. કચ્છમાં આવેલા ૯૭ ઉદ્યોગોને નર્મદાનું પાણી ૮ કરોડ ૩૫ લાખ લિટર મંજૂર કરવામાં આવ્યું છે. પણ મંજૂર થયેલા જથ્થા કરતાં લગભગ ૨ કરોડ ૫૬ લાખ લિટર પાણી ઓછું મળે છે.

★ અબડાસામાં થયેલા આગોતરા વરસાદ પછી ખેડૂતોએ વાવણી કાર્ય આરંભ્યું હતું અને ૮૦થી વધુ ગામોની અંદાજિત દોઢ લાખ એકરમાં મગફળીનું વાવેતર કરાયું હતું.

★ ભુજના વાણિયાવાડ ડેલામાં ખરતરગચ્છ જૈન સંઘના ઉપાશ્રય 'કુશલ ભવન'નું ભૂમિપૂજન સંપ્રદાયના સાધુ સંતો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયું હતું.

★ મુલુંડ (મુંબઈ)માં નવી બંધાતી ઈમારતનો કાટમાળ પડતાં ૬૫ વર્ષની વયના એક કચ્છી વ્યાપારીનું મોત નિપજ્યું હતું. સાભરાઈ (તા. માંડવી)ના આ વ્યાપારીના માથામાં ગંભીર ઈજા થઈ હતી.

★ માધાપર (તા. ભુજ)ના પોલીસ થાણાના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ વાલાભા શિવરાજભા બારોટ (ગઢવી) રૂા. ૧૦ હજારની લાંચ લેતા, લાંચ રુશવત વિરોધી બ્યૂરો દ્વારા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

★ નારાયણ સરોવરના બ્રહ્મલીન સંત મધુસુદન લાલજી મહારાજની સ્મૃતિમાં દર વર્ષે અપાતા ઍવૉર્ડ આ વર્ષે પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં સેવાકીય ક્ષેત્રે પ્રબોધભાઈ મુનવર, કચ્છી સાહિત્ય ક્ષેત્રે ડૉ. વિશનજી નાગડા, કવિતા ક્ષેત્રે તેજપાલ ધારશી 'તેજ' તેમજ બીજા ક્ષેત્રોમાં અન્ય કેટલીક જાણીતી વ્યક્તિઓનો સમાવેશ થતો હતો.

★ ગુજરાતના વિખ્યાત નવલકથાકાર અને વાર્તાકાર કચ્છી સર્જક વિનેશ

*ખોટો ઘમંડ સર્વનાશનું કારણ બને છે.*

અંતાણીને તેમના સમગ્ર સાહિત્ય ખેડાણ માટે દર્શક ફાઉન્ડેશન દ્વારા ‘દર્શક સાહિત્ય ઍવૉર્ડ - ૨૦૦૯’ જાહેર થયો છે. સાહિત્ય, શિક્ષણ અને ગ્રામોત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિ - સંસ્થાને પ્રતિવર્ષ દર્શક ઍવૉર્ડ આપી સન્માનિત કરાય છે.

★ તાજેતરના વર્ષોમાં અટવાઈ ગયેલી કચ્છની નર્મદા શાખા નહેરનું કામ ઝડપી ગતિએ આગળ ધપાવવા નિર્ણાયક પગલું લેવાયું હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિ.એ કચ્છ શાખાના વિવિધ કાર્યો માટે ટેન્ડર જારી કર્યા હતા. નિગમના ડાયરેક્ટર તરીકે નિમાયેલા પૂર્વ ધારાસભ્ય મુકેશભાઈ ઝવેરીએ કામગીરી ઝડપભેર આગળ ધપાવી હતી.

★ વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થયા બાદ ગત વર્ષના ચોપડા સહિતની વસ્તુઓ રદ્દીમાં ફેંકી દે તેને બદલે ભુજની સત્યમ્ સંસ્થાએ જરૂરતમંદો સુધી આવા ચોપડા, કંપાસ, વોટરબેગ, જૂની બેગ પહોંચે તેવી પ્રવૃત્તિ હાથ ધરી હતી.

★ મુંબઈના કચ્છી અગ્રણી શ્યામ શાહે ગાંધીધામ - મુંબઈ વચ્ચે નિયમિત ધોરણે વધારાની ટ્રેન આપવા માંગણી કરી હતી અને કચ્છી પ્રવાસીઓને અનુકૂળ હોય તેવું સમયપત્રક આ ટ્રેનનો ગોઠવવા જણાવ્યું હતું.

★ કેન્દ્ર સરકારની સંસ્થા કેન્દ્રીય શુષ્ક વિસ્તાર અનુસંધાને કેન્દ્ર (કઝરી) દ્વારા પાણીનો અનિયમિત અને અપૂરતો જથ્થો તથા સૂકી આબોહવા ધરાવતા કચ્છમાં ટકી શકે અને ખેડૂતોને પૂરતું વળતર આપે તેવા પાકોના બીજ તૈયાર કરવામાં આવ્યા છે. જે વેચાણ અર્થે ખુલ્લા મૂકવામાં આવ્યા હતા.

★ મુંબઈની સંસ્થા કચ્છ શક્તિએ ‘શા માટે માતૃભાષા (ગુજરાતી)માં શિક્ષણ જરૂરી?’ વિષય અંગે નિબંધ સ્પર્ધા યોજેલી તે સ્પર્ધાના પરિણામ સંસ્થાના પ્રમુખ હેમરાજ શાહે જાહેર કર્યા હતા. જેમાં પ્રથમ ચારને પુરસ્કારો તથા અન્ય આઠને આશ્વાસન ઈનામો જાહેર કર્યા હતા.

★ મુંદ્રા તાલુકાના પત્રી ગામે તા. ૨૧ જૂનથી કૃત્રિમ વરસાદના પ્રયોગો હાથ ધરાયા હતા. ૩૧મી જુલાઈ સુધી દરરોજ અને ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં જરૂરિયાત મુજબ પાંચ-પાંચ દિવસે આ પ્રયોગ કરાશે. કૃત્રિમ વરસાદનો પ્રયોગ કરનાર લાયજા પછી પત્રી બીજું ગામ છે.

★ અમદાવાદની સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટના ન્યાયાધીશ સતીષચંદ્ર હેમચંદ વોરાનો પુત્ર જય વોરા ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં પસંદગી પામનાર વાગડ સાત ચોવીસી સમાજનો પ્રથમ વિદ્યાર્થી બન્યો છે. અગાઉ બી.ટેક.માં નિરમા યુનિવર્સિટીમાં જયે છઠ્ઠું સ્થાન મેળવ્યું હતું.

★ ઝરપર (તા. મુંદ્રા) ગામમાં અમુક અસામાજિક તત્ત્વો દ્વારા ગુંડાગીરી કરીને ભય અને આતંકનું વાતાવરણ ઊભું કરવામાં આવતું હોવાની રજૂઆત સાથે ઝરપર ગામના હોદ્દેદારો સાથે ગ્રામજનો ભુજ ખાતે રેલી કાઢીને સૂત્રોચ્ચાર કર્યા બાદ વહીવટી તંત્રના વડાઓને આવેદન પત્ર આપ્યા હતા.

★ અબડાસામાં ગાંડા બાવળનો ફેલાવો મોટા પ્રમાણમાં થયો છે. તેથી પશુ ધનને ખૂબ જ મુશ્કેલી પડે છે. આથી આ તાલુકામાંથી ગાંડા બાવળને મૂળથી કાઢી જમીનો ખૂલ્લી કરાવવા તંત્ર સમક્ષ રજૂઆતો કરાઈ હતી.

★ માંડવીના ટોપણસર તળાવના અંદરના પરિસરમાં તેમજ પાણીના વહન પર કાયમી સ્વરૂપના બાંધકામની કામગીરી હાથ ધરાતાં ભુજમાં જિલ્લા પ્રિન્સિપલ સિનિયર જજની કોર્ટમાં મનાઈ હુકમ વગેરેનો દાદ માંગતો દાવો દાખલ કરાયો હતો.

★ કચ્છમાં રિક્ષાઓના ભાડા બેફામ લેવાય છે. ભુજની ભારતીય સેવા મહિલા મંડળના નેતૃત્વ હેઠળ રિક્ષા ચાલકોના સંગઠનના અગ્રણીઓ સાથે યોજાયેલી બેઠકમાં ભુજમાં યોગ્ય ભાડું વસૂલવાની ખાતરી અપાઈ હતી.

★ સાડાઉ (તા. મુંદ્રા) ખાતેના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે યોજાયેલા ખારેક ફળ પ્રદર્શન હરીફાઈ અને ખેડૂત પરિસંવાદ - ૨૦૧૦નું આયોજન કરાયું હતું. જેમાં માર્કેટિંગ, વાવેતર વિશે માર્ગદર્શન અપાયું હતું. લાલ ખારેક અને પીળી ખારેકની હરીફાઈ યોજાઈ હતી અને બંને ગ્રૂપમાં પ્રથમ ત્રણ-ત્રણને પુરસ્કારો અપાયા હતા.

★ જાણીતા પર્યાવરણ વિજ્ઞાની અને મોટી વિરાણી સ્થિત સેન્ટર ફોર ડેઝર્ટ અને ફોરેસ્ટમાં આવતા દેશ વિદેશના પ્રકૃતિ પ્રેમીઓ સાથે વરસના અનેક દિવસો ઘોરાડ અભયારણ્ય કે બન્નીના ઘાસિયા મેદાનોમાં ફરતા રહેતા જુગલકિશોર તિવારીએ કરેલા સૂચન મુજબ વિલુપ્તિના આરે આવેલા ઘોરાડ પંખીને નષ્ટ થતું બચાવવા માટેના પ્રયાસોમાં સરકાર સાથે ઉદ્યોગગૃહો, સ્થાનિક લોકો અને નિષ્ણાતોને સામેલ કરવા જોઈએ.

★ ભુજ શહેર માટે સંભારણારૂપ જય હિંદ ટોકિઝના તત્કાલીન સંચાલકને સિને જગતનો પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે ઍવૉર્ડ એનાયત કરાયો હતો. સિનેમા લાઈનમાં સેવા આપવા બદલ અને સિનિયર મોસ્ટ એક્ઝિબિટર્સ તરીકે ધનજી શા ફુટાયરોઝ હોડીવાલા શેઠને આ ઍવૉર્ડથી સન્માનિત કરાયા હતા.

★ મંદબુદ્ધિ, એટીઝન, બહુવિધ વિકલાંગતા અને મગજનો લકવો એમ કચ્છના ચાર પ્રકારના ૮૨૨ વિકલાંગોને વાર્ષિક એક લાખની નિરામયા હેલ્થ પોલિસી હેઠળ આવરી લેવાયા હતા. કચ્છમાં આ વિકલાંગતાના ૧૫૬૮ જેટલા વિકલાંગો છે. આ

નિરામયા યોજના કેન્દ્ર સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના નેશનલ ટ્રસ્ટ વતી દેશના ૧૦ જિલ્લામાં અમલી બનાવાઈ છે.

★ સુરતમાં વર્ષોથી વસતા વિવિધ સાત કચ્છી જૈન જ્ઞાતિઓના પ્રતિનિધિઓની મળેલી એક સભામાં શ્રી કચ્છી જૈન સમાજ - સુરત (અને નવસારી)ની સ્થાપના કરવામાં આવી હતી. આ સમાજના પ્રથમ પ્રમુખ તરીકે વાગડ સાત ચોવીસી જૈન જ્ઞાતિના લહેરચંદ નેમચંદ મહેતાને ચૂંટી કાઢ્યા હતા. સુરત - નવસારીમાં અંદાજે ૭૫૦થી ૮૦૦ જેટલા પરિવારો દાયકાઓથી રહે છે.

★ અમદાવાદની સંસ્થા પ્રમિલા કુરુવા ફાઉન્ડેશન દ્વારા સ્વર્ણિમ ગુજરાત વર્ષ દરમ્યાન કચ્છી ભાષામાં કાવ્ય સ્પર્ધાનું આયોજન કરાયું છે અને વિજેતાઓને પુરસ્કૃત કરાશે.

★ મૂળ રવા (તા. અબડાસા) ગામના દશા ઓસવાળ જ્ઞાતિના જયંત લક્ષ્મીચંદ લાપસિયાની દિલ્હીમાં ૩થી ૧૪ ઓક્ટોબર દરમ્યાન આયોજિત કોમનવેલ્થ ગેઈમના વિશેષ કોમેન્ટેટર તરીકે વરણી થઈ છે. કોમનવેલ્થ ગેઈમ્સમાં ૭૦થી વધુ દેશો ભાગ લેશે.

★ કેન્દ્રીય પર્યાવરણમંત્રી જયરામ રમેશે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ઘોરાડ પંખીની ઘટતી જતી સંખ્યા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતો પત્ર લખી કચ્છના અબડાસામાં ઘાસિયા મેદાનોમાં આવેલી એકમાત્ર આ પંખીની વસાહતને બચાવવા પગલાં લેવા પત્ર લખી વિનંતી કરી હતી.

★ રાજ્યના મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન, પાટનગર યોજના અને મહિલા અને બાળ કલ્યાણ મંત્રી આનંદીબહેન પટેલે અદાણી ગ્રૂપ નિર્મિત મુંદ્રા રેલવે ઓવર બ્રિજનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ બ્રિજ રૂા. ૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ છે.

★ ગુજરાત સરકાર દ્વારા લખપત તાલુકાને વિકાસશીલ તાલુકો જાહેર કરાયો છે. વિકાસના ભાગરૂપે લખપતના દસ ગામોની લગભગ ૫૦૦ બહેનોને ભરત ગૂંથણનો કસબ શિખવાડવાના અભિયાનનો આશાપુરા બહુલક્ષી સેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ત્યાં આરંભ થયો હતો. ભરતગૂંથણ શિખવાડવાના નિઃશુલ્ક વર્ગો જી.એમ.ડી.સી.ના સહયોગથી યોજાઈ રહ્યા છે.

★ મૂળ તેરા (તા. અબડાસા)ના અને હાલ અમદાવાદમાં રહેતા કુ. પન્નાબહેન નીતિન મોમાયા જી.પી.એસ.સી.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડન્ટ ઑફ પોલીસ પદે નિયુક્ત થયા હતા. વર્ષ ૨૦૦૧માં તેઓ સબ ઈન્સ્પેક્ટર તરીકે વરણી પામી રાજ્યના પોલીસદળમાં જોડાયા હતા.

★ વોશિંગ્ટન (અમેરિકા) ખાતે આયોજિત ગ્લોબલ હેલ્થ કોન્ફરન્સમાં ડબલ્યુ.એચ.ઓ.ના અગ્રણીએ બિદડા હોસ્પિટલમાં થતી બધી સર્જરી ડબલ્યુ.એચ.ઓ.ના ધારાધોરણ મુજબ કરવામાં પોતાની બધી જ મદદ કરવા તૈયારી ડૉ. મીના ચેરિયને દર્શાવી હતી. આ કોન્ફરન્સમાં ૮૮ દેશોના ૨૫૦૦ નિષ્ણાતોએ ભાગ લીધો હતો.

★ કેન્દ્રના વન અને પર્યાવરણ પ્રધાન જયરામ રમેશે દાંડી ખાતે કરેલી જાહેરાત અનુસાર કચ્છના અખાત અને દાંડીને ઈકો સેન્સેટીવ ઝોન બનાવવામાં આવશે.

★ પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવર અને કોટેશ્વરને પર્યટનધામ તરીકે વિકસાવવાનું કાર્ય ગુજરાતના પ્રવાસન નિગમ તરફથી રૂા. ૧૩ કરોડના ખર્ચે હાથ ધરાયું છે. સરોવરને ઊંડું કરવાનું અને સ્રાવ ક્ષેત્રને સુધારવાનું કામ ચાલુ કરાયું હતું.

★ ટી.વી. સિરિયલ "બાલિકા વધુ"ના આનંદીના પાત્રથી કરોડો લોકોના દિલ જીતી લેનાર અવિકા ગોર હવે આ સિરિયલમાંથી વિદાય લેવાની છે. આ સિરિયલના લગભગ ૫૦૦ એપિસોડ પૂરા થયા છે. અવિકાને અન્ય સિરિયલો અને ફિલ્મમાંથી ઑફરો આવી છે. હાલ અવિકા ધોરણ-૮માં કાંદિવલીની સ્કૂલમાં અભ્યાસ કરે છે.

★ જુલાઈ માસમાં કચ્છમાં વાવણી લાયક વરસાદ થયો છે. જો કે હજી મન મૂકીને સચરાચર વરસાદ પડ્યો નથી. મોટાભાગના ડૅમોમાં નવા નીરનું આગમન થયું છે.

*(નોંધ : આ વિભાગમાં તા. ૧૦ જુલાઈ, ૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર લેવામાં આવ્યા છે. — સં.)*

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*


## અદેખાઈ

*'તેરી તડપ સે ન તડપા થા મેરા દિલ લેકિન,*
*તેરે સુકૂન સે બેચેન હો ગયા હૂં મૈં.'*

***સાહિર લુધિયાનવી***

પોતાનું કામ કરવા કરતાં બીજાની અદેખાઇ કરવામાં ઘણા લોકો સમય બરબાદ કરતા હોય છે. આવી વૃત્તિ રાખનારા બીજાની પ્રગતિથી વિચલિત થઇ હંમેશાં અસંતુષ્ટ રહ્યા કરે છે. સાહિર લુધિયાનવી આ શેરમાં કહે છે - તારી પીડાથી મારા દિલ પર કોઇ અસર થઇ નહોતી પણ તને મળેલાં સુખ-ચેનથી મારું દિલ બેચેન થઇ ગયું છે. બીજા દુઃખી હોય કે પીડિત હોય ત્યારે મદદ કરવાનું મન થતું નથી. જ્યારે કોઇને સુખી કે સમૃદ્ધ જોઇએ છીએ ત્યારે અદેખાઇ આવે છે. આપણી પાસે શું છે તેની કદર કર્યા વિના બીજાનું સુખ-ચેન (સુકૂન) ખટક્યા કરે છે. આવી સરખામણી આપણાં દુઃખનું કારણ બની જાય છે.

***બકુલ બક્ષી***




## સરનામા ફેરફાર

- **સોમચંદ લક્ષ્મીચંદ લોડાયા**
  ૧૦૫, નવનીત ભવન,
  બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
  મો. ૯૪૨૭૨ ૪૧૦૨૯

## સગપણ

- **મંગળવાર, તા. ૧૩-૭-૨૦૧૦**
  **ચિ. ફોરમ હરખચંદ નાનજી શાહ (પોલડિયા) (તલવાણા - અમદાવાદ)**
  **ચિ. મિહિર મહેશ શાહ (ડાભલા - અમદાવાદ)**
- **મંગળવાર, તા. ૧૩-૭-૨૦૧૦**
  **સંકેત સૂર્યકાંત ખીમજી ગડા (પત્રી, મુંબઈ)**
  **રચના ભરત વિશનજી ભેદા (ભુજપુર - અમદાવાદ)**

## લગ્ન

- **બુધવાર, તા. ૧૪-૭-૨૦૧૦**
  **ગ્રીષ્મા (સ્વીટી) હસ્મિતા - હસમુખ લાલજીભાઈ સાવલા (રામાણિયા - અમદાવાદ)**
  **નંદિશ - જ્યોત્સના હરખચંદ રતનશી ગાલા (છસરા - નવસારી)**

## અવસાન નોંધ

- **કેસરબહેન દામજી હીરજી શાહ** (ઉં.વ.-૭૭) (કપાયા, તા. મુંદ્રા – અમદાવાદ) (સહકાર સ્ટોર્સ)નું મંગળવાર, તા. ૨૦-૭-૨૦૧૦ના અમદાવાદ મધ્યે દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.


**એક સદ્‌ગૃહસ્થ તરફથી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને**
**રૂા. ૧૫,૦૦૦/-નું દાન મળેલ છે.**
**ખૂબ ખૂબ આભાર.**

## સાભાર સ્વીકાર

- **શ્રીમતી રક્ષાબહેન ભરત વિશનજી ભેદા (ભુજપુર - અમદાવાદ)** તરફથી તેમની સુપુત્રી **ચિ. રચના**ની શુભ સગાઈ નિમિત્તે મંગલ મંદિરને રૂા. ૧૫૧/- સપ્રેમ ભેટ મળેલ છે.
- **શ્રી જયંતીલાલ કાનજી દેઢિયા** (ગામ મોખા) તરફથી તેમના સુપુત્ર **ચિ. મિતેશ** મે-૨૦૧૦માં લેવાયેલ સી.એ.-ફાઈનલની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા તેની ખુશાલીમાં 'મંગલ મંદિર'ને રૂા. ૧૫૧/- સપ્રેમ ભેટ મળેલ છે.

*ઉપરોક્ત સર્વે ભેટોનો સાભાર સ્વીકાર કરવામાં આવેલ છે.*

## સમાજનું ગૌરવ



### શ્રી જય સતીષ હેમચંદ વોરા

★અમદાવાદ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટના ન્યાયાધીશ તેમજ આપણા સમાજના સભ્ય શ્રી સતીષભાઈ હેમચંદ વોરાના સુપુત્ર શ્રી જય વોરા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટમાં પ્રવેશ માટે લેવાયેલ કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ૯૯.૬૮ ટકા માર્કસ મેળવેલ છે. તેમણે મૌખિક ઈન્ટરવ્યૂ તથા જૂથ ચર્ચાના આધારે આઈ.આઈ.એમ. રાંચીમાં એમ.બી.ના અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવેલ છે. આ ટેસ્ટ માટે સારાયે ભારતભરમાંથી ૨.૧૨ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. અગાઉ પણ બી.ટેક.માં નિરમા યુનિવર્સિટીમાં છઠ્ઠું સ્થાન મેળવનાર શ્રી જય વોરા યુનિવર્સિટી દ્વારા ટાટા કન્સલ્ટન્સી સર્વિસમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે સીધી ભરતી પામેલ.

શ્રી જય વોરાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબ ખૂબ અભિનંદન અને પ્રગતિના સોપાન સર કરતા રહે તેવી શુભેચ્છા.



### શ્રી જશવંતભાઈ જયંતીલાલ કોઠારી

★તા. ૨૭-૬-૨૦૧૦ને રવિવારના રોજ દિનેશ હોલ - આશ્રમ રોડ મધ્યે મળેલ જૈન સંમેલન - ૨૦૧૦માં સમાજના સભ્ય શ્રી જશવંતભાઈ જયંતીલાલ કોઠારી (પલાંસવા - કચ્છ)ને તેમની જીવદયા તથા JITO પ્રેરિત ક્ષમણ આરોગ્યમ્ સેવા પ્રવૃત્તિઓને બિરદાવાઈ. અમદાવાદ શહેરના મેયર શ્રી કાનાજી ઠાકોરના વરદ્ હસ્તે તેમને શાલ ઓઢાડી તથા માળા પહેરાવી, શહેરના દરેક જૈન ફિરકાના પ્રતિનિધિઓની હાજરીમાં જૈન સમાજના ગૌરવવંતા "શાસન દીપક" તરીકેનું સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ હતું.

શ્રી જશવંતભાઈ કોઠારીની સેવાકીય પ્રવૃત્તિઓની સરાહના કરી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ અભિનંદન આપે છે.

*કૃતજ્ઞતા હૃદયની સ્મૃતિ છે, ક્ષમા મોટાઈની નિશાની છે.*

# ચૂંટણી પંચ

## વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટેની ચૂંટણી વિશેની અગત્યની જાહેરાત

તા. ૨૬-૭-૨૦૧૦ના રોજ સવારના ૯.૩૦ વાગે ચૂંટણીપંચની બેઠક મળેલ હતી અને આવેલ ઉમેદવારી પત્રકો તપાસવામાં આવ્યા હતા. નીચે મુજબના પત્રકો ચકાસણી બાદ મંજૂર કરવામાં આવેલ છે.

- **દાતા ટ્રસ્ટી (૩ જગ્યા)**

૧. શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ
૨. શ્રી હસમુખ ઉગરચંદ ગઢેચા
૩. શ્રી હીરજી પાસુભાઈ શાહ

- **સામાન્ય ટ્રસ્ટી (માનદ્ ગ્રૂપ – ૨ જગ્યા)**

૧. શ્રી કાંતિલાલ રામજીભાઈ શાહ
૨. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી
૩. શ્રી મૂળજીભાઈ નરશી લોડાયા
૪. શ્રી વીરેન્દ્ર રાઘવજી લોડાયા

- **સામાન્ય ટ્રસ્ટી (સ્વજન ગ્રૂપ – ૧ જગ્યા)**

૧. શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર

- **કારોબારી સભ્ય (૬ જગ્યા)**

૧. શ્રી કિશોર મૂળજી લાલકા
૨. શ્રી પદમશી ચત્રભોજ ડાઘા
૩. શ્રી પંકજ મેઘજી ગોગરી
૪. શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
૫. શ્રી બાબુભાઈ ખેતશી મહેતા
૬. શ્રી લક્ષ્મીચંદ શામજી વીરા
૭. શ્રી હીરેન કુંવરજી શાહ

*સભ્યો ચૂંટણી પંચ*

| | |
|---|---|
| **સહી/-** | **સહી/-** |
| **આણંદજી વેલજી વીરા** | **પોપટલાલ નેણશી ઘરોડ** |

- **નોંધ :**

૧. ઉમેદવારોની ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૯ ઓગસ્ટ, ૨૦૧૦ સાંજના ૪ વાગ્યા સુધી.
૨. ઉમેદવારો અંગેની છેલ્લી પરિસ્થિતિની જાહેરાત તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૧૦ના રોજ સમાજના નોટિસ બોર્ડ ઉપર મૂકવામાં આવશે.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ઓગસ્ટ મહિનાના અગત્યના કાર્યક્રમો

- **વાર્ષિક સામાન્ય સભા** :– દિનાંક : રવિવાર તા. ૨૨-૮-૨૦૧૦
  સમય : સવારમાં ૯.૩૦ વાગે
  સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.
- **વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના ટ્રસ્ટ મંડળની પ્રથમ મિટિંગ** :– દિનાંક : રવિવાર તા. ૨૨-૮-૨૦૧૦
  સમય : બપોરના ૩.૦૦ વાગે
  સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.
- **વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની કારોબારી સભાની પ્રથમ મિટિંગ** :– દિનાંક : રવિવાર તા. ૨૨-૮-૨૦૧૦
  સમય : સાંજના ૫.૦૦ વાગે
  સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.

<u>નોંધ</u> :

- વાર્ષિક સામાન્ય સભામાં સહુ સભ્યોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ.
- ટ્રસ્ટ મંડળની સભામાં સહુ ટ્રસ્ટીશ્રીઓને ઉપસ્થિત રહેવા નિમંત્રણ.
- કારોબારી સમિતિની સભામાં સહુ કારોબારી સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*નાણા ભોગની નહીં, ભક્તિની વૃત્તિથી કમાવા જોઈએ.*

## ધ્વજવંદન કાર્યક્રમ

### રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦

દર વખતની માફક આ વખતે પણ રવિવાર તા. ૧૫-૮-૨૦૧૦ના સવારના ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં સમાજના અગ્રણી વડીલ એવા **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**ના વરદ્ હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. આ પ્રસંગે સહુએ મોડામાં મોડા સવારમાં ૮.૫૫ સુધી શ્રી કચ્છી જૈન ભવનના પટાંગણમાં ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

રાષ્ટ્રના રંગે રંગાયેલા, અમદાવાદ - ગાંધીનગર સ્થિત કોઈ પણ કચ્છી તેમજ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના સર્વે ડૉક્ટર્સ તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજના સ્ટાફના સભ્યો તેમજ અમદાવાદ સ્થિત કોઈ પણ વ્યક્તિને ધ્વજવંદનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

૯.૦૦ વાગ્યાના ધ્વજવંદન બાદ "સરસ્વતી સન્માન"ના કાર્યક્રમમાં પણ પધારવા અપીલ કરવામાં આવે છે.

*કાર્યક્રમ : ધ્વજવંદન*

*દિવસ : રવિવાર તા. ૧૫-૮-૨૦૧૦*

*સમય : સવારમાં ૯.૦૦ વાગે*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન પરનું પટાંગણ.*

સમાજના સિનિયર તથા સેવાભાવી સભ્ય એવા શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવનાર છે.

ધ્વજવંદનના કાર્યક્રમમાં ઉપસ્થિત રહી, રાષ્ટ્રીય ભાવના વ્યક્ત કરવા સહુને ભાવભર્યું નિમંત્રણ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સરસ્વતી સન્માન કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા છેલ્લા ઘણા સમયથી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન સ્વામિવાત્સલ્યના દિવસે કરવામાં આવે છે. અન્ય કાર્યક્રમો અને સન્માનોની સાથે સન્માનિત વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાતો ન હોવાથી વિદ્યાર્થીઓને યોગ્ય રીતે પ્રોત્સાહિત કરવાના હેતુથી સમાજના વડીલગણ અને પુરસ્કાર સમિતિ, શિક્ષણ અને ઇતર ડેવલપમેન્ટ સમિતિ અને યુવા વિકાસ સમિતિના સંલગ્નથી ધોરણ-૮ અને તેની ઉપરના વિદ્યાર્થીઓનું સન્માન શૈક્ષણિક માહિતી સભર કાર્યક્રમ "સરસ્વતી સન્માન"નું આયોજન તા. ૧૫-૮-૨૦૧૦ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે યોજેલ છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સહુને નિમંત્રણ.

**કાર્યક્રમની વિગત**

| | | |
|---|---|---|
| ૯.૩૦ થી ૯.૩૫ | : | મંચ પર મહાનુભાવોનું આગમન |
| ૯.૩૫ થી ૯.૪૦ | : | સરસ્વતી સ્તુતિ |
| ૯.૪૦ થી ૯.૪૫ | : | આવકાર પ્રવચન |
| ૯.૪૫ થી ૯.૫૦ | : | દીપ પ્રાગટ્ય |
| ૯.૫૦ થી ૯.૫૫ | : | દાતાશ્રીઓનું સન્માન |
| ૯.૫૫ થી૧૦.૩૫ | : | વક્તવ્ય - ઇતર અને શિક્ષણ ડેવલપમેન્ટ સમિતિ |
| ૧૦.૩૫ થી૧૨.૧૫ | : | વિદ્યાર્થીઓનું સન્માન |
| ૧૨.૧૫ થી૧૨.૨૦ | : | આભારવિધિ. |

કાર્યક્રમની પૂર્ણાહુતિ બાદ ભોજનની વ્યવસ્થા રાખેલ છે.

**અતિથિ વિશેષશ્રીઓ :**

૧. શ્રી રાજુભાઈ ગાલા (નવનીત પ્રકાશન)
૨. શ્રી જયેશભાઈ શાહ (નવભારત સાહિત્ય)
૩. શ્રી પંકજભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)

● **વિવિધ યોજનાઓના દાતાશ્રીઓ :**

૧. ઉચ્ચ શિક્ષણ પ્રતિભા પારિતોષિક યોજના
૨. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૦)
૩. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ) : **માતુશ્રી વિમળાબહેન કેશવજી શાહ પરિવાર**
૪. શૈક્ષણિક પારિતોષિક યોજના (ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ) : **શ્રી ઉમરશીભાઈ જેઠાભાઈ કુરુવા પરિવાર**
૫. શૈક્ષણિક મહિલા પારિતોષિક યોજના (ધોરણ-૧૦ તથા ૧૨) : **શ્રીમતી પ્રમીલાબહેન ઉમરશી જેઠાભાઈ કુરુવા પરિવાર**

વિવિધ યોજનાઓના દાતાશ્રીઓને વિનંતી કે જે તે યોજનાના દાતાશ્રીઓના વરદ્ હસ્તે પુરસ્કાર એનાયત કરવાના હોવાથી તે પરિવારના કોઈ એક સભ્યને જરૂરથી સમયસર ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવે છે.

ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના તમામ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને વિનંતી કે 'સરસ્વતી સન્માન'ના કાર્યક્રમમાં સમયસર પધારી પોતાના એવૉર્ડ તથા પુરસ્કાર મેળવી લેવા.

**નોંધ :**

૧. સભ્યોને ખાસ જણાવવાનું કે રજિસ્ટ્રેશન સમયે ભોજનના પાસ મેળવી લેવા. (સવારના ૧૦.૩૦ પછીથી ક્ષમા).
૨. આ સન્માનનો કાર્યક્રમ ફક્ત ધોરણ-૮ અને તેની ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓ માટેનો જ છે.
૩. ધોરણ બાળવર્ગથી ધોરણ-૭ સુધીના પાસ થયેલા વિદ્યાર્થીઓને પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે આપવામાં આવશે તેની વાલીઓએ ખાસ નોંધ લેવા વિનંતી.

***કન્વીનરશ્રી, પુરસ્કાર સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*રોટલો કેમ રળવો તે નહિ પરંતુ દરેક કોળિયો મીઠો કરી માણવો તે ખરી કેળવણી છે.*

## તબીબી સહાય સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ તથા યુવા વિકાસ સમિતિ

**આયોજિત**

# હૃદયરોગ, તેની સમજ અને જીવન પદ્ધતિમાં બદલાવથી લાંબું અને નીરોગી આયુષ્ય વિષયે

**ઓડિયો વિઝ્યુઅલ મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન સાથે પરિસંવાદ**

**રવિવાર તા. ૨૯-૮-૨૦૧૦ – સવારમાં ૧૦ વાગે ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.**

હા, દરેક વ્યક્તિ ઈચ્છે છે કે તેમના સ્વજનો લાંબું જીવે.... અને ચોક્કસપણે લાંબું અને નીરોગી જીવે.

પરંતુ તમને ખબર છે....?

*ભારતીયોમાં –*

- ૨.૪% હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધુ
- યુવાનોમાં ૫થી ૧૦ ઘણું પ્રમાણ વધારે
- કુલ દર્દીઓ પૈકી ૧૦ ટકા દર્દીઓ હૃદયરોગના છે.
- ૫ થી ૧૦ વર્ષ પહેલાં કરતાં અત્યારે હૃદયરોગનું પ્રમાણ વધારે છે.

ભૂતકાળમાં ૬૦થી ૮૦ વર્ષે હાર્ટ એટેક આવતા હતા જે ધીરે ધીરે ૫૦થી ૬૦ વર્ષની ઉંમર પછી હવે ૩૦થી ૪૦ વર્ષની ઉંમરે હાર્ટ એટેકની સંખ્યા વધી છે.

પરંતુ ચિંતાનો વિષય એ છે કે આ સંજોગોમાં આપણા સ્વજનોને આપણે લાંબું અને નીરોગી આયુષ્ય મળે તે માટે શું કરી શકીએ?

### શું તમે તૈયાર છો?

- સ્વજનોને હૃદયરોગની તકલીફોથી દૂર રાખવા...
- હૃદયરોગના ચિહ્નોને ઓળખવા....
- હૃદયરોગના હુમલા આવ્યા પછી મેડિકલ ફેસિલિટી મળી શકવાના સમયગાળા દરમ્યાનની પ્રાથમિક સારવાર માટે...

સામાન્ય રીતે હૃદય રોગ એ અચાનક આવતી આપત્તિ છે. સમયસરની જાણકારી અને સમયસરની સંભાળ જ આ આપત્તિમાં આપણને મદદરૂપ થઈ શકે છે.

આહાર, જીવનશૈલીનું પ્રતિબિંબ હૃદય પર પડે છે.

Prevention is better than cure.

છતાં પણ ક્યારેક આ પરિસ્થિતિનો સામનો કરવો જ પડે ત્યારે સમયસરના પગલાં આપણા વ્હાલસોયાની જિંદગી બચાવી શકે છે. તો આવો જાણીએ આવી પરિસ્થિતિને પહોંચી વળવા શું કરવું?

આ માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજની તબીબી સહાય સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ અને યુવા વિકાસ સમિતિના સંયુક્ત નેજા હેઠળ અમદાવાદના નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટને આમંત્રીને હૃદયરોગ અને આપણી લાઈફ સ્ટાઈલ મોડિફિકેશન કરી, કઈ રીતે લાંબું અને નીરોગી આયુષ્ય મળે તે માટે માહિતીસભર કાર્યક્રમની ગોઠવણ કરેલ છે. (ઓડિયો વિઝ્યુલ મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન)

અમારી અપીલ છે કે આ કાર્યક્રમમાં વડીલો, દરેક સભ્ય, દરેક બહેનશ્રી ઉપરાંત યુવાન તથા ૧૨ વર્ષથી ઉપરના બાળકો બહોળી સંખ્યામાં હાજર રહે અને કાર્યક્રમની જાણકારીનો લાભ લે.

**હૃદયરોગ તેની સમજ અને લાઈફ સ્ટાઈલ મોડિફિકેશનથી લાંબું અને નીરોગી આયુષ્ય**

*તા. ૨૯-૮-૨૦૧૦ રવિવારે, સવારે ૧૦થી ૧૨*

*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*પ્રોગ્રામ : ઓડિયો વિઝ્યુલ મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન*

૧. **હૃદયરોગ અને જીવનશૈલી**
*ડૉ. ધીરેન શાહ, MB, MS, MCh (CVTs)*
કાર્ડિયોલોજિસ્ટ અને વાસ્ક્યુલર સર્જન.

૨. **હૃદયરોગ, તેના કારણો, ચિહ્નો અને તેની સારવાર**
*ડૉ. ઊર્મિલ શાહ, MD, DM*
કાર્ડિયોલોજિસ્ટ.

આ ઉપરાંત ફિઝિશિયન તથા ડાયેટીશિયન પણ માહિતી આપશે. આ પ્રેઝન્ટેશનના અંતે આપના પ્રશ્નો અને નિષ્ણાતો દ્વારા તેના જવાબો માટે પણ સમય ફાળવવામાં આવશે.

*કન્વીનર - તબીબી સહાય સમિતિ*
*કન્વીનર - યુવા વિકાસ સમિતિ*
*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

## જમ્મુ-કાશ્મીરનો આતંકવાદ

જમ્મુ કાશ્મીરમાં ૧૯૯૦ની આસપાસ જિહાદી આતંકવાદ પ્રવેશ્યો ત્યારથી આજ દિવસ સુધીમાં આતંકવાદના ૬૮,૧૮૩ (તા. ૩-૬-૨૦૧૦) બનાવો બન્યા છે. એનો સામનો કરતાં ૯૦૦ પોલીસો માર્યા ગયા, ૪૭૨ સ્પેશિયલ પોલીસ અફસરો માર્યા ગયા, સીઆરપીએફના અને બીએસએફના ૩૮૨૦ જવાનો શહીદ થયા. આ અથડામણોમાં ૩૦,૩૩૯ એકે-૪૭ વિદેશી રાઈફલો પકડાઈ. ૨૧૧૯૧ આતંકવાદીઓ હણાયા. આતંકવાદીઓના હુમલામાં ૧૧૪૩૪ નાગરિકો માર્યા ગયા અને ૪૦૪૯ આતંકવાદી શરણે આવ્યા.

૧૯૮૯થી અત્યાર સુધીમાં જમ્મુ કાશ્મીરના આતંકવાદમાં ૬૮,૦૦૦ લોકો મૃત્યુ પામ્યા છે.

*ભૌતિક વસ્તુઓનું અભિમાન કરવું નિરર્થક છે.*

# મહિલા ઉત્કર્ષ સમિતિ

***આગામી કાર્યક્રમો***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા નીચે પ્રમાણેની વિવિધ હરીફાઈઓનું આયોજન કરવામાં આવેલ છે.

**૧. બ્યુટી હરીફાઈ :**

તા. ૧૩-૮-૨૦૧૦ને શુક્રવારના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે બપોરના ૩.૦૦થી ૫.૦૦ દરમ્યાન બ્યુટી હરીફાઈ ગોઠવવામાં આવેલ છે. જેમાં જીવનમાં આવતા કોઈપણ સારા પ્રસંગ માટે કરવામાં આવતા મેક-અપ તથા હેર સ્ટાઈલ હરીફાઈનું આયોજન ગોઠવવામાં આવેલ છે. આ હરીફાઈની સમય મર્યાદા ૧ કલાકની અંદર મેક-અપ તથા હેર સ્ટાઈલ કરવાની રહેશે. આ હરીફાઈમાં ભાગ લેનાર ઈચ્છુક બહેનોએ નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે પોતાના નામો તા. ૧૨-૮-૨૦૧૦ ગુરુવાર સુધીમાં અચૂક નોંધાવી લેવા. હેર સ્ટાઈલમાં કોઈપણ જાતની ડેકોરેટિવ વસ્તુઓ વાપરી શકાશે. કાર્યક્રમ નિર્ધારિત સમયે શરૂ થશે તેની નોંધ લેવી.

**૨. શ્રીમતી પુષ્પાબહેન કાંતિલાલ રામજી શાહ ગૃહ ઉદ્યોગ હરીફાઈઃ**

તા. ૨૮-૮-૨૦૧૦ને શનિવારે બપોરના ૩ થી ૫ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે આ હરીફાઈ યોજેલ છે. અમદાવાદ - ગાંધીનગરમાં રહેતી કોઈપણ કચ્છી જૈન બહેનો પોતાની આવડતથી ગૃહ ઉદ્યોગને લગતી કોઈ પણ વસ્તુ બનાવી વેચાણ કરતા હોય તેમણે તે વસ્તુ પોતાના ઘેરથી બનાવીને લાવીને પ્રદર્શિત કરવાની રહેશે. આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક બહેનો પોતાના નામ અને વસ્તુની માહિતી તા. ૨૭-૮-૨૦૧૦ શુક્રવાર સુધીમાં નીચેની વ્યક્તિ પાસે નોંધાવી જવા વિનંતી.

**૩. માતુશ્રી દમયંતીબહેન ખીમચંદ વેલજી ધરમશી આયોજિત લગ્નગીત હરીફાઈ :**

તા. ૨૮-૮-૨૦૧૦ શનિવારના રોજ અમદાવાદ - ગાંધીનગર ખાતે રહેતા શ્રી કચ્છી જૈન મહિલાઓ માટે લગ્નગીત હરીફાઈ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ મધ્યે યોજેલ છે. આ હરીફાઈમાં ભાગ લેનાર ઈચ્છુક બહેનોએ પોતાના નામો નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે તા. ૨૭-૮-૨૦૧૦ સુધીમાં નોંધાવી દેવા વિનંતી. આ હરીફાઈમાં ફક્ત લગ્ન ગીતો જ ગાવાના રહેશે. ફિલ્મી ગીતો નહીં ચાલે. અન્ય કોઈ ગીતો પણ નહીં ચાલે. અને આ ગીતોની સમય મર્યાદા ૩ મિનિટની રહેશે. જેનો સમય બપોરના ૩ થી ૫ સુધીનો રહેશે.

ઉપરોક્ત ત્રણે સ્પર્ધા માટે નીચે જણાવેલ વ્યક્તિઓ પાસે ફોનથી અથવા રૂબરૂ સંપર્ક કરી નામો સમય મર્યાદામાં નોંધાવવાના રહેશે.

*શ્રીમતી સ્મિતાબહેન શાહ ફોન : ૨૬૭૬ ૩૬૪૮*

*શ્રીમતી વર્ષાબહેન હરિયા ફોન : ૨૬૯૨ ૩૫૫૧*

*શ્રીમતી પ્રફુલ્લાબહેન ગોગરી ફોન : ૨૬૬૪ ૧૬૯૦*

ઉપરોક્ત દરેક કાર્યક્રમ નિર્ધારિત સમયે ચાલુ થશે.

***શ્રીમતી વાસુબહેન હરિયા - કન્વીનર, મહિલા ઉત્કર્ષ સમિતિ***

# વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટેની વિવિધ સમિતિઓ

દર વર્ષની માફક આ વર્ષે પણ નીચે મુજબની વિવિધ સમિતિઓની રચના કરવામાં આવનાર છે.

જે સભ્યો વિવિધ સમિતિઓમાં રહી, પોતાની સમિતિના કાર્યો મારફત, સમાજમાં સેવા આપવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ પોતાના નામો જે-તે સમિતિના કન્વીનર અથવા સભ્ય માટે મોડામાં મોડા તા. ૨૧-૮-૨૦૧૦ સુધી માનદ્ મંત્રીશ્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. નામો લખાવવા ખાતર ન લખાવતા, ખરેખર સેવાની ભાવનાવાળા અને સમય આપી શકે તેવા સભ્યોએ જ પોતાના નામો મોકલવા વધુ હિતાવહ રહેશે. વિશેષમાં જણાવવાનું કે સેવા આપનાર સભ્યોએ પોતાની સમિતિની ૭૫થી ૮૦ ટકા મિટિંગોમાં હાજરી આપવી યોગ્ય અને જરૂરી રહેશે.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ની પ્રથમ કારોબારી સમતિમાં આ નામો રજૂ કરવામાં આવશે અને જે તે સમિતિના કન્વીનર તથા સભ્યોની પસંદગી અંગે કારોબારી સમિતિનો નિર્ણય ફાઈનલ રહેશે. કારોબારી સમિતિને યોગ્ય લાગે તેટલા જ સભ્યોની વરણી જે-તે સમિતિમાં કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે નીચે મુજબની સમિતિઓ કાર્યરત રહેશે.

૧. શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ
૨. વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ
૩. કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ
૪. લાઈબ્રેરી સમિતિ
૫. યુવા વિકાસ સમિતિ
૬. મહિલા ઉત્કર્ષ સમિતિ
૭. બાલ કલ્યાણ સમિતિ
૮. દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ
૯. ગર્લ્સ હોસ્ટેલ સમિતિ
૧૦. પરિચય મિલન સમિતિ
૧૧. તબીબી સેવા સમિતિ
૧૨. તબીબી સહાય સમિતિ
૧૩. વયસ્ક સમિતિ
૧૪. સામાજિક સુરક્ષા સમિતિ
૧૫. શૈક્ષણિક સહાય સમિતિ
૧૬. સાધર્મિક સહાય સમિતિ
૧૭. વૈયાવચ્ચ સમિતિ
૧૮. મંગલ મંદિર — તંત્રીમંડળ
૧૯. મંગલ મંદિર - વ્યવસ્થા, લવાજમ તથા જાહેરાત સમિતિ
૨૦. લીગલ સમિતિ
૨૧. હિસાબી સમિતિ
૨૨. સભ્યપદ સમિતિ (તથા મેડિકલ કાર્ડ સમિતિ)
૨૩. ફંડ રેઈઝિંગ સમિતિ
૨૪. ભવન સમિતિ (તથા કેન્ટીન સમિતિ)
૨૫. જનરલ ખરીદ સમિતિ
૨૬. જમણવાર સમિતિ
૨૭. મુંબઈ અતિથિ ભવન સમિતિ
૨૮. ભદ્રેશ્વર પ્રોજેક્ટ સમિતિ
૨૯. બંધારણ સમિતિ
૩૦. ગૃહ ઉદ્યોગ સમિતિ
૩૧. કચ્છ આર્ટ ગેલેરી સમિતિ

વિવિધ સમિતિઓ દ્વારા સમાજની સેવા કરવાની ધગશવાળી વ્યક્તિઓએ આ તક ઝડપી લેવા અપીલ કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# સમૂહ લગ્ન અને લગ્ન રજિસ્ટ્રેશન

આજે અનેક સમાજો સમૂહ લગ્ન દ્વારા લગ્નોત્સુકોને જોડવાનો પ્રશંસનીય પ્રયત્ન કરી અનુપમ સેવા કરે છે. તેમાં એ સમાજના દાતાવર્ગ લગ્નનો મોટો ખર્ચ તો ઊપાડી જ લે છે પણ સાથે સાથે કન્યાદાન દ્વારા તેમની આર્થિક સંકડાશ પણ દૂર કરે છે અને ગૃહસ્થજીવનને સદ્ધર કરે છે.

લગ્ન બાદ હનીમૂન અને પછી ઘરગૃહસ્થી વસાવવામાં આ યુગલો વ્યસ્ત થઇ જતાં લગ્ન રજિસ્ટ્રેશનની કાર્યવાહી તરફ ઉપેક્ષા સેવાય છે — ઢીલ કરે છે.

કાયદા કાનૂન મુજબ લગ્ન રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવાયું છે. ત્યારે એ સાદી અને સરળ પ્રક્રિયામાં મદદરૂપ બનવા સમાજના કાયદા વિશેષજ્ઞ અને વ્યવસાયિકોએ પણ પોતાના જ્ઞાન અનુભવનું વિનામૂલ્યે યોગદાન આપવું રહ્યું.

સામાન્ય રીતે એવી છાપ વર્તાય છે કે ઉચ્ચ શિક્ષિત વ્યવસાયિકો દાનપૂનથી દૂર રહે છે અને એ કામ નાના મોટા વેપારીઓનું જ છે, તેમ માને છે. બુદ્ધિજીવીઓએ પણ સામાન્યવર્ગને સમાજનું ઋણ અદા કરવા પોતાનું યોગદાન યેન કેન પ્રકારણે આપવું જ રહ્યું.

*- કુલીનકાંત ચાંપશી લુઠિયા*
*નિત્યાનંદ એપાર્ટમેન્ટ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ રોડ,*
*સીન્ડીકેટ બેંકની પાછળ, મુલુંડ (વેસ્ટ),*
*મુંબઇ-૪૦૦૦૮૦ ફોન : ૨૫૬૭૩૫૮૭*

*આપીને જે આનંદ અનુભવે છે તે સ્નેહ, લઈને જે રાજી રહે છે તેનું નામ સ્વાર્થ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો વાર્ષિક અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વરસોથી સામાજિક ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓમાં કાર્યરત છે. સમાજનાં સભ્યોની ધગશના કારણે સમાજની પ્રવૃત્તિઓ દિવસા દિવસે વિસ્તૃત થતી જાય છે. શરૂઆતમાં એકાદ સ્વામિવાત્સલ્યનો પ્રોગ્રામ કે વર્ષ દરમ્યાન બીજા એક-બે સ્નેહમિલન કે એવા પ્રોગ્રામ સમાજમાં થતા હતા, તે વિસ્તરીને આજે બારેમાસ સેવાકીય પ્રવૃત્તિઓથી સમાજ ધમધમે છે અને તેનો શ્રેય માત્ર ને માત્ર સમાજના સભ્યોને કે જેઓએ સમાજના કાર્યકર્તાઓમાં સંપૂર્ણ વિશ્વાસ રાખેલ છે તથા સમાજનાં નાના મોટા કાર્યકર્તાઓ કે જેઓએ એ વિશ્વાસને સાચો સાબિત કરવા રાત દિવસ મહેનત કરી છે તેઓને જાય છે.

■ દર વર્ષની જેમ ગત તા. ૧૫-૮-૨૦૦૯ના રોજ સંસ્થાના કમ્પાઉન્ડમાં ૬૩મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુંબઈથી પધારેલા સામાજિક કાર્યકર્તા શ્રી શાંતિલાલ હીરજી સાવલાનાં હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. તે બાદ સમાજનાં બાળકો માટેની રમતગમત હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં વિજેતા બાળકોને સમાજની યુવા પાંખ 'સંકલ્પ' દ્વારા ઈનામો આપવામાં આવેલ હતા.

■ તેવી જ રીતે દર વર્ષની જેમ તા. ૬-૯-૨૦૦૯ના રોજ સમાજનો ૪૬મો વાર્ષિક સ્નેહ મિલન તથા ક્ષમાપના અને સ્વામિવાત્સલ્ય સમારંભ અહીંના ટાગોર હોલ ખાતે યોજવામાં આવેલ. સૂર સંગીતસભર આ પ્રોગ્રામમાં સમાજ તરફથી પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને પુરસ્કારથી નવાજી તેમજ સમાજના જે વિદ્યાર્થી વ્યક્તિઓએ દેશ અને સમાજ પ્રત્યે વિશિષ્ટ પ્રતિભા ઉપસાવી હોય તેમનું સાદર બહુમાન કરવામાં આવેલ. તેમજ સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'માં આવતી શબ્દ રચના તથા પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગમાં વિજેતા વ્યક્તિઓને પણ ઈનામો આપવામાં આવેલ.

■ તા. ૧૩-૯-૨૦૦૯ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૨મી વાર્ષિક સામાન્ય સભા મળેલ. જેમાં નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટ મંડળના તેમજ ૬ કારોબારીના સભ્યો માટે ચૂંટણી થતાં ચૂંટાયેલ સભ્યોના નામો જાહેર કરવામાં આવેલ હતા.

■ આ સમાજ દર વર્ષે નવરાત્રિ ઉત્સવ ભક્તિ તેમજ શ્રદ્ધા પૂર્વક ઉજવે છે. આ વર્ષે તા. ૧૯-૯-૨૦૦૯ના રોજ તે બાબતે સમાજના કમ્પાઉન્ડમાં રાસ-ગરબાનો રાત્રિ પ્રોગ્રામ રાખેલ. જેમાં સમાજના બાળકોથી વડીલો સુદ્ધાંએ ભક્તિપૂર્વક માતાજીના રાસ રમ્યા હતા. તે સમયે સમાજ પરિવારની ૨૫૦ જેટલી વ્યક્તિઓ હાજર રહેલ.

■ તા. ૨૭-૯-૨૦૦૯ના રોજ સમાજે ચામડીના રોગોની જાણકારી તથા ઉપાયો માટે એક મેડિકલ કેમ્પનું આયોજન કરેલ. જેમાં તજજ્ઞ ડૉક્ટર્સ દ્વારા વિશેષ જાણકારી આપી તે માટેના ઉપાયો સૂચવેલ હતા. જેમાં ૭૨ જેટલા દર્દીઓએ લાભ લીધેલ.

■ તા. ૪-૧૦-૨૦૦૯ના રોજ શરદ ઋતુને વધાવવા સમાજ તરફથી દાંડિયા રાસનો સાંસ્કૃતિક પ્રોગ્રામ શરદ પૂર્ણિમાની રાત્રિએ રાખેલ. જેમાં સમાજનો પરિવાર બહોળી સંખ્યામાં હાજર રહેલ અને શ્રેષ્ઠ ખેલૈયાઓને ઈનામોથી બિરદાવેલ હતા. પ્રસંગને અનુરૂપ દૂધ પૌંઆની મિજબાની સર્વેએ માણી હતી.

■ નવીન સંકલ્પ, નવા જોમ-ઉમંગ તથા હરેકના જીવનમાં શુભકામના રેલાતી રહે તેવી ભાવનાની આપ-લે કરવાનો શુભ અવસર એટલે નવા વર્ષની શુભાશિષ તા. ૧૮-૧૦-૨૦૦૯ના રોજ શરૂ થતા નવા વર્ષની પૂર્વ સંધ્યાએ સમાજ તરફથી સમાજના પરિવારજનો તથા સ્ટાફગણ સાથે સ્નેહ મિલન યોજેલ. જેમાં ૩૦૦ જેટલી વ્યક્તિ હાજર રહેલ. પર્વને આવકારવા સમાજે રંગોળી હરીફાઈનું આયોજન રાખેલ. જેમાં ૨૩ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધેલ. વિજેતાઓને ઈનામોથી નવાજવામાં આવેલ.

■ જન્મ અને મૃત્યુ જીવનની અનિવાર્ય ઘટના છે. પરંતુ મૃત્યુનો આઘાત મનુષ્યના હૃદય ઉપર ઝખમ, ગહરો શોક મૂકતો જાય છે. સમાજના સભ્ય પરિવારના વર્ષ ૨૦૦૯ દરમ્યાન ચીરવિદાય લીધેલ સદ્‌ગત આત્માઓના શ્રેયાર્થે ભક્તિ સંગીત દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો પ્રોગ્રામ તા. ૧૦-૧-૨૦૧૦ના રોજ રાખેલ. ભાવવિભોર આ સંગીતમાં સદ્‌ગતોના આપ્તજનો, પરિવારના સભ્યો તથા સમાજના સભ્યો સહિત ૩૦૦ વ્યક્તિઓ ભક્તિ સંગીતથી હૃદયની ઊર્મિઓને શાંત કરેલ.

■ તા. ૨૬-૧-૨૦૧૦નો દિવસ શ્રી કચ્છી જૈન સેવા સમાજના નબળા પરિવારો માટે ઉત્સવનો દિવસ બની ગયો. અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં આવેલ શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના આવાસ સંકુલમાં તેમની પાસેથી જમીન સંપાદન કરી તેમના ઉપર ૪૦ ફ્લેટો ધરાવતું ચાર માળનું સંકુલ ઊભું કરી તે પરિવારો તરફથી આવેલ અરજીમાંથી યોગ્ય પરિવારોને તે ફ્લેટોની અર્પણવિધિ સમારોહ મુંબઈ સ્થિત ઉદ્યોગપતિ શ્રી રમેશભાઈ ધરોડના પ્રમુખપદે યોજવામાં આવેલ. પ્રજાસત્તાક દિનના ધ્વજારોહણ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી (મુંબઈ)ના વરદ્ હસ્તે કરાવવામાં આવ્યા બાદ આ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ. આ સંકુલના મુખ્ય નામના દાતા શ્રી નવનીત પરિવાર (અમદાવાદ - મુંબઈ)ના રૂા. ૫૧.૦૦ લાખના દાનથી સંકુલનું નામ "નવનીત ભવન - આવાસ યોજના" રાખવામાં આવેલ. કુલ્લે રૂા. ૨,૩૨,૮૩,૦૦૦/- જેટલી રકમ દાતા પરિવારો પાસેથી મેળવી આ સંકુલ આકાર પામેલ છે. જે દ્વારા સમાજના નબળા ૪૦ પરિવારો માટે 'ઘરનું ઘર' ની યોજના સાકાર થયેલ. જેનો શ્રેય, શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી ગણ તથા કાર્યકર્તાઓને જાય છે કે જેમણે આ જહેમત ઊઠાવી સમાજના લોકો માટે ભગીરથ કાર્ય કરેલ છે. આ બાબત શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી નવનીત પરિવારના મોભીઓ શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી છોટુભાઈ ગાલા, શ્રી શાંતિભાઈ ગાલા તેમજ તેમના પરિવારના દરેક સભ્યોનો ઋણી છે.

*જીવનનું ગણિત ઊંધું છે. વર્તમાનને સુધારો તો ભવિષ્ય આપમેળે જ સુધરી જાય છે.*

તદુપરાંત આવાસ યોજનામાં જેમનો અમૂલ્ય ફાળો મળેલ છે તેવા અન્ય દાતાઓમાં શ્રી હિતેશભાઈ મોતા પરિવાર, શ્રી નયનભાઈ ભેદા પરિવાર, શ્રી વિશનજીભાઈ હરશી ગાલા, શ્રી કચ્છી જૈન ફાઉન્ડેશન - મુંબઈ, શ્રી રમેશભાઈ હીરજી ધરોડ, શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડા વગેરેના ઋણોપયોગી દાનથી તેમજ અન્ય ૪૦ દાતાઓશ્રી કે જેમણે અમારા ૪૦ પરિવારોના ચહેરા પર ખુશીની લહેર ફેલાવી છે, તે સહુના અમે આભારી છીએ.

■ શ્રી કચ્છી જૈન સેવા સમાજ દ્વારા સુવ્યવસ્થિત ચાલતા મેડિકલ સેન્ટરમાં લગભગ ૬૦ જેટલા તજજ્ઞ ડૉક્ટર્સ પોતાની સેવા અલગ અલગ વિભાગોમાં આપે છે. જે બાબત મંગલ મંદિરમાં અવારનવાર આવતી રહે છે. તે સેવાઓમાં વધારો કરવા અને તેને આધુનિક મશીનોથી અપડેટ કરવા સમાજે રૂા. ૮ લાખના ખર્ચે કોમ્પ્યુટરાઈઝ્ડ લેબોરેટરી મશીન ઓટો એનાલાઈઝર વસાવેલ છે. તદુપરાંત રૂા. ૧૨ લાખના ખર્ચે સોનોગ્રાફી માટે કલર ડોપ્લર મશીન વસાવી નિષ્ણાત ડૉક્ટર દ્વારા તેનું પરીક્ષણ - પરિણામ જાણવા મળે છે. જેમાં શુદ્ધ - અશુદ્ધ લોહીનું પરિભ્રમણ, કિડની વિશેના રોગો, પ્રોસ્ટેટ ગ્રંથિની કામગીરી બાબત, ગર્ભની પરિસ્થિતિ વગેરેનું સચોટ નિદાન કરવામાં આવે છે. હાલમાં ચાલુ કરેલ પેઈન ક્લિનિક દ્વારા અસાધ્ય રોગોની ઝડપી માવજત અંગે માહિતી મળે છે. આધુનિકતા અને ઝડપી સચોટ નિદાન માનવ જિંદગી બચાવે છે, તે બાબત ભવિષ્યમાં ક્લિનિકલ રિસર્ચ લેબોરેટરી સ્થાપવાની દિશામાં સમાજ કદમ ઊઠાવી રહ્યું છે.

આજે આ સમાજ દ્વારા ચલાવાતા મેડિકલ સેન્ટરનો લાભ રોજ લગભગ ૩૫૦ જેટલા દર્દીઓ લે છે તેમજ મેડિકલ વિભાગ દ્વારા ચલાવાતા ડેન્ટલ વિભાગમાં ઓર્થો ડેન્ટલ સેવા તેમજ દાઢના દર્દો માટેની સ્પેશિયલ ટ્રીટમેન્ટ સેવા અનુભવી એમ.ડી. ડૉક્ટર્સ દ્વારા ચાલુ કરેલ છે. તદુપરાંત મેડિકલ સેવાના દરેક વિભાગમાં સમાજના સભ્યોને નક્કી કરેલ ડૉક્ટર્સ ફી તથા ટેસ્ટીંગ ફી માં ૭૫% જેટલી રાહત આપવામાં આવે છે.

■ સમાજના પાલડી ભવન પર ચાલતા બધા કોમ્પ્યુટર્સને એક સાથે સંલગ્ન કરી તેના દ્વારા રોજેરોજનો તાલમેલ મેળવાય છે. જે માટે જૂના કોમ્પ્યુટર્સ બદલાવી, તેના સ્થાને ડેસ્કટોપ કોમ્પ્યુટર્સની વ્યવસ્થાથી સુંદર અને ઝડપી સર્વિસ મળી રહે છે.

■ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સમાજના પરિવારોના આરોગ્યની ચિંતા સામાજિક સુરક્ષા યોજના દ્વારા કરે છે. જેમાં સમાજના પરિવારો માટે ચાલતી વીમા યોજનામાં જરૂરિયાતવાળા દરેક પરિવારને રૂા. ૨૫,૦૦૦/- સુધીની સહાય સમાજ તરફથી ચૂકવવામાં આવે છે, જેનાથી સમાજના નબળા પરિવારોને અચૂક લાભ થાય છે.

■ તેમજ શૈક્ષણિક સહાય દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ટ્યૂશન ફી તથા શૈક્ષણિક સંસ્થાની ફી માટે જરૂરી એવી રકમની સહાય આ સમાજ કોઈપણ જાતના ભેદ વગર ચૂકવે છે. જે માટે રૂા. ૫.૦૦ લાખથી પણ વધુ રકમનો ટારગેટ ચાલુ વર્ષે નક્કી કરવામાં આવેલ છે.

■ શાહીબાગ ખાતે આવેલ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ઉપર મેડિકલ ટ્રીટમેન્ટ માટે આવતા કચ્છી વ્યક્તિઓને રાહત દરે વ્યવસ્થા આપવામાં આવે છે તેમજ સિવિલ તથા રાજસ્થાન હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને આર્થિક સહાય પણ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આપવામાં આવે છે.

■ વયસ્કો કેમ આનંદમાં રહે અને તેમના જીવનમાં કેમ ખુશી ફેલાય તે માટે હંમેશાં અવારનવાર સુંદર મજાના પ્રોગ્રામો સમાજ તરફથી ગોઠવાય છે. ગત વર્ષ દરમ્યાન લગભગ પાંચેક જેટલા પ્રોગ્રામો યોજવામાં આવેલ. જેમાં વયસ્કોને ટૂર દ્વારા ઐતિહાસિક, ધાર્મિક, પ્રવાસન તથા પર્યટન સ્થળોએ લઈ ગયેલ તેમજ સ્થાનિકે મનોરંજન કાર્યક્રમો પીરસી વયસ્કોના ચહેરા ઉપર ખુશીની લહેર ફેલાવેલ.

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાનની વિશિષ્ટ સિદ્ધિઓ**

- *વર્ષ ૨૦૦૯ દરમ્યાન સમાજના પરિવારોમાં જેટલા પણ મૃત્યુ થયા એ દરેક સદ્‌ગતના આત્માના શ્રેયાર્થે એક સંયુક્ત પ્રાર્થના સભાનું આયોજન વર્ષ ૨૦૧૦ની શરૂઆતમાં ગોઠવવામાં આવેલ હતું.*
- *સમાજનો કોઈ પણ વિદ્યાર્થી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી પોતાની જિંદગીમાં ડગ માંડે એ હેતુથી ધોરણ-૧૦ની પરીક્ષા આપેલ દરેક વિદ્યાર્થીના એપ્ટિટ્યૂડ ટેસ્ટ લેવડાવી તેમના વડીલો સાથે કાઉન્સેલિંગ ગોઠવી, આ દિશામાં પગરણ માંડવાની શરૂઆત કરવામાં આવેલ છે.*
- *અમદાવાદ ખાતેની નબળા વર્ગ માટેની આવાસ યોજનાનું કાર્ય પૂર્ણ કરી તેમાં જરૂરિયાતવાળા કુટુંબોને રહેઠાણો ફાળવવામાં આવેલ. તેઓનો વસવાટ પણ શરૂ કરાવી દેવામાં આવેલ છે.*
- *સમાજના જરૂરિયાતવાળા કુટુંબો માટે ગૃહઉદ્યોગ શરૂ કરવા આયોજનો ગોઠવાયા.*
- *ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓનું સંમેલન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું. તેના પરિણામ સ્વરૂપે સુરતમાં "શ્રી કચ્છી જૈન સેવા સમાજ – સુરત, નવસારી"ની સ્થાપના કરવામાં આવી. ગુજરાતના અન્ય શહેરોના આયોજનો ચાલુ છે. દરેક કચ્છી જૈન પોતાના સંઘ કે જ્ઞાતિના વાડામાંથી બહાર આવી "કચ્છી જૈન" તરીકે પ્રસ્થાપિત થઈ સંગઠિતપણે કાર્યો કરતા રહે તેવા પ્રયાસો સફળતા તરફ આગળ વધી રહેલ છે.*
- *શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે 'કચ્છ આર્ટ ગેલેરી'ની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો. એ માટે એક હોલ તૈયાર કરવામાં આવેલ છે. આગળની પ્રક્રિયા ખૂબ જ ઝડપે આગળ વધી રહેલ છે.*
- *સમાજને વર્ષ દરમ્યાન પ્રવૃત્ત રાખવા ૩૦થી પણ વધુ વિવિધ પારિતોષિક / હરીફાઈ યોજનાઓનો અમલ કરવામાં આવેલ*

*બુદ્ધિ સ્થિર હશે તો જ જીવનનાં ચિત્રો દેખાશે.*

*છે. તેના પરિણામે સમાજની અનેક ટેલેન્ટ પ્રતિભાઓને નિખરવા માટે જરૂરી પ્લેટફોર્મ પ્રાપ્ત થઈ શકશે.*

- *ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે અલગથી 'સરસ્વતી સન્માન'ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.*
- *સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ સાથેની ચર્ચાઓ બાદ 'કચ્છ બ્રાંચ કેનાલ'ના કાર્યોમાં વેગ આવેલ છે. અંદાજિત રૂા. ૩૦૦૦ કરોડના ટેન્ડર બહાર પડી ગયેલ છે. આગળની પ્રક્રિયા ચાલુ છે.*
- *કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના સિંચાઈ માટેના વધારાના ૧.૦૦ એમ.એ.એફ. પાણીના કાર્યો કચ્છમાં ચાલુ થાય તેવા પ્રયાસો જારી છે.*
- *કચ્છના અલભ્ય એવા ૬૦થી પણ વધુ પુરાતન ગેઝેટ્સને સી.ડી.માં રૂપાંતરિત કરાવડાવી, તેની અમૂલ્ય જાળવણીમાં પૂરેપૂરો સહયોગ આપેલ છે.*
- *'કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ'ના નેજા હેઠળ 'કચ્છનું સર્વાંગિપણે ઈતિહાસ આલેખન' શરૂ કરાવેલ છે. કે જે વર્ષ ૨૦૧૦માં જ પૂરું કરવાની ગણના રાખવામાં આવેલ છે. આ અંગે કચ્છના અનેક ઈતિહાસકારો તથા તજજ્ઞોનો સહકાર મેળવવામાં આવેલ છે.*
- *કચ્છના ગામડાંઓમાં અભ્યાસ કરતા બાળકોનું અંગ્રેજી, ગણિત તથા વિજ્ઞાનના વિષયનું જ્ઞાન વધુ સુદ્રઢ થાય તેવા પ્રયત્નોની શરૂઆત કરી દેવામાં આવેલ છે.*

■ સમાજના બાળકો જીવનમાં કેમ આગળ વધે અને તે માટે શું કરવું જોઈએ તે માટેની ચિંતા સમાજ સેવે છે. તે માટે છેલ્લા એક વર્ષથી પબ્લિક સ્પીકિંગ તથા પર્સનાલિટી ડેવલપમેન્ટ દ્વારા બાળકોમાં આત્મવિશ્વાસ વધારી જીવનમાં આગળ લાવવા પ્રયત્ન કરવામાં આવે છે. જે માટે તે એપ્ટીટ્યૂડ ટેસ્ટ દ્વારા બાળકની શક્તિઓ બહાર લાવી વિકસાવે છે તથા યુવકોને એક મંચ આપી તેના દ્વારા તેની ટેલેન્ટ તથા પ્રતિભાની સરાહના કરે છે. તેમાં તેઓ કાવ્ય, નિબંધ, વાર્તા તેમજ વક્તૃત્વ હરીફાઈ દ્વારા સમાજની યુવા શક્તિને જાગૃત કરે છે.

■ મહિલાઓના ઉત્કર્ષ માટે અવારનવાર અવનવી હરીફાઈઓ જેવી કે વાનગી હરીફાઈ, મહેંદી હરીફાઈ, વેશભૂષા હરીફાઈ, લગ્નગીત હરીફાઈ, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની હરીફાઈઓ યોજી મહિલાઓમાં આગળ વધવાનું પ્લેટફોર્મ પૂરું પાડે છે.

■ સમાજે કચ્છથી અમદાવાદ ભણવા માટે આવતી વિદ્યાર્થિનીઓ માટે એક ગર્લ્સ હોસ્ટેલનું આયોજન વિચારેલ છે. છેલ્લા ૩/૪ વર્ષથી તે માટે સઘન પ્રયત્નો થઈ રહ્યા છે. તે દરમ્યાન ૨-૩ વખત ભાડાની જગ્યા લઈને વિદ્યાર્થિનીઓ માટેની હોસ્ટેલ ચાલુ કરેલ હતી.

■ ભદ્રેશ્વર ખાતે સમાજને દાન મળેલ જમીન ઉપર વહેલી તકે પ્રોજેક્ટ શરૂ થાય તેવા પ્રયત્નો શરૂ કરેલ છે.

■ મુંબઈમાં આકાર લઈ રહેલ અતિથિ ગૃહનાં બાંધકામ કેટલીક ટેક્નિકલ મુશ્કેલીઓના કારણે અટકેલ છે. જેનો નીવેડો વહેલી તકે થઈ જાય તે માટે સમાજનાં હોદ્દેદારો પ્રયત્નો કરે છે. આશા છે, આવતા થોડાક મહિનાઓમાં બાંધકામનું કામ ફરીથી શરૂ થઈ શકશે.

■ જે રીતે અમદાવાદમાં કચ્છી જૈન સમાજનાં બધા જ ઘટકો સાથે મળીને કામ કરે છે તેજ રીતે ગુજરાતનાં કચ્છ સિવાયનાં શહેરોમાં પણ કચ્છી જૈન સમાજો સ્થપાય અને બધા જ ઘટકો સાથે કામ કરે તે માટે સમાજે અમદાવાદ ખાતે તા. ૧૮-૪-૨૦૧૦ના દિવસે એક સંમેલન યોજેલ હતું જેમાં ગુજરાતભરમાંથી જુદા જુદા શહેરોમાં કામ કરતી કચ્છી જૈન સંસ્થાઓના હોદ્દેદારોને આમંત્રણ આપવામાં આવેલ હતું. જેમાં બહોળી સંખ્યામાં સભ્યોએ હાજર રહી અમદાવાદના સમાજનાં પ્રયત્નોને બિરદાવેલ હતા તથા પોતે પણ પોતાના વિસ્તારોમાં આજ રીતે શ્રી કચ્છી જૈન સમાજની રચના કરી પ્રવૃત્તિઓ કરશે તેવી ખાતરી આપેલ હતી. જેના અનુસંધાને સુરતમાં વસતા કચ્છી જૈન સમાજનાં બધા જ ઘટકોએ એક મિટિંગ બોલાવીને, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, સુરત-નવસારીની રચના કરેલ છે. અન્ય શહેરોમાં પણ આ બાબતની પ્રક્રિયા શરૂ કરેલ છે અને ટૂંક સમયમાં સમાજો સ્થાપવાની કાર્યવાહી થઈ શકશે.

■ સમાજે અમદાવાદમાં એક કચ્છ આર્ટ ગેલેરી સ્થાપવાનું નક્કી કરેલ છે. જેના અનુસંધાને કાર્યવાહી શરૂ થઈ ગયેલ છે. શાહીબાગ ખાતે શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં એક હોલનું નિર્માણ કરેલ છે અને હવે તેમાં કઈ રીતે અને શું શું વિષયો આવરી લેવા તેના માટેનાં આયોજનો ચાલુ છે. ખાસ કરીને કચ્છની કલાકારીગરી કચ્છનું પુરાતત્ત્વ તથા કચ્છની સંસ્કૃતિનો સમાવેશ કરવામાં આવશે.

■ સમાજના સભ્યો / બાળકો / મહિલાઓમાં વાંચનનો રસ જાગે તે માટે લાઈબ્રેરીને સમૃદ્ધ કરવામાં આવેલ છે. ૫૦૦થી પણ વધુ નવા પુસ્તકો ભેટ સ્વરૂપે મેળવી, સમાજની લાઈબ્રેરીમાં વસાવવામાં આવેલ છે અને હજુ પણ નવા પુસ્તકોના આયોજનો વિચારાયેલ છે. લોકો કેમ વધારે વાંચતા થાય તેના ઉપાયો યોજવામાં આવી રહેલ છે.

■ સમાજે આવાસ યોજનાનું આયોજન કરી, જરૂરિયાતવાળા સભ્યો માટે આવાસો બનાવી, ફાળવી આપ્યા પણ તેની સાથે તેમની આવકમાં પણ કેમ વધારો થાય તે માટે ગૃહ ઉદ્યોગ શરૂ કરાવવાનું આયોજન કરેલ છે. ગૃહ ઉદ્યોગ ખાતાનાં નિષ્ણાત અધિકારીઓને બોલાવી ૨-૩ મિટિંગો કરેલ છે. ટૂંક સમયમાં ગૃહ ઉદ્યોગ શરૂ થઈ જશે તેવી આશા છે.

■ શ્રી કચ્છી જૈન સેવા સમાજે પોતાનાં કાર્યક્ષેત્ર ઉપરાંત વતનમાં પણ વતનનાં લોકો માટે કંઈક કરવું જોઈએ તે માટે જૈન સિવાયનાં પણ ઈતર જ્ઞાતિનાં આગેવાનોને સાથે લઈ એક કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ નામની સંસ્થાનું ૨૦૦૪માં નિર્માણ કરેલ, જે બાબત સૌને વિદીત છે જ. એ સંસ્થાના અંતર્ગત કચ્છમાં નર્મદાના પાણી કેમ વહેલી તકે પહોંચે તે બાબતના સંસ્થાના પ્રયત્નોને સારી એવી સફળતા મળી છે.

■ કચ્છ બ્રાંચ કેનાલના ટેન્ડરો બહાર પડી ગયા છે તથા તે બાબતનાં ખર્ચની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવેલ છે. કચ્છના

*જે સૌથી ગરીબ છે તેની સંપત્તિમાં સમયાંતરે વધારો થાય છે તેના ખુશી આનંદમાં પણ તેટલો જ વધારો થાય છે.*

ઉદ્યોગોને દરિયાનું પાણી મીઠું બનાવીને પૂરું પાડવા માટે ડિ-સેલીનેશન પ્લાન્ટ કચ્છમાં આવે તેનાં પ્રયત્નો ચાલુ છે. સમગ્ર કચ્છનો સળંગ ઇતિહાસ ક્યારે પણ લખાયો નથી. તેથી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે કચ્છનો સળંગ ઇતિહાસ લખાવવાનું શરૂ કરેલ છે. જે માટે ૪૦ જેટલા ઇતિહાસકારોને આ કામ સોંપવામાં આવ્યું છે અને કચ્છના નિષ્ણાતોની એક સમિતિની દેખરેખમાં આ કામ આગળ ધપી રહ્યું છે. ટૂંક સમયમાં આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

■ કચ્છના જૂના ગેઝેટો કે જે મૃતઃપ્રાય દશામાં છે તેવા ગેઝેટો મેળવી તેમની ડિજિટલ સી.ડી. તૈયાર કરાવેલ છે. કચ્છની પ્રાથમિક શાળાઓમાં શિક્ષકો પૂરતા ભણાવતા નથી તેથી બાળકો શિક્ષણમાં કાચા રહી જાય છે. તે બદલ પ્રાયોગિક ધોરણે કચ્છ ભુજપુરની શાળાઓમાં ભુજપુર ગ્રામ પંચાયતના સહયોગથી શાળાના અંગ્રેજી, વિજ્ઞાન તથા ગણિતનાં શિક્ષકો શાળા છૂટ્યા બાદ ભણાવે તેવું આયોજન કરવામાં આવેલ હતું. જેને સારી સફળતા પ્રાપ્ત થયેલ છે. એવી જ રીતે બીજી સ્કૂલોમાં પણ ગોઠવણ કરી શકાય તે માટેની શક્યતાઓ વિચારાધીન છે.

■ સમગ્ર રીતે જોતા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેના કાર્યકર્તાઓની ધગશને લીધે પ્રવૃત્તિઓનાં શિખરો ઉપર છે અને ઉત્તરોત્તર પ્રગતિ કરી રહેલ છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# તબીબી સેવા સમિતિ

## શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના ડોક્ટરશ્રીઓ સાથે સ્નેહમિલન સમારંભ

તા. ૧૮-૭-૨૦૧૦ના રવિવારે સવારે ૧૦.૦૦ વાગે મેડિકલ સેન્ટરના ડોક્ટર્સ, મેડિકલ સમિતિના મેમ્બર્સ અને કચ્છી જૈન સેવા સમાજના ઑફિસ બેરર્સનું એક ગેટ-ટુ-ગેધર પાલડી કચ્છી જૈન ભવનના સાંસ્કૃતિક હોલમાં રાખવામાં આવ્યું હતું. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ વેલજી સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ, સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા, ખજાનચી શ્રી કે.ડી. શાહ, સહ ખજાનચી શ્રી રમણિકભાઈ ગોસર તથા મણિભાઈ ગોસર, રજનીભાઈ પારેખ, શ્રી હીરજી પાસુ શાહ ઉપરાંત મેડિકલ સમિતિના કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા તથા અન્ય સભ્યોમાં ડૉ. હિતેન્દ્રભાઈ શાહ, ડૉ. હિમાંશુભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રી પંકજભાઈ દેઢિયા, મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. દેવીન્દ્રાબહેન શાહ, એ.ઓ. ડૉ. દક્ષાબહેન રામાવત વગેરે હાજર રહ્યા હતા.

ડૉક્ટર્સમાં ડૉ. નીતુબહેન પરીખ, ડૉ. દેવલભાઈ શાહ, ડૉ. નીતિન ગોસ્વામી, ડૉ. ખુશાલી પટેલ, ડૉ. દિપાલીબહેન બ્રહ્મચારી, ડૉ. સંજય શાહ, ડૉ. હેમાક્ષીબહેન અંબાણી વગેરે સહિત આશરે વીસેક ડૉક્ટર્સે હાજરી આપી હતી.

પ્રમુખશ્રી અશોકભાઈ મહેતાએ આવકાર પ્રવચન આપ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ સેન્ટરે ઉત્તરોત્તર પ્રગતિ કરી છે અને હજી વધારે પ્રગતિ કઈ રીતે થઈ શકે તેમજ વધારે પ્રજાલક્ષી બનાવી શકીએ એ માટે સૌ ડોક્ટર મિત્રોને સૂચનો રજૂ કરવા તેમણે જણાવ્યું હતું.

મેડિકલ સમિતિના કન્વીનરશ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ આ ડૉક્ટર મિત્રોનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ સંસ્થા તરફથી અભિવાદન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ડૉક્ટર મિત્રો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યોનો આ એક પરિવાર છે. એમની વચ્ચે વર્ષોથી એક આત્મિયતા કેળવાયેલી છે. આ મેડિકલ સેન્ટરનો વ્યાપ વધારવા, નવા સાધનો વસાવવા ડૉક્ટર મિત્રોના સૂચનો આવકાર્યા હતા. અમદાવાદમાં તો છે જ પણ સમગ્ર ગુજરાતમાં મેડિકલ સેન્ટરનું નામ ઊંચું આવે એવી શુભેચ્છા દર્શાવી હતી.

ડૉક્ટરોએ સંસ્થામાં કામ કરવાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને જુદા જુદા સૂચનો કર્યા હતા. ચોખ્ખાઈ વધારવા, ક્લિનિકલ રિસર્ચ શરૂ કરવા, બોડી ચેક-અપની નવી સ્કીમો મૂકવી, સેન્ટરને વાતાનુકૂલિત કરવા વગેરે સૂચનો આવ્યા હતા.

અંતમાં ડૉ. હિતેન્દ્રભાઈ શાહે સ્નેહ મિલન ચર્ચાનું સમાપન કરતા જણાવ્યું હતું કે ૧૪ વર્ષથી ચાલતા આ સેન્ટરનો દરરોજ સરેરાશ ૩૫૦થી વધારે દર્દીઓ લાભ લે છે. જે ડૉક્ટરોની સેવાની ભાવનાને આભારી છે. શક્ય એટલા સૂચનો પૂરા કરવા પ્રયત્ન કરવામાં આવશે અને સમગ્ર ગુજરાતમાં મેડિકલ સેન્ટર સારી ખ્યાતિ મેળવે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

અંતમાં સૌ મિત્રો ભોજન લઈ છૂટા પડ્યા હતા.

***કન્વીનરશ્રી, તબીબી સેવા સમિતિ***

## કામ મર્યાદા ચૂકે તો?

કામ સ્વયં ઊર્જા છે, મહાઊર્જા છે. તે છે તો જીવન છે. તે નથી તો જીવન નથી. પણ આ ઊર્જાને મિત્ર બનાવતાં ન આવડે, તો તે વિનાશક પણ છે. કામને મિત્ર બનાવવા માટે નીતિશાસ્ત્રો છે. તેમણે મર્યાદા બાંધી છે. ઊર્જા મર્યાદામાં રહે તો જ મહાનિર્માણ કરી શકે. અગ્નિ ચૂલામાં રહે તો જ રસોઇ બને. જો ચૂલા બહાર આખા ઘરમાં ફેલાઇ જાય તો મહાવિનાશ નોતરી મૂકે. કામનું પણ આવું જ છે. જ્યારે જ્યારે કામ મર્યાદા મૂકીને બહાર નીકળ્યો છે ત્યારે ત્યારે મહાવિનાશ થયો છે.

***સ્વામી સચ્ચિદાનંદ (મહાભારતની જીવનકથાઓમાંથી)***
***રજૂઆત : ગુણવંત શાહ***

*ભલે તમે ગરીબ ન હો પણ માત્ર પૈસાથી જ સુખ ખરીદી શકાતો નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિમાં સભ્યશ્રીઓની હાજરી

*ટ્રસ્ટ મંડળની તા. ૧૩-૯-૨૦૦૯થી તા. ૧૩-૬-૨૦૧૦ સુધીની મળેલ કુલ નવ મિટિંગોમાં હાજર રહેલ સભ્યોનું લિસ્ટ.*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા (મેનેજિંગ ટ્રસ્ટી) | ૯ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા (કાયમી ટ્રસ્ટી) | ૮ |
| ૩. | શ્રી નવીનભાઈ વેરશી હરિયા | ૫ |
| ૪. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ | ૭ |
| ૫. | શ્રી હસમુખભાઈ બી. શાહ (ખાંડવાલા) | ૮ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) | ૬ |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર | ૬ |
| ૮. | શ્રી જગશીભાઈ જે. છેડા | – |
| ૯. | શ્રી બિપિનચંદ્ર કાનજી જૈન | – |
| ૧૦. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૯ |
| ૧૧. | શ્રી હીરજી પાસુભાઈ શાહ | ૮ |
| ૧૨. | શ્રી મગનલાલ એમ. સંઘવી | ૬ |
| ૧૩. | શ્રી હસમુખભાઈ ઉગરચંદ ગઢેચા | ૫ |
| ૧૪. | શ્રી મણિલાલ કુંવરજી ગોસર | ૩ |
| ૧૫. | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ | ૫ |
| ૧૬. | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા | ૬ |
| ૧૭. | શ્રી નવીનચંદ્ર નાનજી શાહ | ૧ |
| ૧૮. | શ્રી મનુભાઈ ગોવિંદજી શાહ | ૫ |
| ૧૯. | શ્રી આણંદજીભાઈ વેલજી વીરા | ૯ |
| ૨૦. | શ્રી કાંતિલાલ રામજી સાવલા | ૭ |
| ૨૧. | શ્રી કલ્યાણજીભાઈ રવજી રાંભિયા | ૪ |
| ૨૨. | શ્રી અશ્વિન હીરજી સાવલા (કો-ઓપ્ટ) | ૮ |
| ૨૩. | શ્રી હરખચંદ કે. સાવલા (કો-ઓપ્ટ) | ૧ |

### નિર્ભયતા વિનાની સાધુતા

એક કિલોગ્રામ ધર્મમાં એક ટન અંધશ્રદ્ધા ભળે ત્યારે ધર્મ ક્ષીણ થાય છે. જે તે ધર્મમાં પેઠેલાં હઠીલાં અનિષ્ટોની સામે એ ધર્મમાં જ એવાં સુધારક પરિબળો પેદા થવાં જોઇએ, જે વિદ્રોહ જગાડે. એ વિદ્રોહ ધર્મરક્ષક છે. હિંદુ ધર્મમાં એટલાં અનિષ્ટો પેઠાં છે કે એકાદ સચ્ચિદાનંદ જેવા ધર્મગુરુ ઓછા પડે. ચમત્કાર, વહેમ અને અંધશ્રદ્ધા સામે લડવા માટે જે હિંમત જોઇએ તે નિર્ભય ધર્મગુરુ લાવી શકે. નિર્ભયતા વિનાની સાધુતા એટલે રીફિલ વિનાની બોલપેન.

*– ગુણવંત શાહ*

*કારોબારી સમિતિની તા. ૧૩-૯-૨૦૦૯થી તા. ૧૩-૬-૨૦૧૦ સુધીની મળેલ કુલ ચાર મિટિંગોમાં હાજર રહેલ સભ્યોનું લિસ્ટ.*

| | | |
|---|---|---|
| ૧. | શ્રી અશોકકુમાર એસ. મહેતા (મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ) | ૪ |
| ૨. | શ્રી કાંતિલાલ વેલજી સાવલા (ઉપપ્રમુખ) | ૩ |
| ૩. | શ્રી નવીનભાઈ વેરશી હરિયા (ઉપપ્રમુખ) | ૨ |
| ૪. | શ્રી પ્રતાપભાઈ નારાણજી દંડ (માનદ્ મંત્રી) | ૩ |
| ૫. | શ્રી હસમુખભાઈ બી. શાહ (ખાંડવાલા) (સહમંત્રી) | ૪ |
| ૬. | શ્રી ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) (ખજાનચી) | ૨ |
| ૭. | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર (સહ ખજાનચી) | ૨ |
| ૮. | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા | ૪ |
| ૯. | શ્રી પંકજભાઈ એમ. ગોગરી | ૪ |
| ૧૦. | શ્રી કિશોર મૂળજી લાલકા | ૩ |
| ૧૧. | શ્રીમતી સુલુબહેન જે. શાહ | ૪ |
| ૧૨. | શ્રીમતી શીલ્પિબહેન પ્રકાશભાઈ શાહ | ૪ |
| ૧૩. | શ્રી ગુલાબચંદ ધનજી દંડ | ૨ |
| ૧૪. | શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ | ૨ |
| ૧૫. | શ્રી પોપટલાલ નેણશી ધરોડ | ૪ |
| ૧૬. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | ૧ |
| ૧૭. | શ્રી રજનીકાંત ધરમશી પારેખ | ૩ |
| ૧૮. | શ્રી હીરેન કે. શાહ | ૩ |
| ૧૯. | શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા | ૨ |
| ૨૦. | શ્રી નીતિન ધનજી ગાલા | ૪ |
| ૨૧. | શ્રી મુકેશ મૂળજી સાવલા | – |
| ૨૨. | ડૉ. હિતેન્દ્ર એમ. શાહ | ૧ |
| ૨૩. | શ્રી દિનેશ રતિલાલ મહેતા | ૪ |
| ૨૪. | શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ | ૪ |
| ૨૫. | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | ૨ |
| ૨૬. | શ્રી લક્ષ્મીચંદ એસ. વીરા | ૪ |
| ૨૭. | શ્રી જયંત પી. નીસર (કો-ઓપ્ટ) | ૧ |
| ૨૮. | શ્રી લહેરચંદ પી. મૈશેરી (કો-ઓપ્ટ) | – |

*સફળ થવા માટે આપણને સારા મિત્રો જોઈએ, પરંતુ ખૂબજ ઉત્તમ રીતે સફળ થવા માટે આપણને દુશ્મનો અને હરીફો જોઈએ!*

*ખુદમાં જો હોય દમ, સફળતા મળે છે હરદમ.*

# નવનીત ભવન ફ્લેટ ઑનર્સ એસોસિએશનની સ્થાપના

રવિવાર, તા. ૪-૭-૨૦૧૦ના સવારના આવાસ યોજનાના નવનીત ભવનના ફ્લેટ ધારકોની એક મિટિંગ નવનીત ભવનમાં જ મળેલ હતી કે જ્યારે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ, સહમંત્રી શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા પૂર્વપ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ૩૮માંથી લગભગ ૩૦ ફ્લેટ ધારકો પણ ઉપસ્થિત રહેલ હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી ફ્લેટ ધારકોને સમજાવવામાં આવેલ કે હવે પછી આ ભવનના ફ્લેટ ધારકોએ પોતાનું એસોસિએશન બનાવી લેવું જોઈએ અને નવનીત ભવનના મેઈન્ટેનન્સનો ચાર્જ સંભાળી લેવો જોઈએ. ત્યારબાદ આ વિષયે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી અને સર્વાનુમતે "નવનીત ભવન ફ્લેટ ઑનર્સ મેઈન્ટેનન્સ એસોસિએશન"ની રચના કરવામાં આવેલ હતી. એસોસિએશનની રચના અગાઉ સૂચિત મેમોરેન્ડમ ઓફ એસોસિએશન તથા આર્ટિકલ્સ ઓફ એસોસિએશનના બંધારણ વાંચી સંભળાવવામાં આવેલ હતા અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતા. એસોસિએશનની રચના બાદ છ સભ્યોની એક સમિતિ બનાવી, વિવિધ હોદ્દેદારોની પણ સર્વાનુમતે નિમણૂક કરવામાં આવેલ હતી.

નવરચિત સમિતિની વિગત નીચે મુજબ રહેવા પામેલ છે :

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | શ્રી દિનેશ લખમશી મૈશેરી | (મોટી સિંધોડી - અબડાસા) | ફ્લેટ નં. ૩૦૬ | પ્રમુખ |
| ૨. | શ્રી હસમુખ કાંતિલાલ મહેતા | (ભુટકિયા - રાપર) | ફ્લેટ નં. ૧૦૩ | ઉપપ્રમુખ |
| ૩. | શ્રી મનીષ કે. દેઢિયા | (ભુજપુર - મુંદ્રા) | ફ્લેટ નં.-૨૦૭ | માનદ્ મંત્રી |
| ૪. | શ્રી મોનીષ ભૂપેન્દ્ર વોરા | (અંજાર) | ફ્લેટ નં. ૨૦૮ | ખજાનચી |
| ૫. | શ્રી જિતેન કાંતિલાલ મોમાયા | (સાંયરા - અબડાસા) | ફ્લેટ નં. ૪૦૧ | સભ્ય |
| ૬. | શ્રી શૈલેષ શામજી નાગડા | (નલિયા - અબડાસા) | ફ્લેટ નં. ૨૦૨ | સભ્ય |

ઉપરોક્ત સમિતિમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક પ્રતિનિધિને પણ મૂકવાનું નક્કી કરવામાં આવેલ હતું.

ઉપરોક્ત સમિતિએ ત્યારબાદ વહીવટનો ચાર્જ સંભાળી લીધેલ.

આજે મંજૂર થયેલ બંધારણ મુજબ ફ્લેટ જેમના નામે છે તેમને એસોસિએશનના મેમ્બર બનાવવામાં આવશે અને એક ફ્લેટ દીઠ રૂા. ૧૦૦/-ની કિંમતનો એક શેર આપવામાં આવશે. ટોટલ ૪૦ શેરહોલ્ડરો રહેશે.

શરૂઆતમાં માસિક મેઈન્ટેનન્સ ચાર્જ રૂા. ૫૦૦/- લેવાનું નક્કી કરવામાં આવેલ હતું.

મિટિંગના અંતે આઈસ્ક્રીમ પાર્ટી માણી સહુ છૂટા પડેલ હતા.

*પ્રતાપ નારાણજી દંડ – માનદ્ મંત્રી*

## અસમર્થન ક્ષમા

આદરણીય સચ્ચિદાનંદજી માનવીય દૃષ્ટિબિંદુના સમર્થક છે, પરંતુ કાયરતામૂલક અહિંસા પ્રત્યે એમને સખત અણગમો છે. તેઓ રાવણના માનવ-અધિકારોની પણ ચિંતા કરે તેવા મધુર મધુર અને નરમ નરમ સાધુ નથી. જે અસમર્થ હોય એની ક્ષમાનું કોઇ મૂલ્ય નથી. આતંકવાદ સામે ઝૂકી પડતી પ્રજાને પણ 'અહિંસક' ગણે તેવું નિર્વિર્ય ભોળપણ સ્વામીજીને માન્ય નથી. બકાસુરનો વધ કરનાર ભીમ માનવ-અધિકારનો રક્ષક ગણાય કે ભક્ષક? નિર્દોષ મનુષ્યોની સામૂહિક હત્યા કરવા માટે તત્પર એવા કોઇ આતંકવાદીને હણવામાં કોઇ પાપ ખરું? સ્વામીજી આવા કેટલાક પ્રશ્નો અંગે બિલકુલ સ્પષ્ટ છે. પોતાની વાત પૂરી નિર્ભયતા સાથે રજૂ કરવામાં એમની વાણી જબરી અસરકારક સાબિત થઇ છે. ગુજરાત એમનું ઋણી છે.

*– ગુણવંત શાહ*

## પાખંડનું ખંડન

ઓશો રજનીશ જ્યારે ભગવાન બની ગયા ન હતા અને કેવળ આચાર્ય હતા, ત્યારે તેમણે એક પ્રશ્ન જાહેર પ્રવચનમાં ઉઠાવ્યો હતોઃ 'યહુદી પ્રજાની નિર્દય કત્લેઆમ કરનારા હિટલરનું કોઇ મનુષ્યે શરૂઆતમાં જ ખૂન કરી નાખ્યું હોત, તો લગભગ પંદર લાખ યહૂદીઓ ગેસ ચેમ્બરમાં ખતમ થતાં બચી ગયા હોત. આપણે એ ખૂનીને પાપી કહેવો કે પુણ્યશાળી?' રજનીશે જવાબ પણ પોતેજ આપ્યો હતો : એ ખૂનીને 'મહાત્મા' ગણવો રહ્યો! થોડાક પરિચયને આધારે કહેવાનું મન થાય છે કે હિંદુ ધર્મમાં પેઠેલા અનિષ્ટો સામે આટલી હિંમતથી બંડ પોકારનારા (સ્વામી સચ્ચિદાનંદ જેવા) બીજા સાધુ ઝટ જડતા નથી. લોકો તેમને કાન દઇને સાંભળે છે અને આંખ દઇને વાંચે છે. એમનો સહજ સ્થાયીભાવ છે : 'પાખંડ-ખંડન'.

*– ગુણવંત શાહ*

*સપનાં સાકાર કરવા હસતા ચહેરે દરેક અવરોધનો સામનો કરતાં શીખીએ.*

# યુવા વિકાસ સમિતિ

યુવા વિકાસ સમિતિ દ્વારા યોજાયેલ શ્રીમતી છાયાબહેન વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈ અને શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈના વિજેતાઓના નામ નીચે મુજબ નક્કી થયેલ છે.

## શ્રીમતી છાયાબહેન વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈ

*વિજેતાઓ*

- **ગ્રૂપ-એ (૫થી ૧૦ વર્ષ)**
  - પ્રથમ : કાવ્યા રાહુલ શાહ
  - દ્વિતીય : જય મનીષ છાડવા
  - તૃતીય : આસ્થા કેતન શાહ
- **ગ્રૂપ-બી (૧૧થી ૧૫ વર્ષ)**
  - પ્રથમ : કેશ્વી કિરીટ નંદુ
  - દ્વિતીય : ભક્તિ તિલક મારુ
  - તૃતીય : દેવાંગ ગિરીશ છેડા
- **ગ્રૂપ-સી (૧૬ વર્ષથી ઉપર)**
  - પ્રથમ : યોગિની ચેતન શાહ

## શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ

*વિજેતાઓ*

- **ગ્રૂપ-એ (૧૨થી ૧૮ વર્ષ)**
  - પ્રથમ : યશસ્વી વિજય ખોના
  - દ્વિતીય : ખુશબૂ પીયૂષ પારેખ
  - તૃતીય : મિત રાહુલ દંડ
- **ગ્રૂપ-બી (૧૯થી ૪૦ વર્ષ)**
  - પ્રથમ : આનલ કમલેશ શાહ
  - દ્વિતીય : સલોની નવીન લાલકા
  - તૃતીય : પાયલ તિલક મારુ
- **ગ્રૂપ-સી (૪૧ વર્ષથી ઉપર)**
  - પ્રથમ : જયશ્રીબહેન પૂનમચંદ વોરા
  - દ્વિતીય : વર્ષાબહેન રવિલાલ પારેખ
  - તૃતીય : ચંદ્રાબહેન મહેન્દ્રભાઈ શાહ

## શ્રી કાંતિલાલ રામજી શાહ વક્તૃત્વ સ્પર્ધા

શ્રી કાંતિલાલ રામજી શાહ વક્તૃત્વ સ્પર્ધામાં ૧૦ સ્પર્ધકોએ ભાગ લીધેલ અને પોતાના વિચારો રજૂ કરેલ. દરેક સ્પર્ધકની રજૂઆત સુંદર, સચોટ અને અસરકારક હતી વક્તૃત્વ સ્પર્ધાનું સંચાલન ઉષ્મા વિશાલ શાહે કરેલ. નિર્ણાયક તરીકે શ્રી ઉન્મેશભાઈ દવેએ સેવા આપેલ. આ સ્પર્ધાના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

- **ગ્રૂપ-એ**
  - પ્રથમ : આર્શ કિરણ શાહ
  - દ્વિતીય : યશસ્વી વિજય ખોના
- **ગ્રૂપ-બી**
  - પ્રથમ : મીના મનીષ મોતા
  - દ્વિતીય : ઊર્વશી મનીષ સાવલા
- **ગ્રૂપ-સી**
  - પ્રથમ : નીતિન સંઘવી
  - દ્વિતીય : જયશ્રીબહેન પી. વોરા
- ***સ્પેશિયલ પ્રાઈઝ :*** સરલાબહેન સી. શાહ

## શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મૂળજી સાવલા જનરલ નોલેજ હરીફાઈ

શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મૂળજી સાવલા-જનરલ નોલેજ હરીફાઈમાં ૧૭ સ્પર્ધકોએ ભાગ લીધેલ. પ્રથમ લેખિત રાઉન્ડ બાદ વિજેતા ૧૦ સ્પર્ધકોની અલગ-અલગ ૫ (પાંચ) ટીમ બનાવવામાં આવેલ. સમગ્ર ક્વિઝ હરીફાઈનું સંચાલન શ્રી વિમેશભાઈ શાહે કરેલ. સ્પર્ધા દરમિયાન પ્રેક્ષકગણને પણ વિવિધ સવાલો પૂછી તેમના જ્ઞાનની ચકાસણી પણ વિમેશભાઈએ બખૂબી કરી લીધી અને સાચો જવાબ આપનારને પ્રોત્સાહક ઈનામ પણ આપેલ. આ સ્પર્ધાના વિજેતાઓના નામ નીચે મુજબ છે.

*પ્રથમ* : શ્રી મહેન્દ્રભાઈ શાહ અને જય ભેદા

*દ્વિતીય* : શ્રીમતી ચંદ્રાબહેન એમ. શાહ અને વિરલ પી. શાહ

*તૃતીય* : કુ. રચના ભેદા અને આર્શ શાહ

## બુક શેલ્ફ બ્લડ ડોનેશન પારિતોષિક યોજના

૧. શૈલેન વિજયસેન શાહ (૭૭ વખત)

૨. મનીષ આણંદજી વીરા (૬૮ વખત)

દરેક સ્પર્ધાઓના વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન. સ્પર્ધા દરમિયાન હાજર રહીને સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા બદલ હાજર રહેલ જ્ઞાતિજનો, સમાજના અગ્રણીશ્રીઓ શ્રી કે.ડી. શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રવિલાલભાઈ પારેખ, શ્રી એચ.કે. શાહ, શ્રી પંકજભાઈ ગોગરી, પાલડી ભવન સ્ટાફ તેમજ કેન્ટીન સ્ટાફનો યુવા વિકાસ સમિતિ ખૂબ ખૂબ આભાર માને છે.

***નવીન જે. લાલકા***
***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*નિષ્ફળતાથી હારી જઈને બેસી રહીએ તો ક્યારેય વિકાસ નહિ સાધી શકાય.*

## યુવા વિકાસ સમિતિ *આયોજિત* કાવ્ય સ્પર્ધા

### પ્રથમ વિજેતા કૃતિ : સંવેદના

*દીપકની જ્યોત બની આ જગતમાં નથી બળવું મારે,*
*સત્કર્મના અજવાળા પાથરવા છે આ સમાજમાં મારે.*
*ધૂપસળીની જેમ સળગીને ખતમ નથી થવું મારે,*
*સદાયે સ્નેહની સુવાસ પાથરવી છે જીવનમાં મારે.*
*પ્રભુ તારી મૂર્તિના પથ્થર બની નથી પૂજાવું જગમાં મારે,*
*તારા ભક્તોના ચરણરજ કાજે મંદિરના પગથિયાના પથ્થર બનવું છે મારે.*
*વેદનાઓથી ભરેલું ભલે હોય મારું જીવન,*
*વેદનાઓને સહન કરવાનું સામર્થ્ય કેળવવું છે મારે.*
*ભલે આવતા સુખ દુઃખના ઝંઝાવાતો મારા જીવનમાં,*
*તારા સ્મરણના સથવારે ભવસાગર તરી જવું છે મારે.*
*રાગદ્વેષથી મુક્ત થવાની ઝંખના છે તીવ્ર મારે,*
*સ્વભાવ દશા છોડી વિભાવ દશા કેળવવી છે મારે.*
*જાણું છું નીતિન, નીતિના માર્ગે ચાલવું ખૂબ કપરું છે,*
*પરંતુ નથી ફંટાવું જીવનમાં અનીતિના માર્ગ તરફ,*
*બસ છે પ્રભુ અંતરની એક જ અભિલાષા મારે...*

**– *નીતિન એચ. સંઘવી***

## યુવા વિકાસ સમિતિ *આયોજિત* વાર્તા સ્પર્ધા

### દ્વિતીય વિજેતા કૃતિ : 'અમૂલ્ય તક'

**– *અલ્પા મૂલચંદ મારુ***

એક સુંદર નદી હતી. વિશાળ કિનારો અને આજુબાજુમાં વૃક્ષો. કોઇને પણ ત્યાં રોકાવાનું મન થઇ જાય. એક વખત બપોરનો સમય હતો. એક શિલ્પી ત્યાંથી પસાર થતો હતો. એને આ જગ્યા ખૂબ જ ગમી ગઇ. તે ત્યાં રોક્યો. શિલ્પી એટલે કારીગર. એની પાસે એના ઓજાર તો હોય જ ને! એટલે ભાઇસાહેબે તો બાજુમાં પથ્થર પડ્યો હતો તેને લઇને માંડ્યો ટાંકવા. બે, ચાર હથોડા માર્યા કે અવાજ આવ્યો, 'મને દુઃખે છે! મને દુઃખે છે.' શિલ્પીએ આમતેમ જોયું પણ કોઇ ન દેખાયું એટલે તે પાછો પોતાના કામમાં લાગી ગયો. પાછો અવાજ આવ્યો, 'મને મારશો નહિ, મને બહુ પીડા થાય છે.' શિલ્પીએ ફરી આજુબાજુ જોયું. કોઇ દેખાયું નહીં. એને થયું નક્કી મારા મનને ભ્રમ થાય છે ને પાછો પોતાના કામમાં ગુંથાઇ ગયો. પાછો અવાજ આવ્યો, 'મને છોડી દો, મને છોડી દો. મારાથી સહન નથી થતું. મને બહુ દર્દ થાય છે.' હવે શિલ્પીએ ધ્યાનથી સાંભળ્યું અને વિચારવા લાગ્યો. ત્યાં તો પેલો પથ્થર બોલ્યો, 'હું તારા હાથમાં રહેલો પથ્થર બોલું છું. મને છોડી દો. મારાથી નથી સહન થતું.' શિલ્પીએ તેને કહ્યું, 'થોડી વાર સહન કરીલે હું હમણાં જ આમાંથી સુંદર મૂર્તિ બનાવી દઇશ.' અને કામે લાગ્યો. એક બે ટાંકણાં માર્યા કે પથ્થર બોલ્યો, 'ના, ના ભાઇ મારે મૂર્તિ નથી બનવું મને છોડી દો.' શિલ્પીએ તેને ખૂબ સમજાવ્યો. 'ભાઇ, થોડીક જ વાર લાગશે. તું સહન કરી લે.' પરંતુ પેલો પથ્થર સહન કરવા તૈયાર ન હતો. આ તો કલાના પૂજારી. એટલે એમનામાં દયા ખૂબ જ ભરેલી હોય. એટલે તેણે તે પથ્થર છોડી દીધો. અને બાજુમાં બીજો પથ્થર પડ્યો હતો તેના ઉપર કામ કરવા લાગ્યો. બે ચાર ટાંકણાં માર્યા હશે ને તેમાં પણ અવાજ આવ્યો, 'મને ન મારો, મને દુઃખે છે.' શિલ્પીએ તેને પણ સમજાવ્યો. એટલે પથ્થર માની ગયો અને ચૂપચાપ બેસી રહ્યો. થોડા જ સમયમાં તેણે સુંદર શિવલિંગ બનાવી દીધું. સાંજનો સમય થયો એટલે શિલ્પી તો ત્યાંથી ચાલતો થઇ ગયો અને શિવલિંગ ત્યાં જ પડ્યું રહ્યું.

પરીક્ષા પૂરી થઇ એટલે છોકરાઓ સાથે બહાર ફરવા જવાનું નક્કી થયું. ગાડી લઇ એક નદી કિનારે ફરવા ગયા. આખો દિવસ ધમાલમસ્તી અવનવી રમતો રમતાં રમતાં પાવનની નજર એક જગ્યા ઉપર પડીને મમ્મીને બતાવ્યું. મમ્મીએ કહ્યું અરે આ તો શિવલિંગ છે. ચાલ, હું તને આની પૂજા કરતાં શીખવાડું. અને પાવને મમ્મી સાથે પૂજા કરી. સાંજે બધા પાછા ફરતા હતા ત્યારે તેમની ગાડીને એક મોટો અકસ્માત થયો. પણ ગજબ વાત તો એ હતી કે તેમાં કોઇને પણ વાગ્યું નહીં એટલે મમ્મીને યાદ આવ્યું આ તો શિવલિંગની પૂજાનો જ ચમત્કાર! એમની શ્રદ્ધાના બળે તે જગ્યાએ તેમણે સુંદર મંદિર બંધાવ્યું અને શિવલિંગની સ્થાપના કરી. પછી તો પૂછવું જ શું? લોકોની અવરજવર વધતી જ ચાલી. ત્યાં મેળા ભરાવા લાગ્યા અને લોકો આવે એટલે પ્રસાદમાં સાથે શ્રીફળ તો હોય જ. શ્રીફળ બધા ક્યાં વધેરે, તમને ખબર જ છે. બધા જ પેલા પહેલા પથ્થર ઉપર શ્રીફળ વધેરે. જોગાનુંજોગ ઘણા સમય પછી પેલો શિલ્પી ત્યાં આવ્યો. તેણે મંદિર જોયું. એટલે ત્યાં દર્શન કરવા ગયો. દર્શન કરી પાછો ફર્યો ત્યાં જ તેને અવાજ આવ્યો, 'ભલા માણસ મારામાંથી પણ એક મૂર્તિ બનાવોને.' શિલ્પીએ આજુબાજુ જોયું. એને ત્યાં કોઇ ના દેખાયું. પાછો પથ્થર બોલ્યો, 'ભાઇ હું એ જ પથ્થર. ઘણા સમય પહેલાં તમે મારામાંથી મૂર્તિ બનાવવાના હતા પણ મેં ના પાડી એટલે તમે મને છોડી બીજા પથ્થરમાંથી મૂર્તિ બનાવી અને એ બીજો પથ્થર આ મંદિરમાં રહેલા ભગવાન છે.'

શિલ્પી તે પથ્થરને જોતો રહ્યો. થોડીવાર ત્યાં ઊભો રહ્યો. પછી ધીમું હાસ્ય વેરી ત્યાંથી ચાલ્યો ગયો અને પહેલો પથ્થર ત્યાં જ રોજરોજ હજારો ઘા ખાવા માટે હાજર રહ્યો.

**સારાંશ :**

એ શિલ્પી કેમ હસ્યો? ખબર છે! એક વખત આવેલી તક જીવનમાં ફરી ક્યારેય આવતી નથી થોડું સહન કરો અને આખી જિંદગીની મજા માણો.

અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થીઓ અત્યારે થોડા ટાંકણાં ખાઓ સુંદર ઘડાઇ જાઓ, પછી તો આખી જિંદગી પૂજાવાનું જ છે, મોજ જ છે. જય જિનેન્દ્ર. ■

***લોકોને સફળતા દેખાય છે, સફળતા પાછળનો શ્રમ દેખાતો નથી.***

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### હેરિટેજ વૉક

સંકલ્પ દ્વારા જૂના અમદાવાદની સામાજિક વ્યવસ્થા, મકાનોના બાંધકામ, ટાઉન પ્લાનિંગ - અમદાવાદની ઐતિહાસિક વિરાસતની જાણકારીથી આજનાં યુવાનોને વાકેફ કરવા માટે "અમદાવાદ હેરિટેજ વૉક"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુવા વર્ગથી ૭૫ વર્ષ સુધીના સભ્યોએ યાત્રામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ યાત્રા કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી શરૂ થઈ જુમ્મા મસ્જિદ ખાતે પૂરી થઈ. આ દોઢ કિ.મી.ની યાત્રામાં અમદાવાદનાં ૧૦૦થી વધારે વર્ષ જૂના ભૂકંપ પ્રતિકારક મકાનો, એનું બાંધકામ, સ્થાપત્ય કળા, દેરાસર, હવેલી, જીવદયા, અન્ડરગ્રાઉન્ડ ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો સંગ્રહ, પોળ તથા ઓળની રચનાઓ વિશેની વિસ્તૃત માહિતી મેળવી.

આ યાત્રામાં આવેલા સહુ અંતે એક જ વાત કરતા હતા કે અમદાવાદમાં વર્ષોથી રહીએ છીએ પણ અમદાવાદના ઇતિહાસ અને ઐતિહાસિક વિરાસતની જાણકારી આપણને આજે થઈ.

### ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનનો અહેવાલ

'સંકલ્પ' શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ દ્વારા આયોજિત ફેન્સી ડ્રેસ કોમ્પિટીશનમાં દરેક વયજૂથના સભ્યોએ ભાગ લીધો હતો. જેમાં નાના ભૂલકાંઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતાઓની યાદી નીચે મુજબ છે.

- **૦ થી ૮ વર્ષનું વય જૂથ**
  પ્રથમ : મહેક દંડ
  દ્વિતીય : હેત્વી પારેખ
  તૃતીય : પ્રિયાંશુ શાહ
- **૯ થી ૧૮ વર્ષનું વય જૂથ**
  પ્રથમ : દેવાંશી શાહ
  દ્વિતીય : પરીન શાહ
- **૨૬ વર્ષથી ઉપરનું વય જૂથ**
  પ્રથમ : વનિતા શાહ
  દ્વિતીય : ચંદ્રા મહેન્દ્ર શાહ

ફેન્સી ડ્રેસ કોમ્પિટીશન પૂરી થયા બાદ મેજિક શો નું આયોજન કરવામાં આવ્યું હતું. નાના બાળકોને તો જાદુ જોવાની ખૂબ મજા પડી ગઈ. જાદુગર શ્રી પી.જે. ચવ્હાણએ રમૂજી જાદુ દેખાડીને બાળકોનું ખૂબ મનોરંજન કર્યું. આ કાર્યક્રમમાં ભાગ લેનાર સ્પર્ધકો, વિજેતાઓ અને પ્રેક્ષકોનો ખૂબ ખૂબ આભાર.

*સ્મિતા વિશાલ શાહ, મંત્રી 'સંકલ્પ'*

## શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળ

શ્રી કચ્છી જૈન ભક્તિ મંડળનું નવું વર્ષ જુલાઈથી શરૂ થાય છે. મંડળની બહેનો દર અઠવાડિયે મંગળવારના, નિયમિત શ્રી કચ્છી જૈન ભવન પર મળે છે. સમાજના જે કોઈ પણ બહેન સારું ગાઈ શકતા હોય અથવા તો કોઈપણ વાજિંત્ર વગાડી શકતા હોય તેવા બહેનોને ભક્તિ મંડળમાં જોડાવાનું હાર્દિક નિમંત્રણ છે. મંડળની બહેનો હાલરડાં, લગ્નગીતો, ભક્તિ ગીતો તથા પૂજાના દુહાઓ ગાવાની સાથે સાથે દાંડિયા, મંજીરાના તાલે તાલબદ્ધ ગાવાની નિયમિત પ્રેક્ટિસ કરે છે. હાર્મોનિયમ સાથે ગાવાની પ્રેક્ટિસ શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા કરાવડાવે છે. ભક્તિ મંડળનું સંચાલન પણ શ્રીમતી ચંદ્રિકાબહેન દેઢિયા કરે છે. માર્ચ ૧૯૮૬થી શરૂ થયેલ આ મંડળ ૧૮-૩-૨૦૧૧ના રોજ ૨૪ વર્ષ પૂરા કરી, પચ્ચીસમા વર્ષમાં પ્રવેશ કરશે.

**ભક્તિ મંડળને મળેલી ભેટ :**

★ શ્રીમતી રતનબહેન કાંતિલાલ ફુરિયા તરફથી રૂા. ૨૫૧/- એમના દોહિત્ર ચિ. જશને મળેલ ક્રિકેટની સિદ્ધિની ખુશાલીમાં.

★ શ્રીમતી કસ્તૂરબહેન લક્ષ્મીચંદ વીરા તરફથી સ્વ. હરમેશની વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભણાવેલ શ્રી પાર્શ્વ પંચકલ્યાણક પૂજા નિમિત્તે રૂા. ૫૦૧/-

ઉપરોક્ત સર્વે ભેટોનો ભક્તિ મંડળ સાભાર સ્વીકાર કરે છે.

*શ્રીમતી ચંદ્રિકા દેઢિયા - પ્રમુખ*

## શ્રી કચ્છી મહિલા સમાજ - અમદાવાદ

***આગામી કાર્યક્રમો***

ઉપરોક્ત મહિલા સમાજના ઉપક્રમે નીચે જણાવ્યા મુજબના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. અમદાવાદ - ગાંધીનગરમાં વસતા કોઈ પણ કચ્છી બહેન મંડળની વાર્ષિક ફી રૂા. ૨૫/- (વર્ષ ૨૦૧૦ માટે) ભરી દરેક પ્રોગ્રામમાં ભાગ લઈ શકે છે.

**૧. સૂર્ય દર્શન ચિકિત્સા અને તેના ફાયદા**

તા. ૨૦-૮-૨૦૧૦ ને શુક્રવારના રોજ "આદર્શ અમદાવાદ સંસ્થા" તરફથી શ્રી બુધાભાઈ ચૌહાણનું વક્તવ્ય ઉપરોક્ત વિષયને અનુલક્ષીને ગોઠવવામાં આવેલ છે.

**૨. શારીરિક તંદુરસ્તીની જાળવણી + સ્કીન કેર તથા વાળની માવજત :**

તા. ૨૧-૯-૨૦૧૦ને મંગળવારના રોજ તેરાપંથ હોલિસ્ટિક હિલિંગ્સના સંચાલક શ્રી અરુણભાઈ વ્યાસનું માર્ગદર્શન. સાથે સાથે એકમે બ્યૂટી પાર્લરના સંચાલિકા શ્રીમતી માયાબહેન વ્યાસનું વક્તવ્ય ગોઠવેલ છે.

*ઉપરોક્ત બંને કાર્યક્રમોનું સ્થળ : પ્રીતમનગરના અખાડાનો હોલ.*

*સમય : બપોરે ૩.૦૦ કલાકે*

*શ્રીમતી ચંદ્રિકા દેઢિયા, પ્રમુખ - શ્રી કચ્છી મહિલા સમાજ*

*આપણે બીજી પેઢીને જેટલું વધુ જ્ઞાન આપીશું, તેટલા આપણે આગળ વધીશું.*

# જિંદગી એક રંગમંચ

• સલોની નવીનભાઈ લાલકા •

*'જીના યહાં, મરના યહાં ઈસકે સિવા જાના કહાં,*
*જી ચાહે જબ હમકો આવાઝ દો,*
*હમ હૈ વહીં, હમ થે જહાં,*
*અપને યહી દોનો જહાં, ઈસકે સિવા જાના કહાં....'*

*'બાબુ મોશાય, જિંદગી એક રંગમંચ હૈ'*

રંગમંચ, સ્ટેજ, તખ્તો જ્યાં કેટલાય નાટકો ભજવાય છે. આ દરેક નાટકોમાં જીવનનો કોઈને કોઈ રંગ વણી લેવામાં આવે છે.

ત્રિઅંકી નાટક એટલે મનુષ્યનું જીવન. નાટકનો પ્રથમ અંક જેમાં કથાને, તેના સંદર્ભને વર્ણવે છે તેવી જ રીતે મનુષ્યના જીવનનો પ્રથમ તબક્કો તેનું ભવિષ્ય નક્કી કરે છે. પ્રથમ તબક્કો એટલે મનુષ્યનું બાળપણ. બાળપણમાં જ મનુષ્ય ચાલતાં, બોલતાં, લખતાં ને વાંચતા શીખે છે. કહેવાય છે કે બાળકો ભીની માટી જેવા હોય છે. ભીની માટીને જેમ વાળો તેમ વળે, જેવો આકાર આપો તેવો આકાર ધારણ કરે. તે જ રીતે બાળપણમાં બાળકને જેવા સંસ્કાર આપવામાં આવે તેવું જ તેમનું ભવિષ્ય બને. કથાના બીજ રોપાઈ ગયા છે. દર્શકો વાર્તા સાથે ઓતપ્રોત થઈ ગયા છે. એ જ રીતે જીવનમાં પણ બાળપણ રૂપી બીજ રોપાઈ ગયા છે અને જીવનરૂપી નાટકનો બીજો અંક શરૂ થઈ ગયો. પાયારૂપી જ્ઞાન મેળવી લીધું છે અને તેને આધારે પોતાની કારકિર્દી બનાવી રહ્યો છે. ભવિષ્ય સજાવી રહ્યો છે. સંસાર માંડી રહ્યો છે. ધીરે ધીરે જીવન આગળ વધી રહ્યું છે અને જીવનરૂપી નાટકનો પડદો પડે છે ને ત્રીજો અંક શરૂ થાય છે. કલાકારો એ જ છે. બસ થોડા સરવાળા-બાદબાકી સાથે જીવન આગળ વધી રહ્યું છે. મનુષ્ય પોતાના અનુભવના નિચોડ સાથે પોતાની પેઢીને, પોતાના પરિવારને સિંચી રહ્યો છે. અત્યાર સુધીના જીવનમાં તેણે સુખ-દુઃખ ચડતી પડતી બધું જ જોયું છે. ધીરે ધીરે નાટકની જેમ આપણા જીવનનો પણ અંત આવી જાય છે.

રંગમંચ પર પોતાની રજૂઆત કરતા કલાકારને જરૂરી રિહર્સલ કરવાની તક મળતી હોય છે. પરંતુ વાસ્તવિકતામાં મનુષ્યને ભવિષ્ય માટેના કોઈ રિહર્સલની તક મળતી નથી. કારણ...

'ન જાણ્યું જાનકી નાથે, શું થાશે પ્રભાતે!'

મનુષ્યને તેના આજની ખબર છે પરંતુ આવનાર આવતીકાલ માટે તે ફક્ત એક અંદાજ પર ચાલે છે. હા, આવનાર આવતીકાલ માટે પોતાની બુદ્ધિ-શક્તિ દ્વારા તે આગોતરું આયોજન ચોક્કસ કરી શકે છે. આ વિશાળ રંગમંચ પર સાથી કલાકારોની સાથે મનુષ્યએ પ્રસંગોપાત અવનવી લાગણીઓ વ્યક્ત કરવાની હોય છે. ચડતીના સમયે રંગમંચનો આ રંગલો અભિમાની રાવણનું રૂપ પણ ધારણ કરી શકે છે અને પડતીના સમયે આ જ રંગલો સંયમધારી પ્રભુ રામ પણ બની શકે છે.

મિત્રો આપણે તો માત્ર કઠપૂતલી છીએ. આપણા જીવનની દોર તો માત્ર અને માત્ર ઉપર બેઠેલા એ ઈશ્વરના હાથમાં છે. આપણા જીવનની દોરને તે ક્યારે ખેંચશે, ક્યારે ઢીલી મૂકશે અને ક્યારે કાપી નાખશે એ તો કોઈ જ નથી જાણતું. બસ નાટકનો અંત આવશે ત્યારે ઉપર જઈને કરેલા નાટકના લેખાં-જોખાં આપવાના છે.

જો આપણને નાટક ભજવતા આવડતું જ ન હોય તો ઈશ્વર આપણને આ દુનિયામાં મોકલે છે જ શા માટે?

મિત્રો, જે લોકો જીવનથી હારી જાય છે તેઓ કહેતા હોય છે કે,

'દુનિયા બનાને વાલે,
ક્યા તેરે મન મેં સમાઈ
કાહે કો દુનિયા બનાઈ
તુને કાહે કો દુનિયા બનાઈ....'

અને જે લોકો જિંદગીનો ખરો અર્થ સમજે છે, જિંદગીને ઝિંદાદિલીથી જીવે છે તેઓ કહે છે,

*'રોતે હુએ, આતે હૈ સબ,*
*હસતા હુઆ જો જાયેગા,*
*વો મુકદ્દર કા સિકંદર*
*જાનેમન કહેલાયેગા....'*

જીવનને કઈ રીતે જીવવું એ તમારે નક્કી કરવાનું છે...

'નિર્ણય તમારો'

**મો. ૯૩૭૫૯ ૨૭૨૫૨**

*(વેકેશન દરમિયાન યુવા વિકાસ સમિતિ દ્વારા યોજાયેલ પબ્લિક સ્પીકિંગના વર્કશોપ દરમ્યાન આપેલ સ્પીચમાંની એક સ્પીચ....)*

---

સુરેશ તેંદુલકર સમિતિના રિપોર્ટ અનુસાર ભારતની ૩૭.૨ ટકા વસતી, ગરીબીની રેખા નીચે જીવે છે. ૨૦૦૮ના અંદાજ મુજબ દુનિયામાં દર પાંચ સેકંડે એક, દર કલાકે સાતસો, રોજના સોળ હજાર અને વર્ષે સાંઈઠ લાખ બાળકો ભૂખમરાથી મૃત્યુ પામે છે. વિકાસશીલ દેશોની ૧૭ ટકા પ્રજા ભૂખમરો વેઠે છે. દુનિયામાં કુપોષણથી મરતા બાળકોમાં ભારતનો હિસ્સો ૪૦ ટકા છે. એટલે કે ભારતમાં દર વર્ષે ૨૫ લાખ બાળકો કુપોષણથી મરે છે અને છતાં, દુનિયા સૈન્ય અને શસ્ત્રો પાછળ દર સેંકડે – રીપીટ દર સેકંડે ૩૭ મિલિયન યુરો ખર્ચે છે.

***'નયા માર્ગ', તા. ૧-૫-૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

*સમયસરનું મૌન બોલાયેલા શબ્દોથી વધુ અસરકારક હોય છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જૂન / જુલાઈ - ૨૦૧૦

● **રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરતની સ્થાપના કરવાના અનુસંધાને આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ તથા શ્રી રસિકભાઈ મહેતા સુરત ગયેલ હતા. સુરતના 'યાત્રિક ભવન'માં રહેવાની સગવડ મેળવેલ હતી.

સવારના સમયે વિવિધ સમાજોની લગભગ ૧૫ જેટલી વ્યક્તિઓ સાથે અલગ અલગ ગ્રૂપમાં ચર્ચા કરવામાં આવી હતી.

સાંજના ૪.૦૦ વાગ્યાના સમયે શ્રી વાગડ સાત ચોવીસી સમાજ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'આરાધના ભવન' પર એક મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. જેમાં સુરત સ્થિત વિવિધ કચ્છી જૈન સમુદાયના લગભગ ૧૦૦ જેટલા પ્રતિનિધિ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં શ્રી કચ્છી વીસા ઓસવાળ સમાજ, શ્રી કચ્છી દશા ઓસવાળ સમાજ, શ્રી વાગડ વીસા ઓસવાળ સમાજ, શ્રી વાગડ સાત ચોવીસી સમાજ, શ્રી વાગડ બે ચોવીસી સમાજ તથા શ્રી કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજ એમ દરેક સમાજના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેલ હતા. ચર્ચા વિચારણાના અંતે 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - સુરત'ની સ્થાપનાની જાહેરાત કરવામાં આવેલ હતી. ત્યારબાદ અલગ અલગ સમુદાયના પ્રતિનિધિઓનો સમાવેશ કરી, કુલ ૨૬ વ્યક્તિઓના 'પ્રમોટર ટ્રસ્ટ મંડળ'ની રચના કરવામાં આવેલ હતી. ત્યારબાદ આ નવીન સમાજના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સહમંત્રી, ખજાનચી તથા સહ ખજાનચીની પણ સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. પ્રમોટર ટ્રસ્ટ મંડળ આવતા ૩ વર્ષ સુધી કાર્યરત રહી, સંગઠનનું માળખું વ્યવસ્થિત કરશે અને ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયાથી ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિ નક્કી કરવામાં આવશે તેવા આયોજનો વિચારાયેલ હતા. આ મિટિંગનું સંચાલન શ્રી જયેશભાઈ વિસારિયાએ કરેલ હતું. સર્વે સમાજોને એકત્રિત કરવાની જવાબદારી સુરત સ્થિત શ્રી કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજે અદા કરેલ હતી. આ મિટિંગનું પ્રમુખ સ્થાન શ્રી કચ્છી ગૂર્જર જૈન જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી કિરણ ધરમશી પારેખે સંભાળેલ હતું.

● **મંગળવાર, તા. ૨૯-૬-૨૦૧૦**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર 'કચ્છ આર્ટ ગેલેરી' સ્થાપવા અંગેની એક મિટિંગ ભુજ - કચ્છથી પધારેલ કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સતીષ શિવદાસન તથા અન્ય એક શ્રી તપનની હાજરીમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે મળેલ હતી કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રીમતી પુષ્પાબહેન કે. શાહ ઉપસ્થિત રહેલ હતા. કચ્છ આર્ટ ગેલેરી અંગે જરૂરી હોલના રિનોવેશનનું કામ લગભગ પૂરું થવા આવેલ હોવાથી તેના વિશે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. તેમજ હોલના સંપૂર્ણ માપ લઈ, શ્રી કે.આર. શાહ અંદાજે બે દિવસ માટે નજદીકના ભવિષ્યમાં ભુજ જઈ, શ્રી સદાશિવન સાથે ગેલેરીમાં પ્રદર્શિત કરવા અંગેના વિવિધ વિષયોના ફોટોગ્રાફ્સ, મૉન્યુમૅન્ટ્સ, જૂના કલેક્શન્સ વગેરે અંગે ચર્ચા કરી, એ બાબતે નિર્ણયો લેવામાં આવે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

● **બુધવાર, તા. ૩૦-૬-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પાર્કિંગના સ્થળે તે જગ્યાના અન્ય વપરાશ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી આવેલ પત્રનો જવાબ આપવામાં આવેલ હતો.

● **શુક્રવાર, તા. ૨-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરના પ્રથમ માળના હોલમાં શણગાર ડેકોરેટર્સ દ્વારા 'પ્લોટ ઑનર્સ અને બેન્કવેટ હોલ ઑનર્સ એસોસિએશન'ની મિટિંગ મળેલ હતી. અને પાર્કિંગના પ્રશ્ને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી જે ઝુંબેશ ઉપાડવામાં આવેલ છે તે માટે વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી. આ મિટિંગમાં લગભગ ૧૦૦ની સંખ્યામાં પાર્ટી પ્લોટ ઑનર્સ એકત્રિત થયેલ હતા. ચર્ચાને અંતે આગળની જરૂરી કાર્યવાહી કરવાની જવાબદારી એસોસિએશનના હોદ્દેદારો પર છોડવામાં આવી હતી. આમંત્રણને માન આપી આ મિટિંગમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના બે પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેલ હતા.

● **શનિવાર, તા. ૩-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી કે.આર. શાહ તથા શ્રી કે.કે. ગજ્જરે મિટિંગ કરી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પરની એફ.એસ.આઈ. વધારવાની પ્રક્રિયા બાબતે વિવિધ દૃષ્ટિકોણથી ચર્ચા કરેલ હતી. અંદાજે પાંચેક કલાક સુધી વિવિધ ટેક્નિકલ તથા કાયદાકીય પાસાઓની ચર્ચા કરવામાં આવેલ હતી.

*ધર્મ તો પ્રગતિની રાહ ચીંધે છે, રોકતો નથી.*

● **રવિવાર, તા. ૪-૭-૨૦૧૦**

☆ આજરોજ સવારના ૯.૦૦ કલાકે નવનીત ભવન - આવાસ યોજના બહેરામપુરા ખાતે દરેક ફ્લેટ ધારકોની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અધિકારીઓ સાથે એક સંયુક્ત મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું. આ મિટિંગમાં સમાજ તરફથી શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી હસમુખ ખાંડવાલા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. અંદાજિત ૩૦ની સંખ્યામાં ફ્લેટ ધારકો પણ ઉપસ્થિત રહેલ હતા. 'નવનીત ભવન ફ્લેટ ઑનર્સ મેઈન્ટેનન્સ એસોસિએશન'ની રચના કરવામાં આવી હતી. અને તેના ૬ સભ્યોની એક સમિતિ બનાવવામાં આવેલ હતી. ત્યારબાદ આ એસોસિએશનની સમિતિના હોદ્દેદારો તરીકે નીચે મુજબના નામો સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતા.

પ્રમુખ : શ્રી દિનેશ લખમશી મૈશેરી (ફ્લેટ નં.-૩૦૬), ઉપપ્રમુખ : શ્રી હસમુખ કાંતિલાલ મહેતા (ફ્લેટ નં.-૧૦૩), માનદ્ મંત્રી : શ્રી મનીષ કે. દેઢિયા (ફ્લેટ નં.-૨૦૭), ખજાનચી : શ્રી મોનીષ ભૂપેન્દ્ર વોરા (ફ્લેટ નં.-૨૦૮), સભ્ય : શ્રી જિતેન કાંતિલાલ મોમાયા (ફ્લેટ નં.-૪૦૧), શ્રી શૈલેષ શામજી નાગડા (ફ્લેટ નં.-૨૦૨)

જુલાઈ-૨૦૧૦થી મેઈન્ટેનન્સ વગેરેની જવાબદારી આ એસોસિએશન સંભાળી લેશે તેવું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ સાંજના ૪.૦૦ વાગે યુવરાજ હોટલ - બરોડા ખાતે શ્રી નવીનભાઈ હીરાચંદ પટેલ તથા શ્રી હીરજી કેશવજી નાગડા (શાહ) તરફથી તૈયાર કરવામાં આવેલ "વડોદરા કચ્છી જૈન દર્શન : ૨૦૦૯-૧૦" સરનામા ટેલિફોન ડિરેક્ટરીનો વિમોચન સમારંભ રાખવામાં આવેલ હતો કે જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી અશોક મહેતા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેલ હતા. અન્ય અતિથિ વિશેષશ્રીઓમાં શ્રી રાજેશ કાંતિલાલ મોતા (ટિકીટાર ઈન્ડસ્ટ્રીઝ), શ્રી ચેતનભાઈ કેશવજી દેઢિયા (ઑથેલો ડેવલપર્સ), શ્રી સંજયભાઈ છોટાલાલ શાહ (ક્યુબ કન્સ્ટ્રક્શન) તથા શ્રી પ્રફુલભાઈ પ્રવીણચંદ્ર સાવલા (ડે.ચીફ એકાઉન્ટન્ટ, વડોદરા મહાનગર પાલિકા) ઉપસ્થિત રહેલ હતા. ઉપરોક્ત સમારંભમાં શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ - વડોદરાના પ્રમુખ શ્રી વલ્લભજી પ્રેમજી સાવલા, શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજના પ્રમુખ શ્રી ઠાકરશી પદમશી પનપારિયા, શ્રી કચ્છી જૈન ગૂર્જર સમાજ - વડોદરાના પ્રમુખ શ્રી જયેશભાઈ રમણિકલાલ શાહ તથા અન્ય અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહેલ હતા.

ઉપરોક્ત સમારંભમાં દરેક પ્રવચનકાર દ્વારા દરેક કચ્છી જૈને વડોદરામાં સંગઠિત થઈ નક્કર કાર્યો કરવા જોઈએ તેવા મતલબનો સૂર રહેવા પામેલ હતો.

● **સોમવાર, તા. ૫-૭-૨૦૧૦**

☆ આજરોજ બપોરના ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, શ્રી નરેન્દ્રભાઈ ખોના, ડૉ. દેવીન્દ્રાબહેન શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં ક્લિનિકલ રિસર્ચ બાબતે આગળ વધવાનું નક્કી કરવામાં આવેલ હતું. ડૉક્ટર્સ ગેટ-ટુ-ગેધર માટે તા. ૧૮-૭-૨૦૧૦ નક્કી કરવામાં આવેલ હતી. હાર્ટ કેર બાબતે તા. ૨૯-૮-૨૦૧૦ના રોજ એક સેમિનાર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના વિવિધ વિભાગોની કામગીરી અંગે તેની બેલેન્સ શીટ પર ચર્ચા કરવામાં આવેલ હતી. બેલેન્સ શીટના તારવણી પરથી આઠેક બ્રાંચના ડૉક્ટર્સ સાથે ચર્ચા કરવા અંગેના આયોજનની જવાબદારી શ્રી અશ્વિનભાઈ સાવલા પર મૂકવામાં આવી હતી.

● **ગુરુવાર, તા. ૮-૭-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કે.આર. શાહ તથા ડૉ. દેવીન્દ્રાબહેન શાહ એકત્રિત થયેલ હતા. અમદાવાદ મ્યુનિસિપાલિટી તરફથી આવેલ પત્રના અનુસંધાને ચર્ચા કરવામાં આવેલ હતી. બેઝમેન્ટમાં ચાલતું ફિઝિયોથેરાપી સેન્ટર ભવનના ૪થે માળે શિફ્ટ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ અંગે જરૂરી સુવિધા ઊભી કરવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજે ઉસ્માનપુરા ખાતેની અમદાવાદ મ્યુનિ. ઓફિસે શ્રી અશોક મહેતા તથા શ્રી કે.કે. ઠક્કર રૂબરૂ જઈ ડેપ્યુટી ટી.ડી.ઓ. શ્રી રાજેશ પટેલને મળ્યા તા અને ભવનની પાર્કિંગની જગ્યા માટે વિશેષ જાણકારી પ્રાપ્ત કરેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પરના હોલોપ્લિન્થના પાર્કિંગ વિસ્તારમાંથી ઓફિસ વગેરે ખસેડી લેવામાં આવેલ હતા અને પાર્કિંગ વિસ્તાર વધારી દેવામાં આવેલ હતો.

● **શુક્રવાર, તા. ૯-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા એકત્રિત થયેલ હતા અને આવતા વર્ષના ટ્રસ્ટ મંડળ, કારોબારી સમિતિ, હોદ્દેદારો, વિવિધ સમિતિઓ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી વિહંગાવલોકન કર્યું હતું.

☆ આજરોજ ડે.મ્યુનિ. કમિશનર શ્રી ઉત્પલ પડિયાને મળવા ઉસ્માનપુરાની મ્યુનિ.

*બાળકોને સન્મતિ આપો નહિ તો સંતતિ અને સંપત્તિ બંને ગુમાવશો. – પ્રમુખસ્વામી*

ઓફિસ પર શ્રી અશોક મહેતા, શ્રી હસમુખ ખાંડવાલા તથા શ્રી કે.કે. ઠક્કર ગયેલ હતા. પરંતુ તેઓની ગેરહાજરીમાં તેમને મળી શકેલ ન હતા. ત્યારબાદ ભવન પરના હોલોપ્લિન્થના વિસ્તાર અંગે જરૂરી આયોજનો ગોઠવેલ હતા.

- **સોમવાર, તા. ૧૨-૭-૨૦૧૦**

☆ આજરોજ ડે. મ્યુનિ. કમિશનર, પશ્ચિમ ઝોન પર ભવનના પાર્કિંગ વિસ્તારને સંપૂર્ણપણે કાર્યરત કરવામાં આવેલ છે તે જણાવતો પત્ર મોકલી આપવામાં આવેલ હતો.

- **બુધવાર, તા. ૧૪-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર સવારના ૯.૦૦ વાગે 'લાઈબ્રેરી સમિતિ'ની એક મિટિંગ મળેલ હતી. કે જેમાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, શ્રી મનુભાઈ શાહ તથા શ્રી નવીનભાઈ લાલકા ઉપસ્થિત રહેલ હતા. લાઈબ્રેરી માટે નવા મેમ્બરો બનાવવા અંગેનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૧૫-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી નિકુંજભાઈએ જણાવેલ કે ગત સોમવાર, તા. ૧૨-૭-૨૦૧૦ના અ.મ્યુનિ.કો.માં આવાસ યોજનાના રિવાઈઝ્ડ પ્લાનની મંજૂરી માંગતી ફાઈલ રજૂ કરી દેવામાં આવેલ છે.

- **રવિવાર, તા. ૧૮-૭-૨૦૧૦**

☆ આજરોજ ભવન પરના મેડિકલ સેન્ટરના ડૉક્ટરશ્રીઓ સાથે એક મિલન સમારંભ યોજવામાં આવેલ હતો. અંદાજિત ૨૦ જેટલા ડૉક્ટરો ઉપસ્થિત રહેલ હતા. શ્રી ક.જૈ.સે.સ.ના હોદ્દેદારો તથા મેડિકલ સમિતિના સભ્યો પણ ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરના વિકાસ માટે ડૉક્ટરશ્રીઓ તરફથી વિવિધ સૂચનો કરવામાં આવેલ હતા.

☆ આજરોજ ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી કે.આર. શાહ, શ્રી હીરજી પાસુ શાહ વગેરે એકત્રિત થયેલ હતા અને વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટેની વિવિધ સમિતિઓની રચનાના આયોજન અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ આજરોજ 'મહિલા ઉત્કર્ષ સમિતિ'ની કેટલીક બહેનો ભવન પર એકત્રિત થયેલ હતી અને તેઓએ ઓગસ્ટ-૨૦૧૦ મહિનાના કાર્યક્રમો નક્કી કરેલ હતા.

- **મંગળવાર, તા. ૨૦-૭-૨૦૧૦**

☆ હોલોપ્લિન્થ તથા બેઝમેન્ટના પાર્કિંગના ફોટા સાથેનો પત્ર શ્રી કે.આર. શાહ તથા શ્રી કે.કે. ઠક્કરે મ્યુનિ.ની ઉસ્માનપુરા ઓફિસે જઈ સુપરત કરેલ હતો અને તેનાથી મ્યુનિ.ના અધિકારીશ્રીઓ સંતુષ્ટ હોવાનું જણાવેલ હતું.

- **બુધવાર, તા. ૨૧-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી કાંતિભાઈ સાવલા શ્રી સંજય પટેલને મળવા ગુલબાઈ ટેકરા પરના તેમના નિવાસ સ્થાને ગયેલ હતા અને ગર્લ્સ હોસ્ટેલના તેમના એ ૯૦૬ વારના બંગલાના પ્લોટ માટે વિગતવાર ચર્ચા કરેલ હતી. તેની અંદાજિત કિંમત અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૨-૭-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કે.આર. શાહ, શ્રીમતી પુષ્પાબહેન શાહ તથા શ્રી શૈલેષ શાહ (શ્રી ડી ફોટોગ્રાફીવાળા) ભુજ ગયેલ હતા. ત્યાં તેઓ બે દિવસ રોકાઈ કચ્છ મ્યુઝિયમના ક્યુરેટર શ્રી સદાશિવનને મળી, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ પરની 'કચ્છ આર્ટ ગેલેરી'માં એક્ઝિબિશન માટે મૂકવાની વિવિધ વસ્તુઓ અંગે ચર્ચા કરી, જરૂરી માહિતી એકત્રિત કરવાના છે.

- **સોમવાર, તા. ૨૬-૭-૨૦૧૦**

☆ આજ રોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નવીન લાલકા, શ્રી પંકજ ગોગરી, શ્રી મનીષ વીરા, શ્રી વિમેશ શાહ, શ્રી વિશાલ શાહ તથા કુ. સુજલ શાહ એકત્રિત થયેલ હતા. તા. ૧૫-૮-૨૦૧૦ના સરસ્વતી સન્માનના કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના વિદ્યાર્થીઓને આપવાના ઍવૉર્ડ, સન્માનપત્ર વગેરે અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. વિવિધ સમિતિ આયોજિત હરીફાઈ યોજનાના વિજેતાઓને આપવાના ઍવૉર્ડ અંગે પણ ચર્ચા કરવામાં આવેલ હતી. ■

## ભણતર સાથે ગણતર

૧૯૪૮માં સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઇ ત્યાં સુધી અમારા અભ્યાસક્રમને કોઇએ સ્વીકૃતિ આપી ન હતી. અમને સમય, પિરિયડો તથા પરીક્ષા વગેરેના જડબંધનો ન હતા. વરસાદ શરૂ થાય એટલે બીડ-ડુંગરમાં નાહવા, ધોધમાં કૂદવા નીકળી પડીએ. વર્ષ નબળું હોય ત્યારે અનાજ સમિતિમાં પણ વિદ્યાર્થીઓને જોતરીએ. રસોયો ભાગી જાય તો તરત રોટલાવર્ગ શરૂ થાય. રસોડામાં સૌ નાનાં મોટા કામે લાગી જાય. રસોયાની સાડીબારી નહીં.

અમે જોયું કે બધાની ભણવાની ભૂખ **શિક્ષણ શાસ્ત્રે** નક્કી કરેલી ઉંમરે અને સમયે ઊઘડે જ એ માન્યતા સાચી નથી. અમે કોઇની બૌદ્ધિક પ્રગતિ જોઇને એને આગલો નંબર આપતા નહીં. જેની જે બાબતમાં આવડત તેને અમે સૌ પાસે ધરી દેતા. શિક્ષણમાં હોશિયારીનો આજનો ગજ એ નરી ફિશિયારી જ છે એમ અનુભવે કહી શકું છું.

એ કાળના આ રીતે ભણેલા સૌ વિદ્યાર્થીઓમાં મોટાભાગના પોતાનો રસ્તો સ્વમાનભેર જાતે કાઢનારા નીકળ્યા, તે પણ અમે જોયું.

ખરી રીતે સવાલ માહિતી આપવાનો નથી પણ આત્મવિશ્વાસ અને સમજણ આપવાનો છે.

*- મનુભાઇ પંચોળી 'દર્શક'*

*પ્રેષક : શાંતિલાલ સંઘવી*

*જગતમાં ફેંકી દેવા જેવી એક મૂડી છે અને તે છે અહંકાર.*

# ઊડતી નજરે....

## જૂન-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | ૮,૪૪૯ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૪૩૭ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૧૪૪ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ ૨૧ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૫૮૮ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૦૪ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૨૭૯ | |
| | (છ) | અન્ય ........ ૬,૯૭૬ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૮૧.૬૨% | ૨,૨૩૦ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૧,૦૩૯ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૯૬.૦૨% | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૫૧૬ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૪૮.૪૩% | |
| ૫. | | જૂન-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૧૨,૨૩૪ |

## હૂંફ કોને નથી જોઈતી

ચાવીથી ચાલતું જડ ઘડિયાળ પણ જો એને ચાવી ચડાવીને હૂંફ ન દેવાય તો બંધ પડી જાય છે.

દુનિયાના કોઈપણ માણસને તમારી હૂંફ જોઈએ છે. ખાસ કરીને તમારા સ્વજનોને અને સ્નેહીજનોને.

જો તમને બધા ચાહે એવું તમે ઈચ્છો છો તો તેવું બધા ઈચ્છે છે. તમે સહુને ખૂબ સ્નેહભાવ આપો. કોઈને પણ તિરસ્કારો નહીં, ધિક્કારો નહીં. બધાના આત્મ સન્માનનું ગૌરવ કરો.

તમારા આશ્રિતોને પણ પ્રેમ આપો. તમે એના સુખદુઃખની તેની સાથે વાત કરો. તમે ભલે શેઠ હો, પણ અવારનવાર તમારું "શેઠપણું" બાજુ ઉપર મૂકીને તેના મિત્ર કે ભાઈ બની જાઓ. તેની ઉપર પુષ્કળ હેત વરસાવો. તેના ઘરે જાઓ. તેની ચા પીઓ.

સ્વર્ગે તો જવાનું હશે ત્યારે જવાશે, પણ આ રીતે તમારા ઘરમાં તમે સ્વર્ગ ઉતારો.

જે ઘરમાં સર્વત્ર ત્રાસવાદ છે તે ઘરની મુલાકાત એક દિ' માટે લેજો. પછી તમને આ "સ્નેહ"ના મૂલ્યની સાચી સમજ પડશે.

***સાભાર : "મુક્તિદૂત", પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.*